


દીવાદાંડી-૩
'મા' ઉમાના સમર્પિત સમાજ શ્રેષ્ઠીઓ
સ્વ. કેશુભાઈ શેઠ (પૂર્વ-પ્રમુખ)
ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
શ્રી મણિભાઈ મમ્મી (વર્તમાન-પ્રમુખ)
સંપાદકશ્રી : આર. કે. પટેલ (ઘાઘરેટ) ૨૨, ગાયત્રી સોસાયટી, વિસનગર. મો. ૯૪૨૮૭૪૯૯૭૩


realpatidar.com
દીવાદાંડી-૩
'મા' ઉમાના સમર્પિત સમાજ શ્રેષ્ઠીઓ
સ્વ. કેશુભાઈ શેઠ (પૂર્વ-પ્રમુખ)
ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
શ્રી મણિભાઈ મમ્મી (વર્તમાન-પ્રમુખ)
સંપાદકશ્રી : આર. કે. પટેલ (ઘાઘરેટ) ૨૨, ગાયત્રી સોસાયટી, વિસનગર. મો. ૯૪૨૮૦૪૯૯૭૩
realpatidar.com

સૌજન્ય



શ્રી દશરથભાઈ જી. પટેલ
હિંમતનગર.

વાચક મિત્રો,

અગાઉ દીવાદાંડી-૧ અને દીવાદાંડી-૨ ને સારો પ્રતિસાદ મળ્યો આથી પ્રોત્સાહિત થઈ ટૂંકા ગાળામાંજ દીવાદાંડી-૩ પ્રગટ કરવાનો નિર્ણય લીધો. મારા પરમસ્નેહીશ્રી દશરથભાઈ જી. પટેલ જેઓ ઓસ્ટ્રેલિયા હતા. તેમની સાથે પુસ્તક અંગે સહજ વાતચીત કરતાં તેમણે સહર્ષ સ્પોન્સરશીપ સ્વીકારી લીધી. જેથી મેં હરવાશ અનુભવી, આ પ્રસંગે માનનીય શ્રી દશરથભાઈનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી દશરથભાઈનું વતન બાકરપુર તા. વિસનગર. ડિપ્લોમા ઈલેકટ્રીક એન્જીનિયરની ડીગ્રી મેળવી, પાર્ટ ટાઈમ અભ્યાસ દ્વારા બી.ઈ.ની ડીગ્રી પણ મેળવી. જી.પી. એસ.સી પાસ કરી આસીસ્ટન્ટ કમિશનર તરીકે નિમણુંક પામ્યા. પરંતુ સ્વતંત્ર ધંધા પ્રત્યે રુચિ હોવાથી, ફોઈના દીકરા માધુભાઈ પટેલ (સુંશી) સાથે જી.આઈ.ડી.સી. વિસનગરમાં જોડાયા. અનુભવ મેળવ્યા પછી હિંમતનગર 'પટેલ ઈન્ટસ્ટ્રીઝ'ની શરૂઆત કરી. સમય જતાં લઘુ બંધુઓને સામેલ કર્યા. અને દરેકને સ્વતંત્ર યુનિટ કરી આપ્યા.

કોઈ પણ સદ્કાર્યમાં દશરથભાઈ હંમેશાં પ્રથમ રહ્યા છે. બાવીસી ક.પા. સમાજના સમૂહલગ્ન કે સમાજ સંકૂલમાં અગ્રસ્થાને રહ્યા છે. તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં, શિક્ષણ, સેવા, અને આરોગ્યની સંસ્થાઓમાં યથાશક્તિ સહયોગ આપતા રહ્યા છે. રાજેન્દ્રચોકડી-(મોડાસા) રકતપિત્તિયા સંસ્થા, નારાયણ સેવા સંસ્થા ઉદયપુર, ગામમાં પુસ્તકાલય તથા અન્ય સંસ્થાઓમાં આર્થિક સહયોગ આપતા રહ્યા છે. ઉમિયા પરિવાર હિંમતનગર, મહેસાણા જિલ્લા પરિવાર હિંમતનગર તથા જાયન્ટ ગ્રુપમાં સક્રિય રહી યોગદાન આપેલ છે. કૈલાસ માન સરોવરની યાત્રા સાત વાર કરી છે. ગલ્ફકન્ટ્રી, યુરોપ-અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પણ કરી ચૂકયા છે. તેમના સુપુત્રો સીડની ઓસ્ટ્રેલિયામાં સ્થિર થયા છે.

પરમકૃપાળુ પરમાત્મા શ્રી દશરથભાઈને તંદુરસ્તી બક્ષે અને સમાજ સેવાના કાર્યોમાં ઉદારતાથી સહયોગ આપતા રહે એવી પ્રભુ પ્રાર્થના...

આપનો સ્નેહાધીન
રામભાઈ કે. પટેલ

દીવાદાંડી-૩

"મા ઉમાના સમર્પિત સમાજ શ્રેષ્ઠીઓ"

સંપાદક / પ્રકાશક

આર. કે. પટેલ (ઘાઘરેટ)

૨૨, ગાયત્રી સોસાયટી, માર્કેટયાર્ડની પાસે,
વિસનગર. પિન-૩૮૪૩૧૫
મો. ૯૪૨૮૦ ૪૯૯૭૩

દીવાદાંડી - ૩

પ્રથમ આવૃત્તિ : તા. ૨-૧૦-૨૦૧૯
પૌત્રી ચિ. ઝીલના જન્મદિને

પ્રત : ૧૫૦૦

પ્રકાશક : શ્રી વિનોદકુમાર આર. પટેલ
પ્રિન્સીપાલ, આર.સી.પટેલ હાઈસ્કૂલ
કડી કેમ્પસ, સેક્ટર-૨૩,ગાંધીનગર,
મો. ૯૪૨૬૩૬૭૧૮૧

મુદ્રક : શ્રી આર. જી. પટેલ (ત્રાંસવાડ)
કેપિટલ ઓફસેટ,
જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨૧૧૪૮૯
મો. ૯૮૨૫૦૩૮૩૭૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

અર્પણ

પાટીદાર રત્ન વંદનીય
સ્વ. કેશુભાઈ શેઠને...

સંપાદકીય

૧૫ એપ્રિલ ૨૦૧૭ ' ઉમિયા જયોત ' પાટીદાર સ્પે.- અંક-૧ ખૂબ ગમ્યો. મા ઉમિયાના દિવંગત અમૃતપુત્રો વિશે વિગતે વાંચતાં રોમાંચિત થયો. અને એજ સમયે મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે આ દિવંગત અમૃતપુત્રો તથા અન્ય સમાજના ઘડવૈયાઓને એક પુસ્તક રૂપે પ્રગટ કરવા. ફળ સ્વરૂપે દીવાદાંડી-૩ સાકાર પામ્યું.

૨૦ મી સદીના ઉત્તરાર્ધમાં પાટીદાર સમાજ કેવી વિડંબડા ભરી અવસ્થામાં જીવતો હતો તેનો ચિતાર ડૉ. મંગુભાઈ પટેલે પોતાના "પાટીદારોનો ઈતિહાસ" પુસ્તકમાં સારી રીતે વર્ણવ્યો છે. અભણ અને અજ્ઞાન, ગરીબ, પરિશ્રમી પરંતુ વહેમ, અંધશ્રધ્ધા, કુરિવાજ, કુરૂઢિઓની જાળમાં ફસાયેલો અત્યંત દુઃખી હતો. એમાંય ગ્રામ્ય જીવન દયનીય હતું.

આવા સમયે પાટીદાર સમાજને જાગ્રત કરવાનું કાર્ય જે મહાત્માઓએ કર્યું છે. તેના આપણે સૌ ઋણી છીએ. વિપરીત પરિસ્થિતિમાં પણ પોતાની નિષ્ઠા અને કાર્યમાં અડગ રહી પાટીદાર સમાજને નવી દિશા અને દૃષ્ટિ આપી. જેમના માર્ગદર્શનથી પાટીદાર સમાજ જૂની રૂઢિયો ભૂલતો ગયો. નવજાગૃતિનો સંચાર થયો. શિક્ષણ લેતો થયો. સાહસ કરતો થયો. પરિશ્રમી તો હતો જ જેના પ્રતાપે જે જે ક્ષેત્રોમાં પાટીદારે ઝંપલાવ્યું. ત્યાં તે સફળ થયો.

ઈસ. ૧૯૬૦-૭૦નો દાયકો એક પરિવર્તનનો દાયકો ગણી શકાય. ગામડાઓમાં હાઈસ્કૂલો બનતાં શિક્ષણનું પ્રમાણ વધ્યું. પાણી માટે ટયૂબવેલ બન્યા, નવાં બિયારણો આવ્યાં, યુરિયા-ડી.એ.પી. ખાતરો આવ્યાં, જંતુનાશક દવાઓ આવી, સહકારી મંડળીઓ બની, ડેરી ઉદ્યોગ આવ્યો, ટ્રેકટર આવ્યાં અને ખેડૂત આધુનિક ખેતી કરવા લાગ્યો. પરિણામે ખેતીમાં ક્રાન્તિ આવી. ખેડૂત આર્થિક સધ્ધર થયો. ગામડાં છોડી દીકરાઓ શહેરમાં આવ્યા. શિક્ષિતો પરદેશમાં પણ ગયા. વેપાર ધંધા-ઉદ્યોગ ક્ષેત્રે પણ ઝંપલાવ્યું. આમ પાટીદાર સમાજ સમૃધ્ધ બન્યો. દરેક ક્ષેત્રે સફળ થતો ગયો. બળદનાં પૂછડાં આંબળતો પાટીદાર આજે ફોરવીલ ગાડીઓનાં ગવન્ડર ફેરવે છે. માટી અને નળિયાંના ઝુંપડામાં રહેતો પાટીદાર આજે મોટા એ.સી. બંગલાઓમાં રહેતો થયો છે. ભેંસોના છાણ મુતર વાળતી અભણ પટલાણીઓ અમેરિકામાં માટેલ ચલાવતી બની છે.

આમ બનવાનો જસ અને શ્રેય જો કોઈને આપવો હોય તો ૨૦મી સદીના આપણા સમાજ સુધારકોને, એમનાં જીવન ચરિત્ર વર્ણવી તેમના સેવાકાર્યોને બિરદાવવા

નમ્ર પ્રયાસ કર્યો છે. માહિતીના અભાવે કેટલાય સમાજ સેવકોનો સમાવેશ અત્રે થઈ શકયો નથી તે બદલ શુધ્ધ હૃદયના ભાવથી દિલગીરી વ્યકત કરું છું. અને તેમની પ્રતિભા અને પ્રતિષ્ઠાને નતમસ્તકે વંદન કરું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં ઉમિયા જયોતના તંત્રીશ્રી માનનીય પ્રભુદાસ પટેલ, સંદેશના કટાર લેખક દેવેન્દ્ર પટેલ, પ્રો. ડૉ મંગુભાઈ પટેલ શ્રી ષુરુષોત્તમદાસ પરીખ તથા સતત માર્ગદર્શન આપતા શ્રી ડૉ. એમ.આઈ.પટેલ, શ્રી પી.જે.પટેલ તથા શ્રી મણિભાઈ મમ્મી અને પ્રિ.શ્રી ડી.જે. પટેલ નો હું ખૂબજ આભાર વ્યક્ત કરું છું. પ્રુફ રીડીંગમાં સહાય કરનાર શ્રી વિનોદભાઈ રાવલનો પણ આભાર માનું છું. પુસ્તક છાપવા માટે સારો સહકાર આપવા બદલ પરમ સ્નેહીશ્રી રમેશભાઈ પટેલ કેપીટલ ઓફસેટ ગાંધીનગરનો પણ આભારી છું.

જે માહિતી ઉપલબ્ધ થઈ છે તેને આધારે જ સમાજસેવકોના ચરિત્ર ચિત્રણ કરવા પ્રયાસ કર્યો છે. કયાંય મુદ્રણ દોષને લીધે ક્ષતિ જણાય તો ક્ષમા યાચું છું.

આપનો સ્નેહાધીન

રામભાઈ કે. પટેલ

અનુક્રમણિકા

પ્રથમ સામાજિક સુધારક

સ્વ. બેચરદાસ અંબાઈદાસ લશ્કરી

ગુજરાતના સામાજીક અને ઔદ્યોગિક નેતા તરીકે રાય બહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરીનું નામ અમર રહેશે. ખાસ કરીને પાટીદાર સમાજમાં શિક્ષણ અને સામાજીક કુરિવાજો માટેનું તેમનું યોગદાન કયારેય ભૂલી ન શકાય. પાટીદાર સમાજ આથી જ તેમનો હંમેશાં ઋણી રહેશે.

ઈતિહાસકાર ડૉ. મંગુભાઈના શબ્દોમાં મુલવીએ તો ગુજરાતની રાજકીય, વ્યાપારિક, સામાજિક અને ખાસ કરીને કડવા પાટીદારના સામાજીક સુધારાની પ્રવૃત્તિઓ તથા વ્યાપાર સાહસમાં તેઓ અગ્રેસર રહી મશાલચીનું અદ્દભૂત કાર્ય કરી ગયા છે.

બેચરદાસનો જન્મ ઈ.સ. ૧૮૧૮ સંવત ૧૮૭૪ આસો વદ-૯ ના દિવસે શાહપુર અમદાવાદમાં થયો. તે સમયે ગુજરાતમાં ગાયકવાડ અને પેશ્વાની સંયુક્ત સત્તા ચાલતી હતી. પાછળથી ઈસ્ટ ઈન્ડિયા કંપની એટલે કે અંગ્રેજોના આધીન ગુજરાત રાજય બન્યું હતું.

ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મેલા હોઈ ધાર્મિક સંસ્કારો યથા યોગ્ય થયેલા. બેચરદાસે જરૂર પુરતો ગુજરાતી ભાષાનો અભ્યાસ કરેલો. પછીથી કેપ્ટની ક્રોલી નામના અંગ્રેજ અમલદારે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરાવ્યો. તે સિવાય મરાઠી, ઉર્દૂ, હિન્દી, અને સંસ્કૃત ભાષા પણ તેઓ શીખેલા.

વહીવંચા (બારોટ) ના ચોપડા મુજબ તેમના પૂર્વજો મૂળ દેવરાસણ તા. કડી જિ. મહેસાણાના વતની હતા. ઈ.સ. ૧૮૧૨ માં તેમના પિતાશ્રી અંબાઈદાસ અમદાવાદ આવેલા. તેમનું પેઢીનામું જોતાં તેમના પૂર્વજોની સાત પેઢી મૂળ રામદાસના પુત્ર અજરામદાસ, તેમના પુત્ર ઉત્તમદાસ, તેમના પુત્ર પુરુષોત્તમદાસ અને પછી અંબાઈદાસ જાણવા મળે છે. બેચરદાસના પિતા અંબાઈદાસ પેશ્વા ગાયકવાડ અને બ્રિટીશ સરકારના લશ્કરી અમલદારોને નાણાં ધીરવાનું કામ કરતા. તેથી તેઓ લશ્કરી ઉપનામ પામ્યા. તેમને ઈલકાબમાં બે ગામ વડસર અને ડીંગુચા મળેલાં તેની આવક-ઉપજ લશ્કરી કુટુંબને મળતી. કવિ દલપતરામની આ કાવ્ય પંક્તિઓ તેની શાખ પૂરે છે.

ખાનદાન કુળના ખરા, દીપક બેચરદાસ
કુળ કણબી શુભ કઈડવા, અમદાવાદ નિવાસ
બહાદુર બેચરદાસે પામી સઉનો પ્રેમરસ
વશિ કડવા કુલવાસ, મીઠો થયો મનુષ્યને.

બેચરદાસ સત્તર વર્ષની ઉંમરે લશ્કરી ખાતામાં નોકરીમાં જોડાયેલા. અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના લશ્કરી ખાતામાં સારી નામના મેળવી. પિતાજીના અવસાનને કારણે નોકરી છોડવી પડી, અને પિતાશ્રીની બધી જ પેઢીઓનો વહીવટ તેમણે સંભાળી લીધો.

પાટીદાર સમાજના કુરિવાજોમાં સૌથી દુ:ખદ બાંધ્યા વિવાહ હતા. બેચરદાસ તેનાથી અલિપ્ત ન રહી શકયા. બાંધ્યા વિવાહ પ્રથા મુજબ તેમના બે વાર લગ્ન થયા. જો કે બંને અલગ સ્થળે રહેતાં. તેમના સંતાનોમાં બે પુત્રો શંભુપ્રસાદ અને પુનમ પ્રસાદ તથા બે પુત્રીઓ મહાલક્ષ્મી અને મહુબા હતાં. બાળકોના ઉછેરમાં કોઈ કચાશ રહી ન જાય તેની પુરે પુરી કાળજી લેતા. તેમની જીવન શૈલી ખુબ જ વૈભવી હતી. તેમનું મકાન એક વિશાળ હવેલી હતું. તેમનો વૈભવ એક રજવાડા જેવો હતો. લશ્કરી વૈભવી જીવન જીવતા છતાં શુરા કે સુંદરીથી અલિપ્ત રહ્યા. તેમના ઘરનું રાચરચીલું તેમજ ગાલીચાઓ અને ઝૂમરો ઘણાં કિંમતી અને આકર્ષક હતાં. કાચના વાસણો, ચિનાઈ અને વિદેશી બનાવટનાં હતાં.

તેમનો પોષાક જાજરમાન અને રજવાડી હતો. એક રાજાને શોભે એ રીતે ગળામાં સાચા મોતીની માળા અને હાથે સાચા મોતીના પાંચિયા તથા અંગૂઠી પહેરતા, કસુંબલ જરી જામવાળી પાઘડી અને સાચા કિનખાબની કાંસવાળી આંગડી પહેરતા. લાલ મોટી કિનારીની રેશમી ધોતી અને ખભે કાશ્મીરી શાલ રાખતા, પગમાં મખમલની મોજડી પહેરતા. આ બધું હોવા છતાં એક પવિત્ર પુરુષ હતા. શિસ્તતા ખૂબ જ આગ્રહી અને ધર્મપ્રેમી હતા.

તેમની પ્રતિભા એટલી વિશાળ હતી કે જેના લીધે ઉત્તર ગુજરાતમાં એક ખાસ કહેવત પ્રચલિત થયેલી. કે " તું કયાં મોટો બેચર લશ્કરી છે કે તને બોલી ન શકાય ? " એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું કે કોઈ તેમની મશ્કરી પણ ન કરી શકે. ખૂબ જ માયાળુ પ્રેમાળ તેમજ બીજાને માટે ઘસાવાની તૈયારી રાખતા. કહેવાય છે કે ઊંઝાથી બાંધ્યા લગ્નનો પડો આવે ત્યારે તેને પ્રથમ વધાવવાનો અધિકાર લશ્કરી પરિવારનો હતો. હવેલીથી ગોળનાં ગાડાં ભરીને અસારવા લગ્નનો પડો વધાવવા જતા.

અમદાવાદમાં કોઈ ગવર્નર કે રાજા પધારે તો તેમને બેસવાની ખુરશી બેચરદાસ શેઠના ઘેરથી મંગાવવામાં આવતી હતી. તેમના માયાળુ સ્વભાવને લીધે સરકારી અધિકારીઓ અને રાજા રજવાડાં સાથે તેમનો ઘરેલું સંબંધ હતો. વડોદરા, ધ્રાંગધ્રા, ગોંડલ, લુણાવાડા, ઈડર, હિંમતનગર, રાધનપુર, પાલનપુર, દાંતા, તેમજ અન્ય રજવાડાંના રાજાઓ તેમના આતિથ્યનો લાભ લેતા, ખુદ ગાયકવાડ પણ પ્રસંગોપાત તેમની મુલાકાતે આવતા.

શ્રી બેચરદાસ લશ્કરી કાશી, હરિદ્વાર, ઋષિકેશ, પ્રયાગ, ડાકોર, અંબાજી-બેચરાજી કે ઊંઝા જેવાં ધાર્મિક સ્થળોનો પ્રવાસ પરિવાર સાથે કરતા ત્યારે સાથે ખાસ તંબુઓ અને ગાડાં ભરીને સામાન લઈ જતા.

સરકારી નોકરી છોડયા પછી સામાજીક જીવન જીવતાં પણ ઈ.સ. ૧૮૫૭ માં શીખ વિગ્રહમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની તન, મન ધનથી ઘણી અગત્યની સેવા બજાવી હતી. મુંબઈમાં પોતાની પેઢી શરૂ કરીને યુરોપની ઘણી પેઢીઓ સાથે વેપાર કરતા. સાથે નાણાં ધીરવાનો ક્રમ ચાલુ જ હતો. શ્રી બેચરદાસે સ્પિનિંગ એન્ડ વિવિંગ મીલ તથા એક બેંક પણ ઉભી કરેલી. જે ધન કમાયા તેનો સદુપયોગ કર્યો. દવાખાનાં, ધર્મશાળા, સદાવ્રતો જેવાં પ્રજા ઉપયોગી પુણ્યશાળી કાર્યો કરેલાં. રેલવે મુસાફરો માટે ધર્મશાળાઓ ઠેર ઠેર બંધાવેલ.

શ્રી બેચરદાસ ફક્ત સમાજ સુધારક નહીં પણ એક કુશળ ઔદ્યોગિક નેતા પણ હતા. ઈ.સ. ૧૮૬૭ માં સુતરાઉ કાપડની મીલ ઉભી કરી. માત્ર અમદાવાદ કે ગુજરાત જ નહીં પણ ભારતના ઉદ્યોગપતિઓની હરોળમાં તેમનું સ્થાન હતું. પોતાની બેંક ઉભી કરી શેર હોલ્ડર બનાવ્યા. એ વખતના સમાજશ્રેષ્ઠી પ્રેમાભાઈ હઠીસિંહ પરિવાર, મગનલાલ વખતચંદની સાથે સ્થાન પામ્યા. ગુજરાત, મહારાષ્ટ્રના ઉદ્યોગપતિઓ, દેશી રજવાડાઓ, નવાબો તેમની મહેમાનગતિ માણવામાં ગૌરવ અનુભવતા.

શેઠ બેચરદાસ લશ્કરી ફક્ત પાટીદાર જ્ઞાતિ સુધારક ન હોતા પરંતુ ગુજરાતમાં અને ખાસ તો અમદાવામાં અનેક સામાજીક સંસ્થાઓમાં તેના વિકાસ માટે આર્થિક સહયોગ આપતા. દેશ-વિદેશમાં પણ અંધ, અપંગ સંસ્થાઓમાં યોગદાન આપતા. આરામગૃહ, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેમનો સિંહ ફાળો હતો.

અમદાવાદ મ્યુ. કાઉન્સિલર તરીકે જીવન પર્યંત રહી ઉમદા સેવા કાર્ય કરેલું. ઈ.સ. ૧૮૭૩ માં હિન્દુસ્તાનના વાઈસરોયે તેમને રાવ બહાદુરનો ખિતાલ સોનાના ચાંદ સથે અર્પણ કરેલો. મહારાણી વિકટોરીયા તરફથી પણ (ઓર્ડર ઓફ ધી

કમ્પેનિયન સ્ટાર ઓફ ઈન્ડિયા) સી.એસ.આઈ. નો ઈલકાબ આપેલો. ઈ.સ. ૧૮૭૭ માં તેમને લોર્ડ લિટને ' રૂપાનો ચાંદ ' અર્પણ કર્યો હતો.

આમ પ્રતિદિન ઉન્નતિ કરતાં પાટીદાર સમાજના એક વિભૂતિ રૂપ પ્રદર્શિત થયા. પાટીદાર સમાજ માટે, તેની જાગૃતિ માટે અથાગ પ્રયત્નો કર્યા. ખાસ કરીને વહેમ અંધશ્રધ્ધા અને કુરિવાજોમાંથી પાટીદાર સમાજને મુક્ત કરવા અન્ય સાથી સમાજ સેવકોના સહારે સરાહનીય પ્રયત્નો કર્યા. પાટીદાર સમાજના જ્યોતિર્ધર સમા શ્રી બેચરદાસ લશ્કરીને કોટિ કોટિ વંદન. દેશ વિદેશમાં ખૂબજ યશ અને કીર્તિ મેળવી ૭૨ વર્ષની વયે ઈ.સ. ૧૮૮૯,૨૦મી ડિસેમ્બરે સ્વર્ગ વાસ પામ્યા. ભારતના અગ્રગણ્ય ધનકુબેરોમાં તેમની ગણતા થતી હતી. આવા બેચરદાસ લશ્કરીનું નામ કોઈના કાને ન પડયું હોય એવું ભાગ્યે જ બન્યું હશે.

ઓગણીસમી સદીમાં જયારે મોટા ભાગનો માનવ સમુદાય અજાગૃત હતો ત્યારે આ વ્યક્તિ જાગૃતિના જ્યોતિર્ધર હતા, જેનાં ફળ સમાજને ખાવા મળ્યાં આવા લોકશ્રેષ્ઠીઓ ચિરંજીવ જ હોય છે. તેમના જીવનમાંથી લોકસેવાની પ્રેરણા લઈએ એજ 'શ્રધ્ધાંજલિ' !

સ્વ. શેઠ શંભુપ્રસાદ લશ્કરી

સ્વ. શેઠ શંભુપ્રસાદ લશ્કરીનો જન્મ ૨૪-૨-૧૮૬૫ ના દિવસે થયેલો. બાળપણથી જ વિદ્યાભ્યાસ અને નવાં નવાં સ્થળો જોવાનો શોખ હતો. તેમણે સમગ્ર ભારત અને શ્રીલંકાનો પ્રવાસ કરેલો. જેની માહિતી તે સમયના વર્તમાનપત્રોમાં પોતે જાતે જ આપતા. અભ્યાસ પૂર્ણ કર્યા પછી પિતાની શરાફી પેઢીમાં કામ કરવા લાગ્યા. પોતાની આવડત અને આગવી સૂઝના લીધે શરાફી પેઢી અને મિલના વ્યવસાયમાં ખૂબ જ સારો વિકાસ કરેલો.

તેઓશ્રીએ જાહેર ક્ષેત્રોમાં પણ સારી સેવા આપેલી. અમદાવાદના મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે નિમણુંક પામેલા. અમદાવાદ શહેરની સુવિધાઓ માટે અનેક વિકાસ કાર્યો કરેલા, કડવા પાટીદાર જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વિદ્યાર્થીઓ પુરેપુરો લાભ લે તે માટે ઘણી હાઈસ્કૂલો અને છાત્રાલયોમાં દાન આપી સંસ્થાઓને મજબૂત બનાવેલી. સાથે સાથે પાટીદાર જ્ઞાતિના સુધારાઓ માટે પણ સતત પ્રયત્ન કરતા. ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ તરીકે પણ ઉમદા સેવા કાર્ય કરેલાં. સમાજમાં ચાલતા કુરિવાજો, કુરુઢિઓ દૂર કરવા મેળાવડાઓ યોજીને, સમાજ સુધારકોના માધ્યમથી સરાહનીય કાર્ય કરેલાં. તેમનાં લોકોપયોગી કાર્યોથી પ્રભાવિત ગાયકવાડ સરકારે ઘણીવાર સન્માન કરેલાં. અને કિંમતી ભેટ-સોગાદો આપેલી.

તેમના પરિવારમાં બે પુત્રો શેઠશ્રી દુર્ગાપ્રસાદજી અને લક્ષ્મીપ્રસાદજી હતા. શેઠશ્રી બેચરદાસ લશ્કરીના સુધારાવાદી કાર્યોને સતત આગળ ધપાવતા રહેલા. આવા ઉત્તમ ખાનદાની પરિવારના મોભી પાટીદાર સમાજના રત્નસમા શેઠશ્રી શંભુપ્રસાદજીને વંદન સહ પ્રાર્થના...

શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી

શેઠ બહેચરદાસ લશ્કરી પરિવારમાં બીજી પેઢીમાં શ્રી દુર્ગાપ્રસાદજી થયા. બહેચરદાસના પુત્ર શંભુપ્રસાદ અને શંભુપ્રસાદના દીકરા દુર્ગાપ્રસાદ. ગુજરાતમાં પાટીદાર સમાજમાં લશ્કરી પરિવારનો માન મરતબો ઘણોજ ઊંચો માનવામાં આવે છે. પાટીદાર જ્ઞાતિમાં જો કોઈએ સુધારાવાદી પ્રવૃત્તિના બીજ રોપ્યા હોય તો તે છે શ્રીમાન બહેચરદાસ લશ્કરી. જ્ઞાતિ સુધાર માટે તેઓશ્રી મોટાં દાન આપતા શિક્ષણ, આરોગ્ય અને ધાર્મિક સંસ્થાઓમાં તે પરિવારનું મોટું યોગદાન રહેતુ. જે પરંપરા તેમના સુપુત્રો શંભુપ્રસાદ અને દુર્ગાપ્રસાદજીએ પુરેપુરી નિભાવી છે. અમદાવાદની ઘણી સ્કૂલો, કોલેજો, દવાખાના અને મંદિરો તેની સાક્ષી પુરે છે. જેમાં મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કોલેજ, શેઠ બહેચરદાસ ડિસ્પેન્સરી, સદાવ્રત, ધર્મશાળાઓ અને શિવાલયોમાં પણ યથાશક્તિ દાન આપેલું છે.

શેઠ શંભુપ્રસાદે બહેચરદાસની સેવા પ્રવૃત્તિ ચાલુરાખી હતી. ઉમિયામાતાજી સંસ્થાન ઊંઝાના માધ્યમની સમાજ સુધારાની પ્રવૃત્તિ કરતા રહ્યા. એજ સંસ્કારો તેમના સુપુત્ર દુર્ગાપ્રસાદજીએ જાળવી રાખ્યા. તેમના ફૂવા શેઠ કેશવલાલભાઈના સહકારથી વારસાગત વ્યવસાય ચાલુ

રાખ્યો. સાથે સાથે જ્ઞાતિસુધારણા માટે પણ સક્રિય રહ્યા. શેઠ બહેચરદાસનો ટૂંકી અર્થાત્ પાંચ વર્ષની લગ્નમુદત કરવાનો જે નિર્ણય હતો તેને શ્રી દુર્ગાપ્રસાદજીએ હિંમતપૂર્વક જોખમો વેઠીને પણ અમલમાં મૂકાવ્યો. આ પગલાને જ્ઞાતિના મોટાભાગના જ્ઞાતિબંધુઓએ વધાવી લીધો. સંવત ૧૯૭૧ માં આ ક્રાંતિકારી નિર્ણય લેવામાં દુર્ગાપ્રસાદજીનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યું.

'શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ'માં શરૂઆતથી જ ઉમંગભર્યો ભાગ લેતા. આ મંડળ દ્વારા ખાનગી લાભોનો મોટો ભોગ આપીને પણ પાંચ વર્ષીય લગ્નનો સુધારો કરવામાં તેમણે જે હિંમત દર્શાવી તેને પાટીદાર જ્ઞાતિ કદી પણ વીસરી શકશે નહિ. ઊંઝા, ઉમિયા માતાજી સંસ્થાની કમિટિમાં રહીને સમાજ સુધારામાં કાર્યો સતત કરતા રહ્યા છે. સાથે સાથે દાદા બહેચરદાસ લશ્કરીની જેમ શૈક્ષણિક સંસ્થાઓ કોલેજ, હાઈસ્કૂલ કે છાત્રાલયો બનાવવા પોતાનો આર્થિક સહયોગ પણ આપતા રહ્યા.

સામાજિક સંસ્થાઓ ધાર્મિક દેવાલયો, દવાખાના, આશ્રમશાળાઓ ધર્મશાળાઓ વિસામા બનાવવામાં પણ હંમેશાં ધન આપતા રહ્યા. ગરીબ બાળકોને ઉચ્ચઅભ્યાસ માટે સ્કોલરશીપની વ્યવસ્થા પણ ઉભી કરેલી.

અમદાવાદની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહીને સેવાની સુવાસ ફેલાવતા રહ્યા. આજે પણ પાટીદાર સમાજ તેમને હૃદયના ભાવથી યાદ કરે છે. કૂળ દીપક કોને કહેવાય ? ઉત્તર છે : શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી.

દેસાઈ ગોપાળદાસ અંબારામદાસ (દરબાર)

શ્રી ગોપાળદાસનો જન્મ તા. ૧૯ ડિસેમ્બર૧૮૮૭ માં વસો ગામ તા. નડિયાદમાં થયેલો. ગુજરાતના અગ્રણી સ્વાતંત્ર્ય સૈનિક અને પ્રગતિશીલ રાજવી તરીકેની તેમની છાપ ખૂબ જ ઊંચી હતી. તેઓ મોસાળ વસોમાં દત્તક લેવાયેલા. નાના ના અવસાન પછી ઢસા, રાયસાંકળી તથા વસોની જાગીરના માલિક બન્યા. તેમનાં પ્રથમ પત્ની ચંચળબાનું અવસાન થતાં, બીજા લગ્ન લીંમડીના દીવાન ઝવેરભાઈ દેસાઈની પુત્રી ભક્તિબા સાથે ૧૯૧૨માં થયેલાં.

ગોપાળદાસને આદર્શ રાજવી બનાવવામાં અને ઉમદા સંસ્કાર આપવામાં જાણીતા કેળવણીકાર અને સમાજ સુધારક શ્રી મોતીભાઈ અમીનનો ફાળો મહત્વનો હતો. રાજકુમાર થયા કે તરત જ રાજાઓ માટેની શિક્ષણ સંસ્થા " ગરાસિયા કોલેજ ", વઢવાણમાં દાખલ થયેલા. ત્યાં સ્વદેશી વસ્તુઓ વાપરવાના આગ્રહને લીધે પ્રિન્સીપાલ સ્પ્રીટ સાથે સંઘર્ષ થયેલો. વધુ શિક્ષણ તેઓશ્રીએ વડોદરાથી મેળવ્યું.

વડોદરા કોલેજમાં અભ્યાસ કરતા તેઓશ્રી મહર્ષિ અરવિંદના પરિચયમાં આવેલા, તેઓ ' ફ્રીમેસન' સંસ્થાના સભ્ય હતા. છતાં ભારતીય સંસ્કાર અને ખમીર છોડયા ન હતા. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થતાં તેમનામાં રાષ્ટ્રભાવના વધારે જાગૃત થઈ.

પ્રથમ વિશ્વયુધ્ધ સમયે (૧૯૧૪-૧૮) દરમિયાન બ્રિટિશ સરકારે ભારતના દરેક રાજા પાસેથી યુધ્ધ માટેનો ફાળો ફરજિયાત રીતે ઉઘરાવ્યો હતો જે આપવાની ગોપાળદાસે સ્પષ્ટ ના પાડી હતી. ૧૯૧૯માં રોલેટએકટ સામે તેમની જાગીરમાં હડતાલ પડી હતી. ૧૯૨૧માં ગાંધીજીની હાકલ થતાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝુકાવનાર પ્રથમ રાજવી ગોપાળદાસ હતા. એ સમયના પ્રગતિશીલ વિચારોવાળા, બાહોશ, હિંમતવાન પ્રજાપ્રિય રાજવી હતા.

તેમણે ગણોતનિયંત્રણ, ખેડે તેની જમીન અને વેઠનાબૂદી જેવા સુધારાઓનું અમલીકરણ કર્યું હતું. ખેડૂતોનાં દેવાં માફ કર્યાં હતાં. તેમના રાજયમાં પ્રાથમિક શિક્ષણ મફત કર્યું હતું. નડિયાદ, વસો અને રાજકોટમાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપી કન્યા કેળવણીને પ્રાધાન્ય આપ્યું હતું. સમાજ સુધારક ક્રાંતિકારી નેતા, ત્યાગ મૂર્તિ તેમજ પ્રજાસેવક તરીકે આદર્શરૂપ હતા. અસ્પૃશ્યતા નિવારણની ગાંધીજીની ઝુંબેશને સ્વીકારી હતી. પાટીદાર જ્ઞાતિમાં ગોળપધ્ધતિ, પૈઠણ, પડદાપધ્ધતિ, બાળલગ્ન, વૈધવ્ય જેવા કુરિવાજોને દૂર કરવા પ્રયત્નો કરેલા. જેમાં કાકા કાલેલકર, કવિ નાનાલાલ,

નરહરિ પરીખ, મગનલાલ ગાંધીનો સહકાર મળેલો.

ગાંધીજીની વઢવાણ જાહેર સભામાં તિળક સ્વરાજ ફાળામાં રત્નજડિત સોનાનો કિંમતી હાર આપેલો. ગાંધીજીએ તેઓશ્રીની ખૂબ જ પ્રશંસા કરેલી. ઘણીવાર બ્રિટિશ સરકારનો અનાદર પણ કરતા. અને હિંમતપૂર્વક પોતાના નિર્ણયને મક્કમ પણે વળગી રહેતા. જે અપમાનજનક લાગતાં બ્રિટિશ સરકારે તેમની જાગીર જપ્ત કરેલી. ગાંધી અને સરદારના સ્વરાજ સંગ્રામમાં પૂર્ણ સમયના સૈનિક બની ગયા. ૧૯૨૩નો નાગપુર ઝંડા સત્યાગ્રહ, ૧૯૨૭નું ગુજરાતનું રેલસંકટ, બારડોલી સત્યાગ્રહ, સવિનય કાનૂન ભંગ, ૧૯૪૨ ની ‘ હિંદ છોડો ’ ચળવળમાં ગોપાળદાસ તથા ધર્મપત્ની ભક્તિબા મોખરે રહ્યાં હતાં. જેને લીધે જેલવાસ પણ ભોગવ્યો હતો.

જેલવાસ દરમિયાન આદર્શ કેદી તરીકે નામના મેળવેલી. ગોપાળદાસ ખાદી ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા નિવારણ, કન્યા કેળવણી, આંતર જાતીય લગ્ન, હુન્નર તાલીમ અને કોમી એકતાના હિમાયતી હતા. આથી તો ગાંધીજીએ તેઓશ્રીને ‘દરબાર’ નું બિરૂદ આપેલું. સરદાર પુત્રી મણિબેન સાથે પણ સામાજિક કાર્યો કરેલા.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પણ સક્રિય રસ લેતા. બોરસદ નગરપાલિકા અને ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ હતા. ભારતના બંધારણ સમિતિના પણ સભ્ય હતા. અનેક હોદ્દાઓ પર રહી. રાષ્ટ્ર વિકાસ માટે કાર્યો કરતા રહ્યા. દેશી રાજ્યોના વિલીનીકરણમાં પણ પોતાની વગનો ઉપયોગ કર્યો. જૂનાગઢ સામે લડત કરવામાં પણ અગ્રણી ભૂમિકા ભજવેલી.

આવા મહાન રાજવી સિતારા દેશ હિતના કાર્યો કરતાં કરતાં ૫ ડિસેમ્બર ૧૯૫૧ ના રોજ આ ફાની દુનિયા છોડી ગયા. સ્વાતંત્ર્ય સેનાની તરીકે અમર નામના છોડી ગયા. ખુમારીનું બીજું નામ : ગોપાળદાસ દરબાર ! ખુમારીથી કેમ જીવવું તે તેમના જીવન કવન માંથી શીખીએ.

--

સમાજ સુધારક

પાટડી દરબાર શ્રી જોરાવરસિંહજી

ગુજરાતના પાટીદારોના ભૂતકાળ તરફ નજર કરીએ તો સૌથી ગૌરવવંતુ સ્થાન ભોગવનાર આપણા પાટડી દરબાર રહ્યા છે. ફક્ત ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારત દેશમાં કડવા પટેલે રાજગાદી ભોગવી હોય તો તે પાટડી દરબાર છે. લગભગ ૨૦૦ વર્ષ સુધી પાટડીના ભવ્ય ઈતિહાસની ગરીમા સ્વાતંત્ર્ય પ્રેમ, શૌર્ય, સમર્પણ, સ્નેહ અને સત્કારની ઉષ્માથી ભરેલી છે. " પાટડીને સોનાની હાટડી " તરીકેનું બિરુદ પ્રાપ્ત થયેલું.

પાટડીના પ્રથમ રાજવી ભાવસિંહજીએ ઈ.સ. ૧૭૪૧ માં રાજય સંભાળ્યું. તે સમયથી ઈ.સ. ૧૯૪૭ દેશ આઝાદ થયો ત્યાં સુધી સતત ૨૦૦ વર્ષ સુધી પાટડીના દરબાર તરીકે દેસાઈ કૂળના પાટીદારો રહ્યા છે. પ્રતાપસિંહજી ઈ.સ. ૧૯૪૭ માં છેલ્લા રાજા હતા.

પાટીદાર સમાજમાં બે આદ્યસુધારકો : એક પાટડી દરબાર જોરાવરસિંહજી અને બીજા બહેચરદાસ લશ્કરી. બંને સમકાલીન થઈ ગયા. (૧૮૧૮ થી ૧૮૮૯) પાટીદાર સમાજમાં ફેલાયેલી કુરુઢિયો, કુરિવાજો, બાળલગ્નો, મરણ પછી બારમાં, કન્યાવિક્રય આ તમામ કુરૂઢિઓની સૌથી પ્રથમ ચિંતા કરનાર આ બે નરશ્રેષ્ઠીઓ હતા.

પાટીદારોનું ગૌરવ વધારનાર પાટડી દરબાર શ્રી જોરાવરસિંહજી દેસાઈ (૧૮૪૫ થી ૧૮૭૫) ભક્તિ પરાયણ અને સમાજ સેવાને વરેલા રાજવી હોવાથી સમાજમાં ફેલાયેલા કુરિવાજો અને કુરુઢિયો દૂર કરવા આગેવાની લીધી. ૧૮૬૯ માં પાટડીમાં કડવા પાટીદારોની વિરાટસમાજ સુધારણા માટે સભા બોલાવીને માર્ગદર્શન આપ્યું. આ સભામાં ૪૦ હજાર કડવા પાટીદારો ઉપસ્થિત રહ્યા. સતત પાંચ દિવસ સુધી સભા ચાલી, જેમાં અનેક સુધારાઓને બહાલી આપી. આના પરિણામે સમગ્ર કડવા પાટીદાર સમાજમાં સુધારાનું અંદોલન શરુ થયું.

શ્રી જોરાવરસિંહજી પ્રજાપ્રિય અને ધાર્મિક વિચારના હતા. પોતાની જ્ઞાતિની પરિસ્થિતિ જોઈ હંમેશાં દુઃખી રહેતા. તેમણે જોયું કે જ્ઞાતિમાં ઠેર ઠેર ગોળ થઈ ગયા

હતા. કન્યા વિક્રય વધી ગયો હતો, આથી ગરીબ જ્ઞાતિ બંધુઓને કન્યા મેળવવાની મુશ્કેલીઓ ઉભી થઈ હતી. લગ્ન પાછળ ઘણું ખર્ચ થતું હતું. મરણ પાછળ બારમાં કરવામાં પણ ઘણું ખર્ચ કરતા. જેથી ખેડૂતો ઘર-ખેતર ગીરવે મૂકતા અને ઊંચા વ્યાજની પકડમાંથી બહાર નીકળી શકતા ન હતા. ધીરે ધીરે પાયમાલ થઈ રહ્યા હતા. આખી જિંદગી ચાલી જાય પણ ગીરવે મૂકેલ ખેતર કે ઘર મુક્ત કરાવી શકતા ન હતા. કેળવણી જેવું તો કંઈ હતું જ નહીં પાટીદાર જ્ઞાતિમાં અવ્યવસ્થા અને અંધાધુંધી જેવું હતું. તેથી જ્ઞાતિમાં સુધારા વધારા કરવા અત્યંત જરૂરી લાગતાં તેમણે સ્વખર્ચે મોટું પાટીદાર સમાજનું સંમેલન પાટડીમાં બોલાવેલું. પાંચ દિવસના આ સંમેલનમાં અનેક સુધારાઓ કરવામાં આવેલા.આની અસર એ થઈ કે ગુજરાતના અનેક ગામોમાં આવાં સુધારા સંમેલનો થયા. કુરિવાજો સદંતર તો બંધ ન થયા પરંતુ તેમાં કાપ જરૂર થયો. આ પછી તો ' પાટીદાર પરિષદ ' અસ્તિત્વમાં આવી. તેના નેજા નીચે અનેક સભાઓ-મિટીંગો થઈ. સુધારાના કરારો થયા.

જોરાવરસિંહજી ધાર્મિક વૃત્તિવાળા હોવાથી પ્રજામાં ઘણા લોકપ્રિય હતા. લોકો એમની શ્રધ્ધારાખતા અને રાજાનાં દર્શન કરી બાધા છોડતા. રાજ્યમાં અનેક મંદિરો બંધાવેલા. ખેડૂતો અને ખેતી માટે જમીન સુધારણાના કાયદાનું માર્ગદર્શન આપતા. જોરાવરસિંહજીના વારસો પણ તેમના માર્ગે ચાલીને પ્રજાપ્રિય બની રહેલા. સુરજમલસિંહજી એ કડવા પાટીદાર જ્ઞાતિમાં દર બાર વર્ષે એક જ દિવસે ઉમિયા માતાજી ઊંઝા તરફથી થતાં લગ્નોના લીધે બાળ લગ્નો થતાં હોવાથી ઈ.સ. ૧૯૧૦ અને ૧૯૧૨ માં જ્ઞાતિના આગેવાનોને પાટડી મુકામે બોલાવીને આ સામાજિક પ્રથા દૂર કરવા જ્ઞાતિજનોને અનુરોધ કર્યો હતો.

તેમના વંશજ શ્રી દોતલસિંહજી એ પિતા સુરજમલના સ્મરણાર્થે કડવા પાટીદારના વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે અમદાવામાં દરબાર સુરજમલસિંહ કડવા પાટીદાર બોર્ડિંગ શરૂ કરેલી.

ત્યારબાદ તો દરબાર નારાયણસિંહજી અને છેલ્લા રાજા પ્રતાપસિંહજીએ સમાજ સુધારણા, કન્યા કેળવણી માટે અનેક કેળવણીની સંસ્થાઓ સ્થાપી. અમદાવાદના અગ્રગણ્ય ઉદ્યોગપતિ સ્વ. જયકૃષ્ણ હરિવલ્લભ, દરબાર પ્રતાપસિંહના જમાઈ થાય. તેમના આ સદકાર્યોમાં તેમનાં ધર્મપત્ની પણ સહયોગી બની રહેતાં. શ્રી રામચંદ્ર અમીન (ગોઝારીયા) તથા પૂજ્ય છગનભા, દાસકાકા, મફતલાલ ગગલદાસ જેવા

પાટીદાર નરરત્નોએ આ સુધારાની પ્રક્રિયા સતત ચાલુ જ રાખી. જેના પરિણામ સ્વરુપ આજનો પાટીદાર આટલો સમૃધ્ધ અને તેજસ્વી બન્યો છે.

ધન્ય છે પાટડી દરબારોની ખાનદાનીને કે જેઓએ પાટીદાર સમાજના ઉત્થાન માટે તમામ પ્રકારની મદદો કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયું. અંધકારમાં ટમટમતા દીવડાનો ઉજાસ એટલે દરબાર જોરાવરસિંહજી.

"કર ભલા હોગા ભલા"

મૂ. છગનભા

સંવત ૧૯૧૯ આસો વદ અમાસને દિવસે એટલે કે દિવાળીના શુભ દિને સરઢવ ગામમાં પીતામ્બર ઝવેરદાસ પટેલને ઘરે આપણા છગનભાઈનો જન્મ થયો. તેમના પિતા ચુસ્ત કબીરપંથી હતા. તેમને ત્યાં સાધુ-સંતોને પ્રેમભર્યો આવકાર મળતો. ઘરનું વાતાવરણ ભક્તિમય હતું. પરિવારના સંસ્કાર પણ ઉંચા હતા. ગામમા પીતામ્બરભાઈનો ઘણો મોટો પ્રભાવ હતો. સમગ્ર ગામ એમની અદબ અને માન મર્યાદા જાળવતાં.

સંવત ૧૯૨૫ માં પીતામ્બરભાઈ ધંધાર્થે કુટુંબ સાથે અમદાવાદમાં જઈને વસ્યા. અમદાવાદમાં શંભુપ્રસાદ લશ્કરીની પોળમાં રહેતા હતા. ત્યાં તેમણે નાના પાયા ઉપર લાકડાની લાટીનો ધંધો શરૂ કરેલો. આઠ વર્ષની નાની ઉંમરે પિતાએ તેમણે ધંધામાં સામેલ કર્યા. આ ઉંમર તેમની ભણવાની હતી. પરંતુ પિતાની સાથે ધંધામાં સામેલ થતાં અભ્યાસ કરી શકયા નહીં. રમવાનું પણ ગયું. ઉંમર વધતાં તેમની સમજદારી પણ વધતી ગઈ. અઢાર વર્ષની ઉંમર થઈ ત્યારે તો સમજદારીની એવી કક્ષાએ છગનભાઈ પહોંચી ગયા. એમણે શાસ્ત્રોમાંથી જાણ્યું અને સાંભળ્યું, જ્ઞાનથી બીજું કશુય શ્રેષ્ઠ નથી. આ ઉંમરે લુણસાવાડામાં એકઠો ઘૂંટવા શાળામાં ગયા. ભણવાની તીવ્ર જિજ્ઞાસાને કારણે માત્ર દસ મહિનાના ગાળામાં એમણે ધોરણ-૪ સુધીનો અભ્યાસક્રમ પૂરો કર્યો. આમ અઢાર વર્ષ સુધી સાવ અભણ અર્થાત્ શિક્ષણથી વંચિત રહેવા પામેલો આ યુવાન કેળવણીનો મોટા ભેખધારી બન્યો. મહાન કેળવણીકારનો ધર્મ બજાવી પોતાના કડી પ્રાંતના ખૂણે ખૂણે કેળવણીનો દીપ ઝળહળતો કર્યો.

ખૂંધા મહેતાને ત્યાં શિક્ષણ લીધા પછી છગનભાઈના જીવનમાં એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો. તેઓ માણેકચોકમાં પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણના પિતાશ્રીની શરાફી પેઢીમાં નોકરીએ લાગ્યા. પિતાની લાકડાની લાટીમાં પણ હાથ અજમાવ્યો. ત્રીસ વર્ષની ઉંમરે એમણે સ્વામી હૃદયાનંદ સાગર પાસે તત્વાનુસંધાન અને બીજા કેટલાક વેદાંત ગ્રંથોનો અભ્યાસ કર્યો. ૩૦ વર્ષની ઉંમર પછી લાટીનો વ્યવસાય છોડીને વતન સરઢવમાં ખેતી કરવા લાગ્યા. આ સમય દરમિયાન યોગવસિષ્ઠ, બ્રહ્મસુત્રનું અધ્યયન કર્યું અષ્ટાવક્રઋષિ, ગુરુ નાનક, ગોવિંદસિંહ, અબ્રાહમ લિંકન જેવા મહાપુરુષોના ચરિત્રો વાંચી ખૂબ જ પ્રભાવિત થયા. અને સમાજ માટે કંઈક કરવા માટેના વિચારો તરવરવા લાગ્યા.

ત્રીસથી પંચાવન વર્ષથી ઉંમર સુધીમાં સંસારમાં અનેક પાસાં તેમની સમક્ષ આવ્યાં બારમાના લાડુ આરોગવા તૈયાર થયેલા જ્ઞાતિ જનોને અંગારા જેની તીખી વાણીમાં કહેતા, " આ તમે લાડવા નથી ખાતા, પણ એક ગરીબ ખેડૂતના માંસ લોહીના લોચા ખાઓ છો. માણસ મરણ પામે ત્યારે તેની પાછળ પ્રભુભક્તિ શોભે કે મરનાર પુરુષના કુટુંબનો નાશ. "

શ્રી છગનભાઈનું મન કંઈકને કંઈક ઉચાટમાં જ રહેતુ. કોણ જાણે કેમ એકવાર અંતરાત્માના અવાજને અનુસરીને કાશી તરફ પ્રયાણ કર્યું. કાશીમાં છગનભાઈ કેશવાનંદજી પાસે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છતા હતા. સ્વામીએ કહ્યું મારી સલાહ માનતા હો તો સંન્યાસી થવાની ઈચ્છા રહેવા દો. તમારા પ્રદેશમાં તમારા સમાજમાં લોકોની સ્થિતિ સુધરે એવું કોઈક કાર્ય કરો. એ લોકોને અજ્ઞાનમાંથી બહાર કાઢો, વહેમ, કુરિવાજો, કુરૂઢિઓ જેવા સામાજિક દૂષણોમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરો, જે પ્રભુ સેવા સમાન ગણાશે. સાધુ થઈને તો તમો તમારું એકલાનું જ કલ્યાણ કરશો. પરંતુ સમાજ સેવાના માધ્યમથી કરવામાં આવેલી જનસેવા ઉત્તમ છે. સ્વામીએ પાંચ રૂપિયા આપી કહ્યું વિલંબ કરવાની જરૂર નથી, બધું જ સિધ્ધ થશે. પાંચ રૂપિયા લઈ છગનભાઈ વતન પરત આવ્યા. મનમાં જ કંઈક દૃઢ નિર્ણય કર્યો. બધી જ મુસિબતોનો એક જ ઉપાય છે અને તે છે શિક્ષણ. જો બધા જ લોકોને સારી કેળવણી મળી રહેશે તો બધી જ સમસ્યાઓ આપોઆપ દૂર થશે.

આ સદકાર્યમાટે તેમને મળ્યા નગીનભાઈ, છગનલાલની ખાદીની ટોપી, પગમાં દેશી જોડા, પાતળો બાંધો, જાડી કોરનું ગજિયાનું ધોતિયું અને પહેરણ નગીનભાઈને પ્રભાવિત કરી ગયું. હવે તો બંને મિત્રોએ પુરુષાર્થ શરૂ કર્યો. તા. ૮-૬-૧૯૧૯ માં રવિવારે કડી પરગણાના પાટીદાર બંધુઓનો એક મેળાવડો સરઢવ ગામમાં થયો. સૌ એકઠા થયેલા સભ્યોએ કેળવણી મંડળ સ્થાપવા નિર્ણય કર્યો. મંડળ દ્વારા આશ્રમ બનાવવો કે સ્કૂલ, અને ક્યાં બનાવવા તે અંગે ચર્ચા વિચારણાને અંતે કડી પ્રાંતમાં બનાવવા બધાજ સહમત થયા. એ જ સમયે છગનભાઈએ પ્રતિજ્ઞા કરી કે જયાં સુધી હાઈસ્કૂલ અને બોર્ડિંગ ન થાય ત્યાં સુધી મિઠાઈ ખાવી નહીં. પરિણામે સંવત ૧૯૭૬ ચૈત્ર સુદ બીજને સોમવારે કડી મુકામે વિદ્યાર્થી આશ્રમ બનાવ્યો. અને છગનભાઈએ મિઠાઈન ખાવાની બાધા છોડી. ત્યારથી છગનભાઈ હવે " છગનભા " બન્યા.

ત્યાર બાદ પાટીદાર સમાજના તે સમયના અગ્રણીઓની અને કેળવણી મંડળની મિટીંગ મળી. જેમાં ધોરણ ત્રણ સુધીની અંગ્રેજી શાળા માર્ચ ૧૯૨૨ થી શરૂ કરવા કરાવ કર્યો. તા. ૧-૩-૧૯૨૨ ને બુધવારે વડોદરા રાજ્યમાં કેળવણી ખાતાની મંજૂરીથી

અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનું શ્રી કડવા પાટીદાર વિદ્યાલય શરૂ થયું. ત્યાર બાદ તો ક્રમશઃ ઉપલા ધોરણે થતા ગયા. અને હવે મોટું વિદ્યાલય તથા બોર્ડિંગ બનાવવા મોટી જગ્યાની જરૂર જણાઈ. તા. ૧૯-૩-૧૯૨૩ ને સોમવારે કડી રેલ્વે સ્ટેશન સામેની લગભગ નવ વીઘા જમીન સંપાદન કરી. એક જ મહિનામાં શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. એક બાજુ નવું મકાન બનતું જાય, સંખ્યા પણ વધતી જાય. આ બાજુ પૈસાની અછત પણ વર્તાય. છતાં હારે તો છગનભા શાના ? રેલ્વે સ્ટેશનની પાસે જ એક નાની ઝુંપડી બાંધી ત્યાં જ રહેવાનું છગનભાએ નક્કી કર્યું. એવામાં તેમને ' દાસકાકા ' અલબત્ત પરષોત્તમભાઈ તેમને મળ્યા. તેઓ નવા સવા વકીલ બનેલા. તેમનો સાથ તેમને મળ્યો. વકીલ કહેતા છગનભા પૈસા નથી ને પાયા ખોદાવો છો, મુશ્કેલી ઉભી નહીં થાય ? છગનભા કહેતા આ તો " તું ના સમજે. ભગવાનને પડી હશે કે નહીં ? આ તો ભગવાનનું કામ હું કરું છું. ભગવાને દુનિયા પેદા કરી છે તો એના ભણતરની એને ચિંતા નહીં હોય ? " આશ્ચર્યની વાત તો એ છે કે આર્થિક કટોકટીના સમયે ગમે ત્યાંથી નાણાંની સહાય મળી આવતી.

આ સંસ્થાને વિકસાવવા માટે શેઠશ્રી મફતલાલ અને તેમના પુત્રોએ મોટું યોગદાન આપ્યું છે. છગનભા અને શેઠ મફતલાલ અમદાવાદની પોળોમાં રહેતા ત્યારે એક બીજાના પરિચયથી નિકટ આવેલા.

વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ કડી પ્રાંતમાં પધારેલા. બીજા દિવસે વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેવાનું નક્કી થયેલું. આ સંસ્થા બંડખોર છે તેવી વાત કમિશનરે દિવાનને કરેલી. આથી મહારાજાનો કાર્યક્રમ રદ થયો. પરંતુ સવારે આઠ વાગે સ્ટેશન પર આંટામારવા નીકળેલા મહારાજાને સંસ્થા જોવાનું મન થયું. આશ્રમની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓની શિસ્ત, ખાદીનો ગણવેશ, કાંતણ અને પુસ્તકો જોઈ મહારાજા ખુશ થયા અને બોલ્યા. તમારી સંસ્થા તો સારું કાર્ય કરી રહી છે. આને જોઈ મને સંતોષ થયો છે.

છગનભા ના કાર્ય અને સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે ગાંધીજીને જાણ હતી. તે જોવા તા. ૨૩-૭-૧૯૨૯ ના રોજ મુલાકાતે બાપુ આવ્યા. કસ્તુરબા અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ સાથે હતા. સંસ્થાથી પ્રભાવિત થયેલા ગાંધીજીએ સભામાં લોકોને કહ્યું. તમારાં છોકરાંને અહીં ભણવા મોકલજો. અહીં સારી કેળવણી મળશે.

કન્યા કેળવણી બાબતમાં છગનભાનું સ્વપ્ન અધુરું રહ્યું. છોકરા ભણેલા પરંતુ તેમની ઘરવાળી અભણ હશે. આ કજોડું થશે. એ બેની વચ્ચે વિચારોનો તાલમોલ

 નહીં થાય. છોકરાઓનું જીવન ધૂળધાણી થશે. અને એનું પાપ મને લાગશે.

છગનભા હવે ૭૫ વર્ષની ઉંમર વટાવી ચૂક્યા હતા. પાટીદાર વિદ્યાલય હવે સર્વ વિદ્યાલય બની ગયું હતું. આજે તો કડી અને ગાંધીનગર બે સ્થળોએ લગભગ પચાસ હજારથીય વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમના અનુગામી માણેકલાલ અને હવે સરદારભાઈ આ સંસ્થાઓનો કુશળ વહીવટ કરી રહ્યા છે. આ સંસ્થાએ અનેક ડૉકટરો, એન્જિનીયરો, પ્રોફેસરો, આચાર્ય, શિક્ષકો, આપ્યા છે. અને દેશ-વિદેશમાં આ સંસ્થાની સુવાસ ફેલાવી છે.

આવા વીર પુરુષના જીવનનો દીપક ૭૮ વર્ષની ઉંમરે હોલવાયો. એમણે પ્રગટાવેલી જયોતના અજવાળે હવે ઉત્તર ગુજરાતના ગામડે ગામડે ઘણા યુવાનો ઊજળા થયા છે. જીવનના ઘણા વર્ષો સુધી સંઘર્ષ કરીને, દોડા દોડી કરીને થાકેલો આ જીવ પરમાત્માના ધામમાં ચિર શાંતિ માટે પોઢી ગયો. તેમની ચિર વિદાય પછી " છગનભા "ની અર્ધપ્રતિમા સંસ્થાના કેમ્પસમાં મૂકવામાં આવી છે. જે તેમના કાર્યોની સાક્ષી પુરે છે.

સંસ્થાના પૂર્વ આચાર્ય શ્રી મોહનભાઈ પટેલ છગનભા વિષે લખે છે કે છગનભા સુધારાની અસ્ખલિત વાણી વહેવડાવતા. એમની વાણીમાં મક્કમતા અને ધગધગતા લાવા હતો. તેમાં કયાંય આડંબર કે વાણી વિલાસ ન હતો. ગામડાની તળપદી ભાષામાં બોલતા. પૂ. છગનભા અદના માનવી નહીં પણ એક લોકોત્તર પુરુષ હતા. લડયા પણ લોકો માટે અને જીવ્યા પણ લોકો માટે.

ગીતાનો શ્લોક : નહીં જ્ઞાનેન સદૃશમ્ ઈદ વિધ્યતે ને સાચા અર્થમાં સાક્ષાત્કાર કરનાર ના ભણેલા સાક્ષર સારસ્વત એટલે પૂ. છગનબાપા આવા મહાપુરુષને કોટિ કોટિ વંદન.......

દરિદ્ર નારાયણ

શેઠશ્રી મફતલાલ ગગલદાસ પટેલ

ગુજરાતનો પાટીદાર સમાજ જયારે કુરિવાજો અને અંધશ્રધ્ધાઓમાં સપડાયેલો હતો. એક માત્ર ખેતી પર નિર્ભર રહી જીવતો હતો, એવા સમયે સ્વ. શ્રી મફતલાલ ગગલદાસે ઉદ્યોગ અને વ્યવસાય તરફ ખેંચવા માટેની દિશા આપી. તેઓ મીલ માલિક બન્યા તે પાટીદાર સમાજ માટે ગૌરવપૂર્ણ ગણી શકાય. તેઓશ્રીએ પાટીદાર સમાજને ખેતીની સાથે સાથે વેપાર અને ઉદ્યોગ તરફ વળવા માટે દોરવણી આપી. હજારો પાટીદાર યુવાનોને પોતાના ધંધાર્થે મુંબઈ અને અમદાવાદ તરફ ખેંચવામાં સફળ થયા અને અનેકના રાહબર બન્યા. કેળવણીના પ્રચાર પ્રસાર માટે તેઓશ્રીએ કરોડો રૂપિયા ખર્ચી ઘણી સંસ્થાઓને દાન આપ્યું. પોતાના પરિવારને નામે ઘણી સંસ્થાઓ સ્થાપી. એવા આ વિરલ વિભૂતિને કોટિ કોટિ વંદન....

ડૉ. મફતલાલ પટેલ.

શેઠશ્રી મફતલાલનો જન્મ ૨૨ જૂન ૧૮૭૩ માં અમદાવાદના દરિયાપુરમાં થયેલો, તેમનું મૂળ વતન લાંઘણજ. ૧૩ વર્ષની નાની ઉંમરે પિતા ગગલદાસની સાથે કાપડની ફેરીમાં મદદ કરતા, પિતા જાતે કાપડ વણતા અને વેચતા, ત્યાર પછી દરિયાપુરમાં નાની કાપડની દુકાન કરી. ગામડે ગામડે કાપડ અને જરીકામ વેચીને જીવન પસાર કરતા હતા. માથે કાપડનું પોટલું લઈને અમદાવાદની ગલીઓમાં ફરી ફરીને કાપડ વેચતા. પોતાની સ્વ મહેનત અને સૂઝ દ્વારા પુરુષાર્થથી સિધ્ધિના શિખરો સર કરતા ગયા.

શેઠશ્રી મફતલાલ પોતે ખાસ શિક્ષણ મેળવી શકયા નહતા. પરંતુ સમાજમાં કેળવણી માટે અનેક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને કરોડો રૂપિયા દાન આપ્યું. વિદેશ જતા યુવાન-યુવતીઓને પણ આર્થિક સહાય આપતા. તેજસ્વી અને ગરીબ વિદ્યાર્થીઓને ભણવા માટે સ્કોલરશીપ રૂપે આર્થિક સહાય આપતા. સાથે સાથે પોતાની મિલમાં કારીગર તરીકે હજારો માણસોને રોજી રોટી આપતા. કડવા પાટીદાર સમાજના આવા મોટા ઉદ્યોગપતિને ગામે ગામ લોકો ઓળખતા. તેમના પરિવારમાં શેઠશ્રી અરવિંદભાઈ તથા રસેષભાઈ પણ હજારો જરૂરિયાત મંદોના દરિદ્રનારાયણ બન્યા છે.

શેઠશ્રી મફતલાલ ખભે કાપડની ગાંસડી ઉંચકીને પિતાની સાથે અમદાવાદની પોળોમાં ફરીને કાપડ વેચતા. આખા દિવસની મહેનતના અંતે માંડ ખાવા જેટલું

મળે. બપોરના સમયે કોઈકના ઓટલા પર બેસીને બાપ-દીકરો ઘરેથી લાવેલી કાપડમાં વીંટેલી ભાખરીઓ લાવ્યા હોય તે ખાતા. અને ઘરવાળા પાસેથી પાણી માગીને પીતા. થોડીકવાર તેજ ઓટલા પર આરામ કરીને ફરી પાછા ફેરી ચાલુ કરતા. આ હતી તેમના ભૂતકાળની કસોટી !

ગગજીભાઈ એક દિવસ વિચાર કરવા લાગ્યા કે દીકરો ઘરમાં કાપડ વણી વણીને વેચશે તેમાં તેનું ભાવિ બનવાનું નથી. એક દિવસ મફતભાઈએ પિતાને કહ્યું હું મિલમાં નોકરી કરવા જાઉં. તે સમયે અમદાવાદમાં મિલ ઉદ્યોગ ખૂબ જ વિકસેલો હતો. ઘરની આર્થિક સ્થિતિ નિભાવવા મિલમાં કારકૂનની (મૂકરદમ) નોકરી લઈ લીધી. વધારાના સમયમાં ફેરી પણ ચાલુ રાખી.

મફતભાઈના શરીરમાં પાટીદારનું લોહી હતું. કાર્યની નિષ્ઠા અને પ્રમાણિકતા અદભૂત હતી. મીલમાં તેમનું કાર્ય એટલું સારું હતુ કે બે જ વર્ષમાં મીલ માલિક તેમના તરફ આકર્ષાયા. મફતભાઈ મીલની ઝીણામાં ઝીણી બાબતની નોંધ દરરોજ કરતા. મીલ નફો કેવી રીતે કરે તેનો ખૂબજ ઊંડાણથી અભ્યાસ કરતા. બે જ વર્ષમાં મીલમાં અગત્યનું સ્થાન ધરાવનાર બની ગયા.

એ સમયે એમની સાથે વીવીંગ માસ્ટર તરીકે કામ કરતા ચંદુભાઈ મહાદેવીયા સાથે સંબંધ થયો ને નવી પોતાની મીલ ઉભી કરવાનો વિચાર આવ્યો. મીલ ચલાવવાની આવડત તો હતી પરંતુ પૈસા ન હોતા, એ સમયે ' શોરોક મીલ ' ખોટ કરતી હતી. આ મીલ ખરીદવા ચંદુભાઈએ વિચાર મૂકયો. એક અંગ્રેજ મેનેજર આર્થર ગાર્ડનને મળ્યા. તેમના સહકારથી મીલ ખરીદી. અંગ્રેજ અધિકારીને લીધે તેમને મોટો ફાયદો થયો. મફતભાઈ દીર્ઘ દ્રષ્ટિવાળા હોઈ કારીગર તરીકે ઉત્તર ગુજરાતના પટેલો તરફ નજર દોડાવી. તે સમયે ખેતી કરતા પાટીદારોની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. પરંતુ તેમની મહેનત, નિષ્ઠા અને પ્રામાણિકતા ગળગૂથીમાં હતી. આવા કામદારોને કારણે મફતભાઈને ઘણોજ ફાયદો થયો. ખોટ કરતી મીલ નફો કરવા લાગી. આમ મફતભાઈનું પ્રથમ સાહસ સફળ થયું.

૧૯૪૫ માં દ્વિતીય વિશ્વયુધ્ધ પુરું થયું. ત્યાર પછી તો મીલને મોટા ઓર્ડરો મળવા લાગ્યા. નફાનો ગાળો પણ વધતો ગયો. તે પછી નડીઆદમાં ' ન્યુ શોરોક મીલ ' લીધી. અને સુરતમાં પણ ' સુરત કોટન એન્ડ વીવીંગ મીલ્સ ' ખરીદી, આ ત્રણેય મીલોએ તેમના ચરણે કરોડો રૂપિયા ધરી દીધા.

પરંતુ મફતલાલ પગવાળીને બેઠા નહીં. કાપડના ધંધાની સાથે સાથે બીજા

વ્યવસાયમાં પણ ઝંપલાવ્યું. રાત દિવસ કામ કરતા. હવે તેઓ મુંબઈ સ્થિર થયા. તેમના ત્રણ દીકરા પ્રાણસુખભાઈ, ભગુભાઈ અને નવીનચંદ્ર. મોટા દીકરા હાર્ટએટેકથી અવસાન પામ્યા. નાના દીકરા માનસિક અસ્થિર હતા. આથી બધી જ જવાબદારી નવીનચંદ્રના શીરે આવી. તેમણે પણ કૂશળતા પૂર્વક ધંધાઓનો વિકાસ કર્યો. એમના દીકરા અરવિંદભાઈ, યોગેન્દ્રભાઈ, અને રશેષભાઈ. ૧૯૯૫ માં નવીનચંદ્રનું અવસાન થતાં દીકરાઓ ધંધો સંભાળતા.

૧૯૫૮ માં ભારતીય ઉદ્યોગમાં મફતલાલ ગ્રુપનો પંદરમો નંબર હતો. પરંતુ થોડાક જ વર્ષોમાં તે ગ્રુપ ત્રીજા સ્થાને આવી ગયું. તાતા-બીરલા પ્રથમ, દ્વિતીય સ્થાને હતા.

અમદાવાદ શહેર અને ઉત્તરગુજરાતમાં તથા અન્ય ભાગોમાં પણ ધાર્મિક શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં તેમની સખાવતો આજે પણ સાક્ષી પુરે છે. મફતભાઈના વ્યક્તિત્વ અને કાર્યને જાણવું જરૂરી છે. તેઓ ઉદ્યોગક્ષેત્રે માસ્ટર માઈન્ડ હતા. સાથે સાથે તેમના હૃદયમાં કરુણા અને પ્રેમ હતાં. તેઓ સતત વિચારતા કે મારા ગામડાઓમાં રહેતા પાટીદાર સમાજના દીકરા-દીકરીઓ પૈસાને અભાવે ભણી શકતા નથી. તેવા દીકરા-દીકરીઓને ભણાવવા ગામડાઓમાં જ્યાં સ્કૂલો બની ત્યાં મદદ કરી. અમદાવાદમાં છાત્રાલયો ઉભા કર્યા. જેમાં પાટીદાર દીકરાઓને મફત રાખવાની વ્યવસ્થા કરી આપી. પુસ્તકોની પણ વ્યવસ્થા કરી. વધુ અભ્યાસ માટે પરદેશ જતા કે મેડીકલ એન્જીનિયરીંગમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મફતલાલ ગ્રુપ તરફથી મળતી. જેનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લીધો. ઘેર આવેલા કોઈને પણ જમાડયા વિના જવા ન દે. અનેક યુવાનોને મુંબઈ ધંધા માટે જવું હોય ત્યારે કયાં ઉતરવું કયાં રહેવું એ પ્રશ્ન રહેતો, મફતલાલ શેઠ આવા ઉગતા ધંધાર્થીઓને પોતાને ઘેર રાખતા. અર્થાત્ મફતલાલનું ઘર ગુજરાતી પાટીદારો માટે આશ્રય સ્થાન હતું.

તેઓ વિરલ, સેવાભાવી, હજારોના હમદર્દ, વિનમ્ર હતા. મફતલાલ એવું વ્યક્તિત્વ હતા કે જેમણે હજારો ધંધાર્થે આવેલાઓને મદદ કરી, હજારો વિદ્યાર્થીઓને ભણાવ્યા. દિલ દઈને પાટીદાર સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે પ્રયત્નો કર્યા. ધન્ય છે આ પ્રતિભાશાળી વ્યક્તિને જેમણે પાટીદાર સમાજને એક કરવામાં દૃષ્ટિ અને દિશા આપી.

' સ્વ ' સાથે સમાજનો પણ ઉધ્ધાર કરે તેને ' શ્રેષ્ઠી ' કહેવાય છે. નિષ્કામ શ્રેષ્ઠીનું વિરલ ઉદાહરણ એટલે શેઠશ્રી મફત ગગલ !

પાટીદાર સમાજના કર્ણધાર

શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન

ઉત્તર ગુજરાતમાં ગામડાઓમાં જીવતો પાટીદાર સમાજ સંકુચિત વાડાઓમાં જીવતો હતો. કન્યા કેળવણી હતી જ નહિ. કુરિવાજો, અંધશ્રધ્ધામાં વ્યસ્ત આવા વાતાવરણમાં ગોઝારીયા ગામે તા. ૨૦-૧૦-૧૮૯૫ માં નૂતન વર્ષના દિવસે રામચંદ્રભાઈનો જન્મ થયેલો. પિતા જમનાદાસ અને માતા લક્ષ્મીબા, ચાર વર્ષની ઉંમરે પિતા અને નવ વર્ષની ઉંમરે માતા દેવલોક પામ્યા. પ્રાથમિક શિક્ષણ ગોઝારીયા અને માધ્યમિક શિક્ષણ અમદાવામાં લીધું ૧૯૧૨માં મેટ્રીક અને ૧૯૧૯ માં મુંબઈ જઈ એલ.એલ.બી થયા. વિજાપુરમાં સતત ત્રીસ વર્ષ એકધારી વકીલાત કરી. બાહોશ વકીલની નામના મેળવી.

ઉત્તર ગુજરાતમાં વર્ષો સુધી રામચંદ્રભાઈનું આગવું સ્થાન રહ્યું. શિક્ષણ, સમાજસેવા અને રાજકારણ તથા વકીલાતના ક્ષેત્રે ઉમદા કાર્ય કર્યું. તે સમયના પાટીદાર સમાજમાં જાગૃતિ લાવવા કુરિવાજો અને કુરૂઢિયો નાબુદ કરવા અથાગ પ્રયત્નો કર્યાં. ઘરમાં તેલના દીવા, બાથરૂમ સંડાસની વ્યવસ્થાનો અભાવ, ખેતીપર આધારિત પાટીદાર અજ્ઞાનતાના અંધકારમાં જીવતો એવા પાટીદાર સમાજ માટે શિક્ષણની જયોત જગાવી.

ડૉ. મફતલાલ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં મંત્રી અને ઉપપ્રમુખ તથા પ્રમુખ બની અનન્ય સેવા બજાવી. લાયબ્રેરી માટે ૧૮ વીઘા જમીન સંપાદન કરી આપેલી. ઈ.સ. ૧૯૬૯ માં વિજાપુરના નાગરિકો તરફથી જાહેર સન્માન કરવામાં આવેલું. મહેસાણા જિલ્લા પ્રજામંડળ અને રાજયની ધારાસભામાં ત્રણ વાર બિન હરીફ ચૂટાયા ૧૯૪૨ ની હિંદ છોડો ચળવળમાં જેલવાસ પણ ભોગવ્યો.

વડોદરા રાજય પ્રધાનમંડળમાં તેમની પસંદગી થયેલી. નાયબ દીવાન તરીકે સફળતા પૂર્વક કામગીરી બજાવી. અમદાવામાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલય નહોતું. પી.જે.અમીન કડવા પાટીદાર છાત્રાલય શરૂ કર્યું. જે કે.પી. ભુવન તરીકે પ્રસિદ્ધ થયું.

મહેસાણા ડી.કો.ઓ.બેંકના વર્ષો સુધી પ્રમુખ રહ્યા. ૬૦ વર્ષની ઉંમરે તેમના સન્માર્થે ષષ્ઠીપૂર્તિ સમારંભ ઉજવાયો. તે સમયે મળેલું દાન તેમણે કડી સંસ્થાને અર્પણ કર્યું. ત્યાર પછી તો પિલવાઈ આર્ટસ અને સાયન્સ કોલેજ શરૂ કરી.

વડોદરાના મહારાજા પ્રતાપસિંહનું રાજયનું કામકાજ યોગ્ય ન લાગતાં મુ. દાસકાકાના સહયોગીથી તેમને પદભ્રષ્ટ કરી તેમના દીકરા ફતેહસિંહરાવને ગાદી પર બેસાડયા. રાજયના હિત માટે આ હિંમતભર્યું કાર્ય હતું. ઊંઝામાં પણ કન્યા કેળવણી માટે હાઈસ્કૂલ અને છાત્રાલયના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. બાળલગ્નો અને તેના ખર્ચા તથા બારમાં બંધ કરાવવા ખૂબ જ પ્રયત્નો કરેલા ૧૯૬૭ માં સ્વચ્છ પ્રતિભાને લીધે સ્વતંત્રપક્ષમાંથી મહેસાણાની લોકસભા જીતેલા. લોકધર્મ, માનવધર્મ, અને રાજયધર્મ બજાવી ૨૪-૬-૧૯૭૫ ના રોજ પવિત્ર આત્માએ ઊંઘમાં જ પોતાનો દેહ છોડયો.

શેઠશ્રી પ્રાણસુખલાલ, શેઠશ્રી દુર્ગાદાસ, પુરુષોત્તમદાસ વગેરેનો સાથ સહકાર મળતો રહ્યો. છાત્રાલયના નિભાવ માટે શેઠશ્રી મફતલાલ તરફથી યોગદાન મળતું રહેતું. વર્ષો સુધી જયકૃષ્ણભાઈ અને રામચંદ્રભાઈની જોડી કામ કરતી રહી.

કડીમાં છગનભાની સાથે પણ કાર્યરત રહ્યા. પિલવાઈતી સ્કૂલ છાત્રાલય અને કોલેજની જવાબદારી પણ વહન કરી. મોરારજીભાઈ દેસાઈ પણ આ સંસ્થા જોઈ પ્રભાવિત થયેલા. એ જ રીતે વિસનગર ના.મ.નૂતન સર્વ વિદ્યાલય, સાંકળચંદ શેઠના સહયોગમાં રહી નિર્માણ કરી તો વડનગરમાં નવીન સર્વ વિદ્યાલય અને બલોલમાં એમ.જે.સર્વ વિદ્યાલય સ્થાપવામાં અને ચલાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

રતિલાલ નાયકના શબ્દોમાં જોઈએ તો શ્રી રામચંદ્રભાઈ આનર્તના મૂઠી ઉંચેરા સમાજ સેવક હતા.

બલોલ અને તેની આસપાસના વિસ્તારોમાં શિક્ષણની ભૂખ ભાંગવા શ્રી અમીન સાહેબે ખૂબ મોટો ફાળો આપ્યો. ઈશ્વરભાઈ પટેલ તેના એક કૂશળ કર્ણધાર હતા. - પ્રિ.જે.ડી. તલાટી.

"અમારા ગામની ઓળખાણ એટલે જ રામચંદ્ર અમીનવાળુ ગોઝારિયા."

શ્રી કે.કે.પટેલ પ્રમુખ ગોઝારીયા કેળવણી મંડળ,

કડી સંસ્થામાં મુ. અમીન સાહેબ સાથે દાસકાકા સંસ્થામાં જોડાયા ત્યારથી જીવંત પર્યંત બંને મહાનુભાવોએ સંસ્થાને બીજના અંકુરમાંથી વડલા સમાન બનાવી. સહકારી ક્ષેત્રે જનતાની પડખે ઊભા રહી શિક્ષણ જગતમાં અદ્દભૂત લોકજાગૃત્તિ લાવી ગુજરાત અને દેશની ખરા અર્થમાં બંને વડીલોએ સેવા કરી. શ્રીરમેશપટેલ યુ.એસ.એના. શબ્દોમાં રામચંદ્રભાઈ એટલે ગુજરાતના યશસ્વી યુગપુરુષ.

આવા મહાન વિભૂતિ પાટીદાર સમાજના રત્નસમા લોક જાગૃત્તિના પ્રણેતા હંમેશ માટે આપણી વચ્ચેથી વિદાય થયા. પરંતુ તેમની સેવાકીય સુવાસ આજે પણ પ્રસરી રહી છે.

સાબર ડેરીના સર્જક

શ્રી ભૂરાભાઈ ખોડીદાસ પટેલ

સાબરકાંઠા એટલે અરવલ્લીની પર્વતમાળાઓથી શોભતો રમણીય પ્રદેશ. ઈડરિયો ગઢ, શામળાજી અને વિરેશ્વર તેની શોભામાં ન્વધારો કરે છે. વાત્રક, મેશ્વો, માઝુમ, હાથમતીઅને સાબરમતી નિરંતર પોષતી રહે છે, પન્નાલાલ પટેલ અને ઉમા શંકર જોષી જેવા સાહિત્યકારોપેદા થયા છે, તો ત્રિવેદી બંધુ ઉપેન્દ્ર અને અરવિંદ જેવા કલાકારોની ભૂમિ છે.

સાબરકાંઠાની ધરતીએ ખેડૂત સમાજમાંથી કેટલાક પાટીદાર નેતાઓ આપ્યા. જેમાં ચુનીભાઈ પટેલ, અંબુકાકા, શાંતુભાઈ પટેલ, મગનભાઈ પટેલ, ગોપાળભાઈ પટેલ નો સમાવેશ કરી શકાય. એજ પેઢીના એક પ્રખર ખેડૂત નેતા હતા. ભૂરાભાઈ ખોડીદાસ પટેલ. તેઓ પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના વતની.

ફકત ધો.૬ ભણેલા પણ વિચક્ષણ બુધ્ધિમત્તાને લીધે, પોતાની આગવી કોઠાસૂજને લીધે સાબરકાંઠા જિલ્લાના લોકપ્રિય નેતા બન્યા. લોક હૃદયમાં સ્થાન પામ્યા. લોકો તેમને ' ભૂરાકાકા ' નામથી જ બોલાવતા. મધ્યમ ખેડૂત પરિવારમાં જન્મેલા આથી ખેતીનો વિકાસ અને ખેડૂતોનું હિત શામાં છે. તેની સતત ચિંતા કરતા. પાટીદાર સમાજમાં ચાલતા કુરિવાજો, ખોટા ખર્ચા, વહેમ, અંધશ્રધ્ધા, દૂર કરવા ખૂબજ પ્રયત્નો કર્યા. તેમની પ્રભાવશાળી વકતૃત્વ શક્તિ અદ્દભૂત હતી. દાખલા દલીલો સાથે ભાષણ કરવાની તેમની શૈલી વિશિષ્ટ હતી. એમના ૪૨-૮૪ સમાજમાં અને અન્ય ગુજરાતના પાટીદાર સમાજના સમાજ સુધારક તરીકે સ્થાન પામ્યા.

અમૂલ ડેરીમાંથી પ્રેરણા લઈ. દૂધ ઉત્પાદકોનું શોષણ અટકાવવા ડેરી બનાવવાનું સ્વપ્ન નિહાળેલું. બાબુભાઈ રબારી તેમના સાથીદાર બન્યા. તેઓ આણંદ જઈ ડૉ. વર્ગીસ કુરિયનને મળ્યાં. તેમની સલાહથી સાબરકાંઠામાં સહકારી ડેરી ઉભી કરવા નિર્ણય કર્યો. તેમના સાથી દાર મિત્રોના સહયોગથી ભૂરાભાઈએ ' સાબર ડેરી ' ની સ્થાપના કરી. હિંમતનગર તેનું મુખ્ય કેન્દ્ર બન્યું.

પચાસ વર્ષ પહેલાં ' દૂધ વેચી ન શકાય ' એવી માન્યતા દૂધ ઉત્પાદકોમાં હતી. અને જે લોકો દૂધ વેચીને આર્થિક રીતે આવક ઉભી કરવા માગતા હતા તેમનું ખાનગી વેપારીઓ શોષણ કરતા હતા. તેવા સમયે પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામના વતની

ભૂરાભાઈ, તલોદના અંબુભાઈ અને પોગલુના ગોપાળભાઈ પટેલના સહયોગથી દૂધ ઉત્પાદકોને સંગઠિન કર્યા. અને દૂધ મંડળીઓની રચના કરી. જેના પરિપાક રૂપે તા. ૨૭-૧૧-૧૯૬૪ માં પ્રાંતિજ તાલુકાની ૧૯ દૂધ મંડળીઓના સહકારથી સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સાબર ડેરી) ની સ્થાપના કરવામાં આવી. અને ૨૯-૧૦-૧૯૬૫ (લાભપાંચમ) ના શુભ દિવસે ૫૧૦૦ લિટર દૂધ એકત્રિય કરીને મંગલ પ્રારંભ કર્યો.

૧૯૭૦ માં તે સમયના સાંસદ સી.સી.દેસાઈના પ્રયાસોથી એન.ડી.ડી.બી. તેમજ ઈન્ડીયન ડેરી કોર્પોરેશન તથા શ્વેતક્રાંતિના સર્જક ડૉ. વર્ગીસ કુરિયનના માર્ગદર્શનથી સાબરકાંઠા જિલ્લામાં અદ્યતન ડેરી પ્રોજેક્ટ ઉભો કરવા રૂા. ૨.૫૨ કરોડની નાણાંકીય સહાય મળતાં હિંમતનગર તાલુકાના બોરીયા ગામ સ્થળ પસંદ કર્યું. ૧૧ જૂન ૧૯૭૧ દૈનિક ૧.૫ લાખ લિટર દૂધની ક્ષમતા ધરાવતી ' સાબર ડેરી ' ના પ્રોજેક્ટનું ખાત મુહુર્ત ડૉ. વી. કુરિયનના હસ્તે કરવામાં આવ્યું. આમ સાબરડેરીના સ્થાપક અને પ્રથમ ચેરમેન ભૂરાભાઈ પટેલ બન્યા. ૧૯૭૪ માં સાબરડેરીનો પ્રોજેક્ટ ધમધમતો થયો.

શ્રી ભૂરાભાઈ સ્ત્રી કેળવણીના પણ હિમાયતી હતા. ચંદ્રાલામાં બનેલું કન્યા કેળવણીનું ધામ એ તેમનું સ્વપ્ન હતું. દીકરીઓ સર્વગુણ સંપન્ન અને સર્વકલાઓમાં પારંગત બને એવી તેમની ઈચ્છા હતી. કન્યા કેળવણી માટે " ઉમા સંસ્કાર તીર્થ " મૂર્તિમંત કર્યું. આ સંકૂલને પોતાનું ઘર માનતા. દીકરીઓ તેમને ' ભૂરાદાદા ' ના નામથી બોલાવતી.

ભૂરાકાકા ઓછુ ભણેલા પણ એમની વિચારશક્તિ, પરખશક્તિ નિર્ણયશક્તિ, કાર્યશક્તિ અદ્દભૂત હતાં. એમની રહેણી કરણીમાં સાચેજ ગ્રામલક્ષ્મીનાં દર્શન થતાં.

ભૂરાભાઈ પટેલ કડી કડવા પાટીદાર કેળવણી મંડળ તથા શ્રી ઉમીયા માતાજી સંસ્થાન, ઊંઝા સાથે પણ સંકળાયેલા હતા. દરરોજ સવારે ચાર વાગે ઉઠીને પ્રાતઃકર્મ પૂજાપાઠ વગેરે કરીને ગામડે નીકળી પડતા. ખેડૂતોને ભેગા કરી ગામમાં સહકારી ડેરી ઉભી કરવા સમજાવતા. દરરોજ ૨૦ ગામોની મૂલાકાત લઈ રાત્રે ૧૨ વાગે ઘેર આવતા. દૂધ ઉત્પાદક ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા સતત ઝઝુમતા રહ્યા. ખેડૂતોના હિત ચિંતક અને રાહબર એવા ભૂરાકાકાને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના

હસ્તે તેમને ' ખેડૂત રત્ન ' નું બિરુદ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમના ૪૨-૮૪ ના સમાજે ભૂરાકાકાને ૯૧ વર્ષની વયે રૂા. ૯૧ હજારની થેલી આપી ' સમાજ રત્ન ' નો ઈલકાબ આપી સન્માન કર્યું. હતું.

આવા મહાન ખેડૂતોના દુઃખ દર્દ જાણનારા ' ભૂરાકાકા ' નું ૯૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. આજે પણ તેમની સુવાસ સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં જીવંત છે. અને ' સાબર ડેરી ' તેમનું જીવતું જાગતું સ્મારક છે.

કર્મયોગી દાસકાકા

પુરુષોત્તમદાસ પટેલ

બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી પુરુષોત્તમદાસનો જીવન પરિચય કરાવવો એ પડકારરૂપ અને મુશ્કેલ ગણી શકાય. મુશ્કેલ એટલા માટે કે તેમણે કરેલા કાર્યોની કોઈ નોંધ નથી કે દસ્તાવેજો નથી કે નથી ફોટોગ્રાફી. પરિણામે તેમના વિશેના જે લખાણો મળ્યાં તે અને પરિચિત વ્યક્તિઓના સંપર્કથી માહિતી એકત્રિત થઈ તેની અત્રે નોંધ લઈ દાસકાકાનો જીવન પરિચય આપવા પ્રયત્ન કર્યો છે.

સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મેલા અને નવ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવેલા, તેમ છતાં આપબળે આગળ આવ્યા. વિદ્યાર્થી અવસ્થાથી જ નીડર અને સાહસિક હતા. કેળવણી સંસ્થાઓના સ્થાપક છગનભાની સાથે રહી અનેક સંસ્થાઓ સ્થાપી. ગામડામાં રહેતા અભણ, અજ્ઞાની, ગરીબ, દેવામાં ડૂબેલા અને કુરિવાજોના ભરડામાં વિંટળાયેલા ખેડૂતોના હામી બન્યા. સ્વરાજની ચળવળમાં ગાંધીજીની એક હાકલે કોલેજનો અભ્યાસ છોડયો. મહાગુજરાત રાજ્યની રચનામાં પણ સક્રિય સેનાની બન્યા. નિઃસ્વાર્થ ભાવે ફરજ નિભાવતા. નીડરતા પ્રામાણિકતા ચારિત્રશુધ્ધિ ને લીધે 'છોટે સરદાર' નું બિરૂદ પામ્યા. "મરદ માથુ આપે નાક નહિ" એ સિધ્ધાંતને વળગી રહ્યા. તેમના કાર્યોની સુવાસને લીધે તો સમગ્ર ઉત્તર ગુજરાતમાં "દાસકાકાં" ના હૂલામણા નામથી લોકપ્રિય બની રહ્યા.

ડૉ. મંગુભાઈ પટેલ (લેખક)

આનર્ત પ્રદેશ એટલે ઉત્તરગુજરાતના નાના કડી પ્રાંતમાં ગાયકવાડી શાસન હતું. આવા કડી શહેરના એક સામાન્ય પાટીદાર પરિવારમાં સં. ૧૯૫૫ ભાદરવા સુદ-૧ (તા. ૬-૯-૧૮૯૯) ના રોજ પુરુષોત્તમદાસ પટેલનો જન્મ થયો હતો. માતા કાશીબા અને પિતા રણછોડદાસ સામાન્ય વર્ગના ખેડૂત હતા. બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી. બે ભાઈ અને એક બહેનનું ભરણ પોષણ કરવાની જવાબદારી માતા કાશીબાને શીરે આવી. ભેંસ અને ખેતીના સહારે જીવનનૈયા ચાલતી. મોટાભાઈએ ધંધો કર્યો પરંતુ ખોટ આવતાં સાધુ થવા નીકળી પડયા. મોટભાઈના સંતાનો અને માતાની જવાબદારી તેમના અભ્યાસની સાથે સાથે નિભાવી. તેમનાં લગ્ન કાસવા ગામમાં થયેલાં. નાની ઉંમરે જ ધર્મપત્ની ગંગાબા સાસરે આવી ગયાં. બંને વચ્ચે વૈચારિક મતભેદ ખરો પરંતુ પાછળથી ગંગાબાએ પણ દાસકાકાના માર્ગને સ્વીકાર્યો. ' પાટીદાર રોટલે રૂડો ' એ કહેવતને સાર્થક કરતાં ગંગાબાને આંગણેથી

કોઈ ભૂખ્યો ન જાય. ૧૯૪૨ ની ચળવળના ઘણા ક્રાંતિકારીઓ એ ગંગાબાની પરોણાગત માણેલી. આનાથી મોટી બીજી દેશભક્તિ શી હોઈ શકે ?

દાસકાકાએ પ્રાથમિક શિક્ષણ માદરે વતન કડીમાં લીધું. વધુ અભ્યાસ આર.સી. હાઈસ્કૂલ અને કોલેજ શિક્ષણ ગુજરાત કોલેજમાં સંપન્ન કર્યું. અમદાવાદની કડવા પાટીદાર સુરજમલ બોર્ડીંગમાં અભ્યાસ કર્યો. ડૉ. માણેકલાલ તેમના ઘનિષ્ઠ મિત્ર બનેલા. ડૉ. માણેક્લાલના શબ્દોમાં જોઈએ તો " દાસ પહેલેથી જ સ્વમાની, સત્યનિષ્ઠ, સમાજસુધારક ને અનુરૂપ વ્યક્તિત્વ ધરાવતા હતા. "

૧૯૨૩ માં વકીલાતની પરીક્ષા પાસ કરી. અને કડીમાં વકીલાત શરૂ કરી. નાનકડી આવકમાં કુટુંબનું ભરણ પોષણ કર્યું. તેવામાં કડી રેલ્વે સ્ટેશનની નજીક કૂવાની પાસે એક ઝુંપડું બનાવી આધેડ છગનભા રહેતા અને ત્યાંથી જ સેવા કાર્ય કરતા. ત્યાં દાસકાકાની મુલાકાત થઈ. તેમના રંગે રંગાયા. ગામના આગેવાનો આ છગનભાની મશ્કરી પણ કરતા. પરંતુ છગનભાને ભગવાનમાં પૂરેપૂરી શ્રધ્ધા. શિક્ષણ હશે તો બધું જ થશે. અજ્ઞાનતા દૂર થશે અને પાટીદાર સમાજના કુરિવાજો પણ દૂર થશે. અને એના માટે એક નાનો જ્ઞાન-દીપક પ્રગટાવવો જરૂરી છે. એમ તેઓ માનતા, લોકોમાં કેળવણીની ભૂખ છે. પરંતુ વ્યવસ્થા નથી. પાછળથી છગનભા અને દાસકાકાએ ભેગા મળી અનેક સંસ્થાઓ ઉભી કરી.

દાસકાકાનું જીવન બિલકૂલ સાદગી પૂર્ણ. ખાદીનાં જ કપડાં પહેરતા. એ પણ ઈસ્ત્રી વગરનાં. ગાંધીજીની જેમ ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરતા. મોટાભાગે એસ.ટી.બસ વધુ પસંદ કરતા. આને લીધે તંદુરસ્તી જીવનભર સારી રહી. જેના લીધે સારાં સદ્કાર્યો કરી શકાયા. જીવનમાં કયારેય દવાખાને જવું પડયું ન હોતું.

પાટીદાર સમાજની કુરૂઢિયો સામે ઝુંબેશ ઉપાડી. ખાસ કરીને બારમાં બંધ કરાવવા, દેવામાં ડૂબેલા ગરીબ લોકોને પણ બારમું કરવું પડતું. ગામે ગામ ટૂકડીઓ બનાવી ફરતા, ગ્રામસભા ભરી લોકોને સમજાવતા. રૂઢિચુસ્ત લોકોની સામે લડવું પડતું તેમની ધમકીઓ પણ વેઠવી પડતી. છતાં તેઓ મક્કમ રહેતા.

છગનભાની પ્રેરણાથી શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્ય કરવા જોડાયા. આ સમાજનો ઉધ્ધાર કેળવણી વિના શકય નથી. તેમાં છગનભા, રામચંદ્ર અમીન, પોપટભાઈ, દાસકાકા મુખ્ય હતા.

વકીલ તરીકે તેઓ ખૂબ જ હોશિયાર હતા. જ્ઞાતિપંચ નાબૂદ કરવાં, બાળલગ્નો અટકાવવાં, સ્ત્રીઓને અધિકારો આપવા, વેઠપ્રથા નાબૂદ કરવી, સામાજિક કુરિવાજો

અટકાવવા કાનૂની રાહે અને રાજકીય મદદ દ્વારા કાનૂનો ઘડવા પ્રયત્નો કર્યા. પ્રેતભોજન અટકાવવા તથા જ્ઞાતિ પંચની જોહુકમી તોડવા આગેવાની લીધી.

આપણા પાટીદાર સમાજના સુધારા માટે એ સમયના મોટાભાગે વકીલો હતા. જેમાં દાસકાકા, રામચંદ્રઅમીન, છ.રા. પટેલ ધનાભાઈ પટેલ, છગનભાઈ અને શિવાભાઈ મુખ્ય હતા. દાસકાકા જન્મજાત પત્રકાર હતા. તેમના હૃદયની વેદના તેમના પ્રવચનોમાં ઉજાગર થતી. ખેડૂતો, પાટીદારો અને કચડાયેલા વર્ગના હિતોનું રક્ષણ કરવા સતત ઝઝુમતા રહ્યા.

સમાજ સુધારણાના પાયાના કામ તરીકે કેળવણીનું કામ ઉપાડેલું. સમાજ સુધારણાની પ્રવૃત્તિમાં ઘણા તીવ્ર પ્રત્યાઘાતો પડેલા. ઘણીવારતો નજીકના સગા સંબંધીઓ પણ વિરોધ કરતાં તેમ છતાં છગનભાની સાથે રહી ૮૫ વર્ષની ઉંમર સુધી કામ કરતા રહ્યા. લોકસભામાં અને વિધાનસભામાં ગયા ત્યાં પણ નિયમો આધીન રહી સંસ્થા માટે ઘણી શૈક્ષણિક યોજનાઓ લઈ આવ્યા. ટેકનિકલ સ્કૂલ તથા કોલેજ માટે ગ્રાન્ડ લઈ આવતા. છેલ્લે છેલ્લે એકલા હાથે ગાંધીનગરની સર્વ વિદ્યાલયની શાખા ઉભી કરી. સરકાર પાસેથી જમીન સંપાદન કરવા લાંબી લડત ચલાવી. જેમાં તેઓ સફળ થયા. આજે ગાંધીનગર કેમ્પસમાં અનેક શાખાઓ શૈક્ષણિક રીતે પ્રવૃત છે. અંદાજે ૩૫૦૦૦ વિદ્યાર્થી તેમાં વિવિધ શાખાઓમાં અભ્યાસ કરે છે. દાસકાકાએ પોતાની જમીન પણ કડી સંસ્થાને આપી દીધી હતી. પાટીદાર કોમના બાળકોના અભ્યાસ માટે કડી તપોભૂમિ હતું. આજે સર્વ વિદ્યાલય કડી અને કડવા પાટીદાર આશ્રમ દેશ વિદેશ સુધી તેના વિદ્યાર્થીઓની તેજસ્વીતાને કારણે જાણીતો બન્યો છે. આ સંસ્થાને મળેલા નિષ્ઠાવાન આચાર્યો, અને પ્રામાણિક આદ્ય સ્થાપકોના પ્રતાપે આવી સુવાસ શકય બની છે. દાસકાકાને ૬૦ વર્ષ થતાં તેમની ષષ્ઠીપૂર્તિ ઉજવવાનો નિર્ણય થયો. આ સન્માન કાર્યક્રમના ફળ સ્વરૂપે ગાંધીનગરમાં સી.એમ.હાઈસ્કૂલ અને હોસ્ટેલ અસિત્વમાં આવ્યાં તે સમયના સ્મૃતિગ્રંથમાં દાસકાકાને અનેક રીતે નવાજવામાં આવેલા લોકાભિમુખ કર્મવીર, ક્રાંતિકારી દાસભાઈ, કર્તવ્યશીલ દાસકાકા, ખેડૂતોના હમદર્દ, સામાજિક સુધારક અને શિક્ષણના જયોતિર્ધર તરીકે બિરદાવેલા.

આવા મહાન વિભૂતિ સમા દાસકાકા ૧૯૮૪માં ૮૫ વર્ષની બૂઝર્ગ વયે પરમાત્માના ધામમાં પહોચીં ગયા. આ પાટીદાર રત્નને લાખ લાખ વંદન.....

સહકારી પ્રવૃત્તિના પ્રણેતા

કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલ

સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતા, ગરીબોના બેલી અને શિક્ષણના હિમાયતી એવા સાંકળચંદ પટેલની કર્મભૂમિ વિસનગર. અનેક સેવાકીય સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી લોકકલ્યાણ માટે હંમેશાં ઝઝુમતાં રહ્યા. ઉત્તરગુજરાતની ધરતી પર અજ્ઞાનતા દૂર કરવા અને ગરીબો સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તેવા પ્રયત્નો હર હંમેશાં કરતા રહ્યા.

માનનીય શ્રી સાંકળચંદભાઈનો જન્મ ૨૮-૨-૧૯૦૯ ના રોજ વિસનગરમાં થયો. પિતા કાળીદાસ લાકડાની લાટીનો વ્યવસાય કરતા. પ્રાથમિક શિક્ષણ જી.ડી.હાઈસ્કૂલ વિસનગરમાં લીધું. અભ્યાસમાં સામાન્ય વિદ્યાર્થી હતા. તેથી વિશેષ અભ્યાસ કરી ન શકયા. નાની ઉંમરે જ તેમનાં લગ્ન થઈ ગયાં. ઉમિયાબેન તેમનાં ધર્મપત્ની. પરિવારમાં ચાર દીકરી અને એક પુત્ર. જેમાં શાંતાબેન ખૂબજ તેજસ્વી અને મહત્વાકાંક્ષી. તેઓ ધારાસભ્ય રહી ચૂકયાં છે. આ અરસામાં આઝાદીની ચળવળ તીવ્ર હતી. તેઓ પણ યુવાન વયે જ સામેલ થઈ ગયા. સાદુ જીવન, ઉચ્ચ વિચાર, ગરીબો પ્રત્યે હમદર્દી ના ગુણો તેમને ગાંધી સરદારમાંથી પ્રેરણારૂપે મળ્યા.

રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવનાને લીધે, સુચારું રાજયતંત્ર ચલાવવા પ્રજામંડળોની સ્થાપના થઈ. આમાં મુ. સાંકળચંદભાઈનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું. ૧૯૪૨ની ' હિંદ છોડો ' ની ચળવળથી તેઓએ પોતાનું જીવન રાષ્ટ્રના ચરણે ધરી દીધું. ઘણીવાર જેલવાસ પણ ભોગવ્યો. પડછંદ શરીર અને અડગ મનના માનવી સ્વાતંત્ર સેનાની બન્યા. નીડરતા અને નેતૃત્વ તેમની આગવી ઓળખ હતી.

૧૯૪૨ ' હિંદ છોડો ' ચળવળના ભાગરૂપે વિસનગરમાં યુવાન મિત્રોનો કાર્યક્રમ હતો. ' ઈન્કલાબ ઝિંદાબાદ ', ' કરેંગે યા મરેંગે ' ના નારા ગુંજતા હતા. ત્યાં તો પોલીસ ફોજ સભાને વિખેરવા આવી પહોંચી. સાંકળચંદભાઈ પોલીસની સામે આવી પડકાર ફેંકયો, ચલાવ તારી ગોળી, હું ઝીલવા તૈયાર છું. પોલીસ સાથે ઝપાઝપી થઈ, ઉશ્કેરાયેલ પોલીસે ગોળીબાર કર્યો. અને તેજ ક્ષણે એક યુવાન સાંકળચંદભાઈની આગળ આવીને ગોળી પોતે જીલી લીધી. તે યુવાન એટલે ગોવિંદરાવ ઉત્રાણકર જે મહારાષ્ટ્રીયન હતા. ૧૯૪૨ ની ચળવળનો પ્રથમ શહીદ બન્યા. સાંકળચંદભાઈએ તેને બચાવવા ખૂબ જ પ્રયત્નો કર્યા. પોતાનું લોહી આપ્યું પણ યુવાન ન બચ્યો. મુ. સાંકળચંદભાઈ એ તે યુવાનના પરિવારને જીવંતપર્યંત સહારો આપ્યો. આ હતી

તેમની હમદર્દી અને માનવતા.

૧૯૪૭ ની ૧૫ મી ઓગસ્ટે દેશ તો આઝાદ થયો. પણ સામે વિકરાળ સમસ્યાઓ અંગ્રેજો મૂકતા ગયા. દેશમાં કોમી દાવાનળ, ગરીબી અને અજ્ઞાનતા વ્યાપેલી હતી. સાંકળચંદભાઈની દીર્ઘદ્રષ્ટિને પરિણામે જ સહકારી પ્રવૃત્તિના મંડાણ થયાં. સમાજવાદી સમાજ રચના કરવા તેઓ જીવનભર પ્રયત્નો કરતા રહ્યા.

વિસનગર મજૂર સહકારી મંડળી એમના જીવનનું પ્રથમ સાહસિક સોપાન હતું. સહકારી ભાવનાથી જ સમાજ અને રાષ્ટ્રનો વિકાસ થઈ શકશે એમ તેઓ દ્રઢપણે માનતા. વિસનગર મજૂર મંડળી દ્વારા મોટા મોટા કોન્ટ્રાકટ રાખતા. જેમાં સૂરજબારી પૂલ (દરિયાની ખાડીમાં), કડાણા ડેમ, પહેલગામ વિમામઘર ગણી શકાય. જે નફો થાય તે ખેડૂતો અને ગરીબોને કેમ મદદરૂપ થવાય તેવા પ્રયત્નો કરતા. ખેડૂતોની પાણીની સમસ્યા હલ કરવા મોટા ટયૂબવેલ, ડ્રિલીંગ મશીન, ' સહકાર ' ઓઈલ એન્જિન, ખેતઓજારોની વ્યવસ્થા ઉભી કરી. ઉત્તર ગુજરાતની ધરતી પર કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિના સર્જક બન્યા. ગરીબો અને ખેડૂતોના હમદર્દી બન્યા. સાચા અર્થમાં વિસનગરના વિશ્વકર્મા તરીકે નવાજીએ તો ખોટું નથી.

વિસનગર એટલે કેળવણીનું ધામ, અને શૈક્ષણિક નગરી ગણાતી. એમ.એન.કોલેજ વિસનગર તે સમયે એક માત્ર કોલેજ ઉત્તરગુજરાત મધ્યે હતી. તેમનું સ્પપ્ન હતું કે વિસનગરમાં યુનિવર્સિટી બને. જો કે તેમની હયાતીમાં તે શકય ન બન્યું. પરંતુ તેમના પૌત્ર ભાઈશ્રી પ્રકાશભાઈની રાહબરી નીચે ' સાંકળચંદ પટેલ ' યુનિવર્સિટી સ્થપાઈ. સાંકળચંદભાઈ પોતે તો ઓછું ભણેલા પરંતુ તેમની કોઠાસૂઝ ગઝબની. કેળવણી વિના કોઈ પણ સમાજ કે રાષ્ટ્ર પ્રગતિ ન કરી શકે તે બાબત તેઓ બરાબર સમજતા હતા. તેઓએ વિદ્વાન સાહિત્યકારોનો સાથ સહકાર લઈ 'ગુજરાતી વિશ્વકોશ' તૈયાર કરાવ્યો. ધીરુભાઈ ઠાકરની મહેનત અને અંગુલિનિર્દેશથી 'ગુજરાતી સાહિત્યનો વિશ્વકોશ' તૈયાર કરવા પુરી મદદની ખાતરી આપી. જો કે તેમની હયાતિમાં આ કાર્ય સિધ્ધ ન થઈ શકયું. પરંતુ તેમના ' માનસપુત્ર ' વારસદાર શ્રી ભોળભાઈએ આ કાર્ય સંપન્ન કર્યું. ગુજરાતીઓને વિસનગરે આપેલું આ નજરાણું ગણી શકાય. સત્તા સેવા માટે જ છે એમ તે દ્રઢપણે માનતા. હંમેશાં બીજાને મદદરૂપ બનવા પ્રયત્નશીલ રહેતા. તેથી તો ઉત્તરગુજરાતમાં તેમની લોકપ્રિયતા ખૂબજ હતી. જેના પરિણામે તેઓ અપક્ષ તરીકે ધારાસભ્ય પદ પામ્યા હતા.

વિસનગર શહેર અને મહેસાણા જિલ્લામાં તેમના અનેક સેવાકીય કાર્યો આજે

પણ લોકમુખે વખાણાય છે. આ સેવાકીય કાર્યોમાં શીવાભાઈ પટેલ (વકીલ) રમણિકભાઈ મણિયાર, ભોળાભાઈ પટેલ (જમાઈ) જયશંકરસુંદરી, કરીમભાઈ શેઠ, ચીમનલાલ મોદી, ભાસ્કરરાવ ઉત્રાણકર, નારાયણભાઈ મોદી, રતિલાલ જોષી, દેવશંકર મહેતા, ગોપાળભાઈ પટેલ જેવા સંનિષ્ટ મહાનુભાવોનું યોગદાન સરાહનીય રહ્યું છે.

પોતાના જીવનના ૫૦ વર્ષો લોકસેવામાં સમર્પિત કરી તા. ૨૮-૧૧-૧૯૮૬ ના દિવસે કર્મયોગી સાંકળચંદભાઈ પ્રભુના ધામમાં ગયા. તેમની સ્મશાનયાત્રામાં હજારો માણસો જોડાયા હતા. આવનાર સમય લાંબા સમય સુધી તેઓને યાદ કરશે.

મુ. સાંકળચંદભાઈ વિસનગર શહેરમાં તેમની સ્થાપેલી પ્રતિમાઓ તેમની લોકપ્રિયતાથી સાક્ષી પૂરે છે. તેમણે સ્થાપેલી સંસ્થાઓના માધ્યમથી લોકહૃદયમાં હંમેશાં જીવંત રહેશે.

પૂજય સાંકળચંદ દાદાને શ્રધ્ધાંજલિ આપવામાં ગુજરાતની મોટી હસ્તીઓએ શબ્દપુષ્પાભૂષણોથી અંજલિ આપેલી. જેમાં કવિ સુન્દરમ્, ઉમાશંકર જોષી, સ્નેહરશ્મિ, દેવશંકર મહેતા, યશવંત શુકલ, પીતાંબર પટેલ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ધીરુભાઈ ઠાકર, પ્રો. દિનકર ભોજક, પ્રતાપભાઈ સોલંકી જેવા સારસ્વતો હતા. તો રાજકીય હસ્તીઓમાં પૂર્વપ્રમુખમંત્રી બાબુભાઈ પટેલ, રતુભાઈઅદાણી, ગોરધન ચોખાવાલા, કાંતિલાલ ધીયા, અને લોક સેવક ઈન્દુલાલ યાજ્ઞિક, મોતીભાઈ ચૌધરી, દ્વારકાદાસ જોષી, રીખવચંદ શાહે, શ્રી સાકળચંદભાઈને વિવિધ ઉપનામોથી નવાજયા. કર્મઠપુરુષ, કર્મવીર, વિદ્યાનુરાગી, વિસનગરનું ખમીર, લોક સેવક અને સૌના હમદર્દ ગણાવ્યા.

એમ.એન.કોલેજ, નૂતન સર્વ વિદ્યાલય, સયાજી આશ્રમ, સેવાદળ છાત્રાલય, સર્વોદય આશ્રમ વાલમ, વિસનગરનું સરકારી દવાખાનું, સી.એન.કોમર્સ. અને સી.સી. મહીલા કોલેજ, મજૂર સહકારી મંડળી, માર્કેટયાર્ડ, ભંગી કોલોની, મારવાડી કોલોની, સ્પિનીંગમીલ, દૂધ સાગર ડેરી, નાગરિક બેંક, સર્વોદય બેંક, સરદાર હોસ્પિટલ, ઉત્તર ગુજરાત કન્યા કેળવણી મંડળ જેવી જીવંત સંસ્થાઓ જ પૂજય સાંકળચંદભાઈનાં જીવતાં સ્મારકો છે. વિસનગર શહેર અને ઉત્તરગુજરાત હંમેશ માટે તેમના ઋણી રહેશે.

★ શ્રી સાંકળચંદભાઈએ પોતાની જન્મભૂમિમાં જે પગલાંઓ મૂકયાં છે. તે કોઈ પ્રચંડ ભૂકંપ પણ ભૂંસી નહિ શકે. તે દીર્ઘકાળ પર્યંત તાજાં જ રહેશે અને અનેકનાં

 પથદર્શક બનશે. શૈક્ષણિક, સહકારી તેમજ લોકસેવાના ક્ષેત્રે એમની કામગીરી ઉજ્જવળ છે. એનાં કિરણો કેવળ ઉત્તર ગુજરાત પૂરતાં સિમીત રહ્યાં નથી. શ્રી સાંકળચંદભાઈની સેવાપરાયણતા, નિર્ભિકતા તથા દૃષ્ટિવંત સંન્નિષ્ઠાને ઉમળકાભરી અંજલિ આપતાં એક પ્રકારની કૃતજ્ઞતાથી મારી ચેતના સભર બની જાય છે.

ઝીણાભાઈ દેસાઈ-સ્નેહરશ્મિ

વિસનગરનો ઉજાસ શ્રી સાંકળચંદભાઈના સૂર્યરશ્મિથી આજે પણ એવો ને એવો છે. આપણે સૌએ એ ઉજાસને જાળવવાનો છે. તેવી પ્રતિજ્ઞા એ જ આ વિરલ પુરુષને સાચી શ્રધ્ધાંજલિ આપી ગણાશે.

શહીદવીર

ત્રિભુવનભાઈ પટેલ

મોતને હથેલીમાં લઈ ફરનારા, ખેડૂતોના લાડકવાયા, ખમીરવંતા, જવાંમર્દ, સતત સંઘર્ષ કરતા એક વીરો ભડવીર નરબંકાની આ જીવનગાથા છે. જેઓ એક વીરની જેમ ઝઝુમતા ઝઝુમતા વીર ગતિ પામ્યા. વીર પુરુષોના બલિદાન કયારેય નિષ્ફળ જતાં નથી. લણવા ગામ ઉત્તર ગુજરાતમાં અમર શહીદ શ્રી ત્રિભુવનદાસના અપ્રતિમ વીરતા માટે ઈતિહાસ બની ગયું.

ચાણસ્મા તાલુકામાં લણવા ગામે પિતા નથ્થુદાસની ઘરે તેમનો જન્મ સને ૧૯૧૭ માં થયેલો. પિતા ખેડૂત હતા. પરંતુ કેળવણીના ચાહક હતા. તે સમયે ગામડામાં અંધશ્રધ્ધા અને અજ્ઞાનતા ભારોભાર હતી. ધો. ૧ થી ૪ સુધી ગામની પ્રા. શાળામાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ ધો. ૫ થી કડી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો. આઠ વર્ષની નાની વયે જ તેમના લગ્ન થઈ ગયેલા.

બાળપણથી ત્રિભુવનભાઈ નીડર હતા. ૧૯૨૯ માં કડીના સર્વ વિદ્યાલયમાં પાટીદાર આશ્રમમાં રહી ભણ્યા. જો કે ત્યાં શિક્ષણની સાથે જીવન ઘડતર પણ થયું. સંસ્થાના આદ્ય સ્થાપક પૂ. છગનભાના સેવા પરાયણ વિચારો અને સંસ્કારોથી પ્રભાવિત થયા. સ્વાશ્રય અને સ્વાધિનતાના ગુણો વિકસીત થયા. બાપુભાઈ ગામી આચાર્ય હતા. તેમનું માર્ગદર્શન, શિસ્ત અને સંયમ પણ ત્રિભુવનભાઈને અસર કરી ગયા. તે સમયે સાથી સહાધ્યાયી શ્રી પિતામ્બર પટેલ સાથે મૈત્રી બંધાઈ જે જીવન પર્યંત ટકી રહી.

ઈ.સ. ૧૯૩૬માં મેટ્રિક પાસ થયા. કોલેજ શિક્ષણ માટે કે.પી. ભુવનમાં રહ્યા. અને એલ.ડી.આર્ટસ કોલેજમાં દાખલ થયા. રામનારાયણ પાઠક જેવા વિદ્વાન પ્રોફેસરના પરિચયમાં આવ્યા. પત્ની પણ શિક્ષિત હોવી જોઈએ એ વિચારે વિરોધ વચ્ચે પણ " જયોતિસંઘ " અમદાવાદમાં રાખી અભ્યાસ કરાવ્યો. ફાજલ સમયમાં ટ્યૂશનકરી બંનેનો ખર્ચ કાઢતા. ૧૯૪૦ માં તેઓ બી.એ. થયા. કે.કા શાસ્ત્રી સાથે સંસ્કૃતમાં વાતચીત કરી શકતા એટલો સંસ્કૃત ભાષા પર તેમનો કમાન્ડ હતો. જિલ્લાના યુવાન મિત્રો હરગોવનભાઈ, મણિભાઈ, મગનભાઈ, અને પીતામ્બરભાઈ સાથેના મૈત્રી સંબંધ ખૂબજ પ્રચલિત હતા.

શરૂઆતમાં અમદાવાદમાં ઘીકાંટા વિસ્તારમાં મકાન રાખ્યું. ત્યાં દૂધનો ધંધો કર્યો. એવામાં ૧૯૪૨ માં કરેંગે યા મરેંગેની સ્વાતંત્ર્યની લડત શરૂ થયેલી. જેમાં

ત્રિભુવનભાઈ પણ સામેલ થયા અને ભાંગફોડ પ્રવૃત્તિમાં પકડાઈ ગયા. તેમને જેલમાં જવું પડયું. જેલમાં યોગ-પ્રાણાયામ કરે અને પુસ્તકો વાંચે. માથાના વાળ ઉતરાવી દીધેલા તેથી મિત્રો તેમને " સ્વામી" તરીકે સંબોધતા.

જેલવાસથી છુટી થોડો સમય મુંબઈમાં મફતલાલ મીલ્સ ગ્રુપમાં નોકરી કરી. ત્યાં તેઓ સટ્ટા તરફ વળ્યા. મિત્ર પીતાંબર પટેલે આ માર્ગેથી પાછા વાળવા ઘણા પ્રયત્નો કર્યા. પણ વ્યર્થ ગયા. છેવટે જે થવાનું હતું તે થઈને રહ્યું. તાકાતબહારનો સટ્ટો કર્યો. અને બધું જ ગુમાવવું પડયું. દેવું થઈ જતાં હારી થાકીને મુંબઈ છોડવું પડયું. પરંતુ આ સાહસિક યુવાન એમ બેસી રહે ખરો. વગર મૂડીએ પાટણમાં ઓઈલમીલ શરૂ કરી. પુત્ર અરવિંદભાઈના નામે ' અરવિંદ ઓઈલ મીલ ' ત્યાં પણ નસીબે યારી ન આપી. કુદરતનો કોઈ અલગ સંકેત હશે. અહીં પણ મીલમાં મોટી ખોટ થઈને ધંધો બંધ કર્યો.

આર્થિક મુશ્કેલીમાં પણ તેઓ મક્કમ રહ્યા. આવી વિષમ પરિસ્થિમાં શાંતાબેને ખેતીવાડીની જવાબદારી ઉપાડી લીધી. શાંતાબેને હિંમતથી ઘર ચલાવ્યું અને બાળકોની જવાબદારી વહન કરી. લણવા અને આસપાસના ગામોના ખેડૂતોની બેહાલ સ્થિતિ જોઈ તેમના મનમાં લડાયક ભાવ પેદા થયો. ખેડૂતો માટે પુરુષોત્તમદાસ સાથે ખેડૂત મંડળમાં જોડયા. ઢોર ચોરી, ભેલાણ, રાતના ઘર કોચવાં, દાગીના લૂંટાઈ જાય. ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા અને પ્રશ્નો હલ કરવા કોંગ્રેસમાં જોડાયા. તેવામાં મુંબઈ સરકારે તેમને " ઓનરરી મેજીસ્ટ્રેટ " ની પદવી આપી.

૧૯૫૨ માં કોલેરાનો રોગ ફાટી નીકળ્યો. તે સમયે ત્રિભુવનભાઈ ગામડાઓમાં પહોંચી જતા. પ્રજાને મદદ કરતા અને હિંમત આપતા. દેશ પ્રજાસત્તાક બનતાં ચૂંટણીઓ યોજાઈ. જેમાં ત્રિભુવનભાઈ પણ ઉમેદવાર બન્યા. પરંતુ શેઠીયાઓની સામે તેઓ હારી ગયા.

વિકાસમંડળના મંત્રી તરીકે તેમણે ખેડૂતોને સબસીડી અપાવી. તગાવી અપાવી, કૂવા કરવા પ્રોત્સાહિત કર્યા. પાકા રસ્તાઓ કરાવ્યા. ખેડૂતોને જમીનના વ્યાજબી વળતળ પણ અપાવ્યાં. છતાં ખેડૂતો ઢોર ચોરીના ભોગ બનતા. જિલ્લામાં ડી.એસ.પી.ને મળીને પોલીસ થાણાં સક્રિય કરાવ્યાં. કલેકટર અને ડી.એસ.પી.નો સાથ મળતાં. ખેડૂતોમાં હિંમત આવી. ત્રિભુવનભાઈ કહેતા કે મારે એવું કરવું છે કે ખેડૂત રાતના આરામથી સૂઈ શકે. આવી સ્થિતિમાં ત્રિભુવનભાઈ ચોરી, લૂંટ કરનારાઓને આંખમાં કણાની જેમ ખૂંચતા. ગુંડા તત્વો તેમને મારવા કાવતરાં ઘડતા તેમને ચેતવણી પણ આપવામાં આવેલી પરંતુ ત્રિભુવનભાઈ મોતને હથેળીમાં લઈને

ફરતા. આખરે ભય સાચો પડયો. અને તા. ૨૨-૬-૫૫ ના રોજ સેલાવી સ્ટેશનથી રાત્રે લણવા આવતા હતા ત્યારે તેમનું ખૂન થયું. તલવાર અને ભાલાથી તેમના દેહને ચૂંથી નાખ્યો. આવું ખૂન જિલ્લામાં કયારેય કોઈનું થયું નહોતું. મહેસાણા જિલ્લાએ એક નરબંકો ગૂમાવ્યો. કેટલાક દિવસો સુધી જિલ્લાના ગામે ગામ તેમની વીરગતીની ચર્ચાઓ થતી રહી.

ત્રિભુવનભાઈની શહીદીને જિલ્લાભરમાંથી શ્રધ્ધાંજલિ આપવામાં આવી. લોકો હૈયાફાટ રૂદન કરતા સ્મશાનમાં જ એવો નિર્ણય લેવાયો કે ત્રિભુવનભાઈની યાદમાં કોઈ સ્મારક બનાવવું અને તેજ ઘડીએ એકલાખ રૂપિયાનું ફંડ થયું. આ સમયે તેમની પત્નીની શું સ્થિતિ હશે. એતો માત્ર કલ્પના જ કરવી રહી, ચાર દીકરા અને એક દીકરી શાંતાબેનનો વિલાપ, આક્રંદ કઠોર હ્રદયને પણ પિંગળાવી દે તેવો હતો.

લણવા ગામ અમર શહીદ ત્રિભુવનદાસનું ' સ્મરણધામ ' બની રહ્યું. સદગતના સ્મરણમાં ઉભી થયેલી શિક્ષણ સંસ્થા ત્રિભુવન વિદ્યાલય ગૌરવપૂર્વક શિક્ષણનું કાર્ય કરી રહી છે.

વિજયભાઈ ત્રિવેદી જેવા વકીલ મિત્રને સ્પષ્ટ પણે કહેતા કે તમે ઢોરચોરોના અને અસામાજિક તત્વોના વકીલ થાઓ છો તે બરાબર નથી. ખેડૂતોને પણ હિંમત આપતા કે તમે પણ હથિયારો રાખો, હાથ જોડી બેસી રહેવાથી તો બધું જ ગુમાવી દેશો.

આવી વ્યક્તિઓ વારંવાર પાકતી નથી. ખેડૂતો માટે જીવ્યાને ખેડૂતો માટે વીરગતિ પામ્યા. સરદાર પટેલ જેવા નીડર, મક્કમ અને અડગ હતા. ત્રિભુવનભાઈ.

તેમના પરિવારમાં અરવિંદભાઈ, અનિલભાઈ અને અજીતભાઈ ખૂબ જ આગળ વધી નામના મેળવી છે. ' એપોલોગ્રૂપ ' અને રાજકિય સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં તેમનો સિંહફાળો છે. પિતાના સંસ્કારો અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમગ્ર પરિવાર આજે ઉત્તરગુજરાતમાં સુવાસ ફેલાવી રહ્યો છે. અનિલભાઈએ ગણપત વિદ્યાનગરની સ્થાપના કરી. ઉદ્યોગમંત્રી તરીકે પણ સફળ રહેલા. તેમનાં ધર્મપત્ની શારદાબેન ૨૦૧૯ ની સંસદમાં મહેસાણાથી વિજયી બન્યાં.

નીડરતાનો વિકલ્પ એટલે સ્વ. ત્રિભુવનભાઈ. તેમના જીવન કવનમાંથી નીડરતાનો પાઠ શીખીએ.

માનવ સેવાના ભેખધારી

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ

ગુજરાતના જાહેર જીવન અને સમાજ સેવાનું અવિસ્મરણીય વ્યક્તિના એટલે બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, રવિન્દ્રનાથ ટાગોર, સોક્રેટિસ અને ખલિલ જિબ્રાનની જીવન જીવવાની ફિલોસોફીને સહેદે જીવી જનાર એક મહામાનવ એજ આપણા બળદેવભાઈ પટેલ.

સાચા અર્થમાં " મહાજન " તરીકે જીવી બતાવનાર ગુજરાતનો એક અદનો પાટીદાર ! સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક અને આર્થિક એ તમામ ક્ષેત્રોમાં ઉચ્ચ કક્ષાની સંસ્થાઓના સ્થાપક, દાનવીર અને ઉત્તમ વહીવટકર્તા તરીકે અમીટ છાપ છોડી જનારા શ્રી બળદેવભાઈ.

કેટલાક લોકોનું જીવન માત્ર પોતાના સુધીજ સીમિત ન રહેતા, બીજા અનેક લોકોના કાર્યો કરવા સુધી વિસ્તૃત થતું હોય છે. બહું થોડા લોકો આવી કક્ષાઓ પહોંચી શકતા હોય છે. જે લોકો અનેક લોકોના કલ્યાણમાં નિમિત્ત બનતા હોય છે. તેને જ મહાપુરુષકહી શકાય. આવા જ એક મહાપુરુષ થઈ ગયા, તેમનું નામ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ. સામાન્ય ગરીબીમાંથી સમૃધ્ધિના શિખર ઉપર પહોંચ્યા. તેમ છતાં તેમના જીવનમાં કયાંય મોટાઈ કે આછલકાઈ દેખાય નહીં. તેઓ એક વિરલ સંત હતા.

- સ્વામી સચ્ચિદાનંદ

ગુજરાતના અમદાવાદ જિલ્લાના સાણંદ ગામે નીતિ પરાયણ પિતાશ્રી ડોસાભાઈ ગોપાલભાઈ તથા ધર્મ પરાયણ માતા જડીબેનને ત્યાં બળદેવભાઈનો જન્મ થયો. સાણંદમાં શાળાના અભાવે દરરોજ ૬ કિ.મી. ચાલી ગોધાવી ગામે અભ્યાસ કર્યો. કડી સર્વ વિદ્યાલય તથા અમદાવાદ ટયુટોરિયલ હાઈસ્કૂલમાં પટેલ બોર્ડિંગમાં રહી અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૩૪ માં પ્રથમ વર્ગ મેળવી મેટ્રિકની પરીક્ષા પાસ કરી. તેજ અરસામાં તેમનાં લગ્ન પણ થયાં.

આગળ અભ્યાસ ન કરતાં પિતાના અનાજના વેપારમાં જોડાયા. પોતાની આગવી સૂઝથી અમદાવાદમાં પાલડીમાં અનાજ કરિયાણાની દુકાન કરી. ત્યાર પછી

કાલા, કપાસ અને રૂના ધંધામાં હાથ અજમાવ્યો. પોતાના ભાઈઓ મહાસુખભાઈ તથા ચીમનભાઈ ને સાથે રાખી કાલુપુર ચોખા બજારમાં પોતાની પેઢી સ્થાપી. ધીરે ધીરે ધંધાનો વિકાસ કરી અનાજ બજારમાં આગવી ઓળખ ઉભી કરી.

શ્રી બળદેવભાઈએ પોતાનું કાર્યક્ષેત્ર વેપાર પૂરતું મર્યાદિત ના રાખતાં સેવાકાર્યો તરફ પોતાની શક્તિઓને વાળી ઈ.સ. ૧૯૭૦ માં અનાજના વેપારીઓને ટેકો આપવા કાલુપુર કોમર્શિયલ કો. ઓ. બેંકની સ્થાપના કરી. અને જીવન પર્યંત તેના પ્રમુખ રહ્યા. આજે આ બેંક એક શિડયુલ્ડ બેંક છે. તેમજ ગુજરાતની સૌથી મોટી શહેરી સહકારી બેંક છે. તેમના મિલનસાર સ્વભાવથી ઘણા જટિલ પ્રશ્નોને સરળતાથી ઉકેલતા. આથી તો તેઓ જે સંસ્થામાં જોડાતા તેના ઉચ્ચ સ્થાને બની રહે, એવું વેપારીઓ અને સભાસદો ઈચ્છતા. વેપારીઓના મહાસંઘો, અમદાવાદ સીટી કો.ઓ.બેંકર્સ એસોસિયેશન, ન્યૂ ગ્રેઈન મારકેટ, શોપ્સ એન્ડ વેર હાઉસીંગ સોસાયટી જેવી સંસ્થાઓ સામેલ છે.

સામાજિક ક્ષેત્રમાં શિક્ષણ, આરોગ્ય તથા ધાર્મિક ક્ષેત્રોમાં તેમની કામગીરી બેમિસાલ હતી. " સંકટ નિવારણ સમિતિ " ના મંત્રી તરીકે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડા જેવી કુદરતી આફતોમાં ગુજરાતના હજારો અસરગ્રસ્તોને મદદ માટે પહોંચી જતા. મચ્છુડેમની હોનારત હોય કે આંધ્રનું વાવાઝોડું તેઓ સેવા માટે તરત જ પહોંચી જતા. ૧૯૮૫ થી ૧૯૮૭ ગુજરાતના ત્રણ ભયંકર દુષ્કાળમાં તેમની કામગીરી સરાહનીય હતી.

ગુજરાત કેન્સર સોસાયટીના ખજાનચી, ઓલ ઈન્ડિયા શાસ્ત્રો દ્વાર સમિતિના પ્રમુખ, વાત્રક હોસ્પિટલના ચેરમેન, સાણંદ ભગિની સમાજના ટ્રસ્ટી, સાણંસની શૈક્ષણિક, ટેકનિકલ, આરોગ્ય કે ધાર્મિક સેસ્થાઓમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, છાત્રાલય, પ્રા. શાળા, કોલેજ તથા ગાંધીનગર કેમ્પસમાં પણ સક્રિય રહ્યા. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં પણ સેવા આપેલી છે. આથી તેમણે અનેક એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

સાદાઈ, સરળતા, વિનમ્રતા, નિખાલસતા, નિરાભિમાની પણું જેવા અનેક ગુણોથી વિભૂષિત હતા. આ મહામાનવીનું ૮૦ વર્ષની ઉંમરે હૃદય રોગના હુમલામાં અવસાન ૧૯૯૭ માં થયું. ત્યારે સમગ્ર ગુજરાતની સંસ્થાઓએ શોક અને આઘાત

અનુભવ્યો.

તેમની શોકસભામાં તમામ ધર્મના ધર્માચાર્યો ઉપસ્થિત રહ્યા. વેપારીઓ, ડૉક્ટરો, પ્રધાનો, પત્રકારો, શિક્ષણવિદો, ખેડૂતો, બહેનો તથા ધર્મસંતોએ હાજર રહી શ્રધ્ધાંજલિ આપી હતી. તેમના બંને પુત્રો બચુભાઈ અને બકાભાઈ પિતાનો સેવાકાર્યનો વારસો ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો છે.

" ઓછું બોલો- કામ કરો " ના સુત્રને અપનાવી માનવસેવા એજ પ્રભુ સેવા ગણી કાર્યો કરતા રહ્યા. આવા અજાતશત્રુ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલની યાદ તથા સુવાસ સદીઓ સુધી ગુજરાતમાં રહેશે.

પંચાયતી રાજના રાજર્ષિ

આત્મારામકાકા

સહકાર અને પંચાયતીરાજ જેવાં બે પવિત્ર અને પરેપકારી ક્ષેત્રો રાજકારણનો અખાડો બનતાં જાય છે. ત્યારે રાજકારણમાં રહેવા છતાં જેમણે સહકાર, પંચાયતીરાજ, કૃષિ કે પશુપાલન જેવાં ગ્રામીણ વિકાસના ક્ષેત્રોમાં કદી રાજકારણની ભેળસેળ નથી કરી તેવા મહેસાણા જિલ્લાના છતાં રાષ્ટ્રીય ફલક સુધી વિસ્તરેલા અનેક સદગત મહાનુભાવો જેવા કે દાસકાકા, સાંકળચંદ પટેલ, માનસિંહભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, આત્મારામ કાકા, રીખવચંદ શાહ જેવાની સ્મૃતિ તાજી થાય છે.

આ બધા રાજકારણમાં હતા પણ તેમણે રાજકારણ થકી સેવાક્ષેત્રોને કદી નુકસાન પહોંચાડયું નથી, પરંતુ મજબૂત બનાવ્યાં છે. રાજકારણમાં ભ્રષ્ટાચાર કે ચારિત્ર્યના આક્ષેપો તેમના રાજકીય હરીફોએ પણ કદી કર્યા નથી.

૨૦૧૮ નું વર્ષ પીઢ સહકારી નેતા આત્મારામ મગનભાઈ પટેલ (આત્મારામકાકા)નું જન્મ શતાબ્દી વર્ષ છે. કાકા હમણાં ૨૦૦૨ સુધી તો આપણી વચ્ચે જૂની પેઢીનું પ્રતિનિધિત્વ કરતા હયાત હતા. જયારે આજે તો રાતોરાત કશી સેવાની મૂડી વિના રાજકારણમાં આગળ આવી જવાની હરીફાઈ ચાલે છે. આત્મારામકાકા ગુજરાતમાં પંચાયતીરાજની સ્થાપના પહેલાં ૧૯૫૨ માં પોતાના ગામ લાડોલની ગ્રામપંચાયતના સભ્ય હતા, અને ૧૯૫૬ થી ૧૭ વર્ષ સુધી ગામના સરપંચ રહ્યા. ખૂબ લાંબી રાજકીય મંજિલ પછી ૧૯૯૫ માં રાજયના મંત્રી મંડળમાં કેબીનેટ પ્રધાન બન્યા. પંચાયતી રાજય સ્થપાતાં ૧૯૬૩ માં તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ બન્યા. ત્યારબાદ પ્રમુખ પણ બન્યા. મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ અને છેલ્લે ધારાસભ્ય ને મંત્રી પણ બન્યા. જે જમાનામાં રાજકારણમાં આવવા કેવી લાંબી તપશ્ચર્યા કરવી પડતી હતી તેનો આ નમુનો છે.

સહકારી ક્ષેત્રમાં પણ ૧૯૫૮ માં પોતાના ગામ લાડોલની સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે શરૂ કરેલી કારકીર્દિ છેક રાષ્ટ્રીય કક્ષાની સહકારી સંસ્થાઓ સુધી વણથંભી વિસ્તાર પામી. આત્મારામ કાકા હંમેશાં જિલ્લામાં સ્વ. માનસિંહભાઈ પટેલ અને ગંગારામ રાવલને સાથી મિત્રો ગણાવતા, અને મોતીભાઈ ચૌધરીને સમકાલીન શ્રેષ્ઠ સહકારી આગેવાન માનતા હતા. આત્મારામકાકા અને મોતીભાઈ રાજકારણમાં સાવ જુદા પણ બંનેને એકબીજા પ્રત્યે અતૂટ સદભાવ હતો. જિલ્લાની

બે ટોચની સહકારી સંસ્થાઓ દૂધસાગર ડેરી અને મહેસાણા જિલ્લા સહકારી બેં કોનું બંનેએ ત્રણ દાયકા સુધી સબળ નેતૃત્વ જરાય વિવાદ વિના કરી, સૂકાન સંભાળીને બંને સંસ્થાઓને પ્રગતિમાં રાષ્ટ્રીય ફલક પર મૂકી. છતાં કયારેય આ સહકારી સંસ્થાઓમાં રાજકારણ લાવ્યા નથી. પરંતુ એકબીજાના પૂરક બની આજના રાજકારણીઓને પ્રેરક બળ પૂરું પાડયું છે.

જે તે ક્ષેત્રમાં આગળ આવવા કેવો કઠોર પરિશ્રમ કરવો પડે છે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે આત્મારામકાકાનું જીવન. તેઓ રાજકારણમાં રહેવા છતાં કદી કાકા મટીને ભત્રીજા બન્યા નથી. તેમના સાથીઓ કહે છે કે કાકા રોજનું ૧૮ થી ૨૦ કલાક કામ કરતા અને રોજ બે ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપતા. જેનાથી ૩૦૦ કિ.મી. જેટલી મુસાફરી કરવી એમનો જીવનક્રમ બની ગયો. હતો. એમના જીવનની કેટલીક દુ:ખદ ઘટનાઓ પણ બની. ઢળતી ઉંમરે જાહેર મંચ પર અપમાનિત કરવામાં આવ્યા. અને મુખ્યમંત્રી પદ પર પહોંચવા ન દીધા. આ સિવાય કાકાનું સમગ્ર જીવન નિષ્કલંક કહી શકાય. શ્રી મોતીભાઈ ચૌધરી તેમના વિશે કહેતા, ‘કાકા રાજકારણમાં ભલે ગમે તે કરે પરંતુ જાહેરજીવનમાં એક સનિષ્ઠ અને પ્રામાણિક વ્યક્તિ હતા.’ સહકારી ક્ષેત્રના ભંડોળનો આરોગ્ય અને શિક્ષણમાં કેવો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ કાકાએ સહકારી ક્ષેત્રને પુરું પાડયું. મહેસાણાની લાયન્સ હોસ્પિટલ અને સમોડાની બુનિયાદી શિક્ષણ સંસ્થા તેનાં સાક્ષી છે.

કાકાનું ભણતર ઓછું હતું. પણ ગણતર ઊંચું હતું. તેમની આત્મશ્રધ્ધા, નિષ્ઠા, પ્રામાણિકતા, નીડરતા, સાહસિકતા વ્યવહારમાં સ્પષ્ટ જણાઈ આવતી. ખેડૂતો માટે હંમેશાં તેઓ સમર્પિત રહેતા. ગામડાના ખેડૂતોના દુ:ખ દર્દથી પરિચિત હતા. તેઓ માનતા કે ખેડૂતોનું જીવન એટલે મુશ્કેલીઓનું પોટલું. ખેડૂત દેવામાં જન્મે, દેવામાં જીવે અને દેવામાં જ મૃત્યુ પામે. આ તેમની “ ગ્રામ ગીતા ” હતી. નિયમિત અને સંયમી જીવનને લીધે ડાયાબિટીસ હોવા છતાં ૮૪ વર્ષનું દીર્ઘાયું ભોગવ્યું. પ્રશ્ન ખેડૂતો માટે વિજળીનો હોય, ઓ.એન.જી.સી. નો હોય, ગોપીનાળું હોય કે કંડલા-ભટિકા રેલ્વેનો હોય, ખેડૂતોને પોષણક્ષમ ભાવોનો હોય ત્યાં અન્યાય માટે આંદોલન કરવા કે રજૂઆત કરવા હંમેશાં તત્પર રહેતા.

સરકારી મદદ વિના પણ સહકારી ક્ષેત્રે ખેડૂતોને કેમ કરી વધુને વધુ મદદરૂપ થવાય તે માટે સંઘર્ષ કરતા રહ્યા. જિલ્લા પ્રમુખ અને જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે તેમની કામગીરી આજેય લોકો યાદ કરે છે. શિક્ષકોની બદલીના વ્યાપક

ભ્રષ્ટાચારને તેઓએ નિયંત્રિત કર્યો. તેઓ સામાજીક દૂષણો બાળલગ્ન, ગોળપ્રથા, વૈભવી લગ્નોના વિરોધી હતા. સમૂહલગ્નોના હિમાયતી હતા. બેંકના વહીવટનો સાંકળચંદકાકાનો ભવ્યવારસો જીવનભર સાચવ્યો.

૧૯૯૨-૯૩માં આત્મારામકાકા ૭૫ વર્ષના થતાં તેમના સાથી મિત્રો કાર્યકરો અને સંસ્થાઓએ ' અમૃતપર્વ ' ઉજવ્યું. જેમાં કાકાને રૂા. ૭૫ લાખની થેલી અર્પણ કરી અને ૭૫ કિલો ચાંદીથી તોલ્યા, જે પ્રસંગે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈ પણ હાજર રહ્યા હતા. એ સમગ્ર રકમ તેમણે ટ્રસ્ટમાં આપી અને ખેડૂતોના હિતની પ્રવૃત્તિમાં વાપરવા જણાવ્યું.

ખરેખર આત્મારામકાકા મહેસાણા જિલ્લા અને ઉત્તર ગુજરાતના સાચા અર્થમાં પંચાયતી રાજ ના રાજર્ષિ કહીએ તો ખોટું નથી.

'ધરતી'થી લોકપ્રિયતાના સંવર્ધક

સ્વ. પ્રભાતભાઈ દેસાઈ

જે માણસ હંમેશાં બીજાને માટે જ જીવી ગયા, સમાજને સાચી દિશા આપનાર, પાટીદાર સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો, કુરૂઢિઓ દૂર કરવા જીવનભર સંઘર્ષ કરતા રહ્યા એવા સ્વ. પ્રભાતભાઈ દેસાઈ એક યોગી પુરુષ હતા. અન્ય સાથી મિત્રોને પણ સમાજ સુધારણાના કાર્યમાં સામેલ કર્યા અને સતત માર્ગદર્શન આપતા રહ્યા. ' ધરતી ' માસિકના પ્રચાર, પ્રસાર અને વ્યાપક ફેલાવા માટે ખૂબ જ જહેમત કરનાર એવા સ્વ. પ્રભાતભાઈનો હું સદાય ઋણી રહીશ.

ડૉ. મફતલાલ પટેલ

સંસારમાં દરેક વ્યક્તિની ઓળખ અલગ અલગ હોય છે. આવી ઓળખ જે તે વ્યક્તિના વિચારો અને આચરણ થકી બને છે. સૌની સાથે આત્મીયતા જાળવવાનું કામ કપરું છે. સંબંધો સાચવવા અને નિભાવવા એ પણ એક કલા છે. પારકાને પણ પોતાના કરી દે તેવી વિનમ્રતા અને વ્યવહાર કૂશળતા ' ધરતી ' ના પૂર્વ તંત્રી શ્રી પ્રભાતભાઈ દેસાઈમાં હતી.

પ્રભાતભાઈનું વતન પાટડી, પ્રાથમિક શિક્ષણ પાટડીમાં અને માધ્યમિક શિક્ષણ કડી સર્વ વિદ્યાલયમાં મેળવ્યું. ત્યાં છગનભાના પરિચયમાં આવ્યા. નાની ઉંમરે તેમણે અનુભવ્યું કે પાટીદાર સમાજમાં

કુરિવાજો, કુરૂઢિઓ, અજ્ઞાનતા, વહેમ અને અંધશ્રધ્ધા જેવાં દૂષણો દૂર થાય તે જરૂરી છે. એના માટે પૂજ્ય છગનભાએ આરંભેલ સમાજ સુધારણાના યજ્ઞમાં તેઓ પણ અંજલિ સમર્પિત કરવા જોડાયા. પાટીદારના દીકરા-દીકરીઓ શિક્ષણ લેતા થાય. વળી ઉચ્ચશિક્ષણ માટે અમદાવાદ આવે તો રહેવા જમવાની વ્યવસ્થા મળી રહે તે હેતુથી પાટડીના કેળવણી પ્રિય રાજવી સૂર્યમલસિંહના સહયોગથી છાત્રાલય ઉભું કરાવ્યું. પ્રભાતકુમારે તેજ છાત્રાલયમાં રહીને પોતાની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવી. એ રીતે તેઓ અમદાવાદ અને કડી બે માતૃસંસ્થાઓમાં સમાજ સેવાનું કાર્ય કરતા રહ્યા.

ઈ.સ. ૧૯૪૪ લશ્કરી પરિવારના ચંદ્રવદન લશ્કરી, યુરોપમાં આંખના સર્જનની ડિગ્રી લઈ પરત ફરેલા. ડૉ. ગણપતરામ પટેલ અને પ્રભાતકુમારે " પ્રગતિ મંડળ " નામની સમાજ સુધારણા હેતુ માટે સંસ્થા સ્થાપી. આ તરવરિયા યુવાનોએ

કડવા પાટીદાર સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો, બારમા, બાળલગ્ન, અંધશ્રધ્ધા, જેવા દૂષણોને ડામવા તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા એક મોટું સંમેલન યોજવું. જેની આગેવાની પ્રભાતકુમારે લીધી. આ કાર્યમાં હંમેશાં સાથ આપનાર યુવા મિત્રો મળી રહ્યા. જેમાં ચંદ્રવદન લશ્કરી, શંકરભાઈ પટેલ, પીતામ્બર પટેલ, જી.એમ.ગાંધી, ધરમચંદ ચોકસીવ મુખ્ય હતા. ઉત્તરગુજરાતનાં ગામડાં ખૂંદી વળી પાટીદાર પરિવારમાં નવચેતના અને જાગૃત્તિ લાવવા અથાક પ્રયત્નો કર્યા.

ઈ.સ. ૧૯૪૭માં દેશને આઝાદી મળી તે અરસામાં પાટીદાર પરિવારોની સામાજિક જાગૃત્તિ માટે " ધરતી " માસિક શરૂ થયું તેના પહેલા તંત્રી બન્યા. સમાજ સેવાના દીક્ષાર્થી ચંદ્રવદન લશ્કરી, અને સહતંત્રી પદ સંભાળ્યું પ્રભાતકુમારે. તેમની સૂઝ બૂઝ અને સંકલનની કોઠાસૂઝનાં દર્શન થયાં. સંપાદિત કરેલા લેખોની વૈવિધ્યતાથી ' ધરતી ' જોત જોતામાં પાટીદાર સમાજમાં લોકપ્રિય બની રહ્યુ. સામાજિક સુધારણા માટે ' ધરતી ' એક માધ્યમ બન્યું. જેનો યશ પ્રભાતકુમારને આપી શકાય.

ઈ.સ. ૧૯૫૦ માં પ્રભાતકુમારે એક પ્રિન્ટીંગ પ્રેસ શરૂ કર્યો. જેનું નામ ઉમા પ્રિન્ટીંગ આપ્યું. હવે ' ધરતી ' ના બધાજ લેખો ચકાસવા વાંચવા પ્રૂફરિડીંગ કરવું, કમ્પોઝ કરવું, ટાઈટલ પસંદ કરવું તથા બાઈન્ડીંગ કરવા સુધીની જવાબદારી વહન કરી. તેઓ વનમેન શો બની રહ્યા. સતત ૩૩ વર્ષ સુધી ' ધરતી ' માસિકમાં કાર્ય કરતાં કરતાં ધરતીને લોકપ્રિય બનાવી દીધું. તેમની અવિરત સતત સેવા કાર્યને નજર સમક્ષ રાખી સમાજે પણ તેમના પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા સમાજશ્રેષ્ઠી ઓની ઉપસ્થિતિમાં સન્માન સમારંભ યોજયો. અને રૂા. ૫૧૦૦૦/- ની થેલી તેમને અર્પણ કરી. સમાજઋણ ઉતારવા ત્પર એવા પ્રભાતકુમારે રૂા. ૧૦૦૧ તે રાશિમાં ઉમેરી " તેરા તુજકો અર્પણ " ના ન્યાયે સમાજે આપેલું દાન સમાજને સદ્કાર્યમાં વાપરવા પરત કર્યું. આ રકમ તેમણે પોપટલાલ ગુલાલદાસ પટેલ સમાજ સેવા મંદિરમાં અર્પણ કરી. આ સંસ્થા ધરતી વિકાસ મંડળની ભગિની સંસ્થા છે. તેમની વધુ કદર કરતાં જૂન ૧૯૮૩ માં ' ધરતી ' નો અંક "પ્રભાતકુમાર દેસાઈ સન્માન અંક" તરીકે પ્રકાશિત કર્યો. આમ પાટીદાર સમાજે પણ પોતાના અદના સેવકને 'આદરાંજલિ' આપી.

પ્રભાતકુમારનું વ્યક્તિત્વ બહુમુખી હતું. તેઓ સારા વકતા પણ હતા. તેમની વાણીમાં સચ્ચાઈનો રણકો હતો. તેથી તો તેમના પ્રવચનોની અસર થતી. અને સમાજ સુધારણના કાર્યમાં ખૂબજ ઉપયોગી સિધ્ધ થયા હતા. અનેક ગામડાઓના પ્રવાસો ખેડી શિક્ષણ માટે પણ લોકોને જાગૃત કર્યા હતા.

પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે તે સમયના વડીલોની સાથે રહી સતત કામ કરતા રહ્યા. પૂજય છગનભા હોય કે પુરુષોત્તમદાસ કાકા, હર્ષદભાઈ તથા હંસાબેન, રામચંદ્ર અમીન, કેશુભાઈ શેઠના કાર્યોને હંમેશાં

સાથ સહકાર આપતા રહ્યા.

પાટીદાર સમાજની બહેનો પગભર બની સન્માન પૂર્વક જીવે તે હેતુથી તેમણે શરૂ કરેલ "મહિલા સ્વાવલંબન કેન્દ્ર" અને 'મહિલા ઉદ્યોગ મંદિર' આજે પણ પ્રવૃત્ત છે. જેમા હર્ષદભાઈ, હંસાબેન અને શારદાબેન હંમેશાં સાથ આપતા રહેતા. સમાજ સુધારણા માટે "ધરતી" માસિકનો જેમ બને તેમ વધું ફેલાવો થાય તે માટે સઘન પ્રયત્નો કર્યા. આજે ૨૦૦૦૦ જેટલા સભ્યો ધરતીમાં નોંધાયેલા છે. ખોટા ખર્ચાઓ બંધ કરવા કે ઓછા કરવા સારુ સમૂહલગ્નોને પ્રાધાન્ય આપ્યું. ફળ સ્વરૂપે આજે દરેક પાટીદાર સમાજ સમૂહ લગ્નોનું આયોજન કરે છે.

આપના વળપણ નીચે શરૂ થયેલ 'ધરતી' આજે પણ લોકપ્રિય છે અને પાટીદાર સમાજના વિકાસ અને પ્રગતિમાં પ્રેરણારૂપ બની રહ્યું છે. આપે પ્રસ્થાપિત કરેલ કેડી પર વર્તમાન સમાજ શ્રેષ્ઠીઓ પણ ઉત્તમ સેવા કાર્ય કરી રહ્યા છે. જેમાં વર્તમાન હોદ્દેદારો શ્રી વાડીભાઈ, શ્રી વિસાભાઈ, શ્રી મુકુંદભાઈ અને શ્રી વસંતભાઈ તથા પ્રતાપભાઈ, પદ્માબેન, હંસાબેન, ડૉ. પ્રભુદાસ, આર. એસ. પટેલ, પ્રિન્સિપાલ સોમાભાઈ, શ્રી મણીભાઈ, શ્રી જોઈતાભાઈ, શ્રી ગૌરાંગભાઈ, શ્રી ભાઈલાલભાઈ, શ્રી અંબાલાલભાઈ અને ડૉ. મફતલાલ સતત કર્મયોગીની જેમ સહકાર આપતા રહ્યા છે.

આવા સમાજના ઉત્તમકોટિના માર્ગદર્શક આજીવન સેવાના ભેખધારી પ્રભાતકુમાર તા. ૨૦-૮-૨૦૦૩ ના રોજ પરમાત્માના ધામમાં પહોંચી ગયા. તેમણે આદરેલા કાર્યો પૂર્ણ કરવા સમાજની નવી પેઢીને પરમાત્મા શક્તિ, સમજણ અને વૃત્તિ અર્પે તેજ પ્રાર્થના....

લેખિની થી સમાજ બદલી શકાય ? ઉત્તર છે, હા. તેનું ઉત્તમ ઉદાહરણ એટલે સ્વ. પ્રભાતભાઈનો સારસ્વત યજ્ઞ.

લોકસેવક સાહિત્યકાર

- પીતામ્બર પટેલ

ગુજરાતના ટોચના સાહિત્યકારોમાં જેમની ગણના થાય છે એવા કેળવણીકાર અને સમાજ સુધારક તરીકે લોકપ્રિય પીતામ્બર પટેલનો જન્મ એક સામાન્ય ખેડૂત પરિવારમાં ૧૦ ઓગસ્ટ ૧૯૧૮ માં ચાણસ્મા તાલુકાના એક નાનકડા ગામ સેલાવીમાં થયો હતો. આમેય સેલાવી ગામ કેળવણીક્ષેત્રે ખૂબ જ આગળ પડતું ગણવામાં આવે છે. જેનું શ્રેય પીતામ્બર પટેલને આપી શકાય. કેળવણી પ્રત્યે લોકોને જાગૃત કરવા તેઓશ્રીએ અથાગ પ્રયત્નો કરેલા.

ગ્રામ્ય જીવનને જીવંત અને ધબકતું કરવા તેમણે સરાહનીય પ્રયત્નો કરેલા. આદર્શ ગામ માટે લોકસેવકની ભૂમિકા ભજવી. ગામના સરપંચ તરીકે ગ્રામ સુધારણ માટે અથાગ પ્રયત્નો કરેલા. એક સાહિત્યકાર હોવા છતાં સમાજ સેવકનું બિરુદ પામ્યા. નાની વાર્તાઓ દ્વારા સમાજ ઉત્થાનનું પ્રેરણાદાયી કાર્ય કરતા. તેમના સાહિત્ય સર્જનમાં નવલિકાઓ અને નવલકથાના માધ્યમથી ગ્રામ્યજીવનનું વાસ્તવિક ચિત્રણ જોવા મળે છે. એમાંય પાટીદાર સમાજ, ખેડૂતોની હાલત, ધૂળ અને ઢેફાં સાથે ઉછળતા બાળ યૌવનને તેમણે વાચા આપવા પ્રયત્ન કર્યો છે.

રવિવારની 'સંદેશ' વર્તમાનપત્રની પૂર્તિ કે તંત્રી લેખ પીતામ્બર પટેલ જેવા ઉત્તમ સાહિત્ય સર્જક આપતા. આ અવિરત શરૂથયેલી પ્રણાલી આજે પણ મૂર્ધન્ય સાહિત્યકારોને લીધે ચાલુ જ છે. ઈશ્વર પેટલીકર, વાસુદેવમહેતા, કે.ડી.દેસાઈ, લીલાબેન પટેલ, રિખવચંદ શાહ, ગુણવંતશાહ, રઘુવીર ચૌધરી અને દેવેન્દ્ર પટેલ આમાં મુખ્ય છે.

શ્રી પીતામ્બર પટેલ સાહિત્ય સર્જક તો હતા જ પરંતુ સમાજ સેવા અને શિક્ષણમાં એટલો જ રસ લેતા. તેઓશ્રી ચાણસ્મા તાલુકાના શિક્ષણ સમિતિના ચેરમેન પદે પણ રહી ચૂકયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ શિક્ષણની ભૂખ જગાવવા સતત પ્રયત્ન કરતા રહેલા. સાથે સાથે ખેડૂતોને પણ પ્રગતિશીલ બનાવવા. આધુનિક પધ્ધતિથી ખેતી કરવા પણ પ્રોત્સાહિત કરતા. પાતાળકૂવા દ્વારા પાણી સિંચાઈ અદ્યતન ખેતીઓજારો, ખાતર, બિયારણ અને દવાઓનો ઉપયોગ કરી ખેતીને કેમ સમૃધ્ધ બનાવી શકાય તે માટે ખેડૂત શિબિરો કરી માર્ગદર્શન આપતા. ખેતીવાડીના તજજ્ઞોને પણ બોલાવતા અને પ્રશ્નોતરી દ્વારા ખેડૂતોને સંતોષ થાય તેવા પ્રયત્નો કરતા.

સ્ત્રી શિક્ષણ માટે પણ તેમનું યોગદાન યાદ કરવું રહ્યું. કન્યા કેળવણી અને ખોટા સામાજીક રિવાજો માટે સઘન પ્રયત્નો કરેલા.

માનનીય પીતામ્બર પટેલ અમદાવામાં રહેતા પરંતુ દર શુક્રવારે વતન સેલાવી જતા. અમદાવાદ-પાટણ લોકલમાં જવાનો કાર્યક્રમ રહેતો. જેમાં લણવા સ્ટેશનથી ઉતરી ૨ કિલોમીટર ચાલી પોતાના ગામ સેલાવી જતા. આ ક્રમ જીવનભર જાળવ્યો. આ છે તેમનો વતનપ્રેમ અને લોકસેવકની ભૂમિકાનો શ્રેષ્ઠ પુરાવો.

આ વર્ષ છે આવા ઉત્તમ સાહિત્યસર્જકનું જન્મશતાબ્દી વર્ષ. એક પાટીદાર સમાજનું ઉત્તમ રત્ન જેને યાદ કરી કૃતાર્થ થઈએ. એક અદના સાહિત્યસર્જક, સમાજસુધારક, લોકસેવક કેળવણીકાર તરીકેની તેમની બહુવિધ ભૂમિકાની સ્મૃતિઓ તાજી કરીએ.

ઈશ્વર પેટલીકર અને પીતામ્બર પટેલ એચ.કે.આટર્સ કોલેજના એક નાનકડા ખંડમાં ગુજરાતીસાહિત્ય પરિષદની ચર્ચાઓ કરતા અને ત્યાંથી એ.એમ.સી.ની બસમાં સાથે મુસાફરી કરતા ઘણાએ જોયા હશે. કપડાં અને રહેણી કરણીમાં તેમની સાદાઈનાં દર્શન થતાં 'ખેતરને ખોળે' અને ' ધરતીનાં અમી 'ના વિષય વસ્તુથી ફિલ્મનું પણ સર્જન થયેલું છે. તેમના ચાર વાર્તા સંગ્રહો પણ છે. તેમના સાહિત્યસર્જનમાં ગ્રામીણજીવન અને સમાજ સુધારણાને પ્રાધાન્ય આપેલું છે. ગાંધીજીના ગ્રામોધ્ધાર અને સર્વોદયના વિચારોનો પ્રભાવ તેમની કૃતિઓમાં જોવા મળે છે. તેઓ એક સારા પત્રકાર પણ હતા. ' સંદેશ 'માં એ સમયના ગ્રામીણ સમાચારો 'પ્રજાજીવનના પ્રવાહો' માં દષ્ટિગોચર થાય છે. તેઓ લોકસેવક હતા. સામાજીક કુરિવાજો અને અંધશ્રધ્ધા સામે પણ અવાજ ઉઠાવતા. તેઓ જે જોતા અને અનુભવતા તે જ લખતા. ' ચિરંતન જયોત ' ભાગ ૧-૨, રસિયોજીવ, પરિવર્તન, ઉગ્યુ પ્રભાત, તેજરેખા, આશાભરી, અંતરનાં અજવાળાં, કેવડિયાનો કાંટો એ તેમના મહત્તમ સર્જનો છે. આ સિવાય પણ તેમના વાર્તાસંગ્રહો જોઈએ તો વગડાનાં ફૂલ, મિલાપ, શ્રધ્ધાદીપ, કલ્પના, છૂટાછેડા, સતનોદીવો, સમણાંની રાખ, સરોવરની પાળ, નીલ ગગનનાં પંખી અને ઝૂલતા મિનારા વિશેષ લોકપ્રિય રહ્યાં છે.

પીતામ્બર પટેલ જેવું જોતા તેવું લખતા, અને એવું જ જીવતા. તેઓ આખા બોલા અને સ્પષ્ટ વકતા હતા. પોતાની પૂરી કદર ન થયાનો એમને અફસોસ હતો. ઉમાશંકર જોષી અને રઘુવીર ચૌધરીના પ્રયત્નોથી તેમના ગામ સેલાવીની પ્રાથમિક શાળામાં ઈ.સ. ૧૯૮૨ તેમની પ્રતિમા મૂકવામાં આવેલી. પીતામ્બર પટેલ પાટીદાર

સમાજનું આભૂષણ હતા. રણ વચ્ચે વીરડી સમાન હતા. એમના સાહિત્ય અને સાદગીને યાદ કરી જીવનમાં આચરણમાં મૂકીએ એ જ એમને સાચી શ્રધ્ધાજલિ.

પીતામ્બર પટેલ ફકત લેખક, પત્રકાર કે કેળવણીકાર જ ન હતા. પરંતુ એક લોકસેવક અને સમાજસેવક તથા વતન પ્રેમી હતા. ગામના લોકો સુમેળભર્યા વાતાવરણમાં રહે અને જીવે તેવું ઈચ્છતા. ગામમાં સુંદર પ્રાથમિકશાળા, વાંચનાલય, હોસ્પિટલ, વૃધ્ધાશ્રમ પાણીનો ટયૂબવેલ જેવી જરૂરી સુવિધાઓ ઉભી કરવા ખૂબ જ જહેમત ઉઠાવેલી. આથી તો અનેક સાહિત્યકારો અને સમાજસેવકોની ઉપસ્થિતિમાં તેમની પ્રતિમા મૂકવામાં આવી તે એમની ગ્રામસેવાની સુવાસ રૂપે સાક્ષી પુરે છે. એ જમાનામાં તેમણે પ્રેમલગ્ન કરેલાં. લગ્નનું ખર્ચ ફકત દોઢ રૂપિયો થયેલું. બાકીની બચેલી રકમ પાકિસ્તાન સાથેના યુધ્ધના ફંડમાં આપેલા. ગામના ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણ માટેની સુવિધાઓ પુરી પાડતા. અને ખર્ચ પણ વહન કરતા. ' પંચાયતી રાજ ' માસિકમાં પણ તેઓનું મહત્વપૂર્ણ યોગદાન હતું.

પાટીદાર અને ઠાકોર સમાજના અનેક કુરિવાજો સામે સમાજ સુધારણાનું કાર્ય કરેલું. એક ખેડૂતપુત્રે આજીવન શબ્દની ખેતી કરી. તેમના સર્જનમાં મહેસાણાની લોકબોલીની મહેક આવે છે. ધરતીનું અમી અને રેતનું રતન ગ્રામ્યજીવનનો ચિતાર આપે છે.

આવા પાટીદાર સમાજના ઉત્તમ સાહિત્યકાર, કર્મશીલ ફકત ૫૯ વર્ષની નાની વયે ૧૯૭૭ માં આપણી વચ્ચેથી અગોચર સૃષ્ટિમાં શબ્દ વિહાર માટે વિચરણ કરી ગયા. તેમની સાદાઈ અને પ્રામાણિક જીવન માટે આપણા હૃદયમાં હંમેશાં જીવંત રહેશે.

માનવતાવાદી વિરલ વ્યક્તિત્વ

- જયકૃષ્ણ હરિવલ્લભ

સંસારની અને સમાજની ગતિશીલતામાં કેટલીક વ્યક્તિઓનું મહત્વનું યોગદાન હોય છે. જેને આપણે લાંબા કાળ સુધી ભૂલી શકતા નથી. આવી કેટલીક વ્યક્તિઓએ ગતિવંત રહી સંસારને સમાજને વધુને વધુ સોહામણો બનાવ્યો છે. વ્યક્તિગત જીવનમાં કે પછી સામાજિક જીવનમાં ઘટનાઓનું મહત્વ તો રહેવાનું જ. ઘટના વિના ગતિ કે પ્રગતિ અસંભવ છે. ઘટનાહીન જીવન એટલે સ્થગિતતા. તળાવનું પાણી ગંધાય નદીનું નહિ વ્યક્તિ કે સમાજને આવી સ્થગિતતા કયારેય ન પાલવે. સંસાર અને સમાજને સતત ગતિશીલ રાખવાનું જેમણે ઉમદા કાર્ય કર્યું છે. એવા વિરલ વિભૂતિ સમા શ્રી જયકૃષ્ણ હરિવલ્લભ પાટીદાર સમાજના કલગીરૂપ છે.

પુષ્પની ઓળખ એની સુવાસ છે. માનવીની ઓળખ એનું વ્યક્તિત્વ અને માનવતા છે. જયકૃષ્ણભાઈનું સ્મરણ થાય ત્યારે એમની અનેક ક્ષેત્રોમાં સફળતાપૂર્વક ગતિ કરનારી પ્રતિભાનું સ્મરણ થાય. એમની પાસે વહીવટી સૂઝ સાથે મૌલિક વિચારધારા હતી. ઈશ્વરપણ સારાં કાર્યો કરાવવા માટે અમુક ચોક્કસ વ્યક્તિઓની પસંદગી કરે છે. શ્રી જયકૃષ્ણભાઈ આવી એક પસંદગી પામેલ વ્યક્તિ છે.

ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રી જયકૃષ્ણભાઈ ગુજરાતના ઔદ્યોગિક અને જાહેરજીવનના ક્ષેત્રે મળેલ મહાનવિભૂતિ છે. ગુજરાતને ખમીરવંતુ બનાવનાર અને દેશમાં અગ્રગણ્ય રાજયનો દરજ્જો અપાવવામાં આવા મહાનુભાવોનું પ્રદાન હંમેશાં યાદ રહેશે. પોતાના જીવનને મહેંકતુ બનાવી લોકકાર્યમાં પ્રવૃત કરી, માનવતાવાદી અને પરમાર્થી બનાવીને ગુજરાતને ગૌરવવંતુ બનાવ્યું છે. એમ કહીએ તો ખોટું નથી.

ગુજરાતના આગલી હરોળના ઉદ્યોગપતિ તરીકે, જાહેર સંસ્થાઓના પારદર્શક વહીવટકર્તા તરીકે. સામાજીક સંસ્થાઓમાં તન-મન-ધનથી સેવારત રહીને જીવનના વિવિધ ક્ષેત્રોમાં પોતાની કાબેલિયતતા અને ધ્યેય નિષ્ઠાનો પરિચય આપ્યો છે. તેમની વહીવટી કુશળતા અને મૌલિક વિચારધારાથી સહુ પ્રભાવિત થતા. પિતાશ્રી હરિવલ્લભદાસનો સ્વર્ગવાસ થતાં જ ૧૮ વર્ષની યુવા વયે વેપાર ઉદ્યોગમાં આવવું પડયું. ટેક્ષટાઈલ મિલ્સનો કાર્યભાર સંભાળી તેમની આગવી સૂઝ અને કાર્યપધ્ધતિથી

ખૂબ જ ટૂંકાગાળામાં એક અગ્રણી ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી. નાના ભાઈઓને પણ ક્રમશઃ તૈયાર કરી ધંધામાં પ્રવૃત્ત કર્યા અને "અંબિકા ગ્રુપ" ની મિલોનો કાર્યભાર સોંપ્યો. જયકૃષ્ણભાઈ ફક્ત ઉદ્યોગક્ષેત્રમાં પ્રવૃત્ત ન રહેતાં ગુજરાતના જાહેર જીવનમાં યોગદાન આપવા સક્રિય રહ્યા. મહાજન થઈ જાહેર જીવનમાં મહત્વનું પ્રદાન કરનાર શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ તેમજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ જેવાઓની ગૌરવવંતી પરંપરાના શ્રી જયકૃષ્ણભાઈ પથગામી બન્યા. ગાંધીજીના આદેશ અનુસાર કંડારાયેલ આ મહાજન પરંપરાને તેમણે વધુ સુદ્દઢ બનાવી. ટેક્ષટાઈલ ક્ષેત્રે શોધ-સંશોધન કરતી સંસ્થા " અટિરા " ની વહીવટી સભાના તેઓ આઠ વર્ષ પ્રમુખ તરીકે રહ્યા. તથા તેની ગવર્નિંગ કાઉન્સિલમાં ૨૮ વર્ષ સેવાઓ આપી. એટલું જ નહીં, અમદાવાદ મિલ માલિક મંડળના પ્રમુખ તરીકે તેમનું યોગદાન મહત્વનું પુરવાર થયું. ગુજરાત વેપારી મંહમંડળના નવા મકાન માટે તેમણે આપેલ માતબર દાનમાંથી બનેલ " ધ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી " નું અદ્યતન સંકુલ ગુજરાતના ધંધા ઉદ્યોગ ક્ષેત્રને તેમણે આપેલી મહામૂલી ભેટ છે.

ઈ.સ. ૧૯૬૧ અને ઈ.સ. ૧૯૬૩ માં અનુક્રમે તેઓ ગવર્નમેન્ટ ઓફ આરબ રિપબ્લિકના આમંત્રણથી રૂની ગુણવત્તા અને ઉત્પાદનની વૃધ્ધિ માટે ઈજિપ્તની મુલાકાતે ગયા. તેવી જ રીતે અમેરિકન સરકારના આમંત્રણથી તેઓએ યુ.એસ.એ.નો સફળ ઔદ્યોગિક અભ્યાસ પ્રવાસ પણ કર્યો.

ગુજરાત રાજ્યે સાધેલ સર્વાંગીણ વિકાસમાં શ્રીજયકૃષ્ણભાઈના પ્રદાનની નોંધ લેવી જ પડે. ગુજરાતના જાહેર સાહસ તરીકે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની (જી.એસ.એફ.સી) બાઝવા (વડોદરા)ની સ્થાપના કરવામાં આવી. ગુજરાત કૃષિ ક્ષેત્રને સમૃધ્ધ બનાવવામાં જી.એસ.એફ.સી. સ્થાપના મહત્વપૂર્ણ બની રહી. સ્થાપનાકાળથી માંડી સતત ૨૩ વર્ષ આ સંસ્થાના વિકાસમાં તેના ચેરમેન તરીકે સતત કાર્યશીલ રહ્યા. આ સંસ્થાને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શ્રી જયકૃષ્ણભાઈએ નામના અપાવી. એજ રીતે ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર્સ કંપનીના ચેરમેન તરીકે પણ મહત્વ પૂર્ણ યોગદાન આપ્યું.

ઈ.સ. ૧૯૫૨ માં મુંબઈ ધારાસભાની ચૂંટણી આવી. ગુજરાતના ઉદ્યોગક્ષેત્રે સક્રિય મહાનુભાવોને લાગ્યું કે ઉદ્યોગક્ષેત્રનો કોઈ બાહોશ પ્રતિનિધિ ધારાસભામાં હોય તો આપણા પ્રશ્નોને યોગ્ય વાચા મળે અને તે માટે તેઓએ શ્રી જયકૃષ્ણભાઈ નું

નામ સૂચવ્યું. આમ માત્ર ૩૧ વર્ષની યુવાન વયે શ્રી જયકૃષ્ણભાઈ મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. જાહેર જીવનમાં તેમની લોકપ્રિયતા અને ધારાસભ્ય તરીકે તેમની કાર્યકુશળતાએ જ કદાચ તેઓને અમદાવાદના નગરપતિ (મેયર) બનાવ્યા. તેમના મેયર તરીકેના કાર્યકાળ દરમિયાન મહાનગરને સ્વચ્છતા અને સુવિધાપૂર્ણ બનાવ્યું.

ગુજરાતની સામાજીક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરનાર શ્રી જયકૃષ્ણભાઈએ યુરોપ ખંડના અને અમેરિકા જેવા વિકસિત દેશોનો અભ્યાસ-પ્રવાસ કરી અમદાવાદ તથા ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે આધુનિકરણ લાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી. તેમની જાપાન મુલાકાત સમયે ત્યાંના રાજાએ " ધી એલોર્ડ ઓફ ધ રાઈઝિંગ સન " આપી સન્માનિત કર્યા હતા.

શ્રી જયકૃષ્ણભાઈ જે જે સંસ્થાઓ સાથે જોડાયા તે સર્વે સંસ્થાઓ વિકાસ પામતી રહી. જેમાં ગુજરાત કેન્સર સોસાયટી, અમદાવાદ મિલ-માલિક મંડળ, ગુજરાત ક્રિકેટ એસોસિયેશન, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી., સોમનાથ મંદિર ટ્રસ્ટ, સ્પોર્ટસ ક્લબ મુખ્ય હતા. તેમના સામાજિક ક્ષેત્રે આપેલ યોગદાન બદલ " ઓલ ઈન્ડિયા સરદાર પટેલ ફાઉન્ડેશન " તરફથી " સમાજરત્ન " નો એવોર્ડ આપવામાં આવેલો. તેમના ઔદ્યોગિક ક્ષેત્રના યોગદાન બદલ " રાજીવગાંધી ગોલ્ડ મેડલ " થી સન્માન કરવામાં આવેલું. તેમના પાટીદાર સમાજથી લઈને નગર, રાજય અને રાષ્ટ્રિય કક્ષાની તેમની વિશિષ્ટ સેવાઓ ખરેખર સરાહનીય રહી હતી.

ઈ.સ. ૧૯૯૫ થી સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે શ્રી જયકૃષ્ણભાઈના કુશળ નેતૃત્વ હેઠળ મંદિર તૈયાર થતાં સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પો સાકારિત થયા. ઈ.સ. ૨૦૦૨ માં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ જયોતિર્લિંગ પ્રાણ પ્રતિષ્ઠાની સૂવર્ણજયંતિ ઉજવવામાં આવી. આરોગ્યક્ષેત્રે તેમની સેવાઓ પ્રેરણાદાયી પુરવાર થઈ. ગુજરાત કેન્સર સોસાયટી સંસ્થાના ૪૦ વર્ષ ચેરમેન રહ્યા. ગુજરાતના શિક્ષણક્ષેત્રે તેમની સેવાઓ સરાહનીય છે. અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા અને યશસ્વી કાર્ય કરતા રહ્યા. તેમના પિતાશ્રીના નામે તેમની યાદમાં એચ.કે.કોલેજ ઓફ કોમર્સ એન્ડ આટર્સના સંચાલનમાં ખૂબ જ સક્રિય રહ્યા. ઈન્ડીયન ઈન્સ્ટિટીટયૂટ ઓફ મેનેજમેન્ટ જેવી વિશ્વવિખ્યાત સંસ્થાઓમાં વર્ષો સુધી માનવ સેવાઓ આપતા રહ્યા.

અનાથ બાળકોની તાલીમ, શિક્ષણ માટે તેઓ શ્રીમહીપતરામ રૂપરામ

આશ્રમમાં ૪૭ વર્ષ સુધી સેવાઓ આપી તેમના અવસાન બાદ તેમનાં ધર્મપત્ની પદ્માબેન આ સંસ્થામાં સક્રિય યોગદાન આપતાં રહ્યાં. શ્રી જયકૃષ્ણભાઈના વ્યક્તિત્વ પાછળ પદ્માબેનનું સમર્પિત યોગદાન અમૂલ્ય છે.

સુપાત્રને દાન આપી તેને પ્રોત્સાહન પૂરું પાડવાથી તેમની આગવી શૈલી રહી હતી. લાગણી અને સદ્દભાવનાથી પ્રેરાઈને આમંત્રણ મળે તો તેઓ નાનામાં નાના માણસના પ્રસંગમાં ઉપસ્થિત રહેતા. પછી ભલે તે સામાન્ય મિલ મજૂર કેમ ન હોય?

આવા બહુમુખી પ્રતિભા ધરાવતા સ્વસ્થ અને સંવેદનશીલ પાટીદાર અગ્રણીએ ગુજરાત આખાને ઘણા ક્ષેત્રોમાં કામ કર્યું, તે દરેક ક્ષેત્રે તેમની સ્મૃતિ ચિરંજીવી બની રહેશે તે નિઃશંક છે. સંવેદનશીલતાની અનુભૂતિ કરવી હોય તો મા.શ્રી જયકૃષ્ણ હરિવલ્લભે સ્થાપેલી સંસ્થાઓની યાત્રા એક વાર કરો.

સામાજિક પ્રવૃત્તિઓના પ્રેરણા સ્ત્રોત

પાટીદાર રત્ન સ્વ. શેઠશ્રી કેશવલાલ વી. પટેલ

સ્વ. કેશુભાઈ શેઠ એટલે વિરાટ પ્રતિભા અને જાજરમાન વ્યક્તિત્વ. લોક કલ્યાણ માટે જીવન ધર્મ આચરણમાં મૂકી ગુજરાતના તમામ પાટીદારોજ નહિ પરંતુ સર્વજનોના હૃદય સુધી તેઓ પહોંચ્યા છે. કેટલાક માનવી આ પૃથ્વી પર એવા અવતરે છે, જેમાં સમય-સંજોગ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, તેઓ પોતાનો માર્ગ કંડારી લેતા હોય છે. કેશુભાઈ શેઠ તેમાંના એક છે. રવિશંકર મહારાજની ભાષામાં કહીએ તો " ઘસાઈને ઉજળા થવા નો " મંત્ર પોતાનો જીવનમંત્ર બનાવ્યો. ત્રણ ત્રણ દાયકા સુધી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના રાહબર બની પાટીદાર સમાજને સુજલામ સુફલામની દિશામાં આગળ વધાર્યો. એક ફિરસ્તાની જેમ આવ્યા અને ધર્મ બજાવી ગયા.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ બનતાં એ માત્ર ધાર્મિક સ્થાન ન રહેતાં સામાજિક ઉત્થાન માટેનું પ્રવૃતિ કેન્દ્ર બની ગયું. ઉમિયા માતાજી સંસ્થાનના માધ્યમથી એક નવીજ ચેતના પ્રગટાવી પાટીદાર સમાજમાં એકતા અને નવજાગૃતિ લાવવા તેઓશ્રીએ અથાગ પરીશ્રમ કર્યો. ગૃહિણી તાલીમ શિબીરો, કન્યા છાત્રાલયો, ગરીબ નિઃસહાય પરિવારોને આર્થિક મદદ, દિવ્યાંગો માટે ટ્રાઈસિકલ, ઉચ્ચશિક્ષણ માટે કલ્યાણનિધિ સહાય તથા સમુહલગ્નોનું ક્રાન્તિકારી કાર્ય તેમના કાર્યકાળ દમિયાન થયું. તેમની ટીમના સાથી મિત્રો મણિભાઈ મમ્મી, વિક્રમભાઈ, પ્રહલાદભાઈ જેવા સતત સાથ આપતા રહ્યા. પરિણામે ઉત્તમ કાર્ય સિધ્ધ કર્યું.

ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, અને ઉત્તરપ્રદેશના કૂર્મિ ક્ષત્રિયોના હૃદયમાં જેઓનું અનેરૂ સ્થાન છે એવા વંદનીય કેશુભાઈ શેઠને ઓળખતું ન હોય તેવું એકપણ ગામ નથી. આવા મહાન પાટીદાર રત્નને ઓળખવા, સમજવા અને જાણવા અત્યંત આવશ્યક છે.

શ્રી કેશવલાલનું મૂળવતન મુ. કાંસા તા. વિસનગર છે. પરંતુ વર્ષોથી વેપાર અર્થે સિધ્ધપુર રહેવાને કારણે તેઓનું વતન સિધ્ધપુર બની ગયું. તેઓ એક વેપારી હતા. ખાસ કરીને ઈસબગૂલ તેમનો મુખ્ય વ્યવસાય. નિષ્ઠા અને પ્રામાણિકતાની ધંધાનો વિકાસ કેવી રીતે થઈ શકે, અને સફળતા મળે તેનું ઉત્તમ ઉદાહરણ છે : શેઠશ્રી કેશુભાઈ.

શેઠશ્રી કેશુભાઈ ગુજરાતની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. ટ્રસ્ટી, કારોબારી સભ્ય અને પ્રમુખ સ્થાને સક્રિય હતા. શું કરું તો મારો પાટીદાર સમાજ સમૃધ્ધ બને તેની ચિંતા હર હંમેશાં કરતા. શેઠશ્રી કેશુભાઈશ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના પ્રમુખ બન્યા ત્યારે તેઓએ વિચાર્યું કે શ્રી ઉમિયા માતાજી આપણી કુળદેવી છે. તો માતાજીના માધ્યમ દ્વારા આપણે સમાજને જાગૃત કરવાનું શ્રેષ્ઠ કાર્ય કરી શકીશું. ગુજરાતનો પાટીદાર સમાજ અનેક કુરિવાજો અને કુરૂઢિઓમાં સપડાયેલો છે. લગ્ન અને મરણ પાછળ ઘણા ખર્ચાઓ કરી પાયમાલ થાય છે. દેવાના ડુંગર તળે પિસાયા કરે છે. કન્યા કેળવણીનો ખૂબજ અભાવ છે. આવા સમાજને જાગૃત કરવા અને નવા પ્રાણ ફૂંકવાનું કાર્ય શ્રી કેશુભાઈએ હાથમાં લીધું અને માતાજીના માધ્યમ દ્વારા સુમેરે પુરું પાડયું.

૧૮ મી શતાબ્દી મહોત્સવે પાટીદાર સમાજમાં નવી ચેતના જગાવી. પાટીદાર સમાજમાં એકતા, નીડરતા અને સાહસિકતાના ગુણો માના આશીર્વાદથી મળ્યાં. આના પરિણામે છેલ્લા ચાલીસ વર્ષમાં પાટીદાર સમાજે જે રોકેટ ગતિએ પ્રગતિ અને વિકાસ કર્યો છે એવો વિકાસ ટૂંકાગાળામાં દુનિયાની કોઈ જ્ઞાતિએ નથી કર્યો. વેપાર ઉદ્યોગ, શિક્ષણક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, રાજકીયક્ષેત્રે પાટીદાર સમાજની વિરાટ આભા ઉભી થઈ છે. અરે દેશ-વિદેશમાં પણ પાટીદાર સમાજ ફૂલ્યો ફાલ્યો છે. જેની સર્વે લોકો નોંધ લે છે. ૧૮ મી શતાબ્દી મહોત્સવનાં ન ધારી શકાય કે ન કલ્પી શકાય તેવાં પરિણામો પ્રાપ્ત થયાં. લાખોની સંખ્યામાં સમગ્ર ભારત અને દેશ-વિદેશથી પાટીદારો ઉમટી પડયા અને માતાજીના ભક્તિભાવમાં હિલોળે ચડયા.

આદરણીય કેશુભાઈનો જન્મ તા. ૨૮-૧૧-૧૯૨૪ દિવાળીના દિવસે માતા નાથીબા અને પિતા વિઠ્ઠલદાસ રણછોડદાસના પરિવારમાં થયો હતો. વતન કાંસા. તા. વિસનગર. પ્રાથમિક શિક્ષણ કાંસા પ્રાથમિક શાળામાં અને માધ્યમિક શિક્ષણ જી.ડી. હાઈસ્કૂલ, વિસનગરમાં મેળવ્યું. શરૂઆતમાં વાલમ પ્રાથમિક શાળામાં નોકરી કરી. પછી છાપીમાં તેમના સસરાજી શ્રી મણિલાલ ગણેશદાસની ઈસબગુલ બનાવવાની ઘંટીઓમાં જોડાયા. તેમનાં ધર્મપત્ની કાન્તાબેન મું. બ્રાહ્મણવાડા પરિવારમાં ચાર ભાઈ વાડીભાઈ, કેશુભાઈ, ગિરધરભાઈ, અને કાન્તિભાઈ ચાર બહેનો પણ ખરી. ભરતભાઈ અને કૌશિકભાઈ તેમના દીકરા પરિવારમાં ત્રણ દીકરી પણ ખરી. ૧૯૭૦ માં લાયન્સ કલબ સિધ્ધપુરમાં પ્રમુખ બન્યા. સિધ્ધપુરમાં સંસ્કૃત પાઠશાળા શરૂ કરી. નાગરિક બેંક સિધ્ધપુર અને શ્રીરામ જનસેવા ટ્રસ્ટમાં પણ જોડાયાં. ત્યાર પછી તો ઉત્તર ગુજરાતની વિવિધ સંસ્થાઓમાં દાતા તરીકે ટ્રસ્ટી તરીકે અને પ્રમુખના હોદ્દાઓમાં

રહ્યા. ૧૯૭૫ ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ બન્યા. સાથે સાથે ઉત્તર ગુજરાતમાં કડી સર્વવિદ્યાલયમાં પ્રમુખ બન્યા. ધરતી વિકાસ મંડળ-અમદાવાદના ટ્રસ્ટી બન્યા. કન્યા કેળવણી મંડળ ઊંઝા, લાયન્સ હોસ્પિટલ, મહેસાણા નાથીબા છાત્રાલય, પાટણ. ર.જો.પટેલ નૂતન સર્વ વિદ્યાલય, કાંસા નાથીબા બાલમંદિર કાંસા, નાથીબા હેલ્થ સેન્ટર કાંસા, ના.વિ.પટેલ કન્યા વિદ્યાલય વિસનગર જેવી અનેક સંસ્થાઓમાં દાન આપી કેળવણી અને આરોગ્ય ક્ષેત્રે મોટું યોગદાન આપ્યું.

૧૯૯૬ માં ઉમિયા માતાજી સંસ્થાનનો ૧૮ મી શતાબ્દી મહોત્સવ તેમના નેતૃત્વમાં યોજવામાં આવ્યો. જેને અભૂતપૂર્વ સફળતા મળી. ત્યાર પછી તો તેમણે પાછુ વળીને જોયું નથી. સંપૂર્ણ ભેખધારી બની પાટીદાર સમાજની સેવા માટે જીવન સમર્પિત કરી દીધું. ૨૦ લાખ લોકોએ મહોત્સવમાં ભાગ લીધો. છતાં કોઈ પણ અઘટિત બનાવ ન બન્યો. તે માતાજીની અસીમ કૃપા જ ગણી શકાય.

૧૮ મી શતાબ્દીને ૩૦ વર્ષ પૂરાં થતાં શ્રી કેશુભાઈ શેઠે પ્રસ્તાવ મૂકયો. મા ઉમિયાનો એક રથ બનાવવામાં આવે અને માતાજી પાટીદાર સમાજના ગામોમાં ફેરવવામાં આવે. અર્થાત્ માતાજી સામેથી પાટીદારોના ગામોમાં જાય. અને શિક્ષણ, વ્યસન, કન્યા કેળવણી, સમૂહલગ્નો જેવા વિષયોના માધ્યમથી પાટીદાર સમાજમાં નવજાગૃત્તિ, અને ચેતના લાવવા નિર્ણય કર્યો. જેના પરિણામે ગુજરાતના ૩૫૦૦ ગામ, મધ્યપ્રદેશના ૭૪૯ ગામ તથા રાજસ્થાનના ૯૧ ગામોમાં રથનું ભ્રમણ કરવામાં આવ્યું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં રથનું ભ્રમણ કરતાં જે કરોડો રૂપિયા એકઠા થયા તેની વ્યવસ્થા રૂપે ત્યાં તે રાજયમાં જ અનુકૂળ જગ્યાએ શૈક્ષણિક સંકૂલો બનાવવા નિર્ણય કર્યો. પરિણામે આજે મધ્યપ્રદેશના ઈંદોર અને રાજસ્થાનના સાગવડામાં મોટાં શૈક્ષણિક સંકૂલો અસ્તિત્વમાં આવ્યાં. મા ઉમિયાના જયોતિરથથી પાટીદારોમાં એકતા ભક્તિભાવ અને ભાઈચારો વધ્યો. ત્યારબાદ ૧૮ મી શતાબ્દીનો ત્રિદશાબ્દી મહોત્સવ ઉજવવાનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો. ઈ.સ. ૨૦૦૯ માં આ મહોત્સવમાં લગભગ ૬૦ લાખ લોકોએ હાજરી આપી પાટીદાર સિવાયના અન્ય જ્ઞાતિ જનોએ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ મહોત્સવના માધ્યમથી ૩૪ કરોડની રકમ એકમિત્ર થઈ આટલો મોટો કાર્યક્રમ યોજવા બદલ ઊંઝાના આયોજકો, સ્વયંસેવકોની પ્રશંસા વિશ્વભરમાં થઈ. આધુનિક સમાચાર માધ્યમોએ પણ યોગ્ય પ્રચાર-પ્રસાર કર્યો.

આપણા ઋષિમુનિઓ, તત્વજ્ઞાનીઓએ સ્પષ્ટ કહયું છે કે ત્યાગ એ જ વ્યક્તિ કરી શકે છે કે જેનો આંતરિક પાયો આધ્યાત્મિક હોય. જે અંદરથી પવિત્ર હોય, નિઃસ્વાર્થ અને સેવા જેની રગે રગમાં હોય તેવી વ્યક્તિ જ ત્યાગી બને છે. મનસા

વાણી અને કર્મમાં સચ્ચાઈ હોય, મોટાઈ અને અહંકાર લેશમાત્ર ન હોય આવા વ્યક્તિ જ સાચા ત્યાગી છે. શ્રી કેશુભાઈ શેઠ તેમાંના એક વિરલ વિભૂતિ હતા. સમાજ માટે સતત ફરવું, મિટીંગો કરવી, લોકોને મળવું, સમજાવવું અને નવી નવી સંસ્થાઓ ઉભી કરવી આ તેમનો જીવન મંત્ર બન્યો. એક સંતની જેમ હંમેશાં લોકોપયોગી કામો જ કર્યા છે. શેઠશ્રી કેશુભાઈએ પણ પોતાના પરિવારને કેન્દ્રમાં રાખ્યા વિના માત્ર સમાજને કેન્દ્રમાં રાખીને ઘણું વિચાર્યું, ને કરી બતાવ્યું છે. તેમનામાં ઉદારતા, પ્રેમ અને સહૃદયી ભાવ વિશેષ જોવા મળતો. આ હું કરું છું અને મારા દ્વારા થાય છે, આવું ક્યારેય તેઓ વિચારતા ન હતા. રાજસ્થાન અને મધ્યમપ્રદેશના પાટીદારોને ગુજરાત સાથે જોડાવાનું કાર્ય કેશુભાઈએ કરી બતાવ્યું. મધ્યપ્રદેશમાં ઘણા ઉમિયા માતાજીના મંદિરો બંધાવ્યાં અને શૈક્ષણિક સંકૂલો પણ બંધાવ્યાં. મધ્યપ્રદેશના કેટલાક ગામોમાં માનનીય કેશુભાઈ શેઠની પુરા કદની પ્રતિભાઓ મૂકવામાં આવી છે. ઘણા લોકો તેમને ભગવાનની જેમ પૂજે છે. આજે ઘણા લોકો વર્ષમાં એકવાર માતાજીના દર્શન કરવા ઊંઝા પધારે છે. ઈ.સ. ૧૯૭૬ થી ઈ.સ. ૨૦૧૧ જીવ્યા ત્યાં સુધી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ તરીકે રહ્યા.

શેઠશ્રી કેશુભાઈનું અનેક સમાજો અને સંસ્થાઓએ બહુમાન કર્યું છે. જેમાં ચોરાશી કડવા પાટીદાર સમાજ, ઉમિયા પરિવાર ટ્રસ્ટ સુરત, સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ, નવાગામ દેવાસ-મધ્યપ્રદેશ, ઉમિયા માતાજી વાંઢાઈ-કચ્છ, બદોલી, ઊંઝા જેવી અનેક સંસ્થાઓ ગણી શકાય.

હવે આપણા બધાની પવિત્ર ફરજ થઈ પડે છે કે શેઠશ્રી કેશુભાઈના માર્ગે ચાલી તેમનાં કાર્યોને આગળ ધપાવીએ તેમનાં સ્વપ્નોને સિધ્ધ કરીએ. શ્રી કેશુભાઈની ખ્વાહીશ હતી કે ઉત્તરપ્રદેશ અને બિહારના કુર્મિ ક્ષત્રિયો સાથે સંબંધો કેળવી તેમના વિકાસ માટે કાર્ય કરવું. સમસ્ત પાટીદાર સમાજ સુરત સાથે એક સૂત્રતા મેળવી ઉચ્ચશિક્ષણ માટે વગર વ્યાજની લોન વિદ્યાર્થીઓને આપવી. લેઉવા-કડવાના ભેદભૂલી બધાજ એક તાંતણે જોડાય તેવા સઘન પ્રયત્નો કરવા. શેરથા પાસે જમીન સંપાદન કરી શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરવી. રાજકોટ પાસે ૨૦૦ વીઘા જમીન મેળવી અદ્યતન શૈક્ષણિક સંકૂલ મુ. ઓધવજીબાપા અને મુ. પોપટભાઈ ફિલ્ડમાર્શલના સહયોગથી ઉભું કરવું. સાબરકાંઠામાં મુ. ખેમાભાઈના સહકારથી શિક્ષણ સંકૂલ બનાવવું. અમેરિકા જઈ પુષ્કળ નાણાં મેળવીને વિધવા-ત્યકતા બહેનોને દત્તક લેવાની યોજના બનાવવી. શોભાસણા-ટેચાવા પાસે જમીન સંપાદન કરી ત્રિભુવન વિદ્યાનગર બનાવવું આવી તો અનેક યોજનાઓ તેમના મનમાં કંડારાયેલ હતી. પરંતુ તેઓશ્રી

અચાનક ટૂંકી માંગદીમાં આપણને છોડીને પરમાત્માના ધામમાં પહોંચી ગયા.

વિશ્વના સમસ્ત પાટીદાર અસ્મિતાના શિરોમણી, જ્યોતિર્ધર, અનેક સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓના આર્ષદ્રષ્ટા, રાહબર અને ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના પરમહિતૈષી આદરણીય પ્રમુખ શેઠશ્રી કેશુભાઈ તા. ૧૧-૪-૨૦૧૧ ના રોજ બ્રહ્મલીન થયા.

પાટીદાર સમાજની આન-બાન-શાન હતા. પાટીદારોનું ગૌરવ હતા. હૃદયથી ઋજુ, મક્કમ મનોબળ, સૌમ્ય પ્રકૃતિ, સફેદવસ્ત્રોમાં સંત સમાન, નિંદા કુથલીથી દૂર, નિરાભિમાની, ગુસ્સો કે ઉશ્કેરાટ વિનાના આવા મહામાનવ લાખોમાં એક જ હોઈ શકે. કાર્યકરોને પ્રોત્સાહિત કરતા, સૌના પ્રિતીપાત્ર મહાન વિભૂતિરૂપ આપણી વચ્ચે નથી, હવે છે ફકત તેમની યાદો, જેને સ્મૃતિપટ પર જોતાં જોતાં અને માણતાં માણતાં નતમસ્તકે પ્રણામ કરી લઈએ. બધાને ભેગા કરવા એ શુભ શરૂઆત બધાને સાથે રાખી કામ કરવું એ પ્રગતિ.

સાહસ અને સેવાના પ્રેરણાસ્ત્રોત

- **શ્રી ઓધવજી આર. પટેલ**

પાટીદાર સમાજના રત્નસમા, સાહસ અને સેવાના ખમીરવંતા મહાનુભાવ એટલે આપણા શ્રી ઓધવજીભાઈ પટેલ. તેઓ માત્ર પાટીદાર યુવાનો માટે જ નહીં પણ ભારતભરના યુવાનો માટે પ્રેરકબળ છે. જીવનમાં સફળતા કેવી રીતે મેળવી શકાય તેનું જીવતું જાગતું ઉત્તર ઉદાહરણ છે. તેમનો એકજ મંત્રપુરુષાર્થ, વાતો કરવાથી સફળતા મળતી નથી. પરંતુ પ્રબળ પુરુષાર્થ અને દ્રઢ સંકલ્પ જ સફળતા અપાવે છે. તેઓ ઘડિયાળના ઉદ્યોગમાં " ફાધર ઓફ કલોક " કહેવાય છે. શ્રી ઉમિયા માતાજીમાં તેમના ટ્રસ્ટે કરોડો રૂપિયાનું દાન કરેલ છે.

તેઓશ્રી માધ્યમિક શાળાના શિક્ષક હતા. પરંતુ પ્રબળ પુરુષાર્થ અને સંકલ્પના બળે અજંતા, ઓરેવા અને ઓપરેટના બ્રાન્ડનું સામ્રાજય ઉભું કરીને રાષ્ટ્ર લેવલે મોટું નામ મેળવ્યું. તેમણે મક્કમ ઈરાદા અને સમાજોપયોગી થવાની લાગણી તેમણે સાંગોપાંગ ઉતારી છે.

મોરબી તાલુકાના ચાંપાનેર ગામે ૨૪ જૂન ૧૯૨૫ ના રોજ રવજીભાઈ અને માતા અમૃતબેનના ખોરડે જન્મ લીધો. ઓધવજીભાઈ ભણવામાં તેજસ્વી હતા. તેમના પિતા રવજીભાઈ અને દાદા કાળાબાપા ગામના પટેલ (મુખી) ગણાતા. પ્રાથમિક શિક્ષણ ગામમાં અને માધ્યમિક શિક્ષણ મોરબીમાં મેળવ્યું. ઉચ્ચ શિક્ષણ ભાવનગરની વિખ્યાત શામળદાસ કોલેજમાં મેળવ્યું.

ઈ.સ. ૧૯૪૮ માં રેવાબેન સાથે લગ્ન થયા. અને તેજ વર્ષે મોરબીની વી.સી.હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા જેમાં એમણે અભ્યાસ કર્યો હતો. તેમનો પગાર માત્ર રૂા. ૫૭-૦૦. પાયલોટ થવાની તીવ્ર ઈચ્છા હતી તેથી એન.સી.સી.ની તાલીમ લીધી પરંતુ કૌટુંબિક કારણોને લીધે પાયલોટમાં જવાનું માંડી વાર્યું.

ઈ.સ. ૧૯૬૫ માં દીકરી જયશ્રીના બ્રાન્ડથી ઓઈલ એન્જિન બનાવ્યાં. ૧૯૭૧માં અનાયાસે તેમના જીવનમાં " અજંતા " પ્રવેશ્યું. ભાડાના મકાનમાં પ્રારંભ કરેલો. ભાગીદારો છૂટા થયા. નુકસાન પણ આવ્યું. પરંતુ હિંમત ન હાર્યા. વ્યાજે પૈસા લઈને સાહસ કરતા રહ્યા અને સફળતા મળી. ૧૯૬૮ માં કવાર્ટઝ કલોલના ઉત્પાદનનો પ્રારંભ કર્યો અને ' અજંતા ' એ ઈતિહાસ રચી દીધો. તેમના દીકરા

વસંતભાઈ, પ્રવિણભાઈ, જયસુખભાઈ અને અશોકભાઈ જે દિવસથી જોડાયા એ દિવસથી ' અજંતા ' ની સફળતા રોકેટગતિએ આગળ વધી. ઓરેવા, ઓરપેટ, ઓરસન, ઓરકેવ, સમય, સોગો, એટોપ, એકસેલ અને જાગૃતિ જેવી બ્રાન્ડ ભારતમાં જ નહિ દેશ વિદેશમાં પ્રસિધ્ધ બની. બધાને સાથે રાખવાની તેમના કુટુંબની ભાવના અને સમજણને લીધે જ " અજંતા " ઈતિહાસ બની ગઈ.

આજે અજંતા, ઓરેવા તેમજ ઓરપેટમાં દસહજાર લોકો કામ કરે છે. તેમાં ૯૦% મહિલાઓ છે. મહિલાઓને અગ્રીમ સ્થાને રાખવાની ઓધવજીબાપાની કોઠાસૂઝ કામ કરી ગઈ. એક તો મહિલાઓને વ્યસન હોતાં નથી અને કામ કરવાની નિષ્ઠા અને ચીવટ હોય છે. આજે તો ઘડિયાળ ઉપરાંત ઈસ્ત્રી, ટાઈમપીસ, ટેલિફોન, હીટર, મીકક્ષર, ટયૂબ, જેવી અનેક આઈટમો બનાવે છે.

સાદુ અને સરળ જીવન, કાર્યકર્તા તરફ લાગણી ધરાવતા ઓધવજીભાઈ ' ફાધર ઓફ કલોક ' અને પટેલ સાહેબ નું માન મેળવી આદર પામ્યા.

૧૯૯૨-૯૩માં તેમણે ' ઓરપેટ ચેરીટેબલ ટ્રસ્ટ ' સ્થાપ્યું. અને સમાજના તમામ વર્ગને ઉપયોગી થવાય તે રીતે કામ કરતા શિક્ષણ, કૂવા રીચાર્જ, આરોગ્ય, પર્યાવરણ, ગ્રામ વિકાસ, પશુપાલન, વૃધ્ધાશ્રમ, જળક્રાંત, લાયબ્રેરી જેવાં લોકોપયોગી કાર્યોમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. અનાથબાળકો, ત્યકતા, વિધવા બહેનોને સહારો આપ્યો. " ઉમિયા માતાજી સમૃધ્ધિ યોજના " ના માધ્યમથી ૧૦૧ કરોડના સમાજ વિકાસના કાર્યો કર્યા.

એમના જીવનનો એક યાદગાર પ્રસંગ છે, મોરબીમાં પોતાનું ઘર ન હોતું. તેમના ધર્મપત્નીની ઈચ્છા હતી કે એક નાનકડું પણ પોતાનું ઘર થઈ જાય. એક ચમાર જ્ઞાતિની વૃધ્ધા અવાર નવાર મોરબી આવે અને રેવાબાનો રોટલો ખાય. એકવાર પ્રસન્ન થઈને આ વૃધ્ધાએ કહ્યું. વહુ તારે એવું ઘર થશે કે માલીયા મોટરુ મૂકવાની જગ્યા પણ ખૂટશે. આ દૂઆ કેવી ફળી તે આપણે જોઈએ છીએ.

પાટીદાર સમાજ માટે તેઓએ ખૂબ જ કામ કર્યું છે. ઉમિયામાતાજી ઊંઝામાં કેશુભાઈની સાથે જોડાઈને પણ મહત્વપૂર્ણ કામ કર્યાં છે. આપણા સમાજને આવા જાગૃત અને સંવેદનશીલ ઉદ્યોગપતિઓની વધારે જરૂર છે. ગુજરાતને આવો ખમતીધર પુરુષ મળવો મૂશ્કેલ છે. તેમના દીકરાઓ પણ એમના રસ્તે ચાલ્યા છે એજ આપણા

સર્વે માટે આનંદની વાત છે. આવા નિઃસ્પૃહી પરિવારનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

જો દીકરી ભણે તો કોઈની ઓશિયાળી ન રહે અને ભારરૂપ પણ ન રહે. આ સત્ય જાણતા ઓધવજીદાદાએ પચ્ચીસથી ત્રીસહજાર દીકરીઓ રહીને ભણી શકે એ માટે છાત્રાલયો અને સ્કૂલો શરૂ કરાવ્યાં. એ જ રીતે ભૃણહત્યા અટકાવવામાં પણ જબરદસ્ત કામ કર્યું.

કેળવણીના કસબી

- સ્વ. શ્રી માણેકલાલ પટેલ

વીસમી સદીનું ગ્રામ્યજીવન અસુવિધાપૂર્ણ અને દયાજનક કહી શકાય. ના કોઈ સારા રસ્તા કે ના કોઈ આરોગ્યને લગતી સુવિધાઓ. ગામડામાં રહેતો ખેડૂત સતત ધૂળમાં જ જીવન જીવતો. આવા જ એક કડી તાલુકાના ઊંટવા ગામમાં ખેડૂત પરિવારમાં માણેકલાલનો જન્મ થયો. ખેતી અને પશુપાલન એજ મુખ્ય વ્યવસાય. પાણીની સુવિધા હોય તો શાકભાજીનું વાવેતર પણ કરતા.

પિતાશ્રી માધવલાલ અને માતા દિવાળીબાના પાંચ સંતાનોમાં ત્રણ ભાઈ બે બહેન. માણેકલાલનો જન્મ તા. ૧-૨-૧૯૨૯ ના રોજ ઊંટવામાં થયેલો. બાળપણમાં ગૂમડું થયેલું જેની અસહ્ય પીડા થતાં એ જમાનામાં ડામ આપવામાં આવતો આવી અંધશ્રધ્ધાનો તેઓ ભોગ બનેલા પરંતુ સદનસીબે બચી ગયેલા.

પ્રાથમિક શિક્ષણ ગામડામાં મેળવ્યા બાદ માધ્યમિક શિક્ષણ માટે કડી સર્વ વિદ્યાલયમાં દાખલ થયા. જો કે અભ્યાસમાં તેજસ્વી હતા. અંગ્રેજી વિષય ઉપર સારી પકડ. જેનો લાભ તેઓને કોલેજના અભ્યાસ દરમિયાન

મળ્યો. ઝવેરચંદ મેઘાણી ના હસ્તે તેમણે પુરસ્કાર આપવામાં આવેલો તે મહત્વપૂર્ણ ઘટના કહી શકાય. ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ નોકરી માટે પ્રયત્નો કર્યા. પણ તેમના શરીરનો બાંધો સાવ સુકલકડી શરીર જોઈ તેમનો પ્રભાવ પડતો ન હતો. આ તેમના જીવનની નિરાશાજનક ઘટના હતી. જો કે તેમણે નોકરી ન મળી એ કોઈ કુદરતી સંકેત હશે. જે માણેકલાલે કડી અને ગાંધીનગરમાં વિદ્યાસંકૂલો ઉભા કર્યા. જ્યાં ૫૦૦૦૦ દીકરા-દીકરીઓથી સંકૂલો ધમ ધમી રહ્યાં છે. જે આપણા સર્વેનું સદભાગ્ય ગણી શકાય.

કોલેજના અભ્યાસ દરમિયાન કેટલાક નેતૃત્વના ગુણો વિકસ્યા. સત્યના આગ્રહી, ગેરવહીવટના વિરોધી, શિસ્તના આગ્રહી, કંઈક નવું જ કરવાની તમન્ના હંમેશાં તેમના દીલમાં રહેતી. બી.એ. અર્થશાસ્ત્ર સાથે કર્યું. સાથે નોકરી પણ કરી. ત્યાર બાદ એલ. એલ.બી. પણ કર્યું. અને બાર કાઉન્સીલની પરીક્ષા આપી વકીલાત માટે સનદ મેળવી.

૧૯૫૮ માં તેમના જીવનમાં મહત્વનો વળાંક આવ્યો. કડી મ્યુનિસિપાલીટીમાં ચીફ ઓફિસર તરીકે જોડાયા. ૧૪ વર્ષ કડી નગરને સેવા આપી. આ સમયગાળો

એમના જીવનનો સૂવર્ણકાળ ગણી શકાય. કડી નગરમાં એમની લોકપ્રિયતા ખૂબ જ વધી. ચોખ્ખો વહીવટ, તટસ્થ નિર્ણય અને ઝડપી નિર્ણય તેમના માટે યશ કલગી સમાન હતાં. ફરજ પ્રત્યે ખૂબ જ સભાન રહેતા સમગ્ર કડી નગરમાં ' સાહેબ ' તરીકે પ્રજાના દિલમાં વસી ગયા. જેના પરિણામ સ્વરૂપ પોતે નગરપાલિકાના અધ્યક્ષ બન્યા. બાદમાં ઉદ્યોગપતિ પણ બન્યા. તેમના વહીવટ દરમિયાન નગરપાલિકા ખૂબ જ આર્થિક સધ્ધર બની. જેનો લાભ અને સુવિધાઓ કડીની જનતાને મળ્યો. જેમાં ' ભાગ્યોદય ' હોસ્પિટલ મુખ્ય ગણી શકાય. ભાગ્યોદય જિનિંગ ફેકટરી પણ સ્થાપી. તેમના સાથી મિત્રો વનમાળીદાસ, પોપટલાલ,બળદેવભાઈ, ગોપાળભાઈ, ગિરધરભાઈ અને બાબુલાલનો સહયોગ મર્ળ્યો. જેઓ હોસ્પિટલના પાયાના ટ્રસ્ટીઓ બન્યા. ત્યારબાદ કડી નાગરિક બેંકની સ્થાપના કરી. જિનિંગ અને ઓઈલ મિલો એટલી બની કે ભારતભરમાં કડી પ્રસિધ્ધ બન્યું.

માણેકલાલનો સુચારુ અને પારદર્શિ વહીવટ ગમે તેને પ્રભાવિત કરે તેવો હતો. કડી કે ગાંધીનગરની સંસ્થાઓમાં નોકરી માટે ડોનેશન સ્વીકાર્યું નથી. આ કલંકથી હંમેશાં તેઓ દૂર રહ્યા છે. એડમિશન માટે મેનેજમેન્ટ કવોટાનો ગેરલાભ લીધો નથી. વિદ્યાર્થી કે વાલી પાસેથી ઘણી સંસ્થાઓ લાખો રૂપિયા લૂંટે છે. આ બદીના છાંટા સર્વ વિદ્યાલય કેળવણી મંડળને લાગવા દીધા નથી.

શિક્ષણનું કોઈ પણ નવું એકમ શરૂ કરવું હોય તો તેના લગતી તમામ સુવિધાઓ પહેલેથી જ તૈયાર કરાવી લેતા. જેનાથી તપાસ કમિટિના સભ્યો પણ પ્રભાવિત થતા. અને તરત જ માન્યતા આપી દેતા. ગાંધીનગર કેમ્પસમાં પ્રત્યેક મંગળવાર અને શુક્રવારે તેમની હાજરી અચૂક રહેતી. તે સમયે દરેક શાખાનું નિરીક્ષણ કરતા જરૂરી સૂચનો આપતા અને દરેકને કાર્યની સભાનતા યાદ કરાવતા.

અવાર નવાર બીજી સંસ્થાઓ તરફથી યોજાતા વર્કશોપ, સેમિનારો, ચર્ચાઓ કે ગોષ્ઠિઓ માટે સંસ્થાઓને ઓડિટોરિયમ કે હોલ વાપરવા આપતા. તેમની આગતા સ્વાગતા કરતા અને વ્યવસ્થા ખર્ચ પેટે એક રૂપિયો પણ સ્વીકારતા નહીં, આ માણેકલાલની ઉદાત્ત ભાવના હતી.

માણેકલાલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને છૂટક છૂટક અનેકવાર દાન આપ્યું છે. જયારે પણ જરૂર પડી છે ત્યારે પોતાની નાણાં કોથળી ખુલ્લી કરી છે. જેનો કોઈ દેખાડો નથી કર્યો કે નથી કોઈ જાહેરાત કરી. સંસ્થાના કામે ગમે તેટલા મિત્રો સાથે ગમે ત્યાં જવું પડે તો કોઈને ખીસ્સામાં હાથ નાખવા દીધો નથી. સમય, શ્રમ અને ધન

બધું જ માણેકલાલનું જ હોય. ગુજરાત રાજયના મુખ્ય મંત્રી અને અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ તેમની પ્રશંસા કરતાં થાકતા નથી. માણેકભાઈ અને એમની ટીમ હંમેશાં રચનાત્મક અને પ્રજાલક્ષી કાર્યો કરવામાં અગ્રેસર રહ્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરનાં સંકૂલોમાં નવા શૈક્ષણિક એકમો શરૂ કરવાના હોય ત્યારે પાટણ-અમદાવાદના આંટાફેરા અનિવાર્ય છે. તેના માટે દોડ દોડ કરવામાં માણેકલાલ કદાપિ થાકતા ન હતા. ઘણીવાર તો યુનિવર્સિટીને પણ મદદરૂપ બન્યા છે. શાળા કોલેજોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સુવિધા માટે રાત દિવસ ચિંતન કરતા. અને તેની સુમેળે વ્યવસ્થા કરતા.

સંસ્થાના વિકાસ માટે ફંડ એકત્રિત કરવા અમેરિકા ઘણીવાર જતા. ડૉ. કનુભાઈ, શ્રી નરસિંહભાઈ અને મોહનભાઈ એમની સાથે હોય જ. તેમની વહીવટી શુધ્ધતા જોતાં ઘણીવાર અમેરિકામાંથી ૪૨ તથા ૪૮ સમાજના મહાનુભાવોએ માતબર રકમ આપી છે. જેનો માણેકલાલે સુચારુ પારદર્શિ વહીવટથી એક એક રૂપિયાનો સદ્‌ઉપયોગ કર્યો છે. અને દાતાશ્રીઓનો વિશ્વાસ સંપાદન કર્યો છે.

સમય, ખર્ચ અને શક્તિનો વ્યય ન થાય તે રીતે સંચાલક મંડળની મિટિંગો એક સાથે નક્કી કરેલા એકજ દિવસે રાખવામાં આવતી. એજન્ડાની કોમન આઈટમ એકસાથે ચર્ચાઈ જાય તેવું સુંદર સંકલન કરતા. જેમાં આમંત્રિતો પણ આવે, શાંતિપૂર્ણ શિસ્તબધ્ધ રીતે સભાનું કામ પૂર્ણ થતું. સંસ્થાના હિત માટે વ્યક્તિગત કાર્યને પડતું મૂકીને પણ અમેરિકા જતા. અને ઘણું જ દાન મેળવી લાવતા. કડી સંસ્થામાં અભ્યાસ કરેલા ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ ઉમળકાથી દાન આપતા અને એમના મિત્રો પાસે અપાવતા હતા. તેમને વિશ્વાસ હતો કે આપણું દાન નિરર્થક નહીં જ જાય.

આ કેળવણીના કિમીયાઘર જેવા મહાન સપૂત અચાનક

તા. ૧૨-૧-૧૯૧૨ના રોજ આ ફાની દુનિયા છોડી પરમાત્માના ધામમાં ચિરશાંતિ માટે પોઢી ગયા. કેળવણી ક્ષેત્રે તેમનું યોગદાન હંમેશાં યાદ રહેશે. આજે આ સંસ્થાનો વહીવટ તેમના સુપુત્ર વલ્લભભાઈ (સરદારભાઈ) અને ડૉ.કનુભાઈ કૂશળતા પૂર્વક ચલાવે છે.

શિક્ષણ અને સહકારના પ્રણેતા

- શ્રી ભોળાભાઈ પટેલ

ભારત વર્ષમાં દીર્ઘ કાળથી ગુજરાતનું ગૌરવપૂર્ણ વ્યક્તિત્વ વિશેષ રહ્યું છે. સમયે સમયે તેનું યોગદાન ઈતિહાસના પાને આલેખાયેલું છે. તેમાં પણ આનર્ત પ્રદેશની વાત અનોખી છે. ગુજરાતની પ્રજા વ્યાપારકુશળ, વ્યવહારકુશળ, વહીવટકુશળ, સંસ્કારી અને કોમળ સ્વભાવની છે.

ઉત્તરગુજરાતની અસ્મિતાને જગાડનાર પરિબળોમાં સાહસ શિક્ષણ અને સંસ્કાર વારસો નોંધપાત્ર ગણી શકાય. એમાંય વિસનગર જેવી શિક્ષણનગરીના નર રત્નોનું ગુજરાતની અસ્મિતાના ઘડતરમાં યોગદાન સરાહનીય રહ્યું છે. એમાંના એકલવીર સ્વ. સાંકળચંદભાઈ ઉત્તરગુજરાતના નૂર હતા. સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતા, ગરીબોના હમદર્દ, શિક્ષણપ્રેમી સાંકળચંદભાઈ યાદ કરવા જ રહ્યા. સ્વ, સાંકળચંદભાઈનું સ્વપ્ન અને અધૂરાં કાર્યો સાકાર કરવા માગતા તેમના 'માનસપુત્ર' તરીકેનું ગૌરવ અનુભવતા શ્રી ભોળાભાઈને કેમ ભૂલી શકાય.

શ્રી ભોળાભાઈનો જન્મ ૨૭ જાન્યુઆરી ઈ.સ. ૧૯૩૦ના રોજ મોસાળ કેલીસણામાં થયેલો. તેમના પિતા ચતુરભાઈ પટેલ વતન ગોઠવામાં ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા હતા. ધો-૪ સુધીનો અભ્યાસ ગોઠવા ગામમાં કર્યો. એક વર્ષ સારસ્વતનગરી વિસનગરમાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ એસ. એસ.સી. સુધીનો અભ્યાસ ઉત્તરગુજરાતમાં 'કાશી' તરીકે પ્રસિધ્ધ થયેલ કડી સર્વ વિદ્યાલયમાં કર્યો.

સર્વ વિદ્યાલય કડીના સૂત્રધાર, ' છગનભા ' ના હુલામણા નામથી લોકોના હૃદયમાં વસેલા પૂજ્ય છગનભા ના સંસ્કારોનું ભાથું મળ્યું. સાથે પૂ. બાપુભાઈ ગામી, પૂજ્ય છગનભાઈ કા. પટેલ અને પૂજ્ય પોપટભાઈ પટેલ, રામચંદ્ર અમીન, પુરુષોત્તમદાસ કાકાનો સંસ્કારવારસો મળ્યો. ત્યાગ, બલિદાન, સહકાર, પ્રેમ, પુરુષાર્થ, દેશાભિમાન, ભાતૃત્વ જેવા ઊંડા ગુણોનું સિંચન આ સંસ્થામાં થયું જે પાછળથી ભોળાભાઈના જીવનના પર્યાય બની રહ્યા. જેને પરિણામે વિસનગરમાં તેમણે ભરપૂર ઉપયોગ કર્યો.

૧૯૫૦માં ઉચ્ચ શિક્ષણ અર્થે વડોદરા ગયા. બોમ્બે યુનિવર્સિટીના રસાયણ

વિજ્ઞાનના સ્નાતક થયા. ત્યાર બાદ એલ.એલ.બી. કરી વકીલાતની સનદ મેળવી. વિસનગરમાં વકીલાતનો વ્યવસાય અપનાવ્યો.

ઈ.સ. ૧૯૫૧ માં કર્મયોગી શેઠશ્રી સાંકળચંદભાઈના સુપુત્રી શાંતાબહેન સાથે લગ્ન થયાં. સુખી દામ્પત્યજીવનના ફળ સ્વરૂપે ચિ. કૌશિક, ચિ. નયના અને ચિ. પ્રીતિનું અવતરણ થયું.

ઈ.સ. ૧૯૫૬ માં મહાગુજરાતની ચળવળે ઉત્તરગુજરાતમાં જોર પકડયું. સ્વ. સાંકળચંદભાઈ અને સ્વ. પુરુષોત્તમ પટેલ (દાસકાકા) એ એનું નેતૃત્વ લીધું. આચાર્ય કૃપલાણી જેમને ' ભૂક્કાબોલાવીદેનાર' તરીકે ઓળખાવે છે એવા ઈન્દુલાલ યાજ્ઞિકે સમગ્ર ગુજરાતની નેતાગીરી વહન કરેલી. ભોળાભાઈનો તેમની સાથે ભેટો થયો. તે સમયથી તેઓ મહાગુજરાત જનતા પરિષદના સભ્ય બની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી. આંદોલન પૂરુ થતાં જનતા પરિષદનું વિસર્જન થયું. પછી તેઓ કોંગ્રેસમાં જોડાયા. તે સમયથી વિસનગર તાલુકા અને જિલ્લામાં અનેક સમિતિઓના ચેરમેન બની નામના મેળવી. સ્વ. સાંકળચંદભાઈ સાથે રહીને અનેક સંસ્થાઓના સહભાગી બન્યા અને લોકોપયોગી કાર્યો કર્યા.

ગુજરાત રાજયની ૧૯૬૦ માં સ્થાપના થઈ. અને ૧૯૬૨ માં વિધાન સભાની ચૂંટણી યોજાઈ. જેમાં તેમના ધર્મપત્ની શ્રીમતી શાંતાબેન પટેલ ધારાસભ્ય તરીકે ચૂંટાયાં. આ ઘટના એ સ્વ. ભોળાભાઈના જીવનને પલટી નાખયું. તેઓની રાજકીય પ્રતિભા ઉપસી આવી. ૧૯૬૯ માં કોગ્રેસના ભાગલા થયા. એકબાજુ ઈન્દીરાબેન ગાંધી તો બીજી બાજુ મોરારજી દેસાઈ. સમયને માન આપી પરિસ્થિતિ વશ તેઓ ઈન્દિરા કોંગ્રેસમાં જોડાયા.

૧૯૭૦ માં બનાસકાંઠામાં દુષ્કાળની સ્થિતિ પેદા થઈ. તે સમયે ઈન્દિરાજી ડીસા આવેલા. સ્વ. સાંકળચંદભાઈના આગ્રહથી વિસનગર મજૂર સહકારી મંડળી દ્વારા બનાવેલ ' સૂરજબારી ડેમ ' નું ઉદઘાટન ઈન્દિરાબેને કરેલું. શ્રીમતી શાંતાબેન પટેલ અને સ્વ. ભોળાભાઈના પ્રયત્નોને લીધે ' ગ્રામ્ય વિજળીકરણ યોજના ' મેળવી વિસનગર તાલુકાના ત્રીસ ગામોને વિજળીનો લાભ અપાવ્યો. સંબંધો ને નાતે ધરોઈ ડેમની મંજૂરી મેળવી. સ્વ. વડાપ્રધાન ઈન્દિરાના શુભહસ્તે ખાતમુહૂર્ત કરાવ્યું. અને ઉત્તરગુજરાતની ધરતીમાં હરિયાળી ક્રાંતિનું બીજારોપણ કર્યું.

ના.મ.નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નેજા નીચે શાળા-કોલેજો સ્થાપી. જેનો કુશળ વહીવટ પણ કર્યો. શિક્ષણક્ષેત્રે રાજયકક્ષાની શાળા-કોલેજ અને યુનિવર્સિટીઓમાં વિવિધ સ્થાનો પર હોદ્દાઓ ધરાવતા હતા. શિક્ષણ સંસ્થાઓમાં નવી નવી યોજનાઓ દાખલ કરતા. તેમના જ વેવાઈ શ્રી નરસિંહભાઈ પટેલની મદદથી કડીથી સંસ્થામાં પ્લાસ્ટિક એન્જિનિયરીંગનો કોર્સ શરૂ કરેલો. ગાંધીનગર એસ.કે.પટેલના નામથી ફાર્મસી કોલેજ પણ શરૂ કરી હતી. પલાસર શિક્ષણ સંસ્થામાં વિસનગર નાગરિક સહકારી બેંકના નામથી મોટો આર્થિક સહયોગ આપેલો. ખાસ કરીને વિસનગર અને કડીની સંસ્થાઓની પ્રગતિમાં રચ્યા પચ્યા રહેતા. એટલું જ નહિ જરૂર પડે દાનની સરિતા પણ વહાવતા. તેમની કર્મભૂમિ વિસનગરમાં શૈક્ષણિક અને આરોગ્ય માટેના સંકૂલો ઉભા કર્યા.

૧૯૮૦-૮૧ માં વિસનગર તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા. તે સમયે ગામડાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા, શાળાના ઓરડા, રસ્તાઓ અને આરોગ્ય કેન્દ્રો કરાવીને પંચાયત ક્ષેત્રે તેમનું યોગદાન મહત્વનું રહ્યું છે. ૧૯૮૫માં અપક્ષ બની વિધાનસભામાં ચૂંટાયા. ૧૯૯૦માં ફરીથી ચૂંટાયા. અને રાજયકક્ષાના પંચાયત અને સહકારમંત્રી પણ બન્યા. આ સમય દરમિયાન ઘણા લોકોપયોગી કાર્યો કર્યા.

વિસનગર તાલુકા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ખેડૂતોના હિતમાં ઘણાં કાર્યો કર્યાં માલના યોગ્ય ભાવ, સરખુ તોલમાપ, રોકડ વ્યવહાર, જમવા માટે રાહત દરનું ભોજનાલય, પાણીની પરબો પણ મૂકાવેલી.

સરદાર વલ્લભભાઈ જનકલ્યાણ ટ્રસ્ટ અને સાંકળચંદ પટેલ જન કલ્યાણ ટ્રસ્ટના નેજા નીચે પ્રસૂતિગૃહ, આંખવિભાગ, ઓર્થોપેડિક વિભાગ, બાળકો માટે સરદાર હોસ્પિટલમાં સુંદર વ્યવસ્થા કરેલી જયાં ફકત પાંચ રૂપિયામાં મોતિયો ઉતારવામાં આવતો હતો.

પુસ્તકમેળો કે પુસ્તક પ્રદર્શનના તેઓશ્રી હિમાયતી હતા. કર્મવીર શ્રી સાંકળચંદ પટેલ સ્મૃતિ વ્યાખ્યાન માળા ૧૯૮૭ થી પ્રથમ મણકાની શરૂઆત કરેલી જેમાં ગુજરાતી સાહિત્યના પ્રખર મહાનુભાવો ધીરુભાઈ ઠાકર અને કુમાળપાળ દેસાઈએ રસપૂર્વક ભાગ લીધો. ગુણવંત શાહ અને રઘુવીર ચૌધરી તથા અન્ય ઘણા સાહિત્યકારોએ સમયે સમયે હાજર રહી પ્રોસાહિત કરેલા.

વિસનગર નાગરિક સહકારી બેંકના પ્રમુખ બન્યા પછી બેંકે ખૂબજ પ્રગતિ કરી. નાના માણસો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓ માટે સરળ લોન વ્યવસ્થા ઉભી કરેલી. બેંકની ૧૨ જેટલી શાખાઓ અન્ય શહેરોમાં ઉભી કરેલી. ખાસ કરીને સુરત અને અમદાવાદ તથા ઊંઝા શાખાઓ મહત્વની ઘણી શકાય. આ બેંક સામાન્ય મજૂર, હાથલારીવાળા, શાકભાજીવાળા, નાના વેપારીઓ નાના કારખાનાવાળાઓ માટે આશીર્વાદ રૂપ પુરવાર થયેલી છે. સાથે સાથે ના.મ.નૂતન સર્વ વિદ્યાલય અને કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ અને ના.વિ.પટેલ કન્યા વિદ્યાલય, તથા વતન ગોઠવામાં જે.બી. વિદ્યાલયનો સુચારું વહીવટ તેમની દેન છે. તેમના વતન ગોઠવામાં વોટરવર્કસની વ્યવસ્થા તથા આરોગ્યકેન્દ્રની સુવિધા પણ ઉભી કરી છે. સમાજ પરિવર્તન માટે શિક્ષણને પ્રથમ સ્થાન આપી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ માટે તેઓએ સઘન પ્રયત્નો કરેલા. ઉદ્યોગક્ષેત્રે સ્વ. સાંકળચંદ પટેલે સ્થાપેલું " વિસનગર તાલુકા ઔદ્યોગિક સહકારી મંડળી લિ. " નામનું લેમીનેટેડ સીટ્સનું કારખાનું શરૂ કરેલું જેમાં ૨૦૦ માણસોને રોજીરોટી મળતી, અત્યારે બંધ છે.

મહેસાણા હાઈવે ઉપર ગુજકોમાસોલની દિવેલા પીલવાની મીલ ભાડે રાખી રોજના ૧૦૦ ટન દિવેલા પીલવાનું કામ સ્વ. સાંકળચંદ પટેલ કેસ્ટર કોમ્પલેક્ષ કો.ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા શરૂ કરેલું. વિસનગર નગર પાલિકાના પ્રમુખ તરીકે રસ્તા, ગટર, વાહનસુવિધા, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પુરી પાડી.

દેશ વિદેશના પ્રવાસોનું જ્ઞાન લોકસેવા અર્થે ઉપયોગમાં લીધું. ઈઝરાઈલ જઈને પાણીની બચત રૂપે ' ટપક સિંચાઈ ' નો પ્રોજેક્ટ ખેડૂતોને સમજાવ્યો.

સૌથી વિશેષ ધ્યાન ખેંચે તેવું અદ્દભૂત કાર્ય શિક્ષણક્ષેત્રે કર્યું. કમાણા ચોકડી પાસે ૧૦૦ વીઘા જમીન સંપાદન કરી મોટું શૈક્ષણિક સંકૂલ ઉભું કર્યું. જેમાં એન્જીનિયરીંગના તમામ અભ્યાસક્રમો, ડેન્ટલ કોલેજ, ફાર્મસી કોલેજ, ટેકનીકલ કોલેજ હોસ્ટેલ વ્યવસ્થા સાથે ઉભી કરી અને સાંકળચંદ પટેલના નામકરણથી લોકસેવા માટે અર્પણ કરી. સ્વ. સાંકળચંદ શેઠનું સ્વપ્ન હતું કે ગુજરાતી વિશ્વકોશની રચના થાય. આ વિશ્વકોશનું ભગીરથ કાર્ય શ્રી ભોળાભાઈએ પૂર્ણ કર્યું. વિસનગરના પિંઢારીયા તળાવ પાસે અરવિંદ કેન્દ્ર શરૂ કર્યું. આધ્યાત્મિક ક્ષેત્રે તેમનું આ પ્રસંશનીય કાર્ય ગણી શકાય.

શ્રી ભોળાભાઈને કડી સંસ્થાના સંચાલકો શ્રી છગનભા, શ્રી છ.કા.પટેલ, શ્રી રામચંદ્ર અમીન, શ્રી જયકૃષ્ણ હરિવલ્લભ, શ્રી ગોપાળદાસ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ, શ્રી દાસકાકાનો સહયોગ અને માર્ગદર્શન મળતાં રહ્યાં.

જો કે નાગરિક સહકારી બેંક અચાનક ફડચામાં જતાં તેમના હૃદયને ખૂબ આઘાત લાગ્યો. એનો ગમ પાછલી જિંદગીમાં રહ્યો. અને એ વેદનાને બહાર પ્રગટ ન કરતા. એક નરબંકા કર્મયોગીની જેમ કાર્ય કરતા રહ્યા. છેલ્લે ટૂંકી માંદગી અને વયને લીધે તા. ૧૪-૧૧-૨૦૧૬ ના દિવસે અંતિમ શ્વાસ લીધો.

ખરેખર વિસનગરની જનતા અને તાલુકાની જનતાનો એક રાહબર આ દુનિયા છોડી પરમાત્માના ધામમાં પહોંચી ગયો.

વિસનગર તાલુકાની જનતા હંમેશ માટે તેમની ઋણી રહેશે.

સંનિષ્ઠ શિક્ષણકાર

- શ્રી છગનભાઈ કા. પટેલ

ઉમદા કેળવણીકાર, સંનિષ્ઠ આચાર્ય કુશળ શાળા સંચાલક, રાષ્ટ્રપ્રેમી મહર્ષિ અરવિંદના ચાહક માનનીય શ્રી છગનભાઈનો જન્મ વિજાપુર તાલુકાના લાડોલ ગામે થયેલો. તેમના પિતા શ્રમજીવી ખેડૂત હતા. ઈ.સ. ૧૯૦૨ ની ૭ મી જુલાઈ શ્રી છગનભાઈનો જન્મ દિવસ. પ્રાથમિક શિક્ષણ લાડોલમાં મેળવ્યું. માધ્યમિક શિક્ષણ વિજાપુર, વિસનગર અને પાટણમાં મેળવ્યું. કોલેજ શિક્ષણ વડોદરામાં મેળવ્યું. અધવચ્ચે અભ્યાસ છોડી ગાંધીજીની અસહકારની ચળવળમાં જોડાયા. ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ લીધુ. વિદ્યાપીઠમાં રાષ્ટ્રીયતાના પાઠ શીખ્યા. અને રાષ્ટ્રના ઘડતર માટે શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો.

ઈ.સ. ૧૯૨૨ માં શિક્ષણનગરી કડીમાં સાર્વજનિક વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા. ત્યાં છગનભા, રામચંદ્ર અમીન, પોપટભાઈ, નાથાભાઈ, પુરુષોત્તમદાસ, જેવા મહાનુભાવોના સંપર્કમાં આવ્યા. નિષ્ઠા અને પ્રામાણિકતાથી કડી સંસ્થાનાં જે સેવા કરી તેના ફળરૂપે પિલવાઈમાં તેઓશ્રીને સંસ્થાનું સૂકાન સોંપાયું.

શિક્ષણકાર્યની સાથે સાથે છાત્રાલયના ગૃહપતિની પણ જવાબદારી વહન કરતા. ત્યાં રાત્રિશાળા ચલાવી વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા. કાચા વિદ્યાર્થીઓને વેતન વિના શિક્ષણ આપતા. તેમના સાથી શિક્ષક મિત્રો પણ તેમનામાંથી પ્રેરણા લઈ સંપૂર્ણ સહયોગ આપતા, ઈ.સ. ૧૯૪૪ માં પિલવાઈ સંસ્થાનું સુકાન સંભાળ્યાં પછી શાળાનો ખૂબ જ વિકાસ થયો. સતત એસ.એસ.સી.નું પરિણામ ૯૦% ઉપર આવતું. આને લીધે ઉત્તર ગુજરતની સારી શાળાઓમાં તેની ગણના થતી. શેઠ જી.સી.હાઈસ્કૂલ શિક્ષણ અને શિસ્તના લીધે જિલ્લાની આદર્શ શાળા બની. જેની સુવાસ ગુજરાત ભરમાં પ્રસરી. શ્રી છગનભાઈસંસ્થા સાથે ઓતપ્રોત થયેલા. સંસ્થાની સફળતા અને પ્રગતિતથા વિકાસને પોતાનાં માન્યાં હતાં. શ્રી છગનભાઈ એક સેવા નિષ્ઠ, સફળ અને આદર્શ આચાર્ય તરીકે લોકચાહના પામેલા. એક મિનિટ પણ શિક્ષણકાર્ય વેડફાય નહિ. તેની પુરી કાળજી લેતા. શિક્ષકોને પણ હૂંફ આપતા. શિક્ષણને સરળ બનાવવાના હેતુથી તેઓશ્રીએ અંગ્રેજી અને હિન્દીમાં વ્યાકરણ અને લેખનનાં પુસ્તકો પણ લખ્યાં હતાં.

વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરમાં છગનભાઈનું યોગદાન મૂલ્યવાન રહ્યું હતું. વિદ્યાર્થીઓમાં શિસ્ત, સત્ય, સદાચાર, પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા, નિષ્ઠા અને

પ્રામાણિકતાના ગુણો વિકસાવવા સંનિષ્ઠ પ્રયાસ કરેલો. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની નાનામાં નાની બાબતોનો ખ્યાલ રાખતા. તેમને સ્વાશ્રયી, મહેનતુ, નીડર અને સ્વાવલંબી બનાવવા સતત માર્ગદર્શન આપતા. તોફાની અને ઠોઠ વિદ્યાર્થીઓ તેમની પાસે ઘડાઈને ચમકતા હીરા બન્યા હોય એવા ઘણા દાખલા છે.

શ્રી છગનભાઈ રાષ્ટ્રપ્રેમી હતા. ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળમાં પણ તેઓ જોડાયેલા. મીઠાના સત્યાગ્રહમાં તથા સ્વદેશી ચળવળ અને વિદેશી માલનો બહિષ્કાર કરવામાં આગળ પડતો ભાગ લીધેલો. જેના લીધે જેલવાસ પણ ભોગવેલો.

શ્રી છગનભાઈ કન્યા કેળવણીના પણ હિમાયતી હતા. આથી ઊંઝા કન્યા છાત્રાલય સાથે જોડાયેલા. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રી તરીકે પણ સેવા આપેલી. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ સક્રિય રહેલા. એ અરસામાં ઉત્તરગુજરાતમાં એકમાત્ર વિસનગરમાં સરકારી કોલેજ હતી. નજીકના વિસ્તારમાં કોલેજ ન હોવાથી દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતી ન હતી. આથી સર્વવિદ્યાલય કડીના સંચાલકો તથા પિલવાઈના મંડળના સંચાલકોના સહકારથી ૧૯૬૦માં આર્ટસ અને સાયન્સ કોલેજ પિલવાઈમાં શરૂ કરવા માટે ખૂબજ જહેમત કરેલી.

શ્રી મોરારજીભાઈ દેસાઈ પણ આ સંસ્થાની મુલાકાતે આવેલા. સંસ્થાના શિક્ષણકાર્યથી ખૂબજ પ્રભાવિત થયેલા.

શ્રી છગનભાઈ એક શ્રેષ્ઠ આચાર્ય અને કેળવણીકાર હતા. તેમના શિક્ષણક્ષેત્રે આપેલા યોગદાનની કદર કરતા ભારત સરકારે રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત કર્યો હતો.

જે કામ ચરોત્તર એજ્યુકેશન સોસાયટીના માધ્યમથી શ્રી ભીખાભાઈ અને ભાઈકાકાએ વલ્લભવિદ્યાનગરમાં કર્યું તેજ કામ શ્રી છગનભાઈએ પિલવાઈમાં કર્યું.

શ્રી છગનભાઈને યાદ કરતાં સાહિત્યકાર અને આચાર્ય સ્નેહરશ્મિ કહે છે. ચાર દાયકાસુધી પ્રજાકલ્યાણની ભાવનાથી આજીવન નિષ્ઠાવાન શિક્ષક તરીકે કાર્ય કર્યું અને સમગ્ર જીવન રાષ્ટ્રને ચરણે ધરી દીધું એવા સંનિષ્ઠ આચાર્યને વંદન.

શ્રી રામચંદ્ર અમીનના શબ્દોમાં જોઈએ તો શ્રી છગનભાઈ એટલે કુશળશાળા સંચાલક, વિદ્યાર્થીઓના હમદર્દ અને સનિષ્ઠ આચાર્યનાં દર્શન થાય.

શિક્ષણ અને વહીવટની વિશિષ્ઠ સૂઝ બૂઝ ધરાવતા કૃતનિશ્ચયી, કર્તવ્યનિષ્ઠ આચાર્ય એટલે જ શ્રી છગનભાઈ શ્રી પુરુષોત્તમદાસ શ્રી છગનભાઈને એક કસાયેલા.

 સરસ્વતિના ઉપાસક માને છે. શ્રી પૂજાલાલ (અરવિંદઆશ્રમ, પોંડિચેરી) કહેતા કે શ્રી છગનભાઈએ શિક્ષણનો પવિત્ર વ્યવસાય સ્વીકારી અનેક વિદ્યાર્થીઓના જીવન બદલી નાખ્યા છે. સાહિત્યકાર શ્રી પીતામ્બર પટેલ કહે છે ઉપરથી નાળિયેર જેવા પરંતુ અંદરથી મીઠા ટોપરા જેવા હતા. શ્રી છગનભાઈ માટે શ્રી ગંગારામ રાવળ કહેતા સત્યા સત્યના ઉપાસક, ધનનંદતો ઘણા મળશે પરંતુ છગનભાઈ જેવા સરસ્વતિના આરાધકો બહુ ઓછા મળશે. બ્રહ્મા ભલે સૃષ્ટિના સર્જક મનાતા હોય પરંતુ વિદ્યાર્થીઓના ઘડવૈયા તો શ્રી છગનભાઈ જેવા આચાર્ય જ હોઈ શકે. તેમના સમવયસ્ક આચાર્યો શ્રી તુલસીભાઈ (ગોઝારિયા), શ્રી કલ્યાણભાઈ (વિસનગર), શ્રી મોહનભાઈ (કડી), નાથાભાઈ (કડી), મનુભાઈ (સિપોર), જેઠાભાઈ (વામજ), ઈશ્વરભાઈ (બલોલ), ચિનુભાઈ શાહ (રાજપીપળા), ડૉ.એન.એમ.શાહ (અમદાવાદ) એ.એમ.ત્રિવેદી, (એમ.જી.સાયન્સ કોલેજ), શ્રી વૈધ સાહેબ (પાટણ), શ્રી ઓઝા સાહેબ, પુષ્કર ચંદરવાકર, રણછોડજી દેસાઈ (અમદાવાદ), યશવંતરાય નાયક, જેઠાલાલ જોષી જેવા અનેક આચાર્યોએ શ્રી છગનભાઈને યાદ કરતાં કહેલું: કે આકાશમાં તારલાઓ તો ઘણા છે. પરંતુ હંમેશાં અટલ, સ્થિર ધ્રુવ સમાન છગનભાઈ જેવા સિતારા ભાગ્યે જ જોવા મળે.

શિક્ષણક્ષેત્રની ઉમદા સેવા કરનાર આદરણીય છગનભાઈને લાખ લાખ વંદન...

આવા કેળવણીના ભેખધારી સ્વ. છગનભાઈનું અવસાન તા. ૩૧ મે ૧૯૭૧ માં થયું. ધરતી પરનો એક શિક્ષણક્ષેત્રનો સિતારો આપણી વચ્ચેથી વિલીન થઈ ગયો. પરંતુ તેમના કાર્યોની સુવાસ હંમેશ માટે પ્રસરાવતા ગયા.

કેળવણીના કીમિયાઘર

- શ્રી અરવિંદભાઈ પટેલ

શ્રી કે.એમ.કોઠારી હાઈસ્કૂલ સતલાસણાના આચાર્યશ્રી અરવિંદભાઈ પટેલ. એમનો પુરો પરિચય આપવા શબ્દો શોધવા પડે. એવું વિરલ વ્યક્તિત્વ આદરણીય શ્રી અરવિંદભાઈનું જોવા મળે. એમણે સતલાસણા કે.એમ.કોઠારી હાઈસ્કૂલના માધ્યમથી શિક્ષણની ધૂણી ધખાવી અલેખ જગાવી. આવું કાર્ય નિરાળી પ્રતિભાવાન વ્યક્તિ જ કરી શકે. શ્રી અરવિંદભાઈ પ્રખર વિદ્વાન, કુશળ આચાર્ય અને આદર્શ શિક્ષકની છાંટ ધરાવતા હતા.

સાચા કેળવણીકાર, સ્પષ્ટ વકતા, કઠોર પરિશ્રમી, શિસ્ત અને સાદાઈના હિમાયતી, કેળવણી જગતના કોહીનૂર હીરા સમાન ઝગમગતા હતા.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વતન વડનગરથી ૬ કિ.મી. દૂર કહીપુર તેમનું માદરે વતન. સંવત ૧૯૮૮ શ્રાવણ વદ આઠમ (જન્માષ્ઠમી) તેમનો જન્મ થયેલો. પિતા ચતુરભાઈ શ્રમજીવી ખેડૂત હતા. કહીપુર ગામ ગાયકવાડી સરકારના તાબામાં. શિક્ષણ પ્રત્યે આ સરકારનું કાર્ય પ્રશંસાપાત્ર રહેલું. એ વખતના શિક્ષકો શિક્ષણના ઉપાસકો, પ્રામાણિક અને નિષ્ઠાવાન હતા. મોટાભાગે શિક્ષકો બ્રાહ્મણ હતા. ધાર્મિકવૃત્તિ તરફ બાળકોને પણ દોરતા. રામયણ મહાભારતના પ્રસંગો વર્ણવતા જેની અસર અરવિંદભાઈ પર થયેલી. શાળાના આચાર્ય અને શિક્ષકોના ઘરે તેમનાં નાનાં મોટાં કામ કરતા. જે સંસ્કારો મોટી વયે કાયમ રહ્યા. અરવિંદભાઈને તુલસીકૃત રામાયણ અને ચોપાઈ ગાવામાં રસ પડતો. ધાર્મિક વૃત્તિ, દયા, પ્રેમ, અને ઉદારતાના ગુણો બાળપણથી જ વિકસ્યા. પરિશ્રમની ટેવ પણ બાળપણથી પડેલી. જે પાછળ જતાં ખૂબ જ કામ આવી.

પ્રાથમિક શિક્ષણ ગામમાં પુરુ કરી માધ્યમિક શિક્ષણ નવિન સર્વ વિદ્યાલય, વડનગરમાં લીધું, વિસનગરની પ્રસિધ્ધ એમ. એન.કોલેજમાં ગ્રેજ્યુએટ થયા. ત્યાં ગુજરાતીના પ્રાધ્યાપક જીતેન્દ્રભાઈ દવેથી ખૂબજ પ્રભાવિત થયેલા. ત્યાર બાદ પિલવાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. આચાર્ય છ.કા.પટેલ પ્રતિભાશાળી હતા. તેમના હાથનીચે કામ કરવાની મજા પડી. ત્યાં ગૃહપતિ તરીકે પણ સેવા આપી. ત્યાર પછી વડનગર બી.એન હાઈસ્કૂલમાં જોડાયા. શિક્ષકના વ્યવસાયમાં બી.એડ. જરૂરી હોવાથી પોરબંદરમાં બી.એડ. કર્યું. ત્યાંના અનુભવ,આચાર્યશ્રીની શીખ પાછળથી ખૂબજ ઉપયોગી સિધ્ધ થઈ. પી.કે.ત્રિવેદી સાહેબનો પ્રભાવ તેમણે સતલાસણામાં

કામ લાગ્યો.

ઈ.સ. ૧૯૬૦માં કે.એમ.કોઠારી હાઈસ્કૂલ સતલાસણામાં આચાર્ય તરીકે જોડાયા. ઉબડ-ખાબડ રસ્તા, તારંગાની ટેકરીઓ ધૂળવાળી પગદંડી, ગામમાં પ્રવેશ કરતાં આ અનુભવ થયેલો. શરૂઆતથી જ કંઈક નવું કરવાની તમન્ના હતી. મંડળનો સાથ સહકાર હંમેશાં રહેતો. શરૂઆતમાં આશ્રમશાળાની જેમ તંબુશાળા શરૂ કરી કંતાનના કોથળા અને વાંસ માગી માગીને એકઠા કરી ગામની બહાર છાત્રાલય શરૂ કર્યું. એ જમાનામાં આવું અલગ પ્રકારનું છાત્રાલય સાકાર પામ્યું. જેમાં વિદ્યાર્થીઓ રાત્રે ફાનસના અજવાળામાં વાંચતા. અને અરવિંદભાઈ સતત તેમના પર દેખરેખ રાખતા. વિદ્યાર્થીઓનો પુરુષાર્થ અને અરવિંદભાઈની સતત દેખરેખ શિક્ષકોનો પણ પુરો સહકાર આ બધાને લીધે શાળાનું પરિણામ ઘણું જ ઊંચુ આવવા લાગ્યું, જોત જોતામાં આ શાળા જિલ્લામાં અને પછી તો ઉત્તરગુજરાત તથા ગુજરાત ભરમાં પ્રસિધ્ધિ પામી. ઘણા મા- બાપ તોફાની છોકરા હોય કે વારંવાર નાપાસ થતા હોય તેવા વિદ્યાર્થીઓને આ શાળામાં મૂકી જતા. અને અરવિંદભાઈ તેમને હીરાની જેમ ચમકાવી પાછા સોંપતા. આવા તો અનેક વિદ્યાર્થીઓ ત્યાંથી પાસ થઈ ઉંચી કારકીર્દિ બનાવી મોટા ડૉક્ટર, એન્જિનીયર, પ્રોફેસર કે શિક્ષકો બન્યાના ઉદાહરણ જોવા મળ્યા છે.

દિન પ્રતિદિન કે.એમ.કોઠારી હાઈસ્કૂલનું નામ રાજયમાં લોકમુખે ચર્ચાવા લાગ્યું. એનું શ્રેય શ્રી અરવિંદભાઈને આપવું રહ્યું. ધનવાન વ્યક્તિઓના વંઠેલ ફરજંદો અહીં ભણીને આદર્શ માનવી બન્યાના ઘણા દાખલા જોવા મળે છે. સતત ત્રીસ વર્ષ કામ કરી શાળાને ઉત્તમકોટિની શાળા બનાવી. આગલી હરોળમાં મૂકી શકાય એવી નમૂનેદાર શાળા બની.

શ્રી અરવિંદભાઈનાં પ્રાર્થના દરમિયાનનાં પ્રેરણાદાયી પ્રવચનો, સાહિત્યકારો, ઐતિહાસિક પાત્રો, ધાર્મિક પાત્રો, કે ચારિત્ર્યવાન પાત્રોના પ્રસંગો વિદ્યાર્થીઓને એમની છટાદાર વ્યક્તવ્યથી રજૂ કરતા, જે વિદ્યાર્થીઓમાં હૃદય સાંસરવી ઉતરી જતી. અરવિંદભાઈએ જે ખંત અને નિષ્ઠાથી કામ કર્યું જેના લીધે ગુજરાતના નામાંકિત આચાર્યોમાં તેમની ગણના થતી. સતલાસણા એટલે ગઢવાડા વિસ્તાર કહેવાય. કેટલાય લોકો અરવિંદભાઈને ગઢવાડાના ગાંધી કહેતા. શાળાને "અરવિંદ આશ્રમ" કહેતા. આવી પ્રસિધ્ધી કંઈ એકાએક મળતી નથી. ગુજરાતના અનેક નામાંકિત ડૉક્ટરો, એન્જિનીયરો, ઓફિસરો, પ્રોફેસરો, આચાર્યો, શિક્ષકો કે મોટા અધિકારીઓ બનવાનું શ્રેય શ્રી અરવિંદભાઈને જાય છે.

ઈ.સ. ૧૯૯૦ માં જયારે અરવિંદભાઈ નિવૃત્ત થયા તો મોટો મેળાવડો ભરાયેલો. દંતાલી આશ્રમના સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજી ઉપસ્થિત રહેલા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રૂા. ૧૧ લાખની થેલી સાહેબને અર્પણ કરેલી જે અદ્દભૂત કહી શકાય. જેમાં અરવિંદભાઈએ ૧૧ હજાર ઉમેરી સંસ્થાના વિકાસ માટે કેળવણી મંડળને અર્પણ કર્યા. કેળવણી મંડળે અરવિંદભાઈના નામે પ્રાથમિક શાળાનું નામકરણ કર્યું. અને તેમનાં ધર્મપત્ની શારદાબેનનું નામકરણ વારાહીગૃહ સાથે જોડયું.

વેદકાલિનૠષિની જેમ ગઢવાડા જેવા પછાત વિસ્તારમાં શિક્ષણની અદભૂત જયોત જગાવી અંધારાં ઉલેચવાનું ભગીરથ કાર્ય કરનારા શ્રી અરવિંદભાઈને લાખ લાખ વંદન...

શિક્ષણ જગતના મહાનસિતારા, ગઢવાડા વિસ્તારના ગાંધી મુરબ્બી અરવિંદભાઈ પટેલ તા. ૨૦-૮-૧૯૯૯ ના રોજ ટૂંકી માંદગીમાં આ દુનિયા છોડી પરમાત્માના પરમધામમાં લાંબા વિશ્રામ માટે પહોંચી ગયા. નખશીખ શિક્ષકનું બીજું નામ હતું-આચાર્યશ્રી અરવિંદભાઈ.

ગણપત વિદ્યાનગરના સ્થાપક

- શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ

શ્રી અનિલભાઈનો જન્મ ચાણસ્મા તાલુકાના લણવા ગામે તા. ૮-૩-૧૯૪૪ ના રોજ થયેલો. પિતા ત્રિભોવનદાસ અને માતા શાંતાબેન. ત્રિભોવનદાસ બાળપણથી જ નીડર અને સાહસિક હતા. સમાજસેવા અને સામાજિક દુષણો દૂર કરવા સમગ્ર ઉત્તરગુજરાતમાં સફળ ઝૂંબેશ ચલાવેલી. જેના પરિણામે અસામાજિક તત્વોને આંખના કણાની જેમ ખૂંચતા. અને માત્ર ૩૮ વર્ષની વયે આ તત્વોએ તેમનું ખૂન કરેલું. વિનોબા ભાવેની ભૂદાન પ્રવૃત્તિમાં તેઓએ યોગદાન આપેલું.

માતા શાંતાબેન વિધવા થયાં પણ હિંમત રાખી પાંચ બાળકોને ઉછેળવાની જવાબદારી સફળતા પૂર્વક નિભાવી. ખેતી અને પશુપાલન કરી બાળકોને ભણાવ્યા, સારા સંસ્કારો આપ્યા. અને સારા નાગરિક બનાવ્યા.

શારદાબેન તેમનાં ધર્મપત્ની. તેઓ પણ સમાજ સેવાના સંસ્કાર પામેલા પરિવારમાંથી આવેલાં જેથી અનિલભાઈને પૂરો સાથ સહકાર આપ્યો. અમદાવાદ ધરતી વિકાસ મંડળમાં તેમનું કાર્ય નોંધપાત્ર રહેલું છે. આજે પણ તેઓ સક્રિય રહી સમાજસેવાનું કાર્ય કરે છે. તેમના બંને પુત્રો આસિતભાઈ અને આનંદભાઈ એન્જિનિયર થઈ પિતાનો એપોલો ગ્રુપનો બિઝનેસ સંભાળે છે. શ્રીમતી શારદાબેન તાજેતરમાં જ ૨૦૧૯ની લોકસભામાં મહેસાણાના સંસદ તરીકે ચૂંટાયા.

શ્રી અનિલભાઈનું પ્રાથમિક શિક્ષણ લણવા અને માધ્યમિક શિક્ષણ કડી સર્વ વિદ્યાલયમાં સંપન્ન થયું. બિરલા વિશ્વ વિદ્યાલય વિદ્યાનગરથી એન્જિનિયર બની માસ્ટર ડીગ્રી અમેરિકામાં મેળવી. ત્યાં વ્યવસાય અને સિટિઝનશીપ મળવા છતાં વતન પ્રેમથી આકર્ષાઈ મહેસાણામાં ઉદ્યોગ સાહસિક તરીકે કારકિર્દીની શરૂઆત કરી.

પિતાશ્રી ત્રિભોવનદાસના સમાજસેવાના વિચારોથી તેઓ ખૂબજ પ્રભાવિત હતા. સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા હંમેશાં તત્પર રહેતા. આથી ઉદ્યોગની સાથે સાથે સમાજ સેવાના કાર્યો કરતા રહ્યા. મહેસાણામાં સરદાર વિદ્યાભવનના ટ્રસ્ટ દ્વારા કોલેજ સંકૂલનો વિકાસ અને મહેસાણા ડિસ્ટ્રિકટ એજયુકેશન ફાઉન્ડેશન દ્વારા

ગણપતવિદ્યાનગર, ગણપત યુનિવર્સિટીનો વિકાસ કર્યો જીવન પર્યંત તેઓ આ સંસ્થાના ચેરમેન રહ્યા.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયે, તેઓશ્રીને ' વિદ્યારત્ન' એવોર્ડ આવી સન્માનેલા.

સફળ ઉદ્યોગ સાહસિક તરીકે પંડિત દીનધ્યાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા તેમનું વિશેષ સન્માન થયેલું. ઈન્ડો યુ.એસ . ફાઉન્ડેશન દ્વારા એમિનેન્ટ એજ્યુકેશનિસ્ટ એવોર્ડ ૨૦૧૬માં મળેલો.

શ્રી અનિલભાઈએ સ્થાપેલ એપોલો ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં માર્ગદર્શનની ભૂમિકા નિભાવતા. બાકીનો સમય તેઓ શિક્ષણ અને સમાજમાટે ફાળવતા. આજે ગણપત યુનિવર્સિટીમાં ૧૦૦૦૦થીએ વધુ વિદ્યાર્થીઓ વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરે છે. આ સંખ્યા ૨૫૦૦૦ વિદ્યાર્થીઓને આંબી જશે તેવું લક્ષ્ય છે. ૩૩ વર્ષની નાની વયે ઉદ્યોગ સાહસિક તરીકે સફળતા મેળવ્યા બાદ શિક્ષણક્ષેત્રે સેવા-યાત્રાનો પ્રારંભ કર્યો. આ તેમના જીવનનો મહત્વનો વળાંક હતો.

ગણપત યુનિ. માં હાલ ૧૯ જેટલાં ઈન્સ્ટિટ્યૂટ ચાલે છે. ૩૦૦ એકર જમીનમાં ૫૦૦૦૦ થી વધુ વૃક્ષોથી આચ્છાદિત હરિયાળું પરિસર છે. જેમાં બે બેંક, પોસ્ટ ઓફિસ, કેમ્પસનો પોતાનો પીનકોડ નંબર હોસ્ટેલો, સ્ટાફ કવાર્ટર્સ, જીમ, કિલનિક, શોપિંગ, રમત-ગમતના મેદાનોથી સુસજ્જ છે.

રાજકીય રીતે પણ મુ. અનિલભાઈ ખૂબજ સફળ રહ્યા છે. મહેસાણામાંથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયા અને ઉદ્યોગમંત્રી તરીકે સફળ કામગીરી કરી. ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝામાં સતત પ્રવૃત્તિશીલ રહ્યા. માનનીય કેશુભાઈ શેઠનું અવસાન થતાં સંસ્થાના પ્રમુખ તરીકે સુંદર કામગીરી નિભાવી. બહુમુખી પ્રતિભા ધરાવનાર માનનીય અનિલભાઈ પટેલ નું ટૂંકી માંદગી બાદ તા. ૮-૨-૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયું અને પરમાત્માના ધામમાં ગયા.

તેમના જીવનમાં કંઈક શીખવાની, જાણવાની અને વૈચારિક આદાન પ્રદાન કરવાની ખેવના વિશેષ હતી. ગણપત યુનિ. નું વિશાળ પાવન સ્થળ અને અમેરિકા તેમની પસંદગીનાં ક્ષેત્રો હતાં. ગુજરાત સરકારે ગણપત વિદ્યાનગરને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો. એ એમના જીવનનો યાદગાર પ્રસંગ હતો.

મિત્રો અને સાથી કાર્યકરો સાથેની ચર્ચા-ગોષ્ઠિ તેમનાં યાદગાર સંભારણાં હતા. આવા કર્મનિષ્ઠ, પ્રામાણિક, ઋજુસ્વભાવના અનિલભાઈને લાખ લાખ અભિનંદન....

તાજેતરમાં જ તેમનાં ધર્મપત્ની શારદાબેન ૨૦૧૯ની લોકસભામાં મહેસાણા સીટ પર વિજયી બન્યાં અને અનિલભાઈના પગલે સત્તા સાથે સેવા કાર્યમાં જોડાયાં.

મા 'ઉમા'ના અનન્ય ભક્ત

શ્રી મણિભાઈ 'મમ્મી'

જગત જનની કુળદેવી મા ઉમિયા માતાજી સંસ્થાના ઊંઝાના વર્તમાન પ્રમુખશ્રી અને ૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ ના કન્વીનર માનનીય શ્રી મણિભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમ્મી) નો સાચો અને સંપૂર્ણ પરિચય આપવા બેસીએ તો એક મોટો ગ્રંથ આકાર પામે. પરંતુ અત્રે ગાગરમાં સાગરની જેમ તેઓશ્રીનો જીવન પરિચય આપવાનું સદકાર્ય કરું છું. જેને મારું સદ્દભાગ્ય માનું છું. અને ગૌરવ અનુભવું છું.

આર. કે. પટેલ

"જો મને સરદાર ન મળ્યા હોત તો જે કામ રાષ્ટ્ર માટે થયું તે ન થયું હોત" એમ પૂ. મહાત્મા ગાંધીજી કહેતા. એજ રીતે પૂ. સ્વ. શેઠ કેશુભાઈ કહેતા કે મુ. મણિભાઈના સાથ, સહકારથી જ ઉમિયા માતાજીનું અદ્દભૂત કાર્ય થઈ શક્યું.

મારા હૃદય સાગરમાં બે વ્યક્તિઓનું વિશેષ સ્થાન છે. એમાં શેઠશ્રી કેશુભાઈ અને મણિભાઈ (મમ્મી) છે. હું સ્પષ્ટ પણે માનું છું. કે પાટીદાર સમાજની જાગૃતિ માટે મણિભાઈ મમ્મીના પ્રવચનોએ ગતિ આપી છે. મા ઉમાના ગુણગાન ગાતા, પાટીદારોની ઐતિહાસિક ભૂમિકા, પાટીદારોની ખાસિયતો અને ખૂબીઓ દર્શાવતા. આખું જીવન જેને માત્ર મા ઉમિયાને ચરણે ધરી દીધું છે. જ્ઞાતિવાદથી દૂર રહ્યા છે. વાદવિવાદની પર રહ્યા છે. હનુમાનની ભક્તિની જેમ, વ્યાસની કલમ અને સરદારની વાણીની જેમ કરી બતાવ્યું છે.

ડૉ. મફતલાલ પટેલ

આદરણીય મણિભાઈ પટેલ ' મમ્મી ' એ ફકત ઊંઝાનું જ નહીં પરંતુ, સમગ્ર પાટીદાર સમાજનું ગૌરવ છે. તેમનું સમગ્ર જીવન સમાજ અને લોકોપયોગી કાર્યોથી વ્યસ્ત રહેલું છે. તેમની કોઠાસૂઝ, દીર્ઘદ્રષ્ટિ, સૌને સાથે રાખીને નિર્ણય લઈ કામ કરવાની આવડત અને કુનેહને લીધે આદરણીય સ્થાન પામ્યા છે. ૧૮મી શતાબ્દી મહોત્સવના ઐતિહાસિક આયોજનમાં શ્રી મણિભાઈ (મમ્મીકાકાની) ભૂમિકા કયારેય ભૂલી શકાય તેવી નથી. પ્રોજેકટ ચેરમેન ૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં શ્રી મહેન્દ્ર એસ.પટેલ, શ્રી વિક્રમભાઈ પટેલ પૂર્વ મંત્રી, ઉમિયા માતાજી સંસ્થાન, શ્રી અનિલભાઈ પટેલ પૂર્વ પ્રમુખ ઉમિયા માતાજી સંસ્થાન, શ્રી નારાયણભાઈ પટેલ

પૂર્વ પ્રમુખ, તથા પૂર્વ મંત્રીશ્રી પ્રહલાદભાઈ જે. પટેલ તથા તત્કાલિન સાથી મિત્રો મણિભાઈ ઘંટી, સીતારામભાઈ, નાથુભાઈ અને ઓધવજી બાપા (મોરબી) મણિભાઈને મા ઉમિયાના સમર્પિત સેવક માને છે. અને સૌના પ્રેરણાસ્રોત માને છે.

શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલ

શ્રી મણિભાઈનો જન્મ તા. ૧૩-૧૦-૧૯૩૩ પિતા ઈશ્વરભાઈ અને માતા અમથીબાના પરિવારમાં થયેલો. પિતાશ્રીએ ઊંઝા ગામમાં મુખી (પટેલ) તરીકે સેવાઓ આપેલી. માતા-પિતાના ધાર્મિક સંસ્કારો મણિભાઈને બાળપણથી મળેલા. તેઓ પાંચ ભાઈઓ જેમાં મોટાભાઈ મફતલાલ આઈ.એસ.ઓફીસર હતા. તો એક ભાઈ પ્રોફેસર અને બે ભાઈઓ માહિતી ખાતામાં અધિકારી હતા. મણીભાઈના લગ્ન લાડોલ થયેલા. ધર્મપત્ની રમાબેન ધાર્મિકવૃત્તિ વાળા પ્રેમાળ અને સરળ સ્વભાવના. સાચા અર્થમાં મણિભાઈના દરેક કાર્યોમાં હૂંફ અને પ્રેરણા આપતાં રહ્યાં.

મણિભાઈના પરિવારમાં બે દીકરામોટા કિરીટભાઈ પ્રોફેસર છે. જયારે નાના જયદીપભાઈ ઊંઝામાં સ્વતંત્ર વ્યવસાય સાથે જોડાયેલા છે.

મણિભાઈનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન ઊંઝામાં જ થયેલું. કોલેજ શિક્ષણથી વંચિત રહેલા. અને યુવાન વયે જ ખેતીવાડીની સાથે સાથે ફર્ટિલાઈઝર, દવાઓ અને બિરાયણનો વ્યવસાય સંભાળેલો.

મા ઉમિયાની સેવામાં સમર્પિત થયા એ પહેલાં તેઓશ્રી વિનોબા ભાવેની ભૂદાન પ્રવૃત્તિ સાથે જોડાયેલા. આજીવન ખાદીધારી રહેવા માટે ભૂદાન પ્રવૃત્તિને આભારી ગણાવે છે. ગાંધી વિચારોથી પણ રંગાયેલા મણિભાઈ સેવાદળની પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલા હતા. પૂર્વ મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલ સાથે તેમના સારા સંબંધો હતા. ગુજરાત એગ્રોના ડિરેકટર તરીકે પણ સેવા આપેલી છે. અત્યારે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. આજે ૮૬ વર્ષની ઉંમરે પણ સામાજીક, શૈક્ષણિક અને ધાર્મિક કાર્યોમાં દોડતા રહ્યા છે. શરીર ભલે સાથ આપવા મજબૂર હોય પણ હસતા મુખે કાર્યરત રહ્યા છે.

માનનીય મણિભાઈએ ઉમિયા માતાજી સંસ્થાન સાથે જોડાયા પછી ત્રણ મહત્વપૂર્ણ મોટા કામ કર્યા છે. જેને આપણે કયારેય ભૂલી ન શકીએ. પ્રથમ કાર્ય ૧૮ મી શતાબ્દી મહોત્સવ, બીજું કાર્ય મા ઉમિયાનો જયોતિરથ અને ત્રીજુ કાર્ય ૧૮ મી શતાબ્દી રજતજયંતિ મહોત્સવ. તે સિવાય ઉત્કર્ષ નીધિ અને ૧૮ મી શતાબ્દી રજતજયંતિ સ્મૃતિગ્રંથ ગણી શકાય.

મણિભાઈ પોતાની જાતને મા ઉમિયાનો ભક્ત માનતા. તેઓ દૃઢ પણે માનતા કે હું જે કંઈ કરી શકયો છું તે ફકત ને ફકત મા ઉમિયાની કૃપા અને આશીર્વાદથી શકય બન્યું છે. તેઓ જીવનમાં વ્યક્તિ પૂજાથી દૂર રહ્યા છે. મેં જાગતા-ઊંઘતા, ખાતાં-પીતાં, સમાજ માટે મા ઉમિયાના આશીર્વાદથી શું થઈ શકે તેનું ચિંતન કર્યું છે એમ સ્પષ્ટ પણે માનતા.

★ ૧૮ મી શતાબ્દી મહોત્સવ :

માધાવતીના કુર્મિરાજા વ્રજપાલજી માતૃશ્રાધ્ધ માટે સિધ્ધપુર આવેલા. ત્યારે અને ઊંઝામાં સંવત ૨૧૨માં માતાજીના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરેલી. એ દંતકથાને આધારરૂપ માની ઉમિયા માતાજીને ૧૮ મી સદી ચાલે છે. તેમ સ્વીકારી ૧૮ મી શતાબ્દી મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો. તા. ૨૫-૧૧-૧૯૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. જેમાં ૧૬ થી ૧૮ લાખ માતાજીના ભકતોએ દર્શનનો લાભ લીધો. જમવાની ઉત્તમ વ્યવસ્થા અદ્દભૂત રીતે કરવાનું શ્રેય ઊંઝાના પાટીદાર ભાઈઓને આપી શકાય. તન-મન-ધનથી મહોત્સવને લોકોએ માણ્યો. અને બોલી ઊઠતા કે " ન ભૂતો ન ભવિષ્યતિ " દેશ-વિદેશથી જાણે કે મોટો માનવ મહેરામણ સાગરની જેમ ઉમટયો.

આ મહોત્સવની દૂરગામી અસરો સમાજજીવન ઉપર વર્ષો સુધી રહે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજય મણિભાઈના મતે આ મહોત્સવ સમગ્ર પાટીદારોના ઉત્કર્ષ માટે ટર્નીંગ પોઈન્ટ બન્યો. સમાજમાં જાગૃતિ અને ચેતના આવી, સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગૃત થઈ. નવીન પેઢી શ્રી ઉમિયા માતાજી અમારી કુળદેવી છે તેવું ભૂલવાની અણી ઉપર હતી તેવા સમયે આ મહોત્સવથી સમગ્ર સમાજ મા ઉમિયા મય બન્યો. મણિભાઈ તે સમયે ૪૩ વર્ષના હતા. અને સંસ્થાના ખજાનચીપદે હતા. તે વખતનો તેમનો ઉત્સાહ, ઉમંગ અને તરવરાટ અદમ્ય હતો.

આ મહોત્સવની સફળતાથી પ્રેરાઈને બધાને એમ લાગ્યું કે સમગ્ર પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરી સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને ધાર્મિક વિકાસ કરવા આયોજન કરવાનો નિર્ણય લીધો. શેઠશ્રી કેશુભાઈની દીર્ઘદ્રષ્ટિથી સમગ્ર ટીમે નિર્ણય કર્યો કે સમાજને ઢંઢોળવા જાગૃતિ અને ચેતના લાવવા સંમેલનો, શિબીરો, સેમિનારો, પરિષદો, સમાજયાત્રાઓ અને ચિંતન શિબિરો કરવી. સમાજમાં ભાઈ ચારો વધે અને નિર્વસની બનાવવા આપણે

સૌએ ભગીરથ પ્રયત્ન કરવો રહ્યો એવો સર્વ સ્વીકૃત નિર્ણય કર્યો.

★ જયોતિરથ :

મા ઉમિયાની કૃપાથીજ જયોતિરથ બનાવવા પ્રેરણા મળી. મધ્યપ્રદેશના કરોંદિયા ગામે નવિન નિર્માણ પામેલ ઉમિયા માતાજીના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ હતો. જેમાં ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારોને નિમંત્રણ હતું. જેમાં કેશુભાઈ શેઠ, મણિભાઈ મમ્મી, વિક્રમભાઈ વગેરે કાર્યકરો ત્યાં ગયા હતા. માતાજીની જયોત એક નાના રથમાં ફેરવી એનાથી મધ્યપ્રદેશમાં પાટીદારોમાં એકતા અને જાગૃતિ તથા ભાઈચારાની ભાવના પેદા થઈ.

કરોંદિયા મંદિરના આ નાના રથે આપણા જયોતિરથની પ્રેરણા કરી. શ્રી મણિભાઈ મમ્મીએ ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિને પરિપૂર્ણ કરવા કડવા પાટીદારોના ગામે ગામ આવો ભવ્ય જયોતિરથ બનાવી ફેરવવાનો વિચાર રજૂ કર્યો. ચર્ચા વિચારણાને અંતે સૌએ સ્વીકૃતિ આપી. અને કરોંદિયા ગામે જ બનાવવા સંમતિ આપી. આ જયોતિરથ અદ્દભૂત બન્યો. તા. ૨૩-૧૦-૧૯૯૭ ના દિવસે, ઊંઝા રથના આગમન સમયે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ માટે જયોતિરથ પાટીદારોના ગામે ગામ ફર્યો. મા ઉમિયા સાક્ષાત સામેથી દર્શન આપવા આવ્યાં હોય એવું લાગતું. ગુજરાતના તમામ જિલ્લાઓમાં રથ ફર્યો. જયાં જયાં રથ જાય ત્યાં એનું ભવ્ય સ્વાગત થતું. ગુજરાતના ૩૫૦૦ ગામે રથની પરિક્રમા થઈ. ત્યાર પછી રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પણ રથ ગયો. જેનું સંપૂર્ણ સંચાલન શ્રી મણિભાઈ મમ્મીએ સંભાળ્યું. રાત્રિ રોકાણ થતું ત્યાં રાત્રે રાસ ગરબા, ડાયરા, ધર્મસભાનું આયોજન થતું. મા ઉમિયાની સમક્ષ વડીલો, યુવાનો અને બહેનો વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લેતાં.

જયોતિરથના માધ્યમથી પાટીદાર સમાજના વિકાસ માટે ઉત્કર્ષ નિધિનો ૧૦૦ કરોડનો સંકલ્પ હતો. તે પરિપૂર્ણ કરી તેનો ઉપયોગ પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે કરવાનો હતો. શ્રી મણિભાઈ મમ્મી આ રથના કન્વીનર હતા. લાખો કિલોમીટરની યાત્રા કરી અનેક સંમેલનો કર્યા. એક હજારથી પણ વધુ પ્રવચનો મુ. મણિભાઈ એ કર્યા. એમાં એમને પાટીદાર સમાજની વેદના વ્યકત કરી છે. પાટીદાર સમાજની જાગૃતિ અને વિકાસ માટેના પ્રયત્નો સતત કરતા રહ્યા.

ખાસ કરીને મણિભાઈ દરેકને સમૂહલગ્નોમાં જોડાવા માટે આગ્રહ કરતા. સમૂહલગ્નોના ફાયદા બનાવતા અને બચત થયેલા, પૈસા બાળકોના શિક્ષણ અને

ધંધા પાછળ વાપરવા વિનંતી કરતા. સાથે સાથે બાળકો વ્યસન તરફ ન વળે તેની તકેદારી રાખવા દરેકને પ્રોત્સાહિત કરતા. વિશેષતો પાટીદારોને આગ્રહપૂર્વક અને નમ્રતા પૂર્વક આજીજી કરતા કે ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ જમીન તો વેચતા નહિ. જમીન તો આપણી મા કહેવાય. મણિભાઈ પ્રામાણિક પણે માનતા કે આપણા પાટીદાર સમાજે છેલ્લા ૪૫ વર્ષમાં જે પ્રગતિ અને વિકાસ કર્યો છે. એવો વિકાસ અને પ્રગતિ દુનિયાની કોઈ પ્રજાએ નથી કર્યો. જો આપણે બધા મા ઉમિયાને આગળ લઈને ચાલીશું અને એક સંગઠિત સમાજ થઈને સહિયારો પ્રયત્ન કરીશું તો વિશ્વમાં આપણી એક આગવી ઓળખ ઉભી કરી વિશ્વની શ્રેષ્ઠ પ્રજા તરીકે નામના મેળવીશું.

મણિભાઈ મમ્મી એ બાબતથી ખૂબજ દુઃખી હતા. પાટીદાર યુવાન વ્યસની હોય, ચોરી, લૂંટફાટ કરે, મારા મારી કે ગૂંડાગર્દીમાં સંડોવાયેલો હોય તેની વેદના મુ. કેશુભાઈ અને મણિભાઈ ખૂબ જ અનુભવતા. ૨૧મી સદીને અનુરૂપ શિક્ષણ તરફ વળવા આગ્રહ કરતા. આપણાં પોતાનાં શૈક્ષણિક સંકૂલો ઉભા થાય. અને ત્યાં હોસ્ટેલમાં પુરી સગવડતાઓ આપી આપણા યુવાનોને શિક્ષિત કરવા વિશેષ ધ્યાન આપવા પ્રયત્નશીલ રહેતા. જેના પરિણામ રૂપે ગણપત વિદ્યાનગર, એસ.કે.યુનિવર્સીટી, સોલા ઉમિયા કેમ્પસ અતિત્વમાં આવ્યાં છે.

છેલ્લા પચાસ વર્ષથી આદરણીય મણિભાઈ એકધાર્યું સતત કામ કરતા રહ્યા છે. આ સમય દરમિયાન મા ઉમિયાની કૃપાથી તેમની તંદુરસ્તી જળવાઈ રહી છે. ક્યારેય તેમણે થાક, કંટાળો અનુભવ્યો નથી. કોઈના તરફ ઈર્ષા કે દ્વેષ તેમને સ્પર્શો નથી. મા ઉમિયાના માધ્યમદ્વારા સમાજ માટે સાચા ભેખધારી સન્યાસી બન્યા છે. સમગ્ર પાટીદાર સમાજ તેમનો હંમેશ માટે ઋણી રહેશે. તેમના સમાજ સેવાના ઉત્તમ કાર્ય બદલ જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા પડે. મા ઉમિયા એમને તંદુરસ્તી બક્ષે અને હજુ પણ સેવા કરતા રહે એવી પ્રાર્થના.

★ ૧૮ શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ :

૧૮ મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩ ના માગશર સુદ-૪ થી માગશર સુદ-૮ તા. ૨૫-૧૧-૧૯૭૬ થી ૨૯-૧૧-૧૯૭૬ દરમિયાન ઉજવવામાં આવેલો બરાબર ૩૩ વર્ષ પછી સંવત ૨૦૬૬ માગશર સુદ-૧૧ થી માગશર સુદ-૧૫ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી ૨-૧૨-૨૦૦૯ દરમિયાન રજત જયંતિ મહોત્સવ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો. અને મહોત્સવના કન્વીનર તરીકે શ્રી મણિભાઈ મમ્મીની પસંદગી સર્વાનુમને કરવામાં આવી. આ સમયે મણિભાઈની ઉંમર-૭૬ વર્ષની હતી.

પરંતુ એક યુવાનને છાજે એ રીતનો ઉમંગ, ઉત્સાહ અને તરવરાટ મણિભાઈમાં જોવા મળ્યો. થાક કંટાળો તેમનાથી જોજનો દૂર રહ્યો. જેને લીધે આવું અદભુત અને અવિસ્મરણીય કાર્ય કરી શક્યા.

મહોત્સવના આયોજનનાં વિવિધ પાસાં અંગે મનોમંથન કર્યું. અને ઊંઝા શહેરની બહાર હાઈવે ઉપર એક વિશાળ જગ્યામાં આયોજન થાય તેવો નિર્ણય કર્યો. ૫૦૦ એકર જમીન ખેડૂતોએ વળતર વિના આપી. દેશ વિદેશથી ૫૫ લાખથી પણ વધુ ઉમિયા ભક્તો આવ્યા. અંદાજે ૨૫ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ વિના મૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લીધો.

વિવિધ પ્રકારના પ્રદર્શનો ગોઠવી કિસાનો, યુવાનો, બહેનો, બાળકો માટેની અદભૂત વ્યવસ્થા ઉભી કરેલી. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી વિકાસ અને પ્રગતિ કઈ રીતે થાય તેનું વિસ્તૃત માર્ગદર્શન મળતું. ઊંઝાનગરના યુવાન સ્વયં સેવકો, ઊંઝા માર્કેટ યાર્ડ અને અન્ય જ્ઞાતિજનો એ ખૂબ સારો સહકાર આપ્યો. ' કડવો ત્યાં કંકોત્રી ' માં કંકુ, અક્ષત અને માતાજીનું યંત્ર પત્રિકામાં આપી. તમામ પાટીદારોને ભાવભીનું માનું તેડું આપવવામાં આવ્યું. અનેક દાતાશ્રી ભામાશાઓએ કરોડો રૂપિયાનું દાન આપ્યું. શ્રી મણિભાઈ મમ્મીની સમગ્ર ટીમ પાંચ દિવસ ખડે પડે ઉભી રહી. ઊંઘ કે થાક જોયા વિના મા નો અવસર સફળ થાય તે માટે તનતોડ મહેનત કરી. એના પરિણામે ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ ખૂબ જ સફળ રહ્યો.

★ ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવ સ્મૃતિગ્રંથ :

આ સ્મૃતિગંથના લેખક અને સંપાદક એવા માનનીય મણિભાઈ મમ્મી પોતે એકરાર કરે છે કે હું કોઈ લેખક નથી, કવિ નથી કે નથી સાહિત્યકાર. હું છું તો કેવળ મા ઉમિયાનો ભકત. નિષ્ઠા અને પ્રામાણિકતાથી આ ગ્રંથ તૈયાર કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ ૧૮ મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ એક યાગદાર દીર્ઘકાલીન સંભાળણું બની ગ્રંથ રૂપે સચવાઈ રહે તે માટેનો આ એક નમ્ર પ્રયાસ છે.

આ ગ્રંથના માધ્યમથી પૂ. મણિભાઈ સૌની સાથે જોડાયેલા છે. તેઓ પોતાનું સદભાગ્ય માને છે. ઊંડે ઊંડે પડેલા સંસ્કારો અને મા ઉમિયા પ્રત્યેનો ભક્તિભાવ અને શ્રધ્ધા પ્રગટ કરવાનો અણમોલ અવસર મળ્યો છે. મણિભાઈ માનતા કે છેલ્લા પચાસ વર્ષથી મા ઉમિયાના સાનિધ્યમાં શેઠશ્રી કેશુભાઈની છત્ર છાયામાં સંસ્થાની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહ્યો. પદ-પ્રતિષ્ઠા કે માન સન્માનથી પર રહ્યો. કોઈ પણ જાતની અપેક્ષા વિના કામગીરી કરી માનો ભક્તિભાવ વધારવા અને સમાજને સંગઠિત કરવાના

પ્રયત્નો કરતો રહ્યો. આ સેવા કાર્યથી મને સાચી તૃપ્તિ થઈ છે.

આ મહોત્સવની કાયમી યાદગીરી રહે અને આવનાર પેઢી જ્યારે સૂવર્ણજયંતી મહોત્સવ યોજે ત્યારે તેમને માર્ગદર્શન અને પ્રેરણા મળી રહે તેવો ઐતિહાસિક ગ્રંથ બનાવવા વિચાર્યું હતું. કેટલાક સારા લેખકો, મિત્રો, વિવિધ કમિટિઓના હોદ્દેદારોના સાથ-સહકારથી ખૂબ જ મનોમંથનના અંતે આ ઐતિહાસિક ગ્રંથ તૈયાર થયો છે.

આ સ્મૃતિગ્રંથ સંપૂર્ણ આધુનિક શિલ્પ કલાથી, વિવિધ ઘટનાઓના ફોટા મૂકી, લાડીને શણગારીએ તેનાથી પણ વધારે સુશોભિત બનાવીને પ્રગટ કર્યો છે. જોવો અને વાંચવો ગમે તેવો સુંદર બન્યો છે. મહોત્સવના તમામ પાસાઓને આવરી લઈ સુંદર કલાત્મક અને હૃદયસ્પર્શી લેખોથી મન પ્રફુલ્લિત થઈ જાય તેવો છે.

આ ગ્રંથ ખરેખર એક ઐતિહાસિક પુરાવા સમાન છે. ભાવિ પેઢીતે નવું માર્ગદર્શન આપશે. સમાજનું પરિવર્તન ક્યારે કેવી રીતે થાય છે. તેનું જીવંત ઉદાહરણ આ ગ્રંથ છે. અનેક લોકોનો સાથ-સહકાર લઈ આ ઉત્તમગ્રંથનું સર્જન કર્યું છે. આ માટે સમગ્ર પાટીદાર સમાજના તેઓ અભિનંદનના અધિકારી બન્યા છે. મા ઉમિયાના આશીર્વાદ સૌના ઉપર રહે, સૌ નિરામય અને સુખી રહે એ ભાવ સાથે મા ઉમિયાના ચરણોમાં પ્રાર્થના....

અત્યારે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ સ્થાને જવાબદારી વહન કરી રહ્યાં છે. ઢળતી ઉંમર અને આંખની તકલીફ હોવા છતાં ઉત્સાહથી કાર્ય કરે છે. જેમાં સાથી કાર્યકરો મંત્રીશ્રી દિલીપભાઈ, પ્રહલાદભાઈ અને અન્ય હોદ્દેદારો પૂરો સહકાર આપી રહ્યાં છે.

તેમની મહેચ્છાથી મા ઉમિયાના 'લક્ષચંડી મહાયજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮ મી શતાબ્દી રજતજયંતી મહોત્સવને દસ વર્ષ પૂર્ણ થતાં માતાજી પ્રત્યે ધાર્મિક શ્રધ્ધા અને ભક્તિભાવમાં વધારો થાય તથા નવી પેઢી ધાર્મિક ભાવનાથી જોડાયેલી રહે તેવા શુભ આશયથી તા. ૧૮-૧૨-૨૦૧૯ થી ૨૨-૧૨-૨૦૧૯ સુધીનું આયોજન કરવામાં આવ્યું છે. આપણે બધા સાથે મળી સંપ, સહકાર અને સંગઠનથી 'લક્ષચંડી મહાયજ્ઞ' સફળ બનાવીએ.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી

બુધ્ધિસાગર એતો સાધુ જીવનનું નામ છે. તેઓ યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાન દિવાકર તથા શાસ્ત્ર વિશારદ હતા. તેઓશ્રીમાં કવિનો પ્રાણ હતો. એમની વકતૃત્વકલા અદભૂત હતી. તેઓ એક સારા વકતા, તજજ્ઞ, લેખક, વિદ્વાન, યોગી, અવધૂત અને એકલવીર મહાત્મા અને સાચા અર્થમાં બુધ્ધિ-સાગર હતા. - જયભિખ્ખુ

બુધ્ધિસાગર સુરિશ્વરજી એતો એમનું સાધુત્વ નામ હતું. બહેચરદાસ એ તેમનું સાંસારિક નામ હતું. મહેસાણા જિલ્લાનું વિજાપુર તેમનું વતન. સાબરમતી નદીથી બે કોશ દૂર તેમનો જન્મ પણ એક દૈવી ઘટના સમાન હતો. સંવત ૧૯૩૦ ના મહા વદ અમાસ અર્થાત્ શિવરાત્રિના દિવસે રાત્રે ૧૨ વાગે પિતા શિવાભાઈ પટેલ અને માતા અંબાબાઈના ખોરડે જન્મ થયો. પિતા ખેડૂત પરિવારના હતા. છતાં ભક્તિભાવ અને દયા, ઉદારતા તેમની રગે રગમાં હતી. ગરીબોને મદદ કરવામાં જરૂરી ચીજ વસ્તુ આપવામાં આ ખેડૂત દંપતિ તત્પર રહેતાં.

એક બપોરે શિવદાસનું કુટુંબ ખેતમાં કામ કરતું હતું. ત્યાં એક ઘટના બની. ઝાડની ડાળી પર બાળક બહેચરનું પારણું સાડલો બાંધીને કરેલું. માતાનું ધ્યાન અચાનક પારણા તરફ ગયું તો ત્યાં એક કાળોતરો સર્પ લટકતો જોયો. માના હૈયામાંથી ચીસ પડી ગઈ. તેમણે મા બહુચરની બાધા રાખી. નાગ જતો રહ્યો. આ ઘટનાથી પ્રભાવિત માતાએ બાળકનું નામ બહેચર રાખ્યું.

બહેચરદાસને બાળપણથી જ સાહિત્યના અપરોક્ષ સંસ્કાર મળ્યાં હતા. સાધુ, સંતો, ફકીરો અને બાવાઓ ઘરે આવતા. ભજનિકો અને માણભટ્ટો આવી ઉપદેશ આપતા. જેની અસર બાળક બહેચર પર વિશેષ પડી. બાળક બહેચરને જોઈ કોઈ સાધુએ કહેલું કે તમારો આ બાળક મોટો મહાત્મા બનશે.

બહેચરદાસનું શાળાજીવન લાંબુ નથી. ફકત ધો.૭ સુધીનું છે. પરંતુ તેઓ તેજસ્વી હતા. હંમેશાં પ્રથમ નંબરે રહેતા. બાળપણથી જ પિતા સાથે ખેતરમાં જતા અને મદદ કરતા. શાળામાં ડાહ્યાભાઈ તેમના સહાધ્યાયી હતા. તેઓ જૈન હતા. તેમના સહકારથી સરસ્વતિનો મંત્ર મળેલો. બાળપણથી વાંચન પ્રત્યે વધુ રસ હતો. જેને લીધે મહત્વાકાંક્ષા જાગૃત બની. હું, પણ કવિતા ના લખી શકું ? મારે વિદ્વાન થવું છે. આવી વાત મિત્રોને પણ કરતા.

બહેચરદાસ બાળપણથી જ હિંમતવાન અને નીડર હતા. બાળપણના કેટલાક

પ્રસંગો એમની સાક્ષી પુરે છે. ભૂતપ્રેત, ડાકણ, અંધશ્રધ્ધા, વહેમ, કુરિવાજોના તેઓ વિરોધી હતા. તેમને મિત્રો સાથે યુવા ટોળી બનાવી અને તેનો વિરોધ પણ કરતા. રાત્રે સ્મશાનમાં જઈ ડરપોક લોકોને સમજાવતા કે અહીં તો કશું જ નથી. માણસના મનની નબળાઈ જ તમને ડરાવે છે.

એવામાં એકવાર રવિસાગર મહારાજના સંપર્કમાં આવ્યા. તેમણે અહિંસાનો મર્મ સમજાવ્યો. બેચરદાસને કહ્યું તારી શક્તિ અને બુધ્ધિનો ઉપયોગ લોક કલ્યાણ અને આત્મ કલ્યાણ માટે કરવા ઉપદેશ આપ્યો. આજ સાધુ તેમના દીક્ષા ગુરુ બન્યા. અને જૈન ધર્મના સંસ્કાર તેમને પ્રાપ્ત થયા. નવકાર મંત્રથી ધાર્મિક અભ્યાસની શરૂઆત કરી. ટૂંકા ગાળામાંજ જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો. જૈનધર્મ સ્વીકારતાં કંદ મૂળનો ત્યાગ કર્યો. રાત્રિ ભોજનનો પણ ત્યાગ કર્યો.

ઉદામહેતાએ જેમ ચંગદેવને હેમચંદ્રાચાર્ય બનાવવા જહેમત ઉઠાવી હતી એવી જ મહેનત વિજાપુરના દોશી પરિવારના નથ્થુભાઈ શેઠ અને ધર્મપત્ની જડાવબેને બહેચરદાસને શ્રીમદ બુધ્ધિસાગર સુરિશ્વરજી બનાવવા જહેમત કરી. થોડોક સમય આજોલ પ્રાથમિકશાળામાં શિક્ષણ તરીકે સેવા આપી. ઉમદા કાર્ય કરી વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું. પરંતુ તેમનું મન કાશી જઈ અભ્યાસ કરવાનું હતું. નથ્થુભાઈ શેઠની મદદથી મહેસાણાની પાઠશાળામાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો.

સંસ્કૃતના અભ્યાસ સાથે અનેક સંતોના સંપર્કમાં આવ્યા. જેમાં પૂજ્ય રવિસાગરજીએ બહેચરને દીક્ષા લેવા જણાવ્યું. આજન્મ બ્રહ્મચારી રહેવા જણાવ્યું. સંસાર તરફથી તેમનું મન ઉઠી ગયું હતું. એવામાં જ એમના માતા પિતાનું દુઃખદ અવસાન થયું અને તેમના સંન્યસ્તનો માર્ગ પ્રશસ્ત થયો. સંસારને છેલ્લી સલામ ભરી પાલનપુરમાં પૂજ્ય સુખસાગરજીના સાનિધ્યમાં ગયા. જ્યાં તેમણે સં. ૧૯૫૭ ના માગસર સુદ-૬ ના દિવસે દીક્ષા ગ્રહણ કરી. બહેચરદાસનું સંસારીનામ બદલીને મુનિરાજશ્રી બુધ્ધિસાગર નામ આપવામાં આવ્યું. ૨૭ વર્ષની ભરયુવાનીમાં દીક્ષા ગ્રહણ કરી. એક મહાન સંન્યાસી બનવા તરફ પગલાં માંડયાં. પોતે દીક્ષા શા માટે લીધી અને પોતાનું જીવનધ્યેય શું છે. એ અંગે તેમણે એક કાવ્યમાં વિશેષ ઉલ્લેખ કરેલો છે. ત્યાર પછીતો તેમની સાહિત્ય રચનાઓનો શીલશીલો ચાલું થઈ ગયો. હવે તેમના સાધુ જીવનનો ચાતુર્માસ જ્યાં જ્યાં થાય ત્યાં સાહિત્ય સર્જનનો અવસર મળતો. સુરતમાં તેમણે પ્રથમ ગ્રંથનું નિર્માણ કર્યું.

તેમના હૃદયમાં સંતાપ એટલો બધો હતો કે તેમને અટકાવતો હતો. જે તેમણે કલમં પકડીને દૂર કરવા પ્રયત્ન કર્યો. સતત એકધારી કલમ ચાલતી જ રહેતી. કોઈ

વિશેષ સગવડ ન હોવા છતાં, કલમ બરૂના સહારે લખાણ વધતું જ ગયું. અવિરત સરસ્વતિનો અખૂટ પ્રવાહ તેમના લખાણોમાં જોવા મળ્યો. એકાંતમાં શાંતચિત્તે ગ્રંથોનાસર્જનનું કાર્ય થતું ગયું. ઘણીવારતો મુલાકાતીઓ સાથે વાતચીત કરતાં કરતાં પણ લખવાનું કાર્ય સંપન્ન કરતા રહ્યા.

દિવસે દિવસે તેમની નામના વધતી ગઈ. તેમની વિદ્વતાની સુવાસ ચારેકોર ફેલાઈ ગઈ. જુદા જુદા સ્થળોએથી વકતવ્ય માટે આમંત્રણો આવવા લાગ્યા. અને પોતાની વાણી દ્વારા પણ પોતાના અને જૈનધર્મના આદર્શો લોકો સુધી પહોંચાડતા. વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડ પણ બુધ્ધિસાગર મહારાજથી ખૂબ જ પ્રભાવિત થયેલા. મહારાજને વડોદરા બોલાવી તેમની અમૃતવાણીનો લાભ લીધો. અને જરૂરી સુવિધાઓ પુરી પાડવાની ખાતરી આપી.

જૈનધર્મ વિશે કેટલાક દંભી લોકો પ્રચાર પ્રસાર કરતા. તેમણે મુનિરાજશ્રી બુધ્ધિસાગરજીએ પોતાના વકતવ્યો અને ગ્રંથો દ્વારા સચોટ જવાબ આપ્યા છે. અને જૈનધર્મની સાત્વિકતા પ્રશસ્ત કરવા પ્રયત્ન

કર્યો છે.

" જૈન ધાર્મિક શંકા સમાધાન " ગ્રંથના માધ્યમ દ્વારા પોતે ઘંટાકર્ણ મહાવીર દેવનો સાક્ષાત્કાર કર્યો હતો અને મહુડીમાં તેમની પ્રતિમાનું પ્રતિષ્ઠાપાદન કર્યું હતું. તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમનો વિરોધ કરનાર એકાંતવાદી જનસમૂહને જવાબ આપતાં ઘંટાકર્ણવીર કોણ હતા. કોણ છે અને જૈન શાસ્ત્રોમાં તેમનું શું સ્થાન છે એ વિષયોને આવરી લેતો આ મહાન ગ્રંથ છે. ગાંધીજી વિશે પૂછાયેલા પ્રશ્નોનો પણ જવાબ આ ગ્રંથમાં છે.

મુનિશ્રી બુધ્ધિસાગર મહારાજની યોગપ્રતિભા અને અધ્યાત્મશક્તિ તેમજ વિદ્વતાથી ખેંચાઈને અનેક જૈન જૈનેતરો તેમના ગુણાનુરાગી ભકત બન્યા હતા. તેમાં શ્રી જીવણચંદ ધરમચંદ ઝવેરી નોંધપાત્ર છે. તેમની સાથેના સંબંધમાંથી એકગ્રંથ સર્જન પામ્યો. જેનું નામ છે. " તીર્થયાત્રાનું વિમાન " પાદરાના શ્રી મોહનલાલ હીમચંદ તેમના ભકતવર્ગમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. " ષડ્ દ્રવ્ય વિચાર" ગ્રંથ, જૈન ધર્મમાં છ દ્વવ્યોનું સ્વરૂપ સમજાવવા આ ગ્રંથનું નિર્માણ કરેલું. તે સિવાય " પત્ર સદ્દુપદેશ " આ ગ્રંથ " ધાર્મિક ગદ્યસંગ્રહ સાથે જોડાયેલો છે. જેમાં શ્રીમદ્દજીએ પોતાના મૃત્યુની આગાહી સૌપ્રથમ પાદરાકર મોહનલાલ સમક્ષ કરી હતી.

આ સંત સાહિત્યકારે જનસમૂહમાં ભળી જઈને લોકોના જીવનનું અવલોકન

અને અવગાહન કરીને તેમજ વિવિધ ગ્રંથોનો અભ્યાસ કરીને જગતને કંઈક ચિરસ્થાયી અને પ્રેરણાત્મક જીવનનું ઉત્થાન થાય તેવા એક ઉમદા હેતુથી લેખનકાર્ય કરતા રહ્યા. સંવત ૧૯૬૬ માં " કર્મયોગ" ગ્રંથ વિવિધ ગ્રંથોના અભ્યાસને અંતે પોતાની મૌલિક વાણીમાં સર્જન કર્યું. જેમાં ઘણા અધ્યાત્મ યોગીઓનો ઉલ્લેખ જોવા મળે છે. આ સિવાય આનંદઘનજી મહારાજ, શ્રીમદ દેવચંદ્રજી મહારાજ, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ, શ્રી મણિચંદ્રજી મહારાજના જીવન અને કવનને અનુલક્ષીને તેમણે મૂલ્યવાન ગ્રંથોનું સર્જન કર્યું.

અધ્યાત્મની વિવેચના ગ્રંથો સિવાય અધ્યાત્મ પર લખેલા તેમના મૌલિક ગ્રંથો પણ છે. જેમાં વિશેષ ઉલ્લખનીય અધ્યાત્મશાંતિ, આત્મપ્રદીપ, આત્મતત્વદર્શન, આત્મશક્તિપ્રકાશ, અને આત્મપ્રકાશ જેમાં આત્મા અને અધ્યાત્મ પર ઘણી જ વિશદ ચર્ચા કરવામાં આવી છે.

શ્રીમદ બુધ્ધિસાગર મહારાજના નિર્મિત ગ્રંથોનું વિષય વિભાજન કરીએ તો તેમણે તત્વજ્ઞાન, અને અધ્યાત્મજ્ઞાન, ધર્મ અને નીતિબોધ, વિવેચન અને ભાષાન્તર, જીવનચરિત્રો અને શ્રધ્ધાંજલિઓ તેમજ અર્પણ પત્રિકાઓ, પત્રો અને પ્રસ્તાવનાઓ, ડાયરીઅને નોંધો લખ્યાં છે. ગુજરાતી

ભાષા જેટલો જ બલ્કે તેથીય વધુ સંસ્કૃત ભાષા પર કાબૂ હતો.

આ બધામાં તેમણે લખેલી ગીતાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. આજ સુધી જગત એક જ ગીતાથી પરિચિત છે-ભગવદગીતાથી. પરંતુ શ્રીમદજીએ આપણને સાત સાત ગીતાઓનું પ્રદાન કર્યું છે.

આત્મદર્શનગીતા, પ્રેમગીતા, ગુરૂગીતા, જૈનગીતા, કૃષ્ણગીતા, અધ્યાત્મગીતાના અને મહાવીર ગીતા. શ્રીમદજીએ પોતાના જીવનમાં ૨૫૦૦૦ ગ્રંથો માત્ર વાંચ્યા જ ન હતા પણ જીવનમાં તે સૌને પચાવ્યા હતા. પોતાના લોહી સાથે એકરસ પણ કર્યા હતા. તેમની ડાયરીઓ જોતાં તેમને વાચનની કેવી ભૂખ હતી તે જાણવા મળે છે.

નાનાં મોટાં મળી ૩૦૦૦ કાવ્યોની રચના કરી છે. સ્તવનો, સ્તુતિઓ, જૈન કાવ્યો, પદ્યો, ભજનો, ગઝલો, કવ્વાલીઓ, દુહાઓ અને અવળી વાણી, ઉર્મિકાવ્યો, પ્રકૃતિ કાવ્યોનો સમાવેશ થાય છે.

સંવત ૧૯૮૧ ના ફાગણ માસમાં તેઓ વિજાપુર આવ્યા. તેમને ચાતુર્માસ માટે ઘણાં આમંત્રણો મળ્યાં. પણ સૌને એક જ જવાબ આપતા ભાઈ હવે ચાતુર્માસ કોણ કરવાનું છે? તેમને પોતાની અંતિમ યાત્રાની જાણ થઈ ચૂકી હતી. તેમણે વિજાપુર

જેવા જણાવ્યું. ત્યાં તેમણે પં. મહેન્દ્રસાગરજીને સમીપ બોલાવ્યા અને ધીમા શબ્દો ગૂંજયા ભાઈ

શાંતિ ! શાંતિ ! શાંતિ !

શાંત મુદ્રા સાથે જેઠ વદી ત્રીજના દિવસે સાડા આઠ વાગે યોગીરાજનાં નયનો મીંચાઈ ગયાં. સંસાર સરોવરનું એક રમણીય કમળ અનંતમાં વિલીન થઈ ગયું. આજે વર્ષો વીતિ ગયા પણ એમનો આત્મપ્રકાશ જગતને અજવાળી રહ્યો છે.

કોઈ એમને અઢારે આલમના અવધૂત તરીકે યાદ કરે છે. જૈન, બ્રાહ્મણ, પિંજારા, પાટીદાર, મુસલમાન, અને ઠાકોર સહ એમને આદરભાવ આપતા. કોઈ એમણે સમાજમાં કરેલા સુધારાને લીધે સમાજ સુધારક તરીકે યાદ કરે છે. જૈન સમાજમાં જૈન પરંપરામાં ધ્યાન સાધના ભૂલાતી જતી હતી. એ સાધનાને સજીવન કરવાનો સમર્થ પ્રયત્ન કરનાર સાધક તરીકે શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિજીને સંભારે છે. આવા પ્રતિભાશાળી આત્માને મૃત્યુ કદીય સ્પર્શી શકયું નથી. કર્મયોગી, ધ્યાનયોગી અને જ્ઞાન યોગી આચાર્યશ્રી બુધ્ધિસાગર સૂરિજી મહારાજના પવિત્ર આત્માને કોટિ કોટિ વંદન...

ભગવદ્‌ગુણી

- પ્રમુખ સ્વામી મહારાજ

ભારત ભૂમિમાં અનેક મૂર્ધન્ય સંતો થઈ ગયા. ભારતવર્ષનો ભવ્ય ભૂતકાળ એની સાક્ષી પુરે છે. આવાજ એક મહાન સંત થઈ ગયા. જેમના માટે સંતો મહંતો ગૌરવ અને સન્માનની લાગણી અનુભવે છે. દેશ વિદેશના અસંખ્ય લોકોએ એમના દિવ્ય વ્યક્તિત્વને માણ્યું છે. અને સંતવિભૂતિ, નારાયણ સ્વરૂપ પ્રસ્થાપિત કર્યા છે. એવા પ્રશાંત અને પ્રગલ્ભ આધ્યાત્મિક વ્યક્તિત્વ ધરાવતા પ્રમુખ સ્વામી મહારાજનું નામ લોકહૈયે જડાયેલું છે.

પ્રમુખ સ્વામી મહારાજ એટલે સંતોનાય સંત. સંતશિરોમણિ કહીએ તો પણ ખોટું નથી. વીસમી સદીના પૂર્વાર્ધે સદીના ઘોર સામાજિક અને નૈતિક અંધકારના સમયમાં વિના શસ્ત્રે જેમણે ક્રાંતિ કરીને સદાચારનાં અજવાળાં પાથર્યાં હતાં, એવા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણના તેઓ પાંચમા આધ્યાત્મિક અનુગામી છે.

પૂ. મહાત્માગાંધીજી કહેતા કે જે કાર્ય રાજસત્તા ન કરી શકે તે કાર્ય આવા સંતમહાત્માઓ કરી શકે. ગુજરાતમાં આજે જે સદાચાર પ્રેમ અને અહિંસાને લીધે ગુજરાત ગુણવંતું બન્યું છે. તે સ્વામી સહજાનંદ જેવા મહાત્માઓને આભારી છે. તેઓના અનુગામી ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, અને શ્રી હરિ મહારાજ બોચાસણની અક્ષર પુરુષોત્તમ સ્વામી નારાયણ સંસ્થા દ્વારા લોક કલ્યાણ કાર્યો કરતા રહ્યા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બીજા બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ .

આકાશ જેવા વિરાટ વ્યક્તિત્વના ધારક પૂજય પ્રમુખસ્વામી મહારાજનું જન્મસ્થાન વડોદરા જિલ્લાના પાદરા તાલુકાનું ચાણસદ ગામ. પિતા મોતીભાઈ પટેલ અને માતા દિવાળીબાના ખેડૂત પરિવારમાં પ્રમુખસ્વામી મહારાજનો જન્મ માગસર સુદ-૮, સંવત ૧૯૭૮ તા. ૭-૧૨-૧૯૨૧ ના રોજ થયેલો. પિતાનો વ્યવસાય ખેતી પશુપાલન અને પ્રભુભક્તિ. તેમનું બાળપણનું નામ શાંતિલાલ હતું. બાળપણથી શાંતિલાલમાં ભક્તિની, અધ્યાત્મની અનોખી ચમક હતી. ગામના પાદરમાં આવેલ હનુમાનમઢીના મંદિરમાં રહેતા સાધુ હરિદાસે આ બાળકના હીરને પારખી લીધું. હનુમાનમઢીમાં સાધુ હરિદાસ દ્વારા રામાયણ, મહાભારત, ભાગવત સંતચરિત્ર અને હિમાલયની કંદરાઓમાં થતી સાધના અને તપની વાતો થતી. બાળભક્ત શાંતિલાલનું મન બદરીકેદારીની ગિરીકંદરાઓમાં સંન્યાસ ક્ષેત્રોમાં અલખની આરાધના કરવા

માટે પહોંચી જતું. આને લીધે શિક્ષણથી વંચિત રહ્યા. તેમનો મોટાભાગનો સમય પ્રભુભક્તિ અને સંત સમાગમમાં જ વ્યતિત થતો.

એકદિવસ ક્રિકેટના સાધનો ખરીદવા નીકળેલા શાંતિલાલને શાસ્ત્રીજી મહરાજની ચિઠ્ઠી મળી. જેમાં જણાયેલું કે સાધુ થવા આવી જાઓ. અને એજ ક્ષણે ગૃહત્યાગ કર્યો. કશી જ ચહલપહલ નહીં, વિદાય આપનારા સ્વજનોની ભીડ નહીં ! કશી ધમાલ નહીં ! માતા-પિતાએ પણ હસતે મોંએ પોતાના હૈયાના ટૂકડા જેવા લાડકવાયાને શાસ્ત્રીજી મહારાજના ચરણે ધરી દીધો ! લોક કલ્યાણ માટે સમર્પણનો ભાવ આ ખાનદાનમાં સહજ હતો.

તા. ૨૨-૧૧-૧૯૩૯ ના રોજ અમદાવામાં શાસ્ત્રીજી મહારાજે કિશોર વયના ભક્તરાજ શાંતિલાલને પાર્ષદની પ્રાથમિક દીક્ષા આપી. તા. ૧૦-૧-૧૯૪૦ ના રોજ ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી અને તેમાંથી મળ્યાં સૌને નારાયણસ્વરૂપદાસ સ્વામી. ભાલ-પ્રદેશમાં , તપ, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા, સાધુતા, પ્રેમ, ઉદારતા અને અનન્ય ગુરુભક્તિનો પ્રભાવ ઝળહળવા લાગ્યો. માત્ર દસ જ વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રત્ન બની ગયા.

ઈ.સ. ૧૯૫૦ માં શાસ્ત્રીજી મહારાજે દીર્ધદ્રષ્ટિથી સ્થાપેલી વિકસતી ધર્મસંસ્થા, અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓને નિયુક્ત કર્યા. ત્યારે કદાચ કોઈને કલ્પના પણ નહીં હોય કે આ નાના સરખા સાધુ પોતાના તપોબળે જગતભરની આધ્યાત્મિક પ્રતિભાઓમાં પણ પ્રમુખ ઠરશે.

પ્રમુખ સ્વામી મહારાજ વિશે જૈનમુનિ સુશીલકુમારજીએ કહેલું 'રામ,કૃષ્ણ,બુધ્ધ, મહાવીર, કબીર, અને નાનક જેવા અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે અને ભારતીય સંસ્કૃતિને દોરે.' ભગવાનની કૃપાથી આવા પુરુષ મળ્યાં, અને તે છે. આપણા ' પ્રમુખ સ્વામી ' મહારાજ. તેઓ માત્ર સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી, પરંતુ હિન્દુ ધર્મના પ્રમુખ છે. અરે એથીય વિશેષ ભારતીય સમાજના પ્રમુખ છે.

અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાને હિન્દુત્વના વિશ્વવ્યાપી આંદોલન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોની સમીક્ષા શબ્દોમાં કરવાનું શક્ય નથી. ૬૦ વર્ષથીયે વધુ વર્ષોની એમની સંન્યસ્ત જીવનની યાત્રા દરમિયાન અસંખ્ય સદકાર્યો કર્યા અને પ્રભાવક પરિણામ મેળવ્યાં. જગદગુરૂ શંકરાચાર્ય પછી હિન્દુ ધર્મને ૫૦ કરતાં વધુ દેશોમાં ફેલાવો કરનાર એટલે પ્રમુખસ્વામી મહારાજ.

 ભારતીય સંસ્કૃતિ અને હિન્દુધર્મની ગવાહીરૂપ ૭૫૦ જેટલાં ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું. રાજધાની દિલ્હી અને ગાંધીનગરનાં 'અક્ષરધામ' મંદિર સંસ્કૃતિધામ બની રહ્યાં છે. ઈંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકાખંડમાં પણ સેંકડો સ્વામી નારાયણ મંદિર ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની ધજા ફરકાવે છે.

લાખો નવયુવાનોને અધ્યાત્મના માર્ગે વાળીને તેમની શક્તિનો રચનાત્મક વિનિયોગ કરનાર યુગસર્જક હતા પ્રમુખસ્વામી. દેશ-વિદેશના સુશિક્ષિત નવયુવાનોને ત્યાગાશ્રમના પંથે વાળી તેમને સમાજ સુધારણાના કાર્યમાં જોડયા. એક એકથી ચડિયાતાં શ્રેષ્ઠ વિદ્યા સંકુલો, શાળાઓ મહાવિદ્યાલયો, હોસ્પિટલો, સાહિત્ય સંગીત અને કલાનાં ધામો બનાવ્યાં અને એના પ્રેરકબળ બની રહ્યા.

દેશમાં ગમે તે રાજયમાં દુષ્કાળ, અતિવૃષ્ટ, ભૂકંપ કે અન્ય આફતના સમયે કરુણામૂર્તિ આ સંત પુરુષની સેવાની સુગંધ પહોંચી જતી. સતત પરિભ્રમણ કરતા ૧૭૦૦૦ થીએ વધુ ગામડાઓનો સંપર્ક કર્યો. સાત લાખથી યે વધુ લોકો અને અઢીલાખ પરિવારોની રૂબરૂ મુલાકાત લઈને એક સ્વજનની જેમ એમના જીવનની ગૂંચો ઉકેલવા પ્રયત્ન કર્યો છે. આદિવાસીઓ હોય કે દરિયાખેડૂ, સર્વના દુઃખના સાથીદાર બન્યા. છતાં કયાંય દંભ નહીં, દોર-દમામ નહીં કે શબ્દોથી ઝમક નહીં. કયાંય પ્રવચન નહીં, ઓછું બોલવું, અને પ્રેમથી કાર્ય કરવું એજ એમનો જીવનમંત્ર હતો. બીજાના ભલામાં જ આપણું ભલું છે, અને બીજાના સુખમાં જ આપણું સુખ છે. આ જીવનસૂત્ર તેમના શ્વાસે શ્વાસે અને લોહીમાં વણાયેલું હતું.

એમની પાસે આવનાર પ્રત્યેક વ્યક્તિને આત્મીયતાનો અનુભવ થતો. એ પછી ઝુંપડીમાં રહેનાર આદિવાસી હોય કે મહેલાતોમાં રહેનાર ધનવાન. પોતાના અનુભવમાં વિશ્વવિખ્યાત મલ્ટીમિડિયા દિગ્દર્શક, શોમેન પ્રો. યારોસ્લાવ ફ્રિચ કહે છે. કે " પ્રમુખ સ્વામી વિરાટ અનંતતાનો મહાન અંશ છે. તેઓ સાચા અર્થમાં ગુરૂ છે. "

ન્યૂયોર્કમાં માઈકલ ડુન્ઝ નામના એક ચુસ્ત ખ્રિસ્તી નાગરિકને સ્વામીશ્રીમાં પોપથી પણ મહાનતાનો અનુભવ થયો.

વિશ્વ પ્રસિધ્ધ પત્રકાર અને પુલિત્ઝર પ્રાઈઝ વિજેતા શ્રી રોનાલ્ડ પટેલ સ્વામીશ્રીમાં પોતાના વાત્સલ્યમૂર્તિ માતા-પિતાનો અનુભવ કરે છે. હોલેન્ડના ડચ નાગરિક હનકોપે સ્વામીશ્રીમાં યોગ-ક્ષેમના વાહક ગુરૂદેવનાં દર્શન કર્યા. કેન્યાના પ્રો. વોશિંગ્ટન ઓકુમુને તેમનાં દર્શન માત્રથી અંતરમાં અદભૂત શાંતિને, અનુભવ થયો. દક્ષિણ

આફ્રિકા યુનિવર્સીટીના ' રિલિજિયન ' વિભાગના વડા પ્રો. બ્રાયન હચિન્સને તો જગતના વિરલ ગુરૂતરીકે સ્વામીશ્રી પર સંશોધનાત્મક મહાનિબંધ તૈયાર કર્યો ! તો અમેરિકન રાષ્ટ્રપ્રમુખ બિલ કિવન્ટનને પ્રમુખસ્વામીની આંખોમાં એક વિશુધ્ધ ભાવનામાં દર્શન થયાં.

ભારતનો સાધુ સમાજ પણ પ્રમુખસ્વામી મહારાજને સંત શિરોમણિ માની ધન્યતા અનુભવે છે. આંધ્રપ્રદેશના ધર્માત્મા શ્રી ચિન્ના જિઅર સ્વામીને પ્રમુખસ્વામીમાં ' આધ્યાત્મિક શિલ્પી ' નાં દર્શન થાય છે. દિવ્યજીવન સંઘના અધ્યક્ષ ચિંદાનંદ સ્વામીજી પ્રમુખ સ્વામીને આધુનિક યુગના મર્યાદાપુરુષ માને છે. ભારત સાધુ સમાજના મહામંત્રી સ્વામીશ્રી હરિનારાયણાનંદજી પ્રમુખસ્વામીને સાધુ સમાજના મુકુટમણિ સમાન ગણે છે.

રામકૃષ્ણ મિશન, રાયપુરના વિદ્વાન અધ્યક્ષ સ્વામી આત્માનંદજીએ સ્વામીશ્રીની શાંત છતાં ડાયનેમિક પ્રતિભાથી પ્રભાવિત થતાં કહ્યું હતું. સ્વામીશ્રી કેટલા દિવ્ય પુરુષ છે ! આવા વિનમ્ર મહાપુરુષ મળવા દુર્લભ છે.

બૌધ્ધધર્મગુરૂ દલાઈ લામા, યહૂદી ધર્મગુરુ શ્રી લાઉ અને દાઉદી ઈસ્લામ ધર્મગુરુ ડૉ. સૈયદ, શીખ ધર્મગુરુ જગતજિતસિંહજી પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી ધર્મના વડા આર્કબિશપ, પોપ જહોન, જેવા વિશ્વના ધર્મ વડાઓએ પ્રમુખસ્વામીશ્રીમાં અદ્વિતીય આધ્યાત્મિક પ્રતિભા નિહાળી છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામથી બિલ કિલન્ટન, યુનોના મહામંત્રી કોફી આનન, બાહરીનના મુસ્લિમ રાજવી શેખ ઈસા બિન સલમાન અલ ખલીફા જેવા વિશ્વના અનેક દેશોના ધુરંધરોને પ્રમુખ સ્વામીમાં એક વિભૂતિ પુરુષની પ્રતીતિ થાય છે.

વિખ્યાત અર્થશાસ્ત્રી નાની પાલખીવાળા કહે છે કે અક્ષર પુરુષોત્તમ સંસ્થાએ જે સિધ્ધિઓ હાંસલ કરી છે. તેને અક્ષર દેહ આપવો કઠીન છે.

પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી સંતોનું વૃંદ આધ્યાત્મિક જાગૃતિના પ્રસારણામાં હ્રદયપૂર્વકની લગનીથી જોડાયા છે. જેમાં ભારતીય સંસ્કૃતિની અમીપ છાપ પ્રગટે છે. પ્રખર વિજ્ઞાની અને દેશના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દિલ્હીના અક્ષરધામથી એટલા પ્રભાવિત થઈ બોલી ઉઠયા હતા. કે આટલું ભવ્ય મંદિર થોડાક જ વર્ષોમાં કેવી રીતે નિર્માણ કરી શકયા હશે. આ કોઈ અલૌકિક શક્તિનો જ પ્રભાવ હોઈ શકે.

 બ્રિટન, અમેરિકા, કેનેડા જેવા અનેક દેશોમાં પ્રમુખ સ્વામીને સન્માની માનદ નાગરિકત્વ આપ્યું છે. એજ એમની વૈશ્વિક પ્રતિભા દર્શાવે છે. હરિભક્તોને ખૂશ રાખવા. સુખ દુઃખના સાથી બની રહ્યા છે. તેમનો પ્રેમાળ હાથ દરેકના વાંસે ફરતો. સ્વામીશ્રીને આંખે મોતિયો, પિતાશય અને ગાંઠનું ઓપરેશન, પગે વા, હાર્ટએટેક અને હૃદયની બાયપાસ સર્જરી કરી હોવા છતાં સ્વામીશ્રી સતત વિચરણ કરતા રહ્યા. તાવ કે થાકને પણ ગણકારતા નહીં. આદિવાસીઓના ઝૂંપડામાં ઉનાળાની ગરમીમાં પણ પધરામણી કરતા રહ્યા. દુષ્કાળ, પૂર, વાવાઝોડાં ભૂકંપ જેવી કુદરતી આફતોમાં માનવ સહાય માટે અનન્ય પુરુષાર્થ કર્યો છે. વેરઝેર મિટાવવા, સમાધાન કરી શાંતિ સ્થાપવા પ્રયત્નો કર્યા છે.

શિક્ષણ માટે અનેક કેળવણી ધામ સ્થાપ્યાં છે. જળસંચમ માટે અને વ્યસનમુક્તિ માટે મોટું અભિયાન ચલાવ્યું છે. દેશ-વિદેશમાં અનેક મંદિરો, યુવક મંડળો, બાળસંસ્કાર કેન્દ્રો, મહિલા મંડળો, વૃધ્ધાશ્રમો સ્થાપી અદ્દભૂત માનવ સેવા કરી છે.

લોકોની વ્યક્તિગત સમશ્યાના પત્રો આવે તો તેનો પ્રતુત્તર પણ આપતા. લગભગ સાત લાખ પત્રો જાતે લખીને જવાબ આપેલા છે. અષ્ટાંગ બ્રહ્મચર્ય, નિરાભિમાની, નિઃસ્વાદ, નિર્લોભ, ત્યાગથી આજીવન શુધ્ધ રહ્યા છે. ઘણીબધી પ્રવૃત્તિઓ છતાં સ્વામીશ્રી હંમેશાં હળવાફૂલ રહેતા. દિલ્હીના અક્ષરધમથી પ્રભાવિત થયેલા અનેક લોકો સ્વામીશ્રીને કળિયુગના ભગવાન તરીકે માને છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહના શબ્દોમાં જોઈએ તો પ્રમુખ સ્વામી મહારાજ ભારતીય સંસ્કૃતિના સાચા અર્થમાં રખેવાળ છે. જગદગુરુ શંકરાચાર્ય પછી હિન્દુ સંસ્કૃતિને ઉજાગર કરવાનું અદ્દભૂત કાર્ય પ્રમુખ સ્વામી મહારાજે કર્યું છે. પૂજય સ્વામી ચિદાનંદજી, પૂજય સ્વામી ચિન્મયાનંદજી તથા આચાર્ય મહાપ્રભુજી પણ પ્રમુખ સ્વામીના અદ્દભૂત વ્યક્તિત્વથી ખૂબજ પ્રભાવિત હતા. તેમની વિનમ્રતા સહાનુભૂતિ, પ્રેમ, ઉદારતા, મૈત્રી દરેકના હૃદયને સ્પર્શી જાય છે.

ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી પ્રમુખ સ્વામીના કાર્યને ઉચ્ચકક્ષાનું માને છે. જસ્ટિસ બી.જે.દીવાન કહે છે. પ્રમુખ સ્વામી મહારાજને નાનામાં નાનાં કામ કરતા જોયા છે. હું મોટો સંસ્થાનો પ્રમુખ છું એવો ભાવ કયારેય મનમાં કે આચરણમાં લાવતા નહીં. અહંકારતો લેશમાત્ર પણ નહીં. કોઈ સરકાર કે શહેનશાહ પણ ન કરી શકે એવા અકલ્પનીય કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યા છે.

ડૉ. આર. ચિદમ્બરમ, શ્રી સુદર્શન બિરલા અને રામકૃષ્ણ બજાજ પણ પ્રમુખ

સ્વામી મહારાજને આધ્યાત્મિક આંદોલનના મહાન પ્રણેતા માને છે.

આવા એક અર્વાચીન સંત-મહર્ષિ, એક સાચા પરિવ્રાજક, ભારતીય સંસ્કૃતિના પ્રખર જ્યોતિર્ધર, મહાન આર્ષદ્રષ્ટા, પ્રખર સમાજ સુધારક, કરુણા મૂર્તિ, વિશ્વશાંતિના પરમ પુરસ્કર્તા. લાખો હરિભક્તોના હૃદય સમ્રાટ પ્રમુખ સ્વામી મહારાજ સાત દાયકાથીય વધુ વર્ષો નિષ્કલંક સન્યસ્ત જીવનની યાત્રા પૂર્ણ કરી, આ મહામાનવ અક્ષર પુરુષોત્તમ સંસ્થાના ધર્મગુરુ દેશ વિદેશમાં લાખો માનવોને એક તાંતણે જોડી હંમેશ માટે પરમાત્માના ધામમાં બ્રહ્મલીન થયા. શનિવાર તા. ૧૩-૮-૨૦૧૮ વિક્રમ સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ દશમને દિવસે ભારત ભૂમિનો આ ચમકતો સિતારો, અલૌકિક શાંતિનો દૂત, વિશ્વભરના માનવોમાં અલૌકિક કાર્યોની સુવાસ મૂકી (ફેલાવી) આપણી વચ્ચેથી વિદાય થયો.

પ્રમુખ સ્વામી મહારાજના બ્રહ્મલીન થયાના સમાચારોથી દેશ વિદેશના લાખો-કરોડો હરિભક્તોની આંખો ભીની થઈ. તેમના અંતિમ દર્શન માટે સારંગપુરમાં લાખો હરિભક્તો ઉમટી પડયા. ત્રણ દિવસમાં દેશ-વિદેશના ૨૧ લાખ હરિભક્તોએ અંતિમ દર્શન કર્યા. સ્વામીનારાયણ સંસ્થાએ ત્રણદિવસ અદભૂત વ્યવસ્થા ઉભી કરી. કોઈ હરિભક્તને જરાપણ તકલીફ ન પડે એવી સુચારું વ્યવસ્થા કરી.

૧૦૦૦૦ હજાર પુરુષ અને ૧૦૦૦૦ હજાર મહિલા સ્વયંસેવકોએ જડબેસલાક સ્વયંસેવક તરીકે સેવા આપી.

દેશ વિદેશના અનેક રાજકીય, ધાર્મિક અને સામાજિક વરિષ્ઠોએ સ્વામી મહારાજને શ્રધ્ધાંજલિ આપી. ' ન ભૂતો ન ભવિષ્યતિ ' આ મહાપુરુષની અંતિમ વિદાય માટે શ્રધ્ધાંજલિ આપવા ૨૧ લાખ માનવ સમુદાય ઉમટી પડયો.

વૈદિક મંત્રોચ્ચાર સાથે મહંતસ્વામીએ પૂ.સ્વામી મહારાજના દેહને આપ્યો મુખાગ્નિ. એ સાથે જ પ્રગટ બ્રહ્મ સ્વરૂપ બાપાનો દેહ પંચમહાભૂતમાં વિલીન થઈ ગયો. દેશ-વિદેશના હરિભક્તો બાપાનાં અંતિમ દર્શન અને સંસ્કાર વિધિ જોઈ શકે તે માટે બી એ પી એસ સંસ્થા દ્વારા વિશાળ એલ ઈ ડી સ્ક્રીનની વ્યવસ્થા કરી હતી. અને ઈન્ટરનેટ મારફત ઓનલાઈન વિશ્વભરમાં દર્શન કરી શકે તેવી વ્યવસ્થા પણ કરી હતી.

પ્રમુખ સ્વામી મહારાજનો નશ્વરદેહ ભલે આપણી વચ્ચે નથી પરંતુ તેમની યાદો લોક સમુદાયના હૃદયમાં હંમેશાં જીવંત રહેશે.

જ્ઞાની પુરુષ - (દાદા ભગવાન)

- અંબાલાલ મુળજીભાઈ પટેલ

જ્ઞાની પુરુષ અંબાલાલ (દાદા ભગવાન) એમનો જન્મ મોસાળ તરસાળી જિ. વડોદરામાં થયેલો. એમનું વતન ભાદરણ, પિતા મુળજીભાઈ અને માતા ઝવેરબા. તા. ૭-૧૧-૧૯૦૮ વિક્રમ સંવત ૧૯૬૫ કારતક સુદ ચૌદસના દિવસે તેમનો જન્મ થયેલો. ભાદરણમાં ચરોતરી પટેલોમાં તેમના પરિવારનું માન સન્માન હતું. તેમના વડવાઓએ મૂળ અડાલજથી ભાદરણ વસવાટ કરેલો.

એક સંસ્કારી પરિવારમાં તેમનો જન્મ. પિતા કુળવાન અને ઊંચી સમજવાળા, દયાળુ અને પ્રેમાળ માતા. બીજાને કેમ મદદરૂપ થઈ શકાય તેવી એમની ભાવના હતી. આ સંસ્કાર બાળપણથી જ અંબાલાલને મળેલા. મોટાભાઈ મણિભાઈ કોન્ટ્રાકટરનો ધંધો સંભાળતા, અંબાલાલ મેટ્રિકમાં નાપાસ થયેલા. આથી મોટભાઈના ધંધામાં સામેલ થયેલા, પંદર વર્ષની ઉંમરે હીરાબા સાથે તેમનાં લગ્ન થયેલાં.

બાળપણથી અંબાલાલમાં એક પ્રકારની ખુમારી હતી. કોઈ છેતરી જાય તો વાંધો નહીં પણ ખુમારી દેખાડે તો અંબાલાલ તેના પર વાળી જતા. એમના જીવનનો એક પ્રસંગ છે. એક બાવા જેવો વ્યક્તિ આવીને મધરને કહે કે તમારો દીકરો તો પુણ્યશાળી છે. માતાને વિધિ કરાવવા પૈસાની માગણી કરી. ત્યારે અંબાલાલ પેલા બાવા પર વિફર્યા. તારા જેવા લાલચુ માણસો જગતમાં ભોળા લોકોને છેતરે છે, મારી ગેરન્ટી આપનાર તુ કોણ ? હું તો રામના ઘરેથી જ ચિઠ્ઠી લઈને આવ્યો છું.

માતા ઝવેરબા અંબાજીમાતાની બાધા રાખતાં. અંબાજી પ્રત્યેની ભક્તિ ભાવનાથી જ બાળકનું નામ અંબાલાલ રાખેલું. લાડ કોડમાં 'ગલો'

પણ કહેતાં. એ વખતના ગ્રામ્ય જીવનમાં નાનાં બાળકો દિગંબર જેવાં જ જોવા મળતાં. કપડાં પહેરાવવાની કોઈ સુઝ બુઝ પણ ન હોતી. આને લીધે તો વિષય-વિકારથી તેઓ દૂર રહ્યા. ગામની બધીજ દીકરીઓ બહેન હતી. ગામમાં તેમને લોકો ' સાત સમોલિયો ' કહેતા. એનો અર્થ કંઈક આવો થાય, કે જે માણસ દરેક કાર્યમાં પારંગત હોય, કોઈ પણ કામ સરળતાથી કરી શકે અને દરેક બાબતની સમજણ પડતી હોય તેને સાત સમોલિયો કહેતા. આમ બાળપણથી જ અંબાલાલ વિવિધ કાર્યોમાં હોશિયાર હતા. પરંતુ ભણવામાં મંદ હતા. તેથી તો મેટ્રિકની પરીક્ષામાં નાપાસ થયેલા.

અંબાલાલ (દાદાભગવાન) ઘણીવાર કહેતા કે આજનાં છોકરાં ભણતરમાં

 હોશિયાર પરંતુ ગણતરમાં લાચાર. ડીગ્રીતો મોટી મેળવી લે પરંતુ વ્યાવહારિક બાબતોમાં બિલકૂલ જીરો. દાદા અંબાલાલની યાદશક્તિ ખૂબ જ તીવ્ર હતી. બાળપણની ઘણીબધી ઘટનાઓ તેમને યાદ હતી. ઘણીવાર આપ્તપૂત્રો સમક્ષ બાળપણના પ્રસંગો યાદ કરીને બધાને હસાવતા. બાળપણમાં થોડા તોફાની ખરા, માસ્તરો પ્રત્યે ખૂબજ અણગમો. કારણ તેમને પરવશત્તા પસંદ ન હોતી. તેઓ સ્વતંત્ર મિજાજી અને સ્વમાની હતા. તેઓ ઘણીવાર કહેતા કે પંદર વર્ષ આ ભણવામાં કાઢયા એના કરતાં તો આટલી મહેનત ભગવાન શોધવા કાઢયાં હોત તો અવશ્ય ભગવાન પ્રાપ્ત કર્યા હોત. મારા આટલા વર્ષો ખોટા બગાડયા. મોટાભાઈ પણ ઘણીવાર ધમકાવતા. પરંતુ મારું મનતો ભગવાન શોધવામાં જ ભટકયા કરતું. હું કંઈ લોકોની નોકરી કરવા થોડો આવ્યો છું ? હું તો કંઈક વિશેષ કરવા આવ્યો છું ?

પિતાજી અને મોટાભાઈ મણિભાઈ એમને વિલાયત મોકલવા ઈચ્છતા હતા. વિલાયત ભણીને આવે એટલે મોટો સૂબો બને અને પરિવારની ઈજ્જત, મોભો વધે. પરંતુ અંબાલાલને આ વાત બિલકૂલ પસંદ ન હોતી. તેમને લાગતું કે સૂબાનો પણ કોઈ ઉપરી સૂબો તો હોય જ ને એની પરતંત્રતા અંબાલાલને શાની ગમે ? આ ઝંઝટમાંથી બચવાનો એક માત્ર ઉપાય હતો. મેટ્રિકમાં જાણી જોઈને નાપાસ થવું અને એમણે એજ પ્રમાણે કર્યું. " ન રહે બાંસ ન બજે બાંસૂરિ. " ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની ઘણી બાબતો તેમને ગમતી. પાંચસો બાસઠ રજવાડાંને અખંડ ભારતમાં એકત્ર કરવાનું કામ સરદાર વલ્લભભાઈએ સૂઝ બૂઝથી કરેલું તેને અદ્દભૂત અને વિરલ કાર્ય ગણાવતા. તેઓ બાળપણની અને યુવાનીની ઘણીભૂલોનો એકરાર કરે છે. પાનખાવું, સિગરેટ પીવી, જુગાર રમવો (તીનપત્તી). થોડોક મોજ શોખ પણ ખરો. પૈસા ગુમાવતાં છેતરાઈ ગયાનું જ્ઞાન થતાં જીવનમાં આવું કયારેય નહીં કરું એવો સંકલ્પ પણ કર્યો. બીજાના ખેતરમાંથી કેરીઓ ચોરીને ખાતા પરંતુ આ ચોરી કહેવાય એનું જ્ઞાન થતાં પસ્તાવો પણ કરતા.

સંસ્કારી માતા ઝવેરબાનો પ્રભાવ દાદાના જીવન ઉપર ઘણો રહ્યો. તેમનું ઘર જાણે કે સદાવ્રત હતું. દુઃખી લોકો એમના ઘેર આવતાં જ સુખ અનુભવતા. માતાની શીખામણ પણ સારી. માર ખાઈને આવજે પણ કોઈને મારીશ નહીં. કૃષ્ણ જેમ જશોદાને પજવતા એમ અંબાલાલ પણ બાળપણમાં મા ઝવેરબાને પરેશાન કરતા.

અંબાલાલનો પિતા પ્રત્યેનો સ્નેહ ખૂબ જ, હંમેશાં પિતા પ્રત્યે માનની લાગણીથી જોતા. સમાજમાં અને ગામમાં તેમનો પ્રભાવ હતો. લોકો તેમની સલાહ લેવા આવતા. મોટાભાઈ મણિભાઈ થોડા તેજસ્વી, રોફ અને રૂવાબવાળા હતા. કોઈના સામે નમતું

કદાપિ ન જીખે. સ્વમાની અને સ્વતંત્ર વિચારવાળા. એમનો પ્રભાવ એટલો કે ઘણા લોકો તેમની સાથે વાત કરતાં પણ ડરતા. આમ છતાં લોકોને આર્થિક સહાય કરવામાં અવ્વલ હતા. થોડાક વ્યસની પણ ખરા. છતાં અંબાલાલ પ્રત્યે હંમેશાં તેમનું વલણું નરમ રહેતું, તેઓ માનતા કે સિંહ કદાપિ ઘાસ ખાય નહીં.

જીવનતો દરેક વ્યક્તિ જીવી જાય છે. પણ જીવનની પ્રત્યેક અવસ્થાને જુદી જોઈ, જાણી અને મુક્ત રહે એવા વિરલ જ્ઞાની કોઈક જ હોય ! એવા હતા આપણા પૂજય દાદાભગવાન. આવા કળિયુગના સમયમાં આપણને અલૌકિક વ્યક્તિત્વ જોવા મળ્યું. એક બાબત ચોક્કસ સમજાય છે કે એક સામાન્ય માણસ જેવું એમનું જીવન હતું.પરંતુ એમની સમજણ અસામાન્ય હતી. ન કોઈ દંભ કે ન કોઈ આડંબર, ન અભિમાન કે ના કોઈનો ડર. જે સત્ય હોય એને રજુ કરવામાં કયારેય ગભરાય નહીં. એમની પ્રબળ ભાવના હતી કે માણસ જીવનમાં આત્મિક આનંદ સાથે જીવે. સામાન્ય માનવ પણ દુઃખોમાંથી બહાર નીકળી મુક્તિનો આસ્વાદ માણે. મોક્ષ મેળવવામાં સંસાર નડતો નથી પણ અણસમજણ અને અજ્ઞાન નડે છે. એ જ્ઞાન લોકોને ગૃહજીવનમાં રહીને આપ્યું.

દાદા પોતે જે બોલ્યા છે તે ઈ.સ. ૧૯૬૮ થી ૧૯૮૭ સુધીમાં. તેની નોંધ પૂજય નીરુમા ડાયરીમાં અને ટેપરેકોર્ડરમાં રેકોર્ડ કરી લેતાં આ કેસેટોની વાણી કાગળ ઉપર ઉતારી પુસ્તક રૂપે પ્રગટ કર્યા. આવા જ્ઞાની પુરુષને જગતને ઓળખ આપવા અને લોકોને એમના જીવનના અનુભવોનું જ્ઞાન થાય, સમજણ જાગ્રત થાય અને પોતે આદર્શ જીવન જીવે એ હેતુ રહેલો છે.

વર્તમાન સમયનું અદ્દભૂત આશ્ચર્ય, જ્ઞાની પુરુષ દાદાભગવાન જેમણે અકલ્પનીય આધ્યાત્મિક ક્રાંતિનું સર્જન કર્યું. આવા પ્રખર જ્ઞાની પુરુષનો આવિષ્કાર થવો એ ચમત્કાર જ કહી શકાય. માત્ર એક કલાકના ભેદજ્ઞાન પ્રયોગથી સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિ કરાવી આપવી એ શું જેવી તેવી સિધ્ધિ કહેવાય ?

પર્વતના શિખરે પહોંચવા તળેટીથી કોઈ માર્ગ દેખાતો ન હોય છતાં શિખર પર પહોંચી ત્યાંના ચોતરફી વર્ણન કરે ત્યારે આશ્ચર્ય થયા વગર ન રહે. ત્યાં પહોંચનાર વ્યક્તિની સમજ, જ્ઞાન, અને અનુભવ કેટલા અદભૂત હશે તેની તો ફકત કલ્પના જ થઈ શકે.

કહેવાય છે કે દાદાભગવાન અલબત અંબાલાલ પટેલને સુરતના રેલ્વે સ્ટેશન પરના બાંકડા પર બેઠા હતા ત્યારે ૧૯૫૮માં એકાએક આત્મજ્ઞાન થયું. તેમના જીવનની

 જન્મથી માંડી આજદિન સુધીની યાત્રા કેવી રીતે થઈ ? શું મુશ્કેલીઓ આવી ? કેવી રીતે સફળતા મેળવી આ બધા રહસ્યોનો દાદાશ્રીએ પોતાની વાણીથી જવાબ આપ્યા છે. દરેક મહાત્મા પ્રશ્નકારને સંતોષ થાય એ રીતે જવાબો આપ્યા છે. એ જ આપણી 'દાદાવાણી'.

દાદાશ્રીએ જેમ છે તેમ, કંઈ પણ છૂપાવ્યા વિના, સાદી સરળ શૈલીમાં જ રજૂઆત કરી છે, એ એમના નિખાલસ વ્યક્તિત્વનો ચિતાર આપી જાય છે. એમનું મોરલ અને જ્ઞાનદશા ખરેખર પ્રશંસનીય છે. દાદા પોતાની મતિથી મોટા શાસ્ત્રોના તારણ જોત જોતામાં કાઢી આપતા.

દાદા હંમેશાં અથડામણથી દૂર રહેવાનું કહે છે. પોઝિટિવ વિચારવા નું કહે છે. અને એડજસ્ટમેન્ટ અર્થાત્ સુલેહ સંધિ કરવામાં માને, જેથી કોઈ સમસ્યા ઉભી ન થાય. દુઃખો અને ભયનું કારણ ગૂંચવાડા અને અણસમજણને આપે છે. એટલે તો સોલ્યુશન કરવા આગ્રહ કરે. તેઓ કહેતાઃ વિનય, વિવેક, પ્રેમ, દયા, ઉદારતા માણસને દુઃખ મુક્ત કરે છે.

જગતમાં ગુરુ સંબંધી, ભગવાન સંબંધી, યમરાજ સંબંધી અનેક પ્રકારની અજ્ઞાન માન્યતાઓનો ભ્રમ ભાંગીને સામાન્ય લોકોને નિર્ભય બનાવી શકયા. દાદાશ્રીએ પોતાના જીવન વ્યવહારમાં કરેલી ભૂલોનો એકરાર કર્યો છે. ફરીથી એ ભૂલો ન થાય તે માટે કાળજી રાખી છે અને આપ્તપુત્રોને પણ ભૂલનો એકરાર અને પ્રાયશ્ચિત કરવા પ્રેરણા આપી છે.

જીવનમાં થતા નિશ્ચિત વ્યવહાર શુધ્ધ હોવા જોઈએ. તેઓશ્રી ' અક્રમ વિજ્ઞાન ' ના પ્રણેતા બની અનેક લોકોના કલ્યાણનું નિમિત્ત બન્યા છે.

જગત કલ્યાણની આ યાત્રામાં નીરુમા, દિપકભાઈ અને કનુદાદાનો સાથ સહકાર મળ્યો. દેવી દેવતાઓની કૃપાથી ખૂબ જ અદ્દભૂત કાર્ય થઈ શક્યું. દાદાની આપ્તવાણી અને બીજા પુસ્તકોમાંથી આપણને જ્ઞાનકળા તો જાણવા શીખવા મળે છે. પણ વ્યવહાર, કુટુંબ-ધંધામાં પણ ઉપયોગી સિધ્ધ થયા છે.

દાદા ભગવાનની વાણી શબ્દરૂપે જીવંત રાખવા ઘણા પ્રકાશનો અસ્તિત્વમાં આવ્યા. આપ્તવાણી ભાગ૧ થી ૧૪, ભોગવે તેની ભૂલ, બન્યું એ જ ન્યાય, હું કોણ? અથડામણ ટાળો, ચિંતા, ક્રોધ, માનવધર્મ, સેવા પરોપકાર, મૃત્યુ, પાપ-પુણ્ય, કર્મ, સત્ય, દાન જેવા મુખ્યત્વે ગણી શકાય.

દેશ વિદેશની અનેક ભાષાઓમાં એના અનુવાદ પણ થયા છે. ગુજરાત, ભારત અને વિદેશોમાં અનેક સંસ્થાઓ દાદાના પરિવારના હિસ્સા બની છે. ત્રિમંદિરો કે દાદામંદિરના માધ્યમથી આપ્તપૂત્રો દાદા વાણીનો લાભ મેળવે છે અને પોતાને ધન્ય માને છે. ૮૦ વર્ષની લાંબી લોક કલ્યાણની સેવા ભક્તિ કરી. આપ્તપુત્રોની સમશ્યાઓનું સમાધાન કર્યું. છેલ્લે અમેરિકાથી પરત આવ્યા. અને તા. ૨-૧-૧૯૮૮ બપોરે ૧-૧૫ કલાકે આરામ કરતાં કરતાં જ દિવ્યવાણી સંભાળવવા પ્રભુના ધામમાં પહોંચી ગયા. તેમના આપ્તપુત્ર રસિકભાઈ પટેલ ના નિવાસ સ્થાને ખત્રી પોળ-બરોડામાં છેલ્લા શ્વાસ લીધા. 'અક્રમ જ્ઞાન'ના સર્જક દાદા ભગવાન આલોક ત્યજીને પરલોકના નિવાસી બની ગયા.

જીવન મુક્ત

- મહાત્મા શ્રી સરયૂદાસજી

બાળપણમાંથી જ દયા, ધર્મ, દાન અને પરોપકાર પ્રત્યે અપાર સ્નેહ હતો. એવા આ મહાત્મા સરયૂદાસજીનો જન્મ પાટડીમાં વસતા 'અમદાવાદી પરીખ' જેવા કુળવાન પરિવારમાં થયો હતો. શાળા જીવનમાં વિશેષ ધ્યાન આપતા ન હતા. તો પણ તેમનું જ્ઞાન ઊંચી કક્ષાનું હતું. અભ્યાસ પૂર્ણ કર્યા પછી વડીલોની ઈચ્છાનુસાર તેઓ વ્યાપાર ધંધામાં પડયા. પરંતુ તેમનું મન વિચલિત રહેતું હતું. શરૂઆતથી જ તેઓને સંસાર અસાર લાગતો હતો. વિરાગ વૃત્તિને લીધે સંસાર પ્રત્યે પ્રીતિ થઈ નહીં. તેઓનો મોટા ભાગનો સમય સંત સમાગમોમાં વ્યતિત થતો. આથી તેઓ મહાત્માઓના સાનિધ્યમાં જતા અને તેમની સાથેના સત્સંગમાં ખાવાપીવાનું પણ ભાન ભુલી જતા. આને લીધે તેમનું વ્યાવસાયિક અને વ્યાવહારિક જીવન ફિકકું લાગતું.

જો કે જ્ઞાતિના રિવાજ મુજબ તેમનાં લગ્ન બાળપણમાં જ થઈ ગયેલાં. એટલે કે તેમની મરજી વિરુધ્ધ સંસારમાં પાડવા પ્રયત્ન થયો હતો. પરંતુ તેમના ધર્મપત્ની પણ સાક્ષાત મીરાં જેવાં ધાર્મિકવૃત્તિવાળાં અને પ્રભુભક્તિ પરાયણ હતાં. આથી તેમનું વૈવાહિક જીવન માત્ર ઔપચારિક હતું. બંને પતિ પત્નીએ આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હતું. પરંતુ ઈશ્વરના ધામમાં પ્રયાણ કરી ગયાં. મહાત્મા સરયૂદાસજીને કોઈ આઘાત કે શોક ન લાગ્યો. પ્રભુની મરજી માનીને વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો.

પરંતુ ઘરના વડીલો અને સગા સંબંધીઓ બીજાલગ્ન કરવા ઘણા સમૃધ્ધ પરિવારોમાંથી માગાં આવવા લાગ્યાં. તેઓ આ સઘળી હિલચાલ જોઈ તીવ્ર વિરાગને લીધે કોઈને પણ જાણ કર્યા વિના વતન છોડી ઈચ્છા મુજબ તીર્થાટન કરવા લાગ્યા. આ સમય દરમિયાન મહાત્માઓ સાથેના સત્સંગનો લાભ લેતા રહ્યા. કેટલાક સમય પછી રાજનગર (અમદાવાદ) આવ્યા અને એક સ્વામીજી પાસેથી દીક્ષા લઈ તેમના શિષ્ય બન્યા. હવે તેમનું સંપૂર્ણ જીવન એક સંન્યાસી જેવું બની ગયું. હવે ધીમે ધીમે તેમનો સદબોધ સાંભળવા અનેક મુમુક્ષઓ આશ્રમમાં આવતા. તેમના આશ્રમ દ્વારા અપંગ, નિરાધાર, સાધુસંતો કે યાચકો આશ્રમમાં આવતા. તેઓ નિરાશ થતા ન હતા. જેમ કલ્પવૃક્ષ ઈચ્છિત ફળ આપે તેમ આશ્રમમાં આવેલા દરેકને ઈચ્છિત વસ્તુ મળી રહેતી સરયૂદાસજી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સુધ્ધાંનું સદાવ્રત ચલાવતા હોય તેવો અનુભવ થતો. આને લીધે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી માનવ

સમુદાય સતત આશ્રમમાં આવતો રહેતો. ઉંચનીચના ભેદભાવ વિના સર્વ લોકોને આશ્રમમાં સ્થાન આપવામાં આવતું. હજારોની સંખ્યામાં લોકો મહારાજશ્રીના જ્ઞાનનો લાભ લેતા. નિરવ શાંતિ ધરાવતા આશ્રમમાં તેમનો ઉપદેશ સહુને પ્રિય થઈ પડયો.

તેમની નિષ્પક્ષપાત અને અપાર સ્નેહદષ્ટિથી કામ, ક્રોધ લોભ, મોહ, મદ, મત્સર આદિના નાશનો પ્રત્યક્ષ અનુભવ થતો હતો. 'પરોપકારાય સતાં વિભૂતય' અર્થાત્ સત્પુરુષોનું જીવન પરોપકાર માટે જ હોય છે, એનો તાદશ અનુભવ અહીં સર્વે ભક્તજનોને થતો. અને અત્યંત આનંદ અનુભવતા.

સિત્તેર વર્ષની વયે સં. ૧૯૬૮ ના કારતક વદ-૩ ના દિવસે ભક્તજનોને નિઃસહાય મૂકી મોક્ષધામમાં વિલીન થઈ ગયા. તેમની અંતેષ્ઠિ ક્રિયા સમયે અમદાવાદ નગરના તમામ હિન્દુ સદગૃહસ્થો અને ભકતજનો મળી ૨૦ હજારથી વધુ અનુયાયીઓ હાજર રહીને આત્મીયજનને અંતિમ વિદાય આપી. તેમના નિર્વાણ પછી હજારો રૂપિયા એકત્રિત થયા. જે ધર્માદા કરવામાં આવ્યા. ભક્ત સમુદાયના અજ્ઞાનને જ્ઞાન વડે દૂર કરનાર, અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જનારા સૂર્ય સમાન મહાત્મા શ્રી સરયૂદાસજી કણબી જ્ઞાતિના મહાન સપૂત હતા. પરમાત્માને હૃદયના ભાવથી પ્રાર્થના કરીએ કે પાટીદાર જ્ઞાતિના ઉધ્ધાર અને માર્ગદર્શન માટે સરયૂદાસજી જેવા મહાત્માઓનો પુનઃપુનઃ પ્રાદુર્ભાવ થાય. મહાત્મા સરયૂદાસજી જેવા સંતો હંમેશાં લોકોના હૃદયમાં દીર્ઘ કાળસુધી અમર રહે છે.

કલ્યાણજી ભાઈ અમીન (ગોઝારીયા)

નંદલાલ પ્રેમજીભાઈ અમદાવાદના વજીપુરામાં રહેતા. વેપાર અર્થે કડી-ગોઝારીયા જવાનું થતું. સંવત ૧૮૦૦ માં તેઓ દ્વારકાની યાત્રાએ ગયેલા. ગોમતી નદીમાં સ્નાન કરતાં તેમને શીવલિંગ મર્ળ્યું. જેની સ્થાપના તેઓશ્રીએ ગોઝારીયામાં કરી શિવાલય બંધાવ્યું (સં.૧૮૦૨) તેમના પરિવારમાં કલ્યાણજીભાઈનો જન્મ થયેલો.

કલ્યાણજીભાઈમાં બાળપણથી જ પિતાના ગુણો ઉતર્યા હતા. કુશળ બુધ્ધિશાળી અને સાહસિક, નીડર હોવાથી તેમણે રાજદ્વારી જીવન પસંદ કર્યું. અન્ય ભાઈઓ વેપાર અર્થે ગોઝારીયા ગામે વસ્યા. કડી દરબારમાં કામ કરતા. ત્યાં રાજકીય ખટપટોને લીધે રાજમાંથી બેદલખ કરેલા. ત્યાંથી વડોદરા ગયા. ત્યાં શિવરામ ભાસ્કર અને દાદાજી નરહરની મદદથી નિર્દોષ સાબિત થતાં તેમની મિલકત પાછી મળી. છતાં રાજકીય ખટપટોથી કંટાળી રાધનપુરના નવાબપાસે ગયા. પરંતુ શ્રીમંત સરકાર નડિયાદ હતા. શ્રીમંત સરકારે તેમને કડીનો કારભાર સોંપ્યો. નડિયાદ રહીને વહીવટ કરતા. પાછળથી તેઓ કડી આવ્યા. ત્યાં પોતાની કણબી જ્ઞાતિ પર લેવાતો લગ્નનો દર દૂર કરાવ્યો.

કલ્યાણજી ભાઈ બહાર જતાં કડીના મલ્લરાવે કડીનો કબજો કરી લીધો. કલ્યાણજી ભાઈને અનેક લાલચો આપી ફોડવાનો પ્રયત્ન કર્યો. પરંતુ રાજભક્ત કલ્યાણજી ભાઈ અડગ રહ્યા. મલ્હારરાવે તેમને મારી નાખવા ષડયંત્ર રચ્યું. પરંતુ કલ્યાણજી ભાઈ ત્યાંથી વડસ્મા ગયા. થોડાક વર્ષ છુપાવેશે રહ્યા. ત્યાર પછી આગલોડ ગયા. ત્યાં તેમણે મહીકાંઠાના ભીલ લોકોનું લશ્કર તૈયાર કર્યું. અને શ્રીમંત સરકાર વડોદરાની મદદ માગી. શ્રીમંત સરકારે ગોવિંદ પંતને લશ્કર લઈ કલ્યાણજી ભાઈની મદદે મોકલ્યા. કડી નગરને ઘેરો ગાલ્યો. ત્યાર પછી અંગ્રેજ સરકારની મદદ માગી અને કડીનો કિલ્લો સર કર્યો. મલ્હારરાવ સુરંગમાર્ગે નાસી ગયો. આ કુનેહ અને યુધ્ધ કુશળતાને લીધે કલ્યાણજીભાઈની કિર્તી ફેલાઈ હતી. ખૂશ થઈને શ્રીમંત સરકારે ખેરવા ગામ તથા રૂા. ૧૨૦૦ તથા અમીન હક તરીકે કડીના કેટલાક ગામોનો કર ઉઘરાવવાની સત્તા આપી. આવા વીર સપૂત કણબિ જ્ઞાતિના શિરોમણિ રાજવીર કલ્યાણજીભાઈએ સારો વહીવટ કર્યો. સાથે સાથે પોતાના જ્ઞાતિબંધુઓ તરફ પણ કાળજી રાખતા. તેમના પરિવારમાં ત્રણ પુત્રો. જેમનો પરિવાર વેપાર અર્થે કેટલાક અમદાવાદ અને કેટલાક ગોજારીયામાં વસ્યા.

પાટડી દરબાર

- દેસાઈ હિંમતસિંહજી

દેસાઈ જોરાવરસિંહજીના વારસદાર તરીકે તેમના મોટાપુત્ર દેસાઈ હિંમતસિંહજી રાજયગાદી સંભાળી. તેઓશ્રી બહાદુર અને ધાર્મિક સ્વભાવના હતા. ઘણીવાર તો એકલે હાથે પણ કેટલાક શૂરવીરતાને શોભે એવાં કાર્યો કરેલાં. લૂટારાઓનો પીછો કરતાં તેમના સાથીદારો પાછળ રહી જવા છતાં લૂંટારાઓની લગોલગ પહોંચી તેઓને લલકારતા, અને હિંમતપૂર્વક સામનો કરીને કેટલાકને મારી નાખેલા, કેટલાકને કેદી બનાવેલા. નામ તેવા ગુણ.

દુશ્મન પ્રત્યે પણ હમદર્દી બનાવતાં એક બહારવટીયાને માર્યા પછી તેના મૃતદેહના અગ્નિસંસ્કાર માટે તેની વિધવાને સંતાન સાથે આવકારી, તેની રોજીરોટી માટેની પણ વ્યવસ્થા કરી આપેલી. ખેલદિલી આને કહેવાય !

તે સમયે ચાલતાં ધર્માદા ટ્રસ્ટોમાં મોટી રકમો આપતા ડાકોરમાં કે અન્ય ધાર્મિક સંસ્થાઓમાં અન્નક્ષેત્રો ચલાવવા અને નિભાવવાની વ્યવસ્થા વેપારીઓના માધ્યમ દ્વારા કરેલી. સમાજમાં ચાલતા કુરિવાજો, મરણ પાછળના જમણવાર (બારમા) જેવી કુપ્રથાને દૂર કરવા પ્રયત્નો કર્યા. પોતાના રાજયની પ્રજા સુખી અને સમૃધ્ધ બને તે માટે ખૂબજ પ્રયત્નશીલ હતા.

ઈ.સ. ૧૮૮૪ માં તેઓનું અવસાન થયું. તેઓને કોઈ પુત્રરત્ન ન હોવાથી ગાદીના વારસદાર તરીકે તેમના ભાઈ દરબાર શ્રી સૂર્યમલજી ગાદી પર આવેલા.

તેઓએ અમદાવાદ કે ઊંઝાના આગેવાનો સાથે મળી પોતાની વગનો ઉપયોગ કર્યો. લગ્નની તકરારી બાબતથી સમાજમાં તકરારન થાય. કુસંપ વ્યાપી ન જાય તે માટે સંવત ૧૯૬૮માં કેટલાક સુધારાવાદી નિર્ણયો લેવડાવ્યો. કેળવણી માટે લોકજાગૃતિ લાવવા ' શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ ' ની સ્થાપના કરી. તેમાં મોટું દાન આપ્યું અને પ્રમુખપદ સ્વીકાર્યું. તેઓ પોતે અંગ્રેજી જ્ઞાન મેળવી ન શકયા તેનો વસવ્યસો હંમેશાં રહ્યો. પરંતુ ભાવિ પેઢીને સારું અંગ્રેજી શિક્ષણ મળી રહે તે માટે ખૂબ જ સંનિષ્ઠ પ્રયાસો કર્યો. ગુજરાતી પુસ્તકોના વાંચન માટે વાંચનાલયો

શરૂ કરાવેલા. જ્યાં માસિક પત્રિકાઓ અઠવાડિક પત્રિકાઓ મૂકવાની વ્યવસ્થા કરેલી. તે સમયના તેમના સાથી મિત્રોના સહયોગથી સમાજસુધારાના લેખો પત્રિકાઓમાં છપાવી સમાજ સુધારાનું ઉત્તમ કાર્ય કરેલું.

ખરેખર તો કડવા કણબી પાટીદારોમાં તેઓશ્રી શિરોમણી સમાન ગણી શકાય શિક્ષણમાટેનું સૌથી પ્રથમ છાત્રાલય અમદાવાદમાં તેમના નામથી જ શરૂ કરવામાં આવેલું.

પાટડી દરબાર

- દેસાઈ સૂર્યમલસિંહજી

શ્રી સૂર્યમલસિંહજી દેસાઈ એક સંનિષ્ઠ સુધારવાદી રાજવી તરીકે ઓળખાય છે. તેમનો જન્મ ઈ.સ. ૧૮૪૮ પોષ વદ-૧૦ સંવત ૧૯૦૪ માં થયેલો.

તેઓશ્રી વિદ્યાદાનને ઉત્તમદાન ગણતા. અને એના માટે અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં દાન આપેલું. અમદાવાદની પ્રસિધ્ધ ગુજરાત કોલેજમાં મોટું દાન આપેલું. શિક્ષણથી જ સમાજમાં જાગૃતિ લાવી શકાશે અને સમાજમાં કુરિવાજોને તિલાંજલિ આપી શકાશે એમ તેઓ દ્દઢપણે માનતા. ઈ.સ. ૧૮૮૮માં મહારાણી વિકટોરિયાની જયુબિલી પ્રસંગે સ્ત્રીઓ માટેના દવાખાના માટે આર્થિક સહયોગ પૂરો પાડેલો.

આમ જનતાને સુવિધાઓ પુરી પાડવા રાજની તિજોરી હંમેશાં ખુલ્લી રાખતા. વાવ ખોદવા, કૂવા ખોદવા, તળાવો ખોદવા ધર્મશાળાઓ બનાવવા, દવાખાના અને વિદ્યામંદિરો બનાવવા ખૂબ જ અભિરુચિ રાખતા. રાજયના બાળકોને અંગ્રેજી કેળવણી મળી રહે તે માટે શાળાઓને પ્રોત્સાહિત કરવા દાન આપતા, કેટલીક સંસ્થાઓમાં તો પોતે દેખરેખ રાખતા, વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા. તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન આપી પ્રેરણા આપતા.

સંવત ૧૯૫૬-૧૯૫૮માં દુકાળ પડેલો છે. જે છપ્પનિયા દુકાળ તરીકે જાણીતો છે. લેખકશ્રી પન્નાલાલ પટેલે તેમની નવલકથા ' માનવીની ભવાઈ 'માં સચિત્ર ઉલ્લેખ કરેલો છે. આ દુષ્કાળ પ્રસંગે ખાવા-પીવાની વ્યવસ્થા ઉભી કરેલી. ખેડૂતોનું મહેસૂલ માફકરવામાં આવેલું. ઢોર ઢાંખર માટે પણ ઘાસ ચારાની અને પાણી વ્યવસ્થા પુરી પાડવા. ઢોરવાડા ઉભા કરેલા. ઢોર માટેના દવાખાના પણ વિરમગામ અને પાટડીમાં શરૂ કરેલા.

સંવત ૧૯૬૬માં એક જ તિથિના લગ્નનો વિરોધ કરતા પુરુષોત્તમદાસને પ્રોત્સાહિત કર્યા. સમાજના જે તે ગોળના આગેવાનોની સભા પાટડી બોલાવી. તેનો તમામ ખર્ચ તેમણે વહન કર્યો. કેટલાક જૂના આગેવાનોને સમજાવવા પ્રયત્ન કર્યો. આ પ્રથા નાબૂદ કરવા પ્રયત્નો કર્યા. આથી પ્રભાવિત થઈને નામદાર સરકારે તેઓને 'ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની' સત્તા આપી.

સ્વ. ચતુરભાઈ અમીન (ગોઝારીયા)

કલ્યણાજીભાઈના પરિવારમાં ત્રીજી પેઢીએ ધર્મનિષ્ઠ રાધાભાઈને ત્રણપુત્રો, જેમાં ચતુરભાઈ, પરભુલાલ અને માણેકલાલ.

ત્રણ ભાઈઓમાં ચતુરભાઈનામ પ્રમાણેજ ગુણ ધરાવતા હતા. બાળપણથી જ વિદ્યાભ્યાસમાં તેજસ્વી હતા. અંગ્રેજીજ્ઞાન પણ સારી રીતે મેળવી શકયા હતા. પરંતુ કાકા હરિભાઈને વ્યવસાયમાં ચતુરભાઈની જરૂર હોવાથી વિદ્યાભ્યાસ છોડવાની ફરજ પડી, છતાં વડીલોના રાજદ્વારી સંસ્કાર તેમનામાં ઉતરી આવેલા. જેના તરફ દુર્લક્ષ નહોતું. કાકાના વ્યવસાયની સાથે સાથે પ્રસંગોપાત રાજકાજનો અભ્યાસ જારી રાખ્યો. પરિણામે થોડાક વખતમાં જ રાજખાતાની પરીક્ષાઓ પાસ કરી. કાકા હરિલાલભાઈને ઘરનો વહીવટ સોંપી દઈ. વિસનગર અને મહેસાણામાં નોકરી સ્વીકારી. ત્યાર પછી તો શ્રીમંત ગાયકવાડ સરકારમાં સારા હોદ્દેદાર બનેલા. દેશ વિદેશમાં ફરવાનું થતું. મુસાફરી દરમિયાન જે તે દેશના વેપાર અને રાજકીય બાબતોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. જાપાન જવાની તૈયારી કરેલી પરંતુ કાકાના હટાગ્રહથી જઈન શકયા. સંવત ૧૯૬૨ માં તેઓએ સિધ્ધપુરમાં ઓઈલમીલ સ્થાપી. જેના ભાગીદાર સિધ્ધપુરના સુપ્રસિધ્ધ શ્રેષ્ઠી મુલ્લાં મહમદઅલી સાહેબ હતા.

આ શેઠની આફ્રિકા ખાતે મોટી પેઢી હતી. તેના મેનેજર ચતુરભાઈના ભાઈ પરભુલાલ હતા.

પોતાની વડીલો દ્વારા મળેલી ખેરવા ગામની મિલકત અંગે પરિવારમાં કલેશ થયેલો. જે શ્રીમંત સરકારની મદદથી અડચણો દૂર કરી. નિષ્ઠા અને પ્રામાણિકતાથી તથા વિચક્ષણ બુધ્ધિને લીધે શ્રીમંત સરકારની નોકરીમાં નામના મેળવી. આથી રાજકીય પ્રભાવનો સદુપયોગ કરી જ્ઞાતિબંધુઓને આવતી મુશ્કેલીઓ દૂર કરતા.

બાળલગ્નના કાયદામાં જ્ઞાતિબંધુઓ દંડાઈન જાય તેની કાળજી રાખતા. ઉમિયા માતાજી ઊંઝાની કમિટિમાં રહીને પણ સામાજિક સુધારાઓ કરાવ્યા. ખેતીવાડીને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા જગુદણ ' કૃષિ ફોર્મ ' બનાવેલું. પાટીદાર સમાજની જાગૃતિ અને વિકાસ માટે ચતુરભાઈ અમીનનું યોગદાન ભૂલી શકાય તેમ નથી. તેમની યાદ હંમેશાં રહેશે...

રા. મૂળજીભાઈ જેઠાભાઈ (ન્યાયાધીશ) કુંડલા

આ વિદ્વાન જ્ઞાતિબંધુનો જન્મ સને ૧૮૭૯ માં થયેલો. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરી અંગ્રેજી અભ્યાસ શરૂ કરેલો. ૧૮૯૮માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ત્યાર પછી કોલેજમાં ઉચ્ચશિક્ષણ મેળવ્યું. ૧૯૦૩માં ગ્રેજ્યુએટ થયા. ત્યાર પછી પોરબંદર હાઈસ્કૂલમાં શિક્ષક બન્યા. ૧૯૦૭માં ભાવનગર અને ત્યાં સ્ટેટના જોઈન્ટ સર ન્યાયાધીશના શિરસ્તેદાર તરીકે નિમણુંક થઈ. ૧૯૦૮ માં પોતે એલ.એલ.બી. થયા. અને વકીલની સનદ મેળવી. ત્યાર પછી ન્યાયાધીશના એટેચી તરીકે નિમણુંક થઈ. રાજયે તેમની કદર કરી સને ૧૯૧૧ માં ગઢડાના ન્યાયાધીશ બન્યા.

ઘણા માણસો ભણે છે, વિદ્વાન થાય છે, સારા હોદ્દાઓ ભોગવે છે. પરંતુ સમાજસેવાની સુમતિ ઘણા ઓછા વિદ્વાનોને આવે છે. આ વિદ્વાન બંધુએ સુધારાના ક્ષેત્રમાં જ્ઞાતિની ખૂબ જ ઉત્તમ સેવા કરી છે, તેની નોંધ લેવી જ રહી.

ભાવનગર 'કડવા પાટીદાર મિત્ર મંડળ' ની સ્થાપના કરી. લાયબ્રેરીનો પુનરોધ્ધાર કર્યો. જ્ઞાતિમાં ઘર કરી ગયેલા અનિષ્ટ અધર્મયુક્ત ખોટા રિતરિવાજો દૂર કરવા પ્રયત્નો કર્યા. જ્ઞાતિબંધુઓને સદમાર્ગે દોરવા ' કડવા હિતેચ્છુ ' નામનું માસિક કાઢી, સામાજિક લેખો દ્વારા સમાજ જાગૃતિનું ઉત્તમ કાર્ય કર્યું.

ધીરે ધીરે તેમનું સમાજ સુધારાનું કાર્ય વધતુ ગયું. હવે સમગ્ર કાઠિયાવાડને ધ્યાનમાં રાખી સાથી મિત્રોના સહકારથી બાળલગ્નો, મરણ પાછળ થતા બારમા અને અન્ય કુરિવાજો, અંધશ્રધ્ધા દૂર કરવા મંડળ દ્વારા પ્રયત્નો કર્યા. સુરત, અમદાવાદ, વિરમગામ, પાટડી વગેરે સ્થળોએ પાટીદાર જ્ઞાતિના સંમેલનોમાં હાજરી આપતા. અને સમાજ સુધારા માટે સૌને સાથ આપતી કાઠીયાવાડના પ્રતિનિધિ તરીકે ભાગ લેતા. પ્રિય અને મીઠી વાણીના ઉપદેશથી જ્ઞાતિબંધુઓમાં લોકપ્રિય બનેલા રા. મૂળજીભાઈને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. સદાય સુધારક તરીકે તેમનું નામ અમર રહેશે.

'બાંધ્યા વિવાહ' લગ્ન પ્રથા દુર કરનાર

- પુરૂષોત્તમદાસ લલ્લુભાઈ પટેલ (પરીખ)

એક સદી પહેલાં પાટીદાર સમાજ અંધશ્રધ્ધા, કુરિવાજ, વહેમ, અને અજ્ઞાનતામાં ડૂબેલો હતો. દીકરા દીકરીના લગ્ન એક જ તિથિએ થતાં. એટલે કે એકજ દિવસે લગ્નનું મુહૂર્ત. જે ને બાંધ્યા વિવાહ કહેતા. દર બાર વર્ષે આ પ્રસંગ આવતો. કુળદેવી મા ઉમિયા ઊંઝાથી લગ્નની તિથિ નક્કી થતી. પૂજારીને માતાજી સ્વપ્નમાં આવી લગ્નતિથિ આપે છે. એવી દૃઢ માન્યતા હતી. જેમાં તરત જન્મેલા દીકરા-દીકરીઓના પણ લગ્ન થતાં. જો આમ ન કરે તો બીજા બાર વર્ષની રાહ જોવી પડે. આમાં જ બાળલગ્ન પ્રથા વ્યાપક બની હતી.

આવી અંધશ્રધ્ધાભરી ક્રૂર લગ્ન પ્રથા સામે સૌ પ્રથમ અવાજ ઉઠાવનાર શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈ પટેલ હતા. તેઓ વિરમગામના વતની હતા. ઈ.સ. ૧૮૮૦માં તેમનો જન્મ મોસાળ જેતપુરમાં થયેલો. બાળપણથી તેમનામાં સુધારાવાદી વિચારો હતા. જયદેવલાલ મહારાજ, દુર્ગાપ્રસાદ લશ્કરી જેવા સમાજ સુધારકોનો તેમને સાથ મળ્યો. કેશવલાલ વકીલ, શેઠ દ્વારકાભાઈ અને કુબેરભાઈ માસ્તર પણ તેમના સમાજ સુધારાના કાર્યમાં જોડાયાં.

' કડવા વિજય ' પત્રિકા દ્વારા પાટીદાર સમાજમાં ઘર કરી ગયેલ. કુરિવાજો, અંધશ્રધ્ધા, લગ્નપ્રથા, મરણ પાછળના જમણવાર ભૂવા વગેરેનો ખૂબજ વિરોધ કર્યો. તેમણે પાટીદારોનો ઈતિહાસ દર્શાવતાં

" કણબી ક્ષત્રિય ઉત્પત્તિ " નામનો ગ્રંથ પણ લખેલો. ઊંઝા ઉમિયા માતાજીમાં રૂઢિચૂસ્તો અને સુધારકો વચ્ચે ભયંકર મતભેદો થયા, સમગ્ર પાટીદાર સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા. મામલો મારા મારી સુધી આવી ગયેલો. ગાયકવાડ સરકારના અધિકારી મધ્યસ્થી બન્યા અને પોલીસ બંદોબસ્ત જડબેસલાક કરી દીધો. ગામ સભા મળી. જેમાં રૂઢિચુસ્તો સુધારકોને મેથીપાક આપવા તત્પર બન્યા, બીજી બાજુ સુધારકો ભલે થોડાક જ હતા. પરંતુ તેઓ મક્કમ હતા. એક તિથિનાં લગ્નની અધર્મ્ય પ્રથાનો મૃત્યુ ઘંટ વગાડીને જ ઝંપીશુ. એના માટે મોતને ભેટવા તૈયાર હતા. છેવટે સત્યનો વિજય થયો. મા ઉમાના આશીર્વાદથી એક જ તિથિના લગ્નમાં મોટું ગાબડુ પડયું. સુધારકોના આગેવાન પુરુષોત્તમદાસ પટેલ હતા. આ ઘટના પછી પાટીદારો પોતાની અનુકૂળતા પ્રમાણે લગ્ન મુહૂર્ત કઢાવી બાળકોનાં લગ્ન કરવા લાગ્યા. બીજી એક રૂઢિ

એવી હતી કે જો દીકરીના લગ્ન એક જ તિથિએ ન થઈ શકયાં હોય તો દીકરીને ફૂલના દડા સાથે પરણાવવામાં આવતી. પછીથી જેની સાથે સગાઈ થાય તેની સાથે વળાવવામાં આવતી. આ કુપ્રથાને પણ પુરુષોત્તમદાસે દૂર કરાવી સમાજમાં દાખલો બેસાડયો. આ સમયે તેમને સમાજ દ્વારા જ્ઞાતિ બહાર મૂકવાના પણ પ્રયત્નો થયેલા. છતાં યુવાનો અને અન્ય સુધારકોના સહકારથી રૂઢિવાદીઓ ઢીલા પડયા અને નિર્ણય લઈ ન શકયા.

જ્ઞાતિ માટે ફના થનાર, જ્ઞાતિના યુવાનોના પ્રેરક અને પ્રણેતા, અડીખમ સુધારક શ્રી પુરુષોત્તમદાસનું ફકત ૩૮ વર્ષની ભરયુવાન વયે અવસાન થયું. આવા ૧૯ મી સદીના પાટીદાર સમાજ સુધારક અને યુવાન લડવૈયા તરીકે તેમનું નામ અમર રહેશે...

રા. નારાયણજી રામજીભાઈ મિસ્ત્રી (મુંબઈ)

કચ્છ પ્રદેશના નખત્રાણા તાલુકાના વિરાણી ગામના રામજીભાઈ ભોજાભાઈ લીંબાણીના ઘરે નારાયણજીનો જન્મ થયેલો. પિતા રામજીભાઈ કેળવાયેલા, પરોપકારી અને બુધ્ધિશાળી શિલ્પશાસ્ત્રી હોવાથી તેમને ઈજનેરી ખાતામાં મિસ્ત્રીના નામથી જ સંબોધન કરતા. તેઓ ફકત પાટીદાર જ્ઞાતિમાં જ નહિ, સમગ્ર કચ્છમાં તેમની નામના હતી. આ પરિવારમાં તા. ૨૨-૫-૧૮૮૩ સંવત ૧૯૩૯ ના વૈશાખ સુદ પૂનમના દિવસે નારાયણજીનો જન્મ થયેલો.

પ્રાથમિક શિક્ષણ વિરાણી ગામમાં પુરુ કર્યું. વધુ અભ્યાસની ગામમાં વ્યવસ્થા ન હોવાથી તેજસ્વી વિદ્યાર્થી કાળનો અકાળે અંત આવ્યો. આથી નાની વયમાં જ પિતાના શિલ્પશાસ્ત્રના અભ્યાસમાં જોડાયા. ઉત્તમ હીરો ઉત્તમ ઝવેરી પારખી જાય, એમ ટૂંકા ગાળામાં જ શિલ્પ શાસ્ત્રમાં પારંગત બન્યા. તેમની કુશળતા જોઈ પિતાએ નારાયણજીભાઈને મુંબઈ ધંધાર્થે મોકલ્યા. મુંબઈમાં પણ જોત જોતામાં શિલ્પક્ષેત્રે ખૂબજ પ્રસિધ્ધિ મેળવી. નકશીદાર કોતરણી વાળી અનેક હવેલીઓ બનાવી. એક સારા કોન્ટ્રાકટર તરીકે લોકચાહના મેળવી.

આ સમય દરમિયાન સારા સદગૃહસ્થોના સાથે ઘરોબો થતા અને પોતાની વાંચનની તીવ્ર જીજીવિષાને લીધે, સારા સુધારકો, ઉધ્ધારકો અને ઈતિહાસ વિદોના ચરિત્ર ચિત્રણ વાંચતાં રોમાંચ અનુભવતા. અહીંના ગુજરાતી પાટીદારો અને કચ્છના જ્ઞાતિબંદુઓ વચ્ચે જમીન આસમાનનો તફાવત દેખાયો. ' કડવા વિજય ' પત્રિકાના ગ્રાહક બન્યા. લેખો વાંચતાં તેનું અવલોકન કરતાં પોતાના જ્ઞાતિબંધુઓની સ્થિતિ દયાજનક લાગી. હૃદયમાં નવિન જાગૃતિનો સંચાર થયો. તેમનો જ્ઞાતિ સમૂદાય પીરાણાધર્મને અનુસરતો હતો. જે ન તો હિન્દુ કે ન મુસલમાન જેવો ઘાટ હતો. આથી તેઓ મુંબઈમાં અન્ય સદગૃહસ્થો સાથે સંકોચ અનુભવતા. પિરાણા ધર્મ પ્રત્યે તેમને તિરસ્કાર થવા લાગ્યો. છેવટે એ ધર્મ ત્યજી ઉત્તમ એવા વેદધર્મને સ્વીકારવા અને સઘળા જ્ઞાતિબંધુઓને સુધારવાનો મક્કમ નિર્ણય કર્યો.

એવામાં એક ઘટના બની, જે નારાયણજીભાઈના હૃદયને હચમચાવી ગઈ. અને તેજ સમયે દૃઢ નિર્ણય કર્યો કે મારે જ્ઞાતિ માટે, ગરીબ ખેડૂતો માટે કંઈક કરવું જ પડશે. ગામડાઓમાં સખત પરસેવો પાડી, રાત-દિવસ એક કરી, ટાઢ તડકો કે વરસાદની પણ પરવા કર્યા વિના કાળી મજૂરી કરી પેદા કરેલા ધનના ઢગલાને રાજભાગ તરીકે ખળામાંથી જ લઈ જતા. ઘરડાં મા-બાપ કે બાળકો રડતાં, કરગરતાં થોડુંક

છોડવા વિનંતી કરતાં, પાઘડી ઉતારતા, પગે પડતાં પણ નિષ્ઠુર દિલના લેણદારમાં દયાનો છાંટોપણ જોવા ન મળતો. આ પરિસ્થિતિથી તેમનું હૃદય પિગળી ગયું. કણબીઓ લાખો કોરી પીરાણા સ્થાને મોકલે બદલામાં ઓછા વ્યાજે ગરીબોને ધીરે, આમ વંશપરંપરા દેવામાં દટાઈ મરવું પડે આ દરેક કણબીની દશા હતી.

નારાયણજીએ પિતાને વાત કરી, પિતાએ પણ પિરાણાના સૈયદો અને કાકાઓ સામે થવામાં મોટો ભય બતાવ્યો. પરંતુ નારાયણજીએ લેશમાત્ર ગભરાયા વિના મક્કમ મને પગલાં ભરવા નિર્ણય કર્યો. તે સમયના આગેવાનો સ્વાર્થ પરાયણ અને અંધ હતા. ગરીબ કણબીઓને મદદ કરવાનું તો બાજુ પર રહ્યું. પણ જો તે વાર્ષિક ધર્માદા રકમ ન ભરે તો જ્ઞાતિની બહાર કરી દેતા. આ અનર્થ દૂર કરવા ફરી તેઓ મુંબઈ આવ્યા. પીરાણા પંથનો બારીકાઈથી અભ્યાસ કર્યો. તો તેમાં તેમને તદ્દન પોલ માલૂમ પડયું.

એક સદકાર્ય કરતાં સારા મિત્રો પણ મળી રહે. નારાયણજીને પણ આવા સેવાભાવી સમાજ સુધારક મિત્રો મળ્યાં, જેમના સહકારથી અને શ્રીયુત રામેશ્વર પંડિતની મદદથી કેટલાક યુવાનોમાં ત્ર્યંબકેશ્વર ક્ષેત્રમાં ગોદાવરીના પવિત્ર તટ પર ઉપવીત સંસ્કાર કરાવ્યા. જેના પ્રત્યાઘાતો સમાજમાં પડયા. ઉપવીત ધારણ કરનારના સગાં-સંબંધીઓને જ્ઞાતિ બહાર મૂકવાનો નિર્ણય થયો. છતાં આ સાત નરલંકાઓ ડગ્યા નહીં. તેઓએ પીરાણાપંથની પોલ ખોલી, લોકોમાં નવજાગૃતિ લાવવા ખૂબજ મહેનત કરી, શાસ્ત્રાર્થ કરવા વર્તમાન પત્રોમાં જાહેરાતો આપી. પરંતુ કોઈ આગેવાન સામા આવ્યા નહીં. છતાં કેટલાય યુવાનો અંતઃકરણથી આ નરબંકાઓને અભિનંદન આપતા. પરંતુ ડરના માર્યા ખૂલ્લા પડી શકયા નહીં. આ નરબંકાઓમાં રામજી જેઠાભાઈ (ગઢશીશા) નારાયણજી રામજીભાઈ (વિરાણી) હરજી લધ્ધા (લોડવા) અને નાયા સેવજી (વિરાણી) મુખ્ય હતા.

આના પ્રભાવે મુંબઈથી સ્વધર્મ વર્ધક મંડળ તેડાવ્યું તથા સ્વામીનારાયણના સાધુ મહાત્માઓને પણ વાકેફ કર્યા. સ્વામીનારાયણી કણબીઓને યજ્ઞવિધિથી પ્રાયશ્ચિત કરાવી.

પાવન કરવા અને પીરાણા પંથીઓ સાથેનો સઘળો સંબંધ બંધ કરાવી દેવો. એ ઠરાવ પ્રમાણે આચાર્યશ્રી તથા સાધુ-મહાત્માઓ કચ્છમાં પધાર્યા. અને સં. ૧૯૬૭ ના ફાગણ વદ-૫ ને દિવસે ' ગડાણી ' મુકામે મોટો યજ્ઞ કર્યો. ત્યાં તમામ સ્વામીનારાયણ પંથી કણબીઓને સહકુટુંબ દેહશુધ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું. માત્ર સાત જ

જણમાંથી આ રીતે સત્તરસોની મોટી સંખ્યા થઈ. તેથી પીરાણામાંથી પટેલિયાઓનાં મોઢાં હંમેશ માટે બંધ થઈ ગયાં.

આમ સનાતન ધર્મીઓએ કયા સંજોગોમાં પોતાના પૂર્વજોએ પીરાણાનો પંથ સ્વીકાર્યો, કેવા કારણોને લીધે પરિસ્થિતિ વશ પોતાના અસલ વસવાટ છોડી કચ્છમાં આવવાનાં કારણ અને સમય જેવી બાબતોનું જ્ઞાન સંપાદન કરવા વહીવંચાની શોધ કરી. ' કડવા વિજય ' ના તંત્રી પુરુષોત્તમદાસને મળ્યાં. અમદાવાદ, ધોળકામાં પણ શોધ કરી પુરુષોત્તમદાસ અને નારાયણજી ગુજરાતમાં ગુપ્ત રીતે પુરાણા સ્થાનકે ગયા અને ત્યાંની હૃદયભંગ સ્થિતિ જોઈ. ખૂબ જ મહેનતને અંતે શાહપુર વિભાગમાંથી રામસિંહ દોલતજીની મુલાકાત થઈ. શામ, દામ, દંડ, ભેદની નીતિથી, યુક્તિ પ્રયુક્તિથી છુટા હાથે નાણાં વેર્યાં ત્યારે બારોટજી પીગળ્યાં. કચ્છી કણબી જ્ઞાતિને પોતાનું કલ્પવૃક્ષ બનાવવાની લાલચે યથાવત હકીકત આપી. જેની સત્યતા નખત્રાણા મધ્યે થયેલ ઠરાવની નકલ મળી આવવાથી થઈ.

ખરેખર નારાયણજી રામજીભાઈ (વિરાણી) જેવા નર વીરને વિજયમાળા ભાગ્યદેવી પણ આરોપે તે સ્વાભાવિક છે. જેમના પુરુષાર્થને લીધે કચ્છના કણબીઓની સ્થિતિ સુધરી. હજુ પણ તેઓમાં પરિવર્તનનો પવન ચાલુ જ છે. જુલ્મી આગેવાનોનો જમાનો ભૂતકાળ બની ગયો. તેઓની પોલ ખુલ્લી પડી ગઈ. કુરિવાજ અને અંધશ્રધ્ધા લુપ્ત થયાં અને કચ્છના કણબીભાઈઓ આજે સુખ સમૃધ્ધિ અને આનંદથી રહે છે તેની પાછળ નારાયણજી મિસ્ત્રી અને ' સ્વધર્મ વર્ધક મંડળ ' નું યોગદાન મહત્વનું રહેલું છે.

શેઠ મનસુખલાલ કહાનદાસ (અમદાવાદ)

અમદાવાદમાં ' બિલાડીવાળા ' નામથી સુવિખ્યાત થયેલા પરિવારમાં આ ધર્મનિષ્ઠ મનસુખરામનો જન્મ સં. ૧૮૯૯ ના મહાવદ -૧ સોમવારના રોજ થયેલો. તેઓ પ્રાથમિક શિક્ષણ પુરુ કર્યા પછી પિતાના ધંધામાં જોડાયા. ધોલેરા અને માંડલ તથા અન્ય શહેરોમાં પણ પોતાની પેઢીઓ શરૂ કરેલી. વેપાર અને આડતમાં સારી કમાણી થવાથી તેમની ધાર્મિક વૃત્તિ પણ વધતી ગઈ. જુદી જુદી સંસ્થાઓમાં તેઓશ્રીએ પુષ્કળ દાન આપેલું.

પોતાની મિલકત માંડલ ગામના મહાજનને સોંપી અને તેમાંથી સદાવ્રત ચલાવવા વિરમગામની કોર્ટમાં દસ્તાવેજ કરેલો. સંસ્કૃત શાળામાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા ગુજરાત વર્નાકયુલર સોસાયટીને સને ૧૯૦૧ માં દાન આપેલું. સાથે સાથે મ્યુનિસિપલ શાળાઓના ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પુરી પાડવા પણ દાનની વ્યવસ્થા કરેલી.

' બિલાડીબાગ ' નામે પ્રસિધ્ધ જગ્યા પર શિવાલય બાંધવા અને તેને સુચારુ રીતે ચલાવવા નાણાંકીય વ્યવસ્થા ઉભી કરેલી. જયાં શ્રાવણ માસના દર સોમવારે ધાર્મિક મેળાવડો થાય છે.

ઉત્કંઠેશ્વર (ઊંટડીયા) મહાદેવ, વાત્રક નદીના પવિત્ર સ્થળે શિવાલયનો જીર્ણોધ્ધાર કરી યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવી. બીજા પણ ધાર્મિક સ્થળોએ સારી સુવિધાઓ માટે ઉત્તમ વ્યવસ્થા ઉભી કરેલી.

આ સિવાય મથુરા,કાશી જેવા પવિત્ર યાત્રાધામોમાં યાત્રાળુઓના વિસામા માટે ધર્મશાળા, મકાન અને મંદિર પણ બનાવ્યા. અસારવા સ્ટેશન નજીક શિવાલય અને ધર્મશાળા બનાવેલ. આમ ધર્માદા કાર્યો પાછળ તેઓશ્રીએ પુષ્કળ ધન વાપર્યું.

શેઠ મનસુખરામ કહાનદાસના નામથી ચાલતી શરાફી પેઢીનો વહીવટ પોતાના મોટા પુત્ર મોતીલાલને સોંપી સં. ૧૯૫૮ ના માગસર વદ-૨ ના દિવસે સ્વર્ગવાસી થયા.

આજે પણ તેમના કાર્યોની સુવાસ શિવાલયો, ધર્મશાળાઓ, અને સદાવ્રતોમાં મહેંકતી જોવા મળે છે. પાટીદાર જ્ઞાતિનો આ સિતારો અમર થઈ ગયો.

રા.રા. કરસનદાસ જયસિંહભાઈ દેસાઈ
(વિરમગામ)

શ્રીમાન કરસનદાસ વિરમગામના પ્રસિધ્ધ દેસાઈ કુંટુંબમાંના એક છે. તેમનો જન્મ સંવત ૧૯૨૪ ના શ્રાવણ માસમાં થયેલો, વિરમગામમાં પ્રાથમિક શિક્ષણ ઊંચા નંબરે પાસ કરી, વધુ અભ્યાસ માટે અમદાવાદ ન્યૂ હાઈસ્કૂલમાં દાખલ થયા. અભ્યાસ પૂર્ણ થતાં તે હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ફાજલ સમયમાં કાયદાનો અભ્યાસ કર્યો. ૨૪ વર્ષની ઉંમરે મુંબઈ ઈલાકામાં ડિસ્ટ્રકટ પ્લીડરની પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. કપડવંજમાં વકીલ તરીકે ધંધો શરૂ કર્યો. ક્રમશઃ હાઈકોર્ટના વકીલ બન્યા. તેમની કાબેલિયતથી પાટડી સ્ટેટે સબ જર્જ બનાવ્યા

સં. ૧૯૫૬ માં ઉમરેઠમાં સબ જજ તરીકે નિમાયા. પાટીદાર જ્ઞાતિમાંથી અગાઉ આ હોદ્દા પર કોઈ આવેલું નહીં. જ્ઞાતિ બંધુઓએ તેમનું સન્માન કર્યું. ત્યાર બાદ ગોધરા, ઓલપાડ, સુરત અને વલસાડ બદલી થતી રહી દરેક જગ્યાએ પોતાની કાબેલિયતતા સિધ્ધ કરી.

આ સમય દરમિયાન જ્ઞાતિ બંધુઓની સ્થિતિથી તેઓ વધુ વાકેફ થયા. જ્ઞાતિ બંધુઓની દારૂણ સ્થિતિ જોઈ દ્રવિ ઉઠતા. દુષ્કાળની પરિસ્થિતિમાં સતત મદદ માટે તત્પર રહેતા. અન્ય સમાજ શ્રેષ્ઠીઓ પાસેથી ધન મેળવી જરૂરિયાત મંદોને સદાય પહોંચાડતા. દુષ્કાળ ફંડ સમિતિના પ્રમુખસ્થાને રહી ઘણા લોકોપયોગી કાર્યો કર્યા. સરકાર તરફથી પણ મદદ મેળવી લોકો સુધી પહોંચાડતા.

"શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મહામંડળ" ના તેઓ સેક્રેટરી હતા. વિદ્યાદાનના તેઓ હિમાયતી હતા. કેટલાક ગરીબ વિદ્યાર્થીઓને છૂપી રીતે મદદ કરતા. પોતાની રકમ પણ અવાર નવાર મંડળમાં દાન પેટે જમા કરાવતા.

આવા નરવીર, બાહોશ, કુશાગ્ર બુધ્ધિવાન કરસનદાસને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ આ સિતારો પાટીદાર જ્ઞાતિમાં ધ્રુવ તારાની જેમ ચમકતો રહેશે.

રા.રા. પુરૂષોત્તમદાસ હરગોવિંદદાસ (વડોદરા)

શ્રીમાન પુરુષોત્તમદાસ વડોદરા જિલ્લાના વતની. પ્રાથમિક શિક્ષણ વતનમાં મેળવી વડોદરામાં માધ્યમિક શિક્ષક પ્રાપ્ત કર્યું. તેઓશ્રી વડોદરા રાજયમાં કેળવણી ખાતામાં ચિત્ર શિક્ષક તરીકે કાર્ય કરતા હતા. તેઓશ્રી અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા.

શ્રીમાન પુરુષોત્તમદાસ નાની વયથી જ સુધારાવાદી વિચારો ધરાવતા હતા. આથી તો પાટીદાર સમાજના સમાજ સુધારકો સાથે તેમણે સારો ઘરોબો કેળવ્યો હતો. " શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ " ના સભ્ય હતા. અને મંડળ દ્વારા સક્રિય રહી સમાજ સુધારાની પ્રવૃત્તિમાં અગ્રેસર હતા. સમાજ જ્ઞાતિના દરેક મેળાવડામાં તેઓ હાજરી આપતા. પોતાની સાથે આજુબાજુના ગામના જ્ઞાતિબંધુઓને પણ મેળાવડામાં લઈ જતા. ત્યાં પણ સમાજ સુધારાના મુદ્દાઓની ચર્ચામાં ભાગ લેતા, જરૂરી સૂચનો પણ કરતા. તેમની સક્રિયાતાને લીધે ગ્રામ્ય વિસ્તારોમાં જ્ઞાતિ બંધુઓના વિચારોમાં પરિવર્તન લાવી શકયા.

વડોદરા ખાતે જ્ઞાતિ સમાજનો મોટો મેળાવડો તેઓશ્રીએ યોજેલો. તે મેળાવડાના મુખ્ય સંચાલક પણ તેઓજ હતા. તેમના મિત્ર બહેચરભાઈ અને અન્ય સાથીઓના સહકારથી મેળાવડો સફળ થયેલો. જેમાં અનેક સુધારવાદી કરાવો કરવામાં આવેલા.

સમાજમાં ચાલતા કુરિવાજો, કુરૂઢિઓ, બાળલગ્નો દૂર કરવા સઘન પ્રયત્નો કરેલા. કેળવણી ઉપર તેઓ વિશેષ ભાર મૂકતા સમાજની સાચી પ્રગતિ કેળવણીથી જ શકય બની શકે એવું તેઓ દઢપણે માનતા.

આથી તો પોતાના બાળકોને પુરેપુરા શિક્ષિત બનાવેલા. અને મોટી ઉંમરે જ તેમના લગ્ન કરાવેલા. આવા એક સામાન્ય પરિવારના શિક્ષક મિત્રે સમાજ સુધારા માટે અથાગ પ્રયત્નો કરેલા. સમાજ તેમનો હંમેશાં ઋણી રહેશે. શ્રી પુરુષોત્તમદાસને ખૂબ ખૂબ ધન્યવાદ...

ડૉ. પીતામ્બરદાસ કુબેરદાસ (અમદાવાદ)

શ્રી પીતામ્બરદાસનો જન્મ કલોલ તાલુકાના રૂપાલ ગામે થયોલો. અત્યારે વરદાયિની માતા (પલ્લી) તરીકે ગુજરાતભરમાં પ્રસિધ્ધ પામેલું છે. તેમના પિતા કુબેરદાસ પરભુદાસ. તેમના પૂર્વજો અમદાવાદમાં સાબરમતીના કાંઠે હાંસોલ ગામમાં રહેતા હતા. તેથી તેઓ હાંસેલા કહેવાયા. ત્યાર પછી છેલ્લા સો-દોઠસો વર્ષથી અમદાવાદમાં સ્થાયી થયેલા હતા. જે સ્થળે તેઓ રહેતા હતા તે જગ્યા તેમના વડીલોના નામ પરથી અત્યારે પણ હાંસોલાવાડ (કડવાપોળ) ના નામથી ઓળખાય છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક તેજસ્વી કારકીર્દિથી પુરુ કરી વૈદક વિદ્યા (આયુર્વેદિક સારવાર) મેળવવા મુંબઈ ગયા. ત્યાં એલ.એમ.એન્ડ એસની પરીક્ષા પાસ કરી ડિગ્રી મેળવી. અમદાવાદમાં પોતાની ખાનગી હોસ્પિટલ બનાવી ખૂબજ નામના મેળવી. વૈદકની સાથે સાથે વ્યાપાર ક્ષેત્રે પણ ઝંપલાવ્યું. ધંધાર્થે તેઓ યુરોપ-અમેરિકાની અવાર નવાર ટૂર કરતા.

આમ છતાં ઊંડે ઊંડે પડેલા સુધારાવાદી સંસ્કારો જાગૃત થયા. ૧૮૮૯માં જ્ઞાતિબંધુઓના મેળાવડામાં સુધારાઓથી ઠરાવો થયા. તેના અધ્યક્ષસ્થાને મે. કમિશનર શેપર્ડ સાહેબ હતા. ખાસ કરીને મરણ પાછળના ભોજનો અટકાવવા અને બાળલગ્નો અટકાવવાના ઠરાવો કરાવેલા. સં. ૧૯૩૩માં જ્ઞાતિ સુધારાના કાર્યમાં આગળ પડતો ભાગ લીધો. વિરમગામે મળેલી શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની બેઠકમાં પ્રમુખસ્થાન શોભાવ્યું. ત્યાં દીર્ધ દ્રષ્ટિ અને કુશળતાથી સંચાલન કર્યું. તેઓ સુલેહ સંધિના ખાસ હિમાયતી હતા. આથી જ્ઞાતિ બંધુઓના વારંવાર થતા ઝઘડા તેઓ શાંતિથી ઉકેલતા. વિદ્યાર્થીઓ માટે ચાલતા છાત્રાલય શ્રી ક.પા.શુ સમાજના પ્રમુખ હતા. ત્યાં વિદ્યાર્થીઓને રહેવા-જમવા અને અભ્યાસ સારી સુવિધાઓ મળી રહે તેવા સતત પ્રયત્ન કરતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર તરીકે પણ પ્રજાની સારી સેવા કરેલી.

કણબી જ્ઞાતિમાં તેઓ પહેલાજ ડૉકટર બનેલા. વળી યુરોપ અમેરિકાના પ્રવાસ કરનાર પણ તેઓ પ્રથમ કણબી હતા.

શ્રી ક.પા. શુભેચ્છક સમાજના પહેલ વહેલા પ્રમુખ હતા.

ઈ.સ. ૧૯૧૨માં તેઓ યુરોપખંડમાં વ્યાપાર અર્થે બીજીવાર ગયેલા. એ સિવાય ઈંગ્લેંન્ડ, ફ્રાન્સ, સ્વિટ્ઝરલેન્ડ, અને ઈટાલી વગેરે દેશોની મુલાકાતે ગયેલા. ત્યાં પણ વ્યાપારમાં સારી નામની મેળવલી. ઈંગ્લેન્ડમાં લંડન શહેરમાં ચાલતી " દેસાઈ બ્રધર્સ" નામની એજન્સીની દુકાનના તેઓ ભાગીદાર હતા. જેની શાખાઓ મુંબઈ અને અમદાવાદમાં પણ ખોલી હતી.

કેળવણીના હિમાયતી અને ઉદારદીલ હોઈ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ પુરો પાડતા. કેળવણી મંડળો સ્થાયીને વિદ્યા વૃધ્ધિ માટે સતત પ્રયત્નો કરતા. આવા મંડળોને આર્થિક રીતે મદદ કરી સધ્ધરતા પુરી પાડતા.

તેઓ નિરાભિમાની, મિલનસાર સરળ અને માયાળુ હોવાથી જ્ઞાતિબંધુઓમાં ખૂબ જ લોકપ્રિય હતા. પાટીદાર જ્ઞાતિના આ શિરોમણિને જેટલા ધન્યવાદ પાઠવીએ તેટલા ઓછા પડે. ખરેખર પાટીદાર સમાજ તેમનો હંમેશાં ઋણી રહેશે...

દેસાઈ અમરસિંહ વકીલ (ધ્રાંગધ્રા)

પાટીદાર જ્ઞાતિસુધારકોમાં જેમનું નામ આગલી હરોળમાં લઈ શકાય એવા દેસાઈ અમરસિંહજી વકીલનું કાર્યક્ષેત્ર ધ્રાંગધ્રા અમદાવાદ, પાટડી અને વિરમગામ વિસ્તારમાં વિસ્તરેલું હતું. આ સમાજસુધારક બંધુઓ પરિવાર પ્રાચીન સમયથી જ દેસાઈઓ તરીકે નામાંકિત ગણાય છે. તેમના પૂર્વજોમાં રા. જેઠાભાઈ તથા ફતેહસિંહજી જેવા વીર પુરુષોએ માંડવગઢમાં રાજય કરી મોટી નામના મેળવેલ હતી.

શ્રી અમરસિંહનું કુટુંબ વિરમગામમાં પટેલાઈ કરતું અને ધ્રાંગધ્રામાં દેસાઈ તરીકે પ્રસિધ્ધ હતું. શ્રી અમરસિંહજીએ ધ્રાંગધ્રા રાજયના સ્ટેટ પ્લીડર તરીકે સારા માન મરતબા સાથે સેવા બજાવેલી. તે સિવાય સ્વર્ગસ્થ મહારાજા સાહેબના સમયમાં ઝાલાવાડ બેંકના મેનેજર તરીકે પણ લાંબા સમય સુધી સેવા કરેલી. મહેસૂલી વિભાગમાં પણ તેઓની કામગીરી ખૂબજ ઉમદા રહેલી. ધ્રાંગધ્રા રાજયના પરિવાર સાથે તેમનો પરાપૂર્વથી નજીકનો ઘરોબો રહેલો આથી તેઓના પરિવારનું ખૂબજ માન હતું.

શ્રી અમરસિંહજી અને તેમના નાના ભાઈ મગનલાલ બંને સુધારાના હિમાયતી હતા. ખાસ કરીને જ્ઞાતિબંધુઓમાં વ્યાપક પ્રમાણે ઘર કરી ગયેલી બાળલગ્ન પ્રથા અને મરણ પાછળના મોટા જમણવાર જેવી કુપ્રથાના સખત વિરોધી હતા. તેને અટકાવવા શ્રી ક.પા.શુભેચ્છક સમાજના માધ્યમથી ખૂબજ પ્રયત્નો કરેલા. મોટા ભાગે તેઓશ્રી સલાહકારની ભૂમિકા ભજવતા. તેઓ ગુજરાતી, હિન્દી અને ઉર્દૂ ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા. તેઓ સારા વકતા પણ હતા. ગમે ત્યારે ગમે તે વિષય ઉપર તેઓ તાત્કાલિક અસરકારક પ્રવચન આપી શકતા હતા. સાથે સાથે લેખન કાર્ય પર કરતા.

પોતાની વારસાગત પેઢીનું પણ સંચાલન કરતા. તેમના સાથીદારોમાં દેસાઈ ભાવસિંહજી, દેસાઈ કાલીદાસભાઈ, દેસાઈ બહેચરભાઈ, માસ્તર છોટાલાલ અને સોમનાથભાઈ સુધારાવાદી કાર્યોમાં સતત સહકાર આપતા.

આવા વિદ્વાન ધારાશાસ્ત્રી, સમાજ સુધારક શ્રી અમરસિંહભાઈ ને યાદ કરી સ્મરણાંજલિ અર્પણ કરી ધન્યતા અનુભવીએ...

દેસાઈ અમરસિંહ વકીલ (ધ્રાંગધ્રા)

પાટીદાર જ્ઞાતિસુધારકોમાં જેમનું નામ આગલી હરોળમાં લઈ શકાય એવા દેસાઈ અમરસિંહજી વકીલનું કાર્યક્ષેત્ર ધ્રાંગધ્રા અમદાવાદ, પાટડી અને વિરમગામ વિસ્તારમાં વિસ્તરેલું હતું. આ સમાજસુધારક બંધુઓ પરિવાર પ્રાચીન સમયથી જ દેસાઈઓ તરીકે નામાંકિત ગણાય છે. તેમના પૂર્વજોમાં રા. જેઠાભાઈ તથા ફતેહસિંહજી જેવા વીર પુરુષોએ માંડવગઢમાં રાજ્ય કરી મોટી નામના મેળવેલ હતી.

શ્રી અમરસિંહનું કુટુંબ વિરમગામમાં પટેલાઈ કરતું અને ધ્રાંગધ્રામાં દેસાઈ તરીકે પ્રસિધ્ધ હતું. શ્રી અમરસિંહજીએ ધ્રાંગધ્રા રાજ્યના સ્ટેટ પ્લીડર તરીકે સારા માન મરતબા સાથે સેવા બજાવેલી. તે સિવાય સ્વર્ગસ્થ મહારાજા સાહેબના સમયમાં ઝાલાવાડ બેંકના મેનેજર તરીકે પણ લાંબા સમય સુધી સેવા કરેલી. મહેસૂલી વિભાગમાં પણ તેઓની કામગીરી ખૂબજ ઉમદા રહેલી. ધ્રાંગધ્રા રાજ્યના પરિવાર સાથે તેમનો પરાપૂર્વથી નજીકનો ઘરોબો રહેલો આથી તેઓના પરિવારનું ખૂબજ માન હતું.

શ્રી અમરસિંહજી અને તેમના નાના ભાઈ મગનલાલ બંને સુધારાના હિમાયતી હતા. ખાસ કરીને જ્ઞાતિબંધુઓમાં વ્યાપક પ્રમાણે ઘર કરી ગયેલી બાળલગ્ન પ્રથા અને મરણ પાછળના મોટા જમણવાર જેવી કુપ્રથાના સખત વિરોધી હતા. તેને અટકાવવા શ્રી ક.પા.શુભેચ્છક સમાજના માધ્યમથી ખૂબજ પ્રયત્નો કરેલા. મોટા ભાગે તેઓશ્રી સલાહકારની ભૂમિકા ભજવતા. તેઓ ગુજરાતી, હિન્દી અને ઉર્દૂ ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા. તેઓ સારા વકતા પણ હતા. ગમે ત્યારે ગમે તે વિષય ઉપર તેઓ તાત્કાલિક અસરકારક પ્રવચન આપી શકતા હતા. સાથે સાથે લેખન કાર્ય પર કરતા.

પોતાની વારસાગત પેઢીનું પણ સંચાલન કરતા. તેમના સાથીદારોમાં દેસાઈ ભાવસિંહજી, દેસાઈ કાલીદાસભાઈ, દેસાઈ બહેચરભાઈ, માસ્તર છોટાલાલ અને સોમનાથભાઈ સુધારાવાદી કાર્યોમાં સતત સહકાર આપતા.

આવા વિદ્વાન ધારાશાસ્ત્રી, સમાજ સુધારક શ્રી અમરસિંહભાઈ ને યાદ કરી સ્મરણાંજલિ અર્પણ કરી ધન્યતા અનુભવીએ...

પણ ઘણી મદદ કરતા. પોતાના પરિવાર સાથે પોતાના જ્ઞાતિબંધુઓ પણ પ્રગતિ કરી અને વિકાસ કરે તે માટે પણ સતત પ્રયત્નશીલ રહેતા. આથી ગુજરાત બહાર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને બંગાળ સુધી તેમની સુવાસ ફેલાયેલી.

સાચેજ આવા સમાજના લોકસેવકને ખૂબ ખૂબ ધન્યવાદ. તેમનાં કાર્યોની પ્રેરણા હંમેશાં મળતી રહેશે. પાટીદાર સમાજમાં તેમની ઉદાત્ત ભાવનાની સુવાસ હરહંમેશ રહેશે.

રા. બહેચરભાઈ રાયજીભાઈ (ગણપતપુરા)

વડોદરા રાજયમાં ૨૬ ગામોમાં આ ગૃહસ્થનું કુટુંબ 'રાયજીભાઈ રામદાસવાળા' ના નામથી ખૂબ જ પ્રચલિત હતું. તે સિવાય ગાયકવાડી રાજયના એક જાગીરદાર તરીકે તથા બુધ્ધિશાળી લોક આગેવાન તરીકે બહેચરભાઈના પિતા રાયજીભાઈએ કીર્તિ મેળવેલી. શ્રીમંત ગાયકવાડ સરકારની કૃપા પણ મેળવેલી. નામદાર ગાયકવાડ સરકારની હજૂર સવારીએ તેમનું ઘર પાવન કરેલું એવા એ રાજયના વફાદાર વ્યક્તિ હતા.

પિતાના અવસાન પછી બહેચરભાઈએ વારસો સાચવી રાખ્યો. પિતાની જવાબદારી માથે આવી પડતાં વધુ શિક્ષણ તો ન મેળવી શકયા. પરંતુ તેમના ભાઈઓને પુરુ શિક્ષણ અપાવ્યું. સંવત ૧૯૬૪ માં પોતાના જથ્થાનાં તમામ ગામોને પોતાને ત્યાં તેડાવી મોટું ખર્ચ કરેલું. અને સમાજ સુધારાની વાતો કરેલી. જેમાં બ્રહ્મચર્ય પાળવા, કન્યા વિક્રય, બે સ્રીઓ કરવી, ફૂલના દડાથી લગ્ન વિધિ, એક જ તિથિના લગ્ન, બાળલગ્ન, મરણ પાછળના જમણવાર બંધ કરવવા ભાષણ દ્વારા સમજાવવા પ્રયત્નો કર્યા. રોવા-કૂટવાનું બંધ કરવા, લગ્નમાં અસ્લિલ ફટાણા ન ગાવા, જેવા વ્યવહારુ સુધારા કરાવ્યા હતા. પરદેશી માલનો બહિસ્કાર કરવો. તથા બાળકોને વધુ શિક્ષણ આપવા ખૂબ જ પ્રયત્નો કરેલા. પોતાના વિસ્તારમાં અનાથાશ્રમ, ધર્મશાળાઓ ખોલવા આગળ પડતો ભાગ લીધેલો. જરૂર પડે આ સંસ્થાઓને આર્થિક મદદ કરતા. અને તેના સભાસદ બની કાર્યકરતા રહ્યા. જ્ઞાતિ સુધારાના ચુસ્ત હિમાયતી હતા. " શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ "ના સાક્રિય સભ્ય બની રહ્યા. ખેડૂતોના હક્કોના રક્ષણ માટે " ચોરંદામહાલ પ્રજામંડળ " સ્થાપી તેના પ્રમુખ બની ખેડૂતોના પ્રશ્નો હલ કરવા લડત આપતા. શ્રી કડવા પાટીદાર હિતવર્ધક મંડળમાં પણ બક્ષિસ આપતા.

આવા અદના લોકસેવક પાટીદાર જ્ઞાતિના શિરોમણિ બહેચરભાઈ હંમેશાં યાદ રહેશે.

રા.રા. પોપટલાલ શિવલાલ (ટીકર)

શ્રી પોપટલાલના પિતાશ્રી શિવલાલ પીતામ્બરદાસ ધ્રાંગધ્રા રાજયમાં ટીકર (રણનાકાંઠે) ગામના પટેલ હતા. એ વિસ્તારના પાટીદાર જ્ઞાતિ બંધુના આગેવાન હતા. તેઓ આધુનિક વિચારોના સમાજ સુધારક હતા. આથી તેમના પુત્રોના સારા શિક્ષણની સાથે સાથે ખેતીવાડીમાં પણ પારંગત બનાવેલા.

શ્રી પોપટભાઈ વતન ટીકરમાં પ્રાથમિક શિક્ષણ મેળવી ધ્રાંગધ્રામાં અંગ્રેજી શિક્ષણ મેળવ્યું. કોલેજ શિક્ષણ મેળવી ગ્રેજયુએટ થયા. એ સમયે એમના વિસ્તારમાં ગ્રેજયુએટ થનાર તેઓ સૌ પ્રથમ હતા. પાટીદાર સમાજે તેઓનું બહુમાન કરેલું. કાયદાના અભ્યાસ માટે તેઓશ્રી મુંબઈ ગયા અને ધારાશાસ્ત્રી બન્યા. તેઓ યુવાનીમાં શાંત, નમ્ર અને મિલનસાર સ્વભાવના હોવાથી વિસ્તારમાં લોકપ્રિય બન્યા. તેમના બીજા ભાઈઓ પણ શિક્ષિત બન્યા.

શ્રી પોપટભાઈએ સમાજ સેવા તરફ પોતાનું લક્ષ કર્યું. વિદ્યાભ્યાસ માટે બધાને પ્રોત્સાહિત કરતા. પ્રગતિ અને વિકાસ માટે શિક્ષણ જેવો કોઈ વિકલ્પ નથી. એ બરાબર સમજાવતા. સમાજના કુરિવાજો, કુરુઢિઓ તરફ ધ્યાન ધોરી તેને દૂર કરવા સમજાવતા. બાળલગ્નો અને મરણ પાછળના જમણવાર બંધકરવા વિશેષ મહેનત કરેલી.

આ સેવાકાર્ય માટે શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજના તેઓ સભાસદ બનેલા. જ્ઞાતિ સમાજની તમામ સભાઓમાં હાજરી આપતા અને પોતાના વિચારો પણ સભામાં વ્યક્ત કરતા.

આ રીતે ૧૯ મી સદીના સમાજ સુધારકોની યાદીમાં શ્રી પોપટભાઈ ને પણ આપણે યાદ કરવા રહ્યા.

તેમના સમાજ સુધારાના કાર્ય બદલ તેઓશ્રીને જેટલા અભિનંદન પાઠવીએ તેટલા ઓછા છે.

શેઠ ભીખાભાઈ વનમાળીદાસ (ભરૂચ)

પાટીદાર જ્ઞાતિમાં પ્રસિધ્ધ 'નથુ થોભણ' ના ખાનદાન પરિવારમાં શ્રી ભીખાભાઈનો જન્મ થયેલો. ભરુચ શહેરમાં તેમના ખાનદાન પરિવારની અને પાટીદાર જ્ઞાતિમાં ખૂબજ નામના હતી. ગુજરાતીશાળાનો અભ્યાસ પૂર્ણ કરી અંગ્રેજી શિક્ષણ પણ મેળવેલું ત્યારબાદ પિતાની પેઢીમાં કામકાજ કરવા લાગ્યા. પરંતુ બાળપણથી સમાજ સેવા કરવાના તેમના વિચારોમાં પરિપકવતા આવી. ઉદાર અને સૌજન્યશીલ ગુણોને લીધે સમાજમાં લોકપ્રિય બની રહ્યા.

સમાજના ગરીબ વર્ગ તરફ તેમની ખૂબજ હમદર્દી હતી. ગરીબ પરિવારોની સ્થિતિ સુધારવા અને મદદરૂપ થવા સતત પ્રયત્નો કરતા. ખાસ કરીને ખેડૂત બંધુઓની દયનીય સ્થિતિ જોઈ કંપી ઉઠતા. ખેડૂતોની સ્થિતિ સુધારવા તન, મન, ધનથી આ યુવાન હંમેશાં તત્પર રહેતા. તેમના મિલનસાર સ્વભાવને લીધે ગરીબ ખેડૂતો સાથે હળીમળીને તેમની સમસ્યાઓ જાણીને તેને નિવારવા ઉત્સાહપૂર્વક કાર્યકરતા.

ભરુચ જિલ્લાના ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે સહકારી મંડળો-કોઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝની સ્થાપના કરી મદદરૂપ થવા પ્રયત્નો કર્યા. જુદી જુદી સાર્વજનિક સંસ્થાઓમાં પણ હોદ્દેદારની રુએ પ્રજાહિતનાં કાર્યો કરી પ્રજાપ્રિય બની રહ્યા. ધાર્મિક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી પણ લોકસેવાનાં કાર્યો સતત કરતા રહ્યા.

આખા ભરુચ જિલ્લાની પ્રજા ભીખાભાઈ શેઠને પોતાના હમદર્દ માનતી. સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ બની લોકોપયોગી સદકાર્યો કરતા રહ્યા. તેઓ ખેડૂતવર્ગના પરમ હિતકારી હતા. આવી વિરલ વિભૂતિને લાખ લાખ વંદન. તેઓશ્રીનું નામ એક સમાજ સુધારક તરીકે અમર રહેશે. પાટીદાર સમાજ હંમેશાં તેમના ઋણાનુંબંધી રહેશે.

શેઠ ચંદુલાલ માધવલાલ (અમદાવાદ)

શેઠ નારાયણદાસ પીતામ્બરદાસનું કુટુંબ અમદાવાદમાં ખૂબજ પંકાયેલું હતું. આવા કુળવાન પરિવારમાં શેઠશ્રી ચંદુલાલનો જન્મ થયેલો. અમદાવાદ શહેરના રેશમ-ઉદ્યોગમાં તેમના ખાનદાન પરિવાનું મોટું નામ હતું. મુંબઈ બંદરેથી દેશ-વિદેશમાં દરિયાઈ માર્ગે વેપાર ચલાવતા. તેથી રેશમના વેપારી તરીકે આ કુટુંબે સારી નામના મેળવેલી.

આ ખાનદાન પરિવાર શિવમાર્ગી હોવાથી ગુજરાતના ઘણા સ્થળોએ શિવાલયો બંધાવેલા. અને તેને ચલાવવા માટેના ધાર્મિક ફંડની પણ વ્યવસ્થાઓ કરેલી. બીજા પણ ધાર્મિક સ્થળોમાં હંમેશાં દાન આપતા રહેતા અમદાવાદ સાબરમતી તીરે ભીમનાથ મહાદેવ, દૂધેશ્વરના ઘાટ, તેમજ ઉત્કંકેશ્વર મહાદેવ, કેદારેશ્વર ઘાટ, ડાકોરમાં પણ દેવાલય બનાવી અન્નક્ષેત્રો ચલાવેલાં જે આજે પણ ચાલુજ છે. મોટાભાગે ધર્મશાળાઓ, શિવાલયો જીર્ણોધ્ધાર કરવામાં મોટી સખાવત આપતા. સમયે સમયે જ્ઞાતિભોજનના મોટા કાર્યક્રમો પણ રાખતા. સમાજ પ્રત્યે હંમેશાં જાગૃત રહી લોકોને ખૂબ જ મદદ કરતા. આથી તો તેમના સદ્દગુણો અને સેવાકાર્યોને લીધે આમ સમુદાયમાં શેઠની ઉપાદિથી સંબોધન થતું.

આવા ખાનદાન પરિવારમાં ચંદુભાઈએ પણ વડીલોની પરંપરાને સાચવી રાખી. વેપાર ઉદ્યોગની સાથે સાથે સેવા પ્રવૃત્તિ પણ જાળવી રાખી. તેઓશ્રીએ પોતાનો ધંધો દેશ-વિદેશમાં વિસ્તારેલો. ઈંગ્લેંન્ડ, અમેરિકા, જાપાન, જર્મન, અને અન્ય યુરોપના દેશોમાં ધીકતો ધંધો ચાલતો. અમદાવાદ મુનિસિપાલિટીમાં બે વાર કાઉન્સિલર તરીકે ચૂંટાયેલા.

જ્ઞાતિ સુધારાની બાબતમાં પણ સક્રિય રસ લેતા. ' કડવા પાટીદાર શુભેચ્છક સમાજ ' ના તેઓ સક્રિય સભ્ય હતા. પાટડીમાં ભરાયેલ સમાજ મેળાવડામાં મોટું દાન આપેલું. અને જ્ઞાતિ બંધુઓના વિકાસ માટેના કાર્યોમાં પણ મદદ કરતા રહ્યા.

આમ પાટીદાર જ્ઞાતિના આ મકાન સપૂતને આપણે ભૂલી ન શકીએ... તેમના કાર્યોની સુવાસ આજે પણ જીવંત છે.

ઉદ્યોગ સાહસિક
શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ

"હજારો માઈલની સફર શરૂ થાય છે એક કદમથી" નાના પાયાથી શરૂ કરી વિશાળ ગગનચૂંલી ઈમારતો સુધી પહોંચી છે. શ્રી વિષ્ણુભાઈની કારકિર્દી.

શ્રી વિષ્ણુભાઈનો જન્મ ૨૭-૧-૧૯૪૨માં અમદાવાદમાં થયેલો નાની ઉંમરેથી જ વિષ્ણુભાઈએ ઔદ્યોગિક વ્યવસાય પસંદ કરેલો. ઉદ્યોગ સાહસિકતા અને મજબૂત મહાત્વાકાંક્ષાએ બાંધકામ જગતમાં નામના મેળવી. શરૂઆતમાં ભાગીદારીમાં "ભાવના કંન્સ્ટ્રકશન કંપની" થી સાહસ શરૂ કર્યું. ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં જબરજસ્ત પ્રગતિ કરી. આ કંપની દ્વારા ગુજરાત ભરમાં વિવિધ સરકારી પ્રોજેકટ હાથ ધર્યા. જેના લીધે આત્મવિશ્વાસ મજબૂત બન્યો. ધંધામાં વ્યાપક સંભાવનારઓ જોઈને તેમણે પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સ્થાપના કરી. પરિણામે ૧૯૯૮ માં સદ્ભાવ એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ અસ્તિત્વમાં આવી. એક જ દાયકાના ટૂંકા ગાળામાં કંપનીએ જોરદાર પ્રગતિ કરી. જેથી તેમનો મેનપાવર વધ્યો. આજે આ કંપની ૨૭૦૦ કરોડથી પણ વધુ રકમનું ટર્નઓવર કરે છે. આજે 'સેલ' દેશમાં પાંચમા ક્રમની સૌથી મોટી ઈન્કાસ્ટ્રકચર કંપની બની ગઈ છે. કંપનીનું ફોકસ અને કુશળતા રસ્તા, ખાણ, સિંચાઈ અને બીઓટી ક્ષેત્રોમાં છે. આ બધાનું શ્રેય શ્રી વિષ્ણુભાઈને જાય છે.

બિઝનેસમાં સતત પ્રવૃત્ત અને વ્યસ્ત રહેવા છતાં શ્રી વિષ્ણુભાઈ પટેલ સમાજના ઉત્કર્ષ માટે અનેક પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય યોગદાન આપતા. તેઓ અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં, આરોગ્ય કેન્દ્રોમાં, ગરીબો અને અનાથોની સંસ્થાઓમાં સેવારત રહ્યા છે. નોંધપાત્ર દાન પણ આપે છે. તેમની ઉદ્યોગ સાહસિકતા અને સફળતાને ધ્યાનમાં લઈ "ઉદ્યોગ રત્ન એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવેલા છે.

શ્રી વિષ્ણુભાઈ ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના કારોબારી સભ્ય તરીકે પણ સેવા પરાયણ રહ્યા. સમાજના ઉત્થાન માટે ઉમિયા માતાજીની પ્રેરણાથી સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં કરોડોનું દાન આપ્યું છે.

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-

૧૨-૨૦૦૯ ઊંઝા ખાતે માતાજીનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ૫૦ લાખ કરતાં વધુ ભક્તોએ લાભ લીધો. આ અભૂતપૂર્વ મહોત્સવની ભારત જ નહીં પણ વિશ્વ કક્ષાઓ નોંધ લેવાઈ. આ મહોત્સવનું ઉદ્દઘાટન ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને અત્યારના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવેલું. આ સમારંભના અધ્યક્ષ સ્થાને શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલે શોભાવ્યું હતું.

આવા નમ્ર સ્વભાવના શાંત પ્રકૃતિના અને પ્રસિધ્ધિથી દૂર રહેતા સદ્દભાવ એન્જિનિયરીંગ લિમિટેડના ચેરમેન મને મેનેજિંગ ડિરેકટર આદરણીય વિષ્ણુભાઈ ટૂંકી માંદગીમાં દુઃખ અવસાન તા. ૨૫-૧૨-૨૦૧૮ ના રોજ થયું. તેમના પાછળ તેમનાં ધર્મ પત્ની શાંતાબેન પુત્ર રાશીનકુમાર ને વિલાપ કરતા મૂકી ગયા. પરમાત્મા તેમના આત્માને સદગતિ અને શાશ્વત શાંતિ આપે એ ભાવ સાથે...

પર સેવાના પ્રેરણામૂર્તિ

- ડો. ડાહ્યાભાઈ પુરૂષોત્તમદાસ પટેલ

" દવાખાનું બન્યુ દેવાલય સેવા બની છે. આરતી, હે પ્રભુ તારુ તુજને અર્પણ."

વિજાપુર તાલુકાના ૨૭ ગામ પાટીદાર સમાજમાંથી પ્રથમ ડૉકટર બનનાર શ્રી ડાહ્યાભાઈ પટેલ હતા. વતન ફલુ ખેડૂત પરિવારમાં જન્મેલા. ગરીબ, આપણા અને ગામડામાં રહેતા પાટીદાર સમાજમાં અનેક સમસ્યાઓ અને અડચણોમાં ઉછરેલા. બાળપણથી જ અનેક અંધર્ષો વેઠીને પ્રતિભા ઉપસાવેલી.

ડૉ. ડાહ્યાભાઈ એટલે સરળ સ્વભાવ, સાદગીભર્યું જીવન, વિરભિમાની, સેવાભાવી અને પ્રામાણિક જીવનના જ્યોતિર્ધર. વિજાપુર વિસ્તારના સામાન્ય લોકોમાંજ નહિ પરંતુ ડૉકટરો માટે પણ તેઓ પ્રેરણામૂર્તિ હતા. શું કરુ તો મારો દર્દી સાજો થઈ હસતો હસતો ઘેર જાય એવી ધૂન સવાર હતી. રાત-દિવસ જોયા વિના દર્દીમાં નારાયણના દર્શન કરતા, નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા. એટલે જ તો તેઓ "પર સેવાના પ્રેરણામૂર્તિ" બન્યા.

ખેતીવાડીમાં વૈજ્ઞાનિક અભિગમ દ્વારા ખેડૂતોને મહતમ લાભ થાય, ખેડૂત સમૃધ્ધ બને તાલુકો હરિયાળો થાય તે માટે સતત પ્રયત્નો કરતા. લોકોનું સ્વાસ્થય સારુ રહે તે માટે ગામડાઓમાં વારંવાર મેડીકલ કેમ્પનું આયોજન કરી લોકોને મફત નિદાન કરી દવાઓ આપતા. સ્વચ્છતાના પણ તેઓશ્રી ખૂબજ આગ્રહી હતા. વિજાપુરની આજુબાજુના ગામડાઓમાં વિદ્યાર્થીઓને સારુ શિક્ષણ મળે, દીકરીઓ પણ ભણતી થાય તે માટે શિક્ષણ સંકૂલો અને સંસ્કાર કેન્દ્રો પણ શરૂ કરેલા. સાથે સાથે વ્યસન મુક્તિ માટે માર્ગદર્શન આપવા અભિયાન ચલાવતા.

ડૉ. ડાહ્યાભાઈના પરમાર્થના દિપને પ્રજ્વલિત રાખવા તેમનો પરિવાર આજે પણ આ દિશામાં કાર્યરત છે. તેમના સુપુત્રો ડૉ. ડાહ્યાભાઈના નામે ટ્રસ્ટ બનાવી સેવાકીય કાર્યો આજે પણ કરી રહ્યા છે.

ગણપત યુનિવર્સિટીના દાનવીર

- શ્રી ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલ

શિક્ષણ દ્વારા જ સમાજ અને માનવજીવનનો ઉત્કર્ષ થઈ શકે એવી શ્રધ્ધા ધરાવનાર શ્રી ગણપતભાઈ ઈશવરભાઈ પટેલ અત્યારે ગણપત યુનિવર્સિટીના પેટ્રન ઈન ચીફ છે.

તેમનો જન્મ તા. જાન્યુઆરી ૧૯૪૫ મુ. ભુણાવ તા. ઊંઝા જિ. મહેસાણામાં થયેલો. તેમનો પિતા સામાન્ય ખેડૂત, છૂટક વેપાર પણ કરતા. માતા મેનાબા ઉદારદીલ, માયાળુ અને પરગજુ હતા. બાળપણમાંજ ગણપતભાઈને દાન, માનવતા, બીજાને મદદરૂપ થવાના સંસ્કારો મળેલા. તેમનાં પત્ની મંજુલાબેન પરિવારમાં ત્રણ દીકરીઓ ફકત એસ.એસ.સી. સુધીનું શિક્ષણ પરંતુ આંતરિક સૂઝ અને સમજણના લીધે અમેરિકા ગયા. અમેરિકામાં કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાં એન્જિનીયરીર થયા. ત્યાં પુષ્કળ પરિશ્રમ કર્યા. જેના પરિણામે એક મોટી કંપની સ્થાપી જેમાં બે હજારથી પણ વધુ કામદારો સતત કાર્યશીલ રહે છે.

તેમની તેજસ્વી કારકિર્દીને લીધે તેમને અનેક એવોર્ડની સન્માનવામાં આવેલા છે. ભારત સરકાર તરફથી તેઓશ્રીને શિક્ષણક્ષેત્રે આપેલા યોગદાન બદલ પદ્મશ્રી ૨૦૧૯ માં આપવામાં આવ્યો. આથી મોટું સન્માન શું હોઈ શકે ?

ગણપત વિદ્યાનગર ખેરવા ગામમાં ૩૦૦ એકર જમીનમાં સ્થાપવામાં આવ્યું. શ્રી અનિલભાઈ, શ્રી પી.એ.પટેલ શ્રી કેશુભાઈ શેઠશ્રીની પ્રેરણાથી ગણપતભાઈને ખૂબ જ મોટું કરોડો રૂપિયાનું દાન આપ્યું. અને આ વિદ્યાનગરને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો. ત્યારે સર્વાનુમને ગણપત યુનિવર્સિટી નામ રાખ્યું. અત્યારે તેઓશ્રી પોતાનો સંપૂર્ણ સમય ગણપત યુનિવર્સિટીને જ આપે છે. અને કેમ્પસમાં જ પોતાનું કાયમી રહેઠાણ કર્યું છે.

દીકરાઓની જેમ દીકરીઓ પણ શિક્ષણ મેળવે તે માટે તેમણે ગણપત વિદ્યાનગરમાં કન્યા સૈનિકશાળા શરૂ કરાવી. દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી સારી કારકિર્દી બનાવે અને સમાજને ઉપયોગી બની રહે એ તેમની તમન્ના છે.

૧૯૭૮માં નાના ગેરેજથી શરૂ કરીને આજે તેમની કંપની ખૂબજ વિશાળ બની છે. વિશ્વકક્ષાએ તેમની કંપનીનો માલ જાય છે. બીજા દેશોમાં પણ તેમનાં યુનિટો કાર્યરત છે. બેલ્જિયમ, મેક્સિકો, મલેશિયા અને ભારત મુખ્ય છે.

અત્યારે સંપૂર્ણ સમય ગણપત યુનિવર્સિટીને ફાળવ્યો છે. મેડિકલ કોલેજ લાવવાનું તેમનું લક્ષ્ય છે. શિક્ષણ વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા શીખવે અને સાચો ઉત્કર્ષ પામે તેવી તેઓશ્રીની ખેવના છે.

વૈષ્ણવજન...

- શ્રી જયંતિભાઈ એમ. પટેલ (કાકા)

બીજાની પીડા જોઈ દુઃખ, દર્દ અને કરુણા જેના હૃદયમાં વ્યાપી જાય છે. બીજાનાં આંસૂ લૂછવા સદાય તત્પર રહેતા અને જે કંઈ કરીએ છીએ તે ભગવાન કરાવે છે. એજ મંત્રને ધ્યાનમાં રાખતા. શ્રી જયંતિભાઈ પટેલ (કાકા) મહેસાણા તાલુકાના નાનકડા નુગર ગામના વતની છે. તેઓશ્રીનો જન્મ તા. ૧-૩-૧૯૫૭ ના રોજ નુગર ગામના ખેડૂત પરિવારમાં થયેલો.

પ્રાથમિક શિક્ષણ વતન નુગરમાં પૂર્ણ કરી માધ્યમિક શિક્ષણ મહેસાણામાં મેળવ્યું ઉચ્ચ શિક્ષણમાં બી.કોમ.ની ડીગ્રી મેળવી. આઈ.સી.ડબલ્યુ.એ.થયા અને કાનુની એલ.એલ.બી.ની ડીગ્રી પણ મેળવી. જો કે બાળપણમાંથી અંકુરિત થયેલ સેવાના સંસ્કારો યુવાનવયેથી જ વિકસીત થયા. તેમનું કાર્યક્ષેત્ર પાલનપુર રહ્યું.

સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા દાદા પાંડુરંગ શાસ્ત્રીના સંપર્કમાં આવ્યા. પ્રકાશ, પાણી અને પાથરણાની ફિલસૂફી જીવનમાં વણી લીધી. સ્વાધ્યાયમાં મોટાભાઈની ભૂમિકા નિભાવી. ' મછાવા 'માં સુંદર મજાનું ઉપવન બનાવવામાં સહભાગી બન્યા. સાથે સાથે દાદાની અન્ય રચનાત્મક પ્રવૃતિઓમાં પણ રસપૂર્વક ભાગ લેતા. પાલનપુર નગર અને જિલ્લામાં સંઘના કાર્યકર તરીકે નોંધ પાત્ર સેવા આપેલી છે. લઘુઉદ્યોગ ભારતી ઉત્તરગુજરાત પ્રાંતના સંયોજક તરીકે પણ તેઓશ્રીનું કાર્ય સરાહનીય રહ્યું.

ખાસ કરીને બહેરા, મુંગા-અપંગ, નિઃસહાય બાળકો માટે મમતા મંદિર જેવી નિવાસી શાળા શરૂ કરવાનું ઉત્તમ કાર્ય કર્યું. ઉત્તર ગુજરાત લોક કલ્યાણ ટ્રસ્ટ અમીરગઢ જેવા પછાત વિસ્તારમાં, ઝૂંપડાઓમાં રહેતા આદીવાસી ગરીબ બાળકો માટે શિક્ષણ, આરોગ્ય માટેની મફત સારવાર આપવાની વ્યવસ્થા ઉભી કરી, અનાથશ્રમ અને વૃધ્ધાશ્રમની વ્યવસ્થા ઉભી કરી લોક સેવા-માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયું.

અત્યારે મહેસાણા હાઈવે પર શંકુઝ વૉટર પાર્કની સામે વિધવા-ત્યકતા, અનાથ, નિરાધાર, જરૂરિયાતમંદ લોકોને સહાયરૂપ થવા સરસ્વતિ પ્રગતિ મહિલા મંડળ દ્વારા સુંદર સંકૂલ સર્જન થવા થઈ રહ્યું છે.

આ સિવાય બાલ ભિક્ષુક રખડતાં બાળકોને સ્થાયી કરી અભ્યાસ તરફ વાળવા સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. આવા બાળકોને સ્વાવલંબી બનાવવાનો હેતુ છે. પછાત ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને શિયાળાની ઠંડીથી બચવા ગરમ કપડાં અને ધાબરાની વહેંચણી કરે છે. ચોમાસામાં તંબૂ કે તાડપત્રી આપે છે. દિવાળીના તહેવારોમાં મીઠાઈ અને નવાં કપડાં તથા હોળીના તહેવારમાં ખજૂર, ધાણી અને ઉત્તરાયણ પ્રસંગે પતંગ-દોરી પહોંચાડે છે. સાથે સાથે વ્યસનમુક્તિ અભિયાન પણ ચલાવે છે. શાળાના ગરીબ બાળકોને યુનિફોર્મ પુસ્તકો અને અભ્યાસ માટેની કીટ આપે છે.

પ્રકૃતિની જાળવણી માટે વૃક્ષારોપણની પ્રવૃતિ પણ કરે છે. અનાથ બાળકોને અભ્યાસ પૂર્ણ કરાવ્યા પછી લગ્ન પણ કરાવી આપે છે. અને તેઓને સ્વાવલંબી બનાવે છે. મૂક પ્રાણી કૂતરાં કે ગાય માટે રોટલા અને ઘાસચારાની વ્યવસ્થા કરે છે. દવાખાનામાં દર્દી અને સાથેના સંબંધી માટે ભોજન વ્યવસ્થા પણ ઉભી કરી છે.

વિશેષ ધ્યાન ખેંચે તેવી પ્રવૃત્તિ ' અક્ષય રથ ' છે. જ્યાં લગ્ન સમારંભો કે અન્ય મેળાવડાઓમાં વધેલ રસોઈ લાવીને દરરોજ હજારો ગરીબ લોકોને જમાડે છે. અને સાચા અર્થમાં વૈષ્ણવજનની ભૂમિકા અદા કરે છે.

પૂજ્યદાદા પાંડૂરંગ શાસ્ત્રી અને પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ મેળવવાનું સદ્દભાગ્ય તેઓશ્રીને સોંપડયુ છે.

શ્રી જયંતિભાઈ પટેલની સાથે તેમના ધર્મપત્ની અરૂણાબેન ઉત્સાહપૂર્વક સહકાર આપે છે. ખોડિયારમાતાના અનન્ય ભક્ત છે. કાકાના હુલામણા નામથી પ્રચલિત છે. તેમના સાથી મિત્રો સહાયકની ભૂમિકા ભજવે છે. જેઓ ' સીતારામ ' થી પ્રચલિત બન્યા છે. ગરીબો માટે પોતાની સંપત્તિ અને સમય આપતા આ દંપતીને લાખો સલામ. આ દંપત્તિની સાથે અનેક સેવાભાવી કાર્યકરે જોડાયેલા હોવાથી આવી સેવાકીય પ્રવૃત્તિને વેગ માળ્યો છે.

જીવલેણ દર્દોમાં દર્દીને પુરેપુરી સહાય કરે છે. અથવા તો સરકારી લાભ મેળવી આપે છે. સારા હોસ્પિટલમાં દાખલ કરાવી ડૉકટરો સાથે સારા સંપર્કોથી ગરીબ દર્દીઓ માટે દેવદૂત બની રહે છે.

આટલી ઉમદા પ્રવૃત્તિ માટે તેઓશ્રીએ પરમાત્માને નિમિત્ત બનાવ્યા છે.

ઉપરવાળાના ક્ષણે ક્ષણે ચાલતા સીસીટીવી ચાલુ જ હોય છે. તેમ માનીને આવા સદ્કાર્યો કરવા જોઈએ. સમાજ પાસેથી આપણે ઘણું મેળવ્યું છે. તો તક મળે સમાજનું ઋણ અદાકરવાનું ચૂકવું ના જોઈએ.

શ્રી જયંતિભાઈ (કાકા) જેવા વૈષ્ણવજનને જેટલાં ધન્યવાદ પાઠવીએ તેટલા ઓછા પડે, કારણ કે વૈષ્ણવજનતો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે, પર દુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે.

- નરસિંહ મહેતા

પાટીદાર સમાજના દિવંગત સિતારા

આઝાદી પહેલાં સરદાર વલ્લભભાઈ અને મહાત્મા ગાંધીજીના સમકાલીન સમયે ઉત્તર ગુજરાતમાં પાટીદાર સમાજ ગામડાઓમાં વસવાટ કરતો હતો. અભણ અને અજ્ઞાન પાટીદાર સમાજ અંધશ્રધ્ધા અને કુરિવાજોમાં ડૂબેલો હતો. શ્રમજીવી પાટીદારનો ખેતી જ એકમાત્ર આધાર હતો. કરજમાં જન્મતો અને કરજમાં જ મરતો પાટીદાર અત્યંત ગરીબી અને દયનીય સ્થિતિમાં જીવતો હતો.

આવી વિકટ પરિસ્થિતિમાં પણ શિક્ષિત અને સુધારક મહાત્માઓએ પાટીદાર સમાજની જાગૃતિ અને વિકાસ માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે. એવા ઘણા અગ્રણીઓ વિશે લખવા બેસીએ તો ઘણું લખી શકાય તેમ છે. તેમાંના કેટલાક મહાનુભાવોનો પરિચય અને કાર્યની નોંધ લીધી છે. બીજા કેટલાક મહાનુભાવોની માહિતી પુરતી મળી શકી નથી તેથી તેમનો ફકત નામોલ્લેખ કર્યો છે. જો કે આથી તેમની પ્રતિભા કે યોગદાનને ભૂલી ન શકાય. આવા સમાજશ્રેષ્ઠી , સમાજ સેવક, સમાજને સમર્પિત, લોક સેવકોની માત્ર યાદી આપી તેમના પ્રત્યેનું ઋણ અદા કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

માહિતીના અભાવે કયાંક કોઈક સમાજ સેવકનું નામ રહી ગયું હોય તો દિલગીરી વ્યકત કરુ છું. યાદીમાં નામ ન આવતાં આવા પ્રતિભાસંપન્ન મહાનુભાવોની પ્રતિષ્ઠામાં કોઈ ઓટ આવતી નથી. કે કોઈ ફરક પડતો નથી. તેઓતો આકાશના સિતારાઓની જેમ હંમેશાં ચમકતા રહી મંદ મંદ પ્રકાશ આપતા રહેશે.

૧.	શેઠ જીભાઈ કેવળદાસ	- વિરમગામ
૨.	લાલસિંહજી રાયસિંહજી દરબાર	- વિરમગામ
૩.	શેઠ દ્વારકાદાસ જીભાઈદાસ	- વિરમગામ
૪.	શેઠ ઈશ્વરદાસ ઝવેરભાઈ	- સુત્રેલ તા.વાગરા
૫.	યુવરાજ દોલતસિંહજી	- પાટડી
૬.	રા.રા. રામચંદ્ર મનસુખરામ	- અમદાવાદ
૭.	મૂળજીભાઈ જેઠાભાઈ	- ભાવનગર
૮.	વાલજી જીવાણી પટેલ	- માણાવદર

૯.	કવિ જેસિંગદાસ	- બાવળા
૧૦.	શેઠ હરજીવનદાસ જેઠાશાહ	- સીતવાળા(સુરત)
૧૧.	શેઠ ડાહ્યાભાઈ ઈચ્છારામ	- સીતવાળા(મુંબઈ)
૧૨.	શેઠ બાલુભાઈ ડાહ્યાભાઈ	- સીતવાળા(મુંબઈ)
૧૩.	શેઠ જીવણભાઈ જગન્નાથ	- સીતવાળા(સુરત)
૧૪.	શેઠ કેશવલાલ બુલાખીદાસ	- સીતવાળા(સુરત)
૧૫.	શેઠ રતિલાલ કેશવલાલ	- સીતવાળા(સુરત)
૧૬.	શેઠ છોટુભાઈ છબીલદાસ	- સીતવાળા(સુરત)
૧૭.	કેશવભાઈ કુબેરભાઈ દેસાઈ	- વિરમગામ
૧૮.	રાયસિંહજી કેશવભાઈ દેસાઈ	- વિરમગામ
૧૯.	ખેતાબાપા	- નખત્રાણા (કચ્છ)
૨૦.	અમૃતલાલ બળદેવદાસ	- હીંગળોજવાળા(સુરત)
૨૧.	શેઠ ગોરધનદાસ દયારામ	- સુરત
૨૨.	શેઠ કેશવલાલ છક્કડસી	- અમદાવાદ
૨૩.	શેઠ શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ	- અમદાવાદ
૨૪.	કલો પારેખ (દાનવીર)	- ગોઝારીયા
૨૫.	રામજી લીમાણી	- પીરાણા પંથી (કચ્છ)
૨૬.	વાલજી જીવાણી	- માણાવદર(જૂનાગઢ)
૨૭.	વેરશી પટેલ	- ઈડર
૨૮.	સુરજમલ દેસાઈ	- પાટડી
૨૯.	ભાવસિંહ દેસાઈ	- ઈડર
૩૦.	નથ્થુભાઈ દેસાઈ	- પાટડી દરબાર
૩૧.	વખતસિંહ દેસાઈ	- પાટડી દરબાર

૩૨. હરભમજી દેસાઈ	- પાટડી દરબાર
૩૩. કુબેરસિંહ દેસાઈ	- પાટડી દરબાર
૩૪. પ્રતાપભાઈ દેસાઈ	- પાટડી દરબાર
૩૫. પરશુરામ દેસાઈ	- પાટડી દરબાર
૩૬. શંકરભાઈ રામદાસ પટેલ	- શેલાવી (સમાજ સુધારક)
૩૭. લીલાબેન પટેલ	- અમદાવાદ
૩૮. હર્ષદભાઈ પટેલ	- ધરતી વિકાસ-અમદાવાદ

---

realpatidar.com

પ્રકાશિત પુસ્તકો

- ★ નારી તુ નારાયણી
- ★ કેળવણીના કીમિયાગર
- ★ અર્ચના
- ★ દીવાદાંડી-૧
- ★ દીવાદાંડી-૨
- ★ દીવાદાંડી-૩

પ્રાર્થના

જીવન અંજલિ થાજો, મારૂં જીવન અંજલિ થાજો.
ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દીન દુ:ખીઓના આંસુ લ્હોતાં અંતર કદિ ન ધરાજો...મારૂ જીવન
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરનાં પાજો...મારૂ જીવન
વણ થાક્યા ચરણો મારા, નિત તારી સમીપે ધાજો,
હૈયાના પ્રત્યેક સ્પંદને, તારૂં નામ રટાજો...મારૂ જીવન
વમળોની વચ્ચે નૈયા મુજ હાલક ડોલક થાજો,
શ્રધ્ધા કેરો દીપક મારો, ના કદીયે ઓલવાજો...મારૂ જીવન



સંપાદકશ્રીનો પરિચય

આ પુસ્તકના સંપાદકશ્રી રામભાઈ કે. પટેલ વિસનગર તાલુકાના ઘાઘરેટ ગામના વતની છે. ધરતી પરિવાર, મહેસાણા એક સામાજિક સંસ્થા છે. તેના દ્વારા આયોજિત ગૃહિણી તાલીમ શિબિરમાં મારા સહ સંચાલક તરીકે કામ કરતાં નિકટનો પરિચય થયો. શ્રી હીરાભાઈ અને શ્રી રામભાઈ મારી સાથે દિલથી જવાબદારી વહન કરે છે. છેલ્લા ૨૫ વર્ષથી શિબિરમાં સાથે રહેવાથી સંબંધો ગાઢ બન્યા. અને તેઓશ્રીની વિશેષ ઓળખ થઈ.

અગાઉ દીવાદાંડી-૧,૨ ને વિશેષ પ્રસિધ્ધી મળતા દીવાદાંડી-૩ પ્રસિધ્ધ કરવા જઈ રહ્યા છે., ત્યારે મારી શુભેચ્છા વ્યક્ત કરું છું. આ પુસ્તકમાં પાટીદાર સમાજના એવા મહાપુરુષોના ચરિત્ર-ચિત્રણ આલેખ્યાં છે કે જેઓએ પાટીદાર સમાજમાં નવજાગૃતિનો સંચાર કર્યો છે. અંધશ્રધ્ધા, વહેમ, કુરિવાજો, અને ગરીબીમાં સબડતા, ગામડામાં રહેતા અબુધ પાટીદારોને બહાર લાવવા પુરુષાર્થ કર્યો છે. મોટા દાન આપી સામાજિક સુધારા માટે જ્યોત જગાવી છે. તે સર્વે મહાનુભાવોને મારા કોટિકોટિ વંદન..

શ્રી રામભાઈનું નિખાલસ વ્યક્તિત્વ, કામ કરવાની ચોકસાઈ, નિયમિતતા, શાંત વિનમ્ર સ્વભાવ મને હ્રદયથી સ્પર્શી ગયાં. એક કર્મઠ સમાજ સેવક તરીકે તેમના બાવીસી સમાજના પ્રગતિ મંડળના મંત્રી તરીકે ૩૨ વર્ષથી ઉમંગભેર જવાબદારી નિભાવી રહ્યા છે. તેજ તેમની શ્રેષ્ઠતા દર્શાવે છે. સમાજના સમૂહલગ્નો, મહિલા સંમેલનો, શૈક્ષણિક માર્ગદર્શન યોજી સમાજ સેવાના કાર્યમાં મગ્ન રહે છે.

એક આદર્શ શિક્ષકના તમામ ગુણોનું સંવર્ધન શ્રી રામભાઈમાં જોવા મળે. શિસ્ત, સાદગી, નિષ્ઠા, પ્રેમ, નિરાભિમાની જેવા ગુણોથી અલંકૃત છે. ઘસાઈને ઉજળા થવાની ઉદાત્ત ભાવના તેમના હ્રદયમાં ભારોભાર પડેલી છે. નિવૃત્તિ બાદ પ્રવૃત્તિમય રહ્યા છે. તેમણે લોકભાગીદારીથી ઉભી કરેલી વિશ્વભારતી વિદ્યાલય, કુવાસણાના ટ્રસ્ટી તરીકે આજે પણ સેવા આપે છે. તે સિવાય ના. વિ. પટેલ વિદ્યાલય વિસનગરના કારોબારી સભ્ય તરીકે પણ સતત સેવાકાર્ય કરે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિમાં ગાયત્રી પરિવાર, વિસનગર સાથે જોડાયેલા છે. અરવિંદ કેન્દ્ર અને સિનિયર સીટીજન મંડળમાં પણ કાર્યશીલ છે. સારા વિચારોના અને સદ્દભાવનાના હિમાયતી છે. સારા વકતા પણ છે. બાહ્યા ડંબરોથી દૂર રહ્યા છે. કાંક્રિટ અને સચોટ કામના પુરસ્કર્તા રહ્યા છે. શેષ જીવન સમાજ તથા શિક્ષણ માટે સમર્પિત રહે તે માટે મા ઉમિયા તેમનું સ્વાસ્થ્ય સારૂ રાખે, કામ કરવાની પ્રેરણા અને બળ પુરાં પાડે એવી હ્રદયના ભાવથી પ્રાર્થના...



પ્રહલાદભાઈ જે. પટેલ
પૂર્વ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા.
પૂર્વ પ્રમુખ, શ્રી ધરતી પરિવાર, મહેસાણા.